श्री पदसंग्रह प्रभाकर.

પૂર્વે ઘણા કવિઓનાં રચેલાં તે સુધારીને
છપાવી પ્રસિદ્ધ કરનાર

સ્વામી. પ્રેમપુરીજી.

અમદાવાદમાં
મામાની હવેલીમાં યુ૦ પ્રી૦ અને જ૦ એ૦ કું૦
ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યું.

संवत १९४१ सने १८८५

કીમત રૂ૦-૧૨-૦.

શ્રીપદસંગ્રહપ્રભાકર.

એ પદો ઘણાક ભક્ત તથા સાધુ પુરૂષોનું કૃત્ય છે તેઓનો સંગ્રહ કરીને શ્રીસ્વામિ પ્રેમપુરિજીએ છપાવી પ્રગટ કરયો છે. શ્લોક દેહાભિમાને ગલિતે વિજ્ઞાતે પરમાત્મનિ યત્ર યત્ર મનો યાતિ તત્ર તત્ર સમાધંયઃ શાર્દુલ વિક્રીડિત છંદ. ભાસે દ્વૈત વિવર્ત મોહથિ મૃષા જે સત્ય આધારથી જે ચૈતન્ય થકી સહુ જડ છતા ભાસે ચિદાકારથી જેના ઈશ સ્વરૂપથી ભિન્ન આભાસે સુખાકારથી છે તે મારૂ સ્વરૂપ સ-ચ્ચિદ સદા આનંદ વિસ્તારથી. ૨

પ્રસ્તાવના.

વેદપુરાણમાં ચાર પ્રકારના પુરૂષાર્થો જેવાકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમુખ્યતાએ નિરૂપણ કરેયાછે તેમાં પણ ચોથા પુરૂષાર્થ ગર્ભવાસ જન્મમરણાદિ દુઃખોની નિવૃત્તિ પુર્વક પરમાનંદ રૂપ પરમાત્માની પ્રાપ્તિ થવા રૂપી મોક્ષ છે તે મોક્ષને પરમ અતિ શ્રેષ્ટ પુરૂષાર્થ વર્ણન કરેયોછે તે મોક્ષનું ખરૂં સાધન કેવલ ભેદરહિત આત્મજ્ઞાન વેદમાન્ય કરેલું છે એમાં કોઇપણ પ્રકારનો વિવાદ નથી તે અભેદ આત્મજ્ઞાન મુખ્યતત્ અને ત્વંપદના શોધનને આધીન છે તેમાં તતપદ કહેતાં ઇશ્વર અને ત્વંપદ કેહેતાં જીવ એ બન્નેનું રૂપ શુંછે તેનું યથાર્થ જ્ઞાન થવા સારૂ વેદાંત પ્રકરણો વિશે વર્ણન કરેલી સર્વ પ્રક્રિયાઓ સમજવી જોઇયે તે વિના જીવનું વાસ્તવિક સ્વરૂપ તથા ઇશ્વરનું વાસ્તવિક સ્વરૂપ શું તેનો નિર્ણય થઇ શકતો નથી તે સંપાદન કરવાને વેદાંત શાસ્ત્ર કે જેમાં અદ્વૈત પરમાત્માનું જ્ઞાનનિરૂપણ કરેયુંછે તેનું મુમુક્ષુ પુરૂષોએ સાધન સંપન્ન થઇ શ્રદ્ધા પુર્વક શ્રવણ કરી મનન અને નિદિધ્યાસ મતાગ્રહ છોડી દઇને નિષ્પક્ષપાતપણે કરવું યોગ્યછે. એ વિષય ઉપર વિદ્વાન પુરૂષોએ ઉપનિષદોના આધારથી સંસ્કૃત ભાષામાં ઘણાક ગ્રંથો રચ્યા છે પણ તે સંસ્કૃત ભાષાનો પ્રચાર આજ કાલ ઘણોક થોડો છે માટે સંસ્કૃતભાષા ન જાણનારા મુમુક્ષુઓને તેનો યથાસ્થિત લાભ લેવાને બનિ શકતો નથી તેથી પુરવે ઘણાક મહાતમા પુરૂષોએ ગુજરાતી ભાષામાં વેદાંત વિષય સંબંધી ઘણાંક પદો રચેલાં છે તેનો ઘણોક શોધ કરીને ફારફેર કાઢીને શ્રીસ્વામિ શિવાનંદજીની સાયતા થકિ શ્રીસ્વામિ પ્રેમપુરજીયે સંગ્રહ કરીને પ્રગટ કરયાછે એ સ્વામિ પૂરવે કાઠિયાવાડમાં શ્રીભીમનાથના મઠમાં હતા તે હાલમાં અમદાવાદ મધ્યે શાહાપુરજીલામાં હલીમની ખડકી પાસે બાપજી ગણેશગિરજીની જગ્યામાં છે તેમને સેવકનિ પેરણા થકિ ગ્રંથ છપાવી પ્રગટ કરયો છે.

પદસંગ્રહ પ્રભાકર.

અનુક્રમણીકા.

જાહેર ખબર.

શ્રી
પદસંગ્રહ પ્રભાકર.

"શ્રીગણેશાયનમઃ શ્રીસારદાયેનમઃ"

દોહા. સદગુરૂને ચર્ણે નમું, માગુ પ્રેમ પ્રસાદ; દયા કરીને દિજીએ, હરીરસ અમ્રિત સ્વાદ. ૧ વાણી શકે નહીં વર્ણવી, સદગુરૂ કેરૂં સ્વરૂપ; મનબુધિ બલ પોચે નહી, ઉપમા રહીત અનુપ. ૨ પ્રથમ પૂર્ણ પ્રેમસું, વંદુ સદગુરૂ ચર્ણ; તાપ ટલે સંસારના, મટે જનમને મરણ. ૩ સદગુરૂ સંત કીરપા થકી, ઉપજે નિરમલ જ્ઞાન; શુદ્ધ ચૈતન્ય તુરીયા પદે, રેહે નિરંતર ધ્યાન. ૪ મનના પરપંચ મુકજો, કરજો તત્વવિચાર; રત્ન પદાર્થ જન્મછે, નહિ આવે વારમવાર. ૫ મોતિ રૂપ ઉદક તણાં, તેનો હાર ન થાય; મિથ્યા મન મોદક કરે, તેણે ભુખ ન જાય. ૬ તજસે આપુ આપદા, ભજશે પુરણ બ્રહ્મ; એક પલકમાં પ્રલે થશે, કોટીજન્મનાં કર્મ. ૭ સદગુરૂ શબ્દ વિચારતાં, પ્રગટે જ્ઞાનપ્રકાશ; રવિ ઉગે રજના ટલે, હોય અવિદ્યા નાશ. ૮ નિરમલ નેણે નિરખતાં, દરસે નિજ દેદાર; સાગરથી સહૂ ઉપજે, લેહેરિ લેહ અપાર. ૯ સદચિદ આનંદ સર્વમાં, ભરિ રહ્યો ભરપુર; દિન રજનિ રેહુ રંગમાં, વરસે નિરમલ નુર. ૧૦ આરતિ. જે સદગુરૂ સ્વામિજી, જે સદગુરૂ સ્વામી; આરતિ ઉતારૂં પ્રભુ અંતરજ્યામી, જેદેવ જે ગુરૂ દેવ, આદિતે અવિનાશ પધાર્યા પુરમાં, પધાર્યા પૂરમાં, ભક્તવછલ ભગવાન વશિયાછો ઉરમાં; જેદેવ૦ ૧ સોમે સત્ય સ્વરૂપ, સુંદરતા શોભે;૨ નિરખે નરને નાર, મુનિનાં મન લોભે. જેદેવ૦ ૨ મંગલમૂર્તિ મહારાજ, ત્રિગુણાતિત કાવો;૨ પીંડ બ્રહ્માંડ નિપાર, ભક્ત જનને ભાવે. જેદેવ૦ ૩ બુધિ અનોપમ સાર, ગાવ વેદની વાણી;૨ ઉપનિષદનું સાર, સંત રહ્યા જાણિ. જેદેવ૦ ૪ ગુરૂ પ્રગટ કરૂણાગાર, ભક્તને બ્રહ્મ વિદ્યા આપી;૨ કોટી જન્મનાં કર્મ, તે નાખ્યાં કાપી. જેદેવ૦ ૫ શંકર સદગુરૂ સોય, જીવ કોઈક જાણે;૨ અખંડાનંદ અદ્વેત, તે સુખ તે માણે. જેદેવ૦ ૬ શાંતિ સમજે જે કોય, તે કેવલ પામે;૨ કાળજ ભ-

જ સોય, ગ્રભ વેદના વામે. જેદેવ જેગુરૂદેવ. ૭ પદ ૧ આરતી ઉ-તારૂં મારા હરીગુરૂ સંત, ટાળ્યા સરવે ફંદ; ચોરાશીના બંધ, હરીગુરૂ દેવની આરતી. ૧ આરતી કરીને લેઉ વારણાં, ધરૂં શ્રવણ મનન નીજધ્યાન; સદગુરૂજીને શીષ્ય સુપતારે, મારૂં ટળી ગયું દેહાભ-બીમાન. હરીગુરૂ. ૨ સદગુરૂજીયેં શાંનમાં, સમઝાવ્યું સુખ અપાર; ઓમ બ્રહ્માનંદ સ્વામિ અનુભવ્યારે;મુને ભાશીછે બ્રહ્માકાર.હરીગુરૂ. ૩ માનુભાવજીયે મેરચ્ચ કરી, સમઝાવી સરવે રીત્ય; જાગ્રતસ્વપ્ન સુશુપ્તિ-રે. મુને ભાશીછે તુરીયા તિત. હરીગુરૂ. ૪ સદગુરૂ શોભા શી કહુ, મુખ વરણવિ નવ્ય જાય; હરીહર બ્રહ્મા સ્તુતિ કરેરે, તોય શબ્દા-તિત શોહાય. હરીગુરૂ. ૫ અએપણું અવિલોકિયું. સદગુરૂ કેરિ સોજ; અંતરજામી આતમારે,હરિ વિલશા પોતાની મોજ.હરિગુરૂ દેવની આર-તી.૬ પદ ૨ જેદેવ ગુરૂદાતા જેદેવ ગુરૂદાતા,બ્રહ્મસ્વરૂપ સકલ ઘટ ભિ-તરઃ ગુણ નીરગુણ ગાતા:,જેદેવ ગુરૂદેવ; ટેક.દેવળ પંચ તત્વકા દરસે, ધિરજ સેવક ધાતા; ધિરજ પ્રેમી ભક્ત જુગત કરી પાવે, જોવા સરૂપ જાતા. જેદેવ. ૧ અકાર ઉકાર મકાર, એહી સૂન્ય સબ્દ સાતા; સૂન્ય પરાપરેચ્ચ પર અપરમ, પોતે વેદ અભેદ વાતા. જેદેવ. ૨ સૂન્ય ઉપરેયાં શબ્દ સાધો મા સૂન્યહે માતા, મા સૂન્યઃ ઝલમલ જ્યોત્ય અખંડોત જાગે, અલખ સ્વરૂપ આતા.જેદેવ.૩ કોટી સૂરજકો ધામ કહાવે, પ્રેમ શશી પાંતા; પ્રેમ. અવિદ્યા વિદ્યા દોય, આરતી ઉતારે. નરખ પરખ નાતા, જેદેવ. ૪ પાંચ તત્વ કરે જાકી પૂજા, લક્ષ શબ્દ લાતાઃ લક્ષઃ ચૈતન્ય સત્યસ્વરૂપ ચેતાવે, સ્થીર અમર થાતા. જેદેવ. ૫ નીર ગુણ નાથ અમર અવિન્યાસી, ખોજ અગમ ખાતા; કેવળ-દાસ તીહારો કહિયે; ચરણ કમળ ચાહાતા. જેદેવ. ૬ પદ ૩

રાગ ધોળ. હુંતો લળિલળિ લાગુંપાય, અખંડ પદરાય,નિગમ નેતિ ગાય, વારિ જાવું વારણે. ૧ પુરૂષોતમ પરિબ્રહ્મ પુરણ, પ્રગ-ટિયા જુગમાંહરે; સદગુરૂ રૂપે સોભિતારે, જીગન્યાસુનિ ગ્રેવા બાંય. વારી. ૨ અધમ જનને ઓધારવારે, પાવન પગલાં સારરે; ભવ-જલ સિંધૂ તારતારે, તમને ક્ષણુંએ ન લાગીવાર. વારી. ૩ દર-સનથિ દુકરીત ટલેરે. પરસતાં પાવન થાયરે; નિજાનંદ સુખ ઉપજેરે,

આવ્રણ અવિદ્યા જાય. વારી. ૪ પૂરણ પુન્ય હોય પાછલુંરે, નિત્ય નૈમિત હરીધ્યાનરે; અનેક જનમને આદરેરે, તેને પ્રગટ મલ્યા ભગવાન. વારી. ૫ સકલ તિરથનું તિરથ સદગુરૂ, સકલ દેવના દેવરે; ધન્ય ધન્ય એ નર નારયનેરે, મનક્રમ વચને કરે નીત સેવ. વારી. ૬ બ્રહ્મા લે અતી ભામણાંરે, શિવ સનકાદિક ગાયરે; વિષ્નુંને વલ્લભ ઘણોરે, મહિમા મુખે કહ્યો નવ જાય. વારી. ૭ મંદજન એ મરમ ન સમજે વરણાશ્રમની આડચરે; ત્રિગુણમાં તાણ્યો ફરેરે, બાંધી જીવપણાની જાડ્ય. વારી. ૮ કહે અખો એ અવિચલ પદના, સદગુરૂ દાતા સોયરે; કાલ જાલમાં આવે નહિરે, ફરી જન્મ મરણ નવ હોય. વારી. ૯ પદ ૧ રાગ ધોળ. દેશિ ફૂર. આજ આનંદરે અંગ ન માયરે, સદગુરૂ સંત પધારિયારે; પધારયાછે પુરવાને મનકેરી આશરે; દીન જાણીને દયા કરીરે, સદગુરૂ સંતે સામું જોયું, ભવદુઃખ સર્વે ખોયુંરે; જાડ્ય ભાગીરે જડ જંતનારે, હુંપણ મારા મનમાં હરખિ સદગુરૂને નિરખિરે; શિ શિ શોભા કહું સાચા સંતનિરે, હરિહર બ્રહ્મા સ્તુતિ કરે જેનિરે, સ્તુતિ કરે જેનીરે, તે સુખ આવ્યું એનિ માયરેરે. ઢાલ. સેજ સુખમાં માલતાં હવું, સ્વરૂપ સાક્ષાતકાર; વિધિ નિષેધ સંસે ટલ્યો, મન વિલશું બ્રહ્માકાર; બ્રહ્માકાર વિચારતાં, સર્વે દ્વૈત ભાવના જાય; સોહં બ્રહ્માનંદ અનુભવ્યા, વસ્તુ જથારથ થાય. શુદ્ધ ભોમીકા અસિપદ આવે,ને મલિન માયા જાય: જિવ શિવ વિચારતાં, પોતામાં સમાઈજાય. પોતામાં પોતે સમ્યો, અદ્વૈત આતમરામ; કલપના કાંસલ ટલિ, પામ્યું તે મન વિશરામ. સુરિનર મુનિ જેનું ધ્યાંન ધરે, નિગમ નેતિ નેતિ ગાય જેહ; પુરૂષોતમ પરમાતમા, અખે પણમાં પ્રગટ્યા તેહ. પદ.૨ રાગ ધોળ. પરપંચ મુકે મારા પ્રાંણિયા, અંતે સાચ હશે તો ફલસે જો; કોટિક અજુંયા અજવાલું કરે, રવિ વિના રજની તે ક્યમ ટલસે જો. માયા મિઠિ મિશરી ખાંડસી, મુરખ માંખ્ય થેને વલગ્યો જો; તન તુટે પણ મન છુટે નહિ, મુઢ મરે તોય ન રહે અલગો જો. પર૦ ૨ પરેશ પરમ ચતુર અંતરજામી, હરી તે કેના વાયા તે કેમ જાશે જો; કર્મ શુભ અશુભ કર્યાં હસે, અંતે આવીને હાજર થાસે જો. પર૦ ૩ મુસે હંસતણાં પર કાતરયાં, એવું મન

આતમનું હેતુ જો; પ્રીતમ પોતાના અજ્ઞાનથિ, દોષ પારકા દલમાં લેતું જો. પ૨૦૪ પદ ૩ આ અવસરમાં હરીને ઓલખો, જ્ઞાન પામવા તતપર થાજો જો; ચુક્યો તો ચોરસિમાં ગયો, એવું જાણી હરીગુણ ગાજો જો. આ અ૦ ૧ જેવો સ્વારથમાં શુરો થયો, તેવો પરમારથ આદરતો જો, તો તું અવિચલ પદવી પાંમતો, સાંને મરતો ને અવતરતો જો. આ અ૦ ૨ ગ્રહના સૂખમાં શું રાચી રહ્યો, ઊંબરડાં ફુલ જંતુની પેરે જો; હરી માયાનું બળ જાણ્યું નહિ, લિધો ભવસાગરની લેહેરે જો. આ અ૦ ૩ હરિના નામતણી નૌકા મલે, પ્રાણી સેજે પામે પાર જો; પ્રીતમ જે પરમારથ પ્રીછસે, પૂનર્પિ નહિ તેને અવતાર જો. આ અ૦ ૪ પદ. ૪ જ્ઞાન અમૃત ભોજને, ભાગી તે મનની ભુખરે; ભાઈ ગઈ અવિદ્યા આપદા, મટ્યાં તે દ્વંદનાં દુખરે. આવો અવષ્યે રે કાંઇ વિવેક વિચાર, અનુંભવાનંદને ઓલખ્યા રે. ૧ અનુંભવાનંદને ઓલખ્યા, એક અદ્વૈત આનંદ ઘનરે; ભાઇ ત્વં પદ તત્પદ એક અસિપદ આત્માનિજ મનરે, નહિ પ્રતક્ષ પ્રોક્ષનો બાદ; અનુ. ૨ પરપંચનું પરમાણ કરતાં, ભાગી સરવે ભ્રાંતરે; ભાઈ સાંખ્ય શબ્દ વિચાર કરતાં સ્વરૂપમાં થૈ સ્વાંત રે, પુરૂષોતમ છો પરીબ્રહ્મ. અનું. ૩ વાસુદેવ સ્વામિ રહ્યા વિલસિ પિંડને બ્રહ્માંડ રે, ચૈતનતા માંહિરવે પોતાની આતમા અખંડ રે; પૂર્ણાનંદનો સોહં પ્રકાસ. અનું. ૪ બંધ મોક્ષનો બાદ છૂટયો મટિ વાણ્યની તાણ્ય રે, કાંમ ક્રોધની મટિ કલ્પના જાણ્યા વાણિ થઇ જાણરે, મુલદાસ કે માનું બ્રહ્મ હે. અનું.૫ પદ.૫ મારિ માયામાં મોહ પામ્યો, હુંને મારૂ અજ્ઞાનરે; સંસે ટાળ્યો સદગુરૂ વે, મને થયું મારૂ જ્ઞાન રે; એક અદ્વૈત નહિ નહિ દ્વૈત બ્રહ્માનંદને ભેટતાં રે. ૧ મારી અવિદ્યામાં હું અવરાણો, મેં તન ધરયું ત્રીગુણ રે; ભાઈ જિવ ઈશ્વર મને માન્યા, નિશ્ચે હું નીરગુણ રે. એક. ૨ મારૂં અંતઃકરણ મુજને ભ્રમાવે, મન બુદ્ધિ ચિત અહંકાર રે; ભાઇ મારૂં સ્વરૂપ મને સ્ફુર્યું જ્યારે, આવ્યો સૂધ વિચાર રે. એક. ૩ દાતા ભુગતા દેહીજ માટે, સુખ દુઃખનો સંજોગ રે; ભાઇ ભૂત ભવિષ વૃતમાન, કાલ તેં પ્રાલબ્ધનો જોગરે. એક. ૪ ચીદાભાસ હું વડે હુંજ ચૈતન, હુંજ સમઝું સાન રે; ભાઇ કારજ કારણ હુંજ

કરતા, ત્રીપુટિ પ્રસ્થાન રે. એક. ૫ મારી ઇંદ્રિનો હું અધિકારી, હું વિષય હું દેવ રે; ભાઇ હુંજ સ્વામિ હુંજ સેવક, હુંજ કરૂં મારી સેવ રે. એક. ૬ મારી વાણિ મુને પ્રકાશિ, મુજવડે એ વાણરે; ભાઇ પરાપશ્યંતિ મધ્યમાં, વૈખરી તે મારૂં કરે પરમાણ રે. એક ૭ જાગ્રત માહિ હુંજ વરતું, હુંજ સ્વપ્ન માહિ રે; ભાઇ સૂષુપ્તિનો હુંજ સાક્ષિ, ત્રણે મુજમાં નાંહિ રે. એક. ૮ સ્થાવર જંગમ સ્થૂલ સુક્ષ્મ, સર્વે મારો ઘાટ રે; ભાઈ પાંચ પચવિશ મુજને વલગાં, મારો પીંડ વૈરાટ રે. એક. ૯ હુંજ વિશ્વમાં વિશ્વ મુજમાં, આદ્ય મધ્ય ને અંતરે; ભાઇ મુલદાસ કહે તે. સાન શમશ્યા કોહિક સમજ્યા સંત રે. એક ૧૦ પદ. ૬ આવો અનુભવી સંતની ટોલીરે, પીયો બ્રહ્મ રસાયણ ઘોળીરે. ૧ બ્રહ્મ રસના તે વીરલા ભોગીરે, રસ પીયે સુખલડા જોગીરે. ૨ અગ્નઓ રસ જીરવ્યો ન જાયરે, ગુરૂગમ હોય તેણે જીરવાયરે. ૩ જીરવે તે હોય અવીનાસીરે, વસ્તુ રૂપે થયા પરકાશીરે. ૪ વસ્તુ રૂપે થયા વસ્તુ જોતેરે, પુરણાનંદ થયા છે પોતેરે. ૫ બ્રહ્મવેત્તા ગુરૂ મલ્યા જેનેરે, ભવપારચ ઉતાર્યા તેનેરે. ૬ ગુરૂગમ વિના કથણી જે કથેરે, તાંદુલ છાંડિને કુશકા મથેરે. ૭ ગુરૂગમ વિના ઠાલા એ ધોથાંરે, ભણતાં પાર ન આવે પોથાંરે. ૮ ગુરૂગમ વિના બાહિર બુદ્ધિ આલેરે, પાસે વસ્તુને પ્રોક્ષે ઝાલેરે. ૯ જેણે સાચા ગુરૂજીને સેવ્યારે, તેણે જીરવ્યા અગ્રત્યા રસમેવારે ૧૦ કહે કરમજી ગુરૂગમ આવીરે, સકલ લોકમાં વસ્તુ ફાવીરે. ૧૧ પદ. ૭ સદગુરૂ સંતે કીધી મારી સહાય, ઓલખાવ્યો નિજ આતમારે; ધીરજ દઇને બતાવ્યું છે ધામ, હરીહીરો આલ્યો હાથમારે. ૧ ગુરૂએ અમને બતાવ્યું છે ગ્નાન, સમઝાવી મુને સાંનમાંરે; મંત્ર સાધ્યો મારા મંદીર માંઈ, કહ્યું છે મારા કાંનમાંરે. ૨ દયા કરીને ડગતુ રાખ્યું દીલ, અસ્થિર મન સ્થિર કરયુંરે; સુરત્યે સૂરત્યે નિરખ્યા નિરાલંબ, એક ધ્યાંન હરી સાથે ધરયુંરે. ૩ અંબુ મધ્યે દિશે છે આકાશ, વૈરાટ રૂપીવો દ્રષ્ટે પડયુંરે; હુંતો મારૂ ભુલિ તિભુવન, જાગિને જોતાં ઘર જડયુંરે. ૪ કિધો કિધો દ્વૈત તણો સંઘાર, અદ્વૈત ભાસો આપમાંરે; વૃત્તિ પોકી બ્રહ્માંડને પાર, તે ના આવે માયાના માપમાંરે. ૫ નિરભે પદ હું પામી છું નિચીંત, તે

ગ્નાન ગંગામાં જઈ ભલિરે; બ્રહ્મ અગ્નિમાં બાળ્યાં જેને બીજ, ઉગવાની તેને આશા ટલિરે.૬ ત્રિગુણ ટાલિ ખોજ્યું જેને આપ, એક બ્રહ્મ તેને જાણીયોરે; કહે લાધો તું કર્ય તેનુ ભજન, જે હરિ વેદાંતે વખાણીયોરે.૭ પદ ૮ આજ આનંદ મારે અતિ ઘણોરે, પામી હુંતો હરિ ગુરૂ કેરૂં શરણરે; ભ્રાંતિ ભાગીરે ભવરોગનિ, ટલિ ગયું જન્મને મરણરે. આજ.૧ આડ્ય ભાગીરે ઈંદ્ર જાલનિ, પામી મારૂ નિજરૂપ નિજાનંદરે; સદગુરૂવે સનમુખ ભાલિયું, ટલિ ગયા દેહાદિકના ફંદરે. આજ ૨ પોતે પરકાશે પરમાતમા, અધિષ્ટાંન અનુભવ્યું આપરે; ચૌદલોક ચોતથિ ટળ્યાં, ટલિ ગયું અણછતું આપરે, આજ ૩ વરતિ જતાંરે ગઈ વાસના, ઉરમિ કેરો આવ્યોછે કાંઈ છેહરે; મહાવાયક કેરાં સરવડાં, સદગુરૂ શબ્દના વરસે મેહરે. આજ ૪ અપેપણું અવિલોકયું, સુધ્યચૈતન નિરાલંબ રૂપરે; વસ્તુ જથારથ પામીયે, વિલસી રહ્યો બ્રહ્માનંદ ભુપરે. આજ. ૫ પદ ૯ કહોરે સંતો હરિપદ કેમ હસે, તેનો મુજને સમઝાવોને મર્મરે; જેણે ટલેરે ત્રણ વેદના, જેમાં કાંઈ નવ બેસે કર્મરે. કહો ૧ ચોદિશ્યા ચાતુર માસ મેં કર્યા, સીતકાલે કંઠજલ માહેરે; ઉશ્નકાલે પંચા અગ્નિ સાધીયા, તોયે નવ ગયું દેહાઅભિમાનરે. કહો ૨ તીરથવૃત મેંતો બહુ કર્યાં, શ્રવણે સુણ્યાં વેદ પુરાંણરે; પ્રથવી પ્રદક્ષણા મેં કરિ, ગ્નાનવિના થઈ મોટી હાંણરે. કહો ૩ દીન જાણીને દયા કીજીયે, ચરણે તમારે મુક્યું છે સીશરે; હવે હરિ તમથકી પાંમાયે, દાસ ગોપાલના ઈશરે. કહો ૪ પદ૧૦ દેશીફિર સાંભલ શખી પ્રાણીજો, શું વલગો મીથ્યા વાણીજો; શું હીંડેછે ફોગટ ફુલ્યોજો, ઘર ધંધામાં ભુલ્યોજો. ૧ માહારૂં માહારૂં કરી ઘણું માણુંજો, ફરવી નરકની ખાંણુંજો; દારાસુતને દેખીજો, નવજોયું રૂદાએ પેખીજો. ૨ કર્મ કર્યાં દેહ ભાવેંજો, બુડો આરે આવીજો; રાતદીવસ ઘણુ રલતોજો, ત્રીવિધિ તાપમાં બળતોજો. ૩ કામક્રોધ અહંકારેજો, ભવ ફરતો વારે વારેજો; તું સંતની નિંદા કરતોજો, પાપે પેટજ ભરતોજો. ૪ સંતની સેવા સુધાજો, ઉધુંવાલું અકરમી ઉંધાજો; તેં બ્રહ્મ ન ભજ્યા સાક્ષાતજો, બેઠી આતમઘાતજો. ૫ અગો કહે બ્રહ્મને ભજીએજો, જનમનાં બંધન તજીએજો ૬

પદ ૧૧ મોંઘો મનુષાનો આરોજી, કેવલબ્રહ્મ સંભારોજી; સંસારછે ભવજલ ખારોજી, રેહે માયાથી ન્યારોજી, ૧ હેતે હરિ ગુણ ગાનેજી, સંત સંગતમાં નાહાનેજી, તાહારૂં જમનું બંધન ટલશેજી, માહાપદ મુંધું મલસેજી, ૨ દેવછે મનુષ્યા દેહેનેજી, તેપામ્યો તું તેનેજી, તતપરથઈ હરી ભજી રાજીજી, જમનાં બંધનતજી રાજીજી. કીજેસત સંગ ભારોજી, દીજે તનમન વારીજી; સતસંગે મહાપદ ફાવેજી, આતમ અનુભવ આવેજી. અંતરમાં નીજ રૂપ દરસેજી, સદગુરૂ પારસ પરસેજી અમોકહે બ્રહ્મરસ પામીજી. રહું સદગુરૂ ચરણના સામીજી. ૪ પદ ૧૨ સખીકહું સાંભળ માહારી વાતરે, મળીઆ ચૈદભોવનનો નાથરે. ૧ ગુરૂએ ઝાલ્યો મારો હાથરે,મૂજને કરી સહુમાં સનાથરે. ૨ સખી મુને આનંદ વાધ્યો અંગરે, સખી હૂં તો વલસી ચીદાનંદ સંગરે. ૩ થયો માહારી દેહ બુદ્ધિકેરો ભંગરે, ગયુ સખી કુવાસના કલંકરે. ૪ સદગરૂવે સનમૂખ ભાલૂંરે, સખી માહારા ભવનું પાતક ટાલુંરે ૫ નીજરૂપ સ્વયં પ્રકાશ નિહાળુરે, સખી મારે અંતરથયું અજવાલુંરે. ૬ સહીઅર સાંભલને કહૂં માહારારે, સંતની શોભા શી કહૂં સારીરે ૭ હેતે વરને હરી ગુરૂ પ્યારારે, ભાગ્યદશા જો પ્રગટે તારીરે. ૮ શોવ બ્રહ્માદીક રાખ્યું ઇછેને, એ સુખ અધીકારીકોયેક પ્રીછેરે. ૯ પાંમર પશુ આ પેર ન જાણેરે, અણુછતા ભવના ક્રમને તાણેરે. ૧૦ ભમે બહૂ ચોરાસીની ખાંણેરે, પડીયા વૈખરી કેરી વાંણેરે. ૧૧ અખો આનંદ નીજરૂપ માહાલેરે, લોકમાં લોકપણેયે ચાલેરે.૧૨ પદ૧૩ હરિહરિહરિ એમ કેમથયું, છતે હરિએ ભુલ્યાછે લોકરે; દુખરે દેખેને દોડે દો દીસા, કાયા કષ્ટે આવીને ફોકરે. હરિ૦ ૧ પોતે પ્રભુને પ્રીછ્યા નહિ, તેણેકરી દોડે ઠારોઠારેચરે; આવો રૂડો પ્રાંણિ પાપી થયો, નવ્યજાણ્યો હરિ આણિવારરે. હરિ૦ ૨ મનરે માનેને આનંદ પામે, તેતો વસ્તુ પોતાની પાસરે; નાસ પાંમ્યા તે જુગ વહિગયા, તેને પુજે આણિને વીસવાસરે. હરિ૦ ૩ માતતણુંરે થાનપાંન તજી, અંગુઠો પોતાનો કરે પાંનરે. મનુષા જન્મથી પશુ ભલાં, તેને રૂદે હોય કાંઈસાનરે. હરિ૦ ૪ ભણ્યા ગણ્યારે ભૂલા પડ્યા, આ સી મોટી અચરજ વાતરે.ચાકલે ચડીને બેઠા પારખુ, ખોટાં નાણાં પરખે દીવશ ને રાતરે. હરિ૦ ૫ હરિપદ પાંમવા આ

દેહધરી, તેતો નવ્ય સરચું એકે કાજરે; દાસગોપાલ કહે કર જોડી, માયા તમારી નહીં મહારાજરે. હરિ. ૬ પદ ૧૪ સમરણ કરેંચને સચ્ચિદાનંદનું, મુકિ મનતણો અહંકારજો; આ સહુ જૂઠી બાજી જાણજો, જેવો સ્વપ્ન તણો વેવારજો. સમ. ૧ જેવા ધુમાડાના બાચકા, એવું ઝાંઝવાનું નીરજો;સિસુના સરખો સરવે એજછે, ક્ષણૂમાં વણસી જાય સરિરજો. સમ૦ ૨ સેર ગુજરિનિ પેરયે સરવે મલ્યું, તેને વિછડે તે શું રોયજો; માટે સમજીને સોદા કરે, તેણે અંતે હાણ્ય ન હોયજો. સમ૦ ૩ હેતે પ્રિત્યે હરિને સંભારજો, એકે તરવાનો ઉપાયજે; પ્રિતમ પ્રભુનું ભજન નવ્ય ભૂલિયે, તારો જન્મ કૃતારથ થાયજો; સમ૦ ૪ પદ ૧૫ જેજે જકતગુરૂ પરમાત્મા,તમારો મૈમા તે શું કૈયેજો;એક જીભાનો તે શો આશરો, શેષસહસ્ર મુખે પાર ન લૈયેજો. જેજે૦ ૧ અગમનિગમ અનુમાને કહે, શલિતા પુરે વૃષા વરતેજો; ધુમ્ર દેખીને વહનિ કહે, બાણ ચાલે પૂરૂષ ન ચરતેજો. ૨ સાગરતિરે જે ઉભા રહે, તે સૌ ત્રઠનું વરણવ કરસેજો; માહાજલ માપ્યામાં આવે નહીં, તેતો અપાર કે ગોચરસેજો. જેજે૦ ૩ બાજી બાજીગરને શું લહે, પુત્ર પિતાને તે શું જાણેજો; પ્રીતમ જે પરમારથ પ્રીછસે, તેતો અખંડ અભેપદ માણેજો. જેજે૦ ૪ પદ ૧૬ એવું બિડ બાધું કે કાલનું, તે એડચું નવ્ય એડાયરે; કબુધિ બોરડી બહુ થઇ, માંઇ હું હું કરતા હરમારે. ૧ ઝાંઝણી જાલા ઉરમી, માંઇ મોહગોરડ છે મોટારે, અજ્ઞાન આકડા અતિઘણા, તેનાં ફૂલ લાગ્યાં છે ખોટાંરે. ૨ નિંદા ગર્લીનાં ઝાડવાં, માંઇ વીખય વેખ્યના ગોટારે; માયા મમતાના રાફડા, માંઇ સંસે સર્પછે મોટારે. ૩ આશા ત્રસ્ના આવલ્ય ઘણિ, તેનાં ફૂલ કોણે નવ્ય ખાધાંરે; બિજાં જાલાં લાગ્યાં મો જાલનાં, માંઇ કરમ કુંથારાં બાંધ્યાંરે. ૪ લોભ બાવલિયા બહુ થયા, માંહિ ક્રોધ કેરડા ઝાઝારે; મન શંચલો ચારો કરે, મેલી કુલનિ મરજાદારે. ૫ ઇરખા અરણિ અતિઘણી, એનિ ગંધ્ય લાગેછે કુડિરે; ગુરૂગમનિ જેને ગમ જડી, તેણે બિડ નાંખ્યું છે સુડીરે. ૬ બ્રહ્મ અગનાની ઝાલમાં, તેણે સુડ મેલ્યું છે બાલરે; માધવ સાધુના સંગમાં, હુંતો બ્રહ્મ રહ્યોછુ બાલીરે. ૭ પદ ૧૭ સાધુજનના સંગમાં, જઇ નિરમલ બુધિ લાવોરે;

હલ જોડાવો હેતનાં, ખાંતે કરીને મુલ એડાવોરે. ૧ વિવેક વિચાર બે બલધિયા, બાંધ્યા સલંગ સુતરનિ રાસેરે; ધરમનું ધુસરૂં કાંધે ધરો, લ્યો પ્રેમ પરોણો પાસેરે. ૨ નુરત્ય સુરત્યનિ સમોલું, અને નિમનું જોતર વાલોરે; સગન જડો સતસંગની, ઈમ નિશ્ચે કરિને નાડોરે. ૩ કોશ ઘાલો દયા દાનની, હિમત ફસવાલો આણિરે; કરમનું જીહલું હેઠું પડયું, તમે કાંઈ ન લેશો જાણિરે. ૪ હલઝલિ ઝાલો હરિ નામની, તારે અવસર આવ્યો મોટોરે; ફટકાવારમાં ફુટિ જસે, જેમ પાણિનો પરપોટોરે. ૫ સાધુરે જનમાં સુખ લિયો, તમે તનમન ધન ઘો વારિરે; માધવ ગુરૂને ભેટતાં, મુને બ્રહ્મ મલ્યા સુખકારિરે. ૬ પદ ૧૮ ગુરૂ મલતે ગોવિંદ મલે, એમ વદેછે વેદ પુરાણરે; અનુભવની એલિ થઈ, માઈ બ્રહ્મ જલ વરષાં પાણિરે. ૧ મન એતરે મોટું ઘણું, એતો ગલિયું ગુરૂજીને જ્ઞાનરે; વાવણિયો વરતિ કરો, તમે મલસો સંતની સાનેરે. ૨ જ્ઞાન વૈરાગ બે ડાંડવાં, આનંદની ઓરણિ બાંધોરે; સાધુ જનના સંગમાં, મને અમુલ્યક હિરલો લાધ્યોરે. ૩ બિજ વાવો નિજનામનું, મૈં ફુલનું ફલિયું ભેલિરે; ઉગારો થયો અંતર આતમા, વાવેલ્ય વાધિ છે વેલિરે. ૪ વેલ્ય વાધિ ચૌદ લોકમાં, એનું મુલછે આનંદકારિરે; માધવ ગુરૂને ભેટતાં, હુંતો ભવજલ બેઠો હારીરે. ૫ પદ ૧૯ ભવસાગરનો ભે ટલ્યો, ગુરૂગમનું પદ લાધ્યુંરે; મહાવાયક વસ્તુ જડી, એમાં મન મારૂં વાધ્યુંરે. ૧ ઘટ ભીતર દીવો થયો, તારે પ્રગટ થયું અજવાલુંરે; પુરણ છે પરમાતમા, બિજું બ્રહ્મ વિના નવ ભાલુંરે. ૨ ઉપનિષદની આગના, તમો મન જોજ્યો વિચારીરે; હું જોતાં તો હું નહી, છે બ્રહ્મ અખિલા ધારિરે. ૩ પ્રતિબિંબ પડયું જેમ જલવિષે, એતો સુર્યવડે એ સાચુરે; મોરસિંલાના પડમાં, બિજુ કાંઈ ન દેખ્યું પાછુંરે. ૪ નસપત્ય પાકિ નિરાકારની, તેનાં ફલ હું ક્યમ કરી દાખુંરે; માધવ ગુરૂ ગોવિંદ મલ્યા, તેનું લખ્યું ક્યમ કરિ રાખુંરે. ૬ પદ ૨૦ પરથમ પુજીયે ગુરૂજીના પાય કે નૈણે નિરખિયેજીરે, ધરીયે ચરણકમલનું ધ્યાંન, કે હૈડામાં હરખિયેજીરે. ૧ જો મેલાયે મન મરજાદા તો લાવો લીજીયેજીરે, જાય કોટિ જનમનાં પાપ, સુધારસ પીજીય જીરે. ૨ ગુરૂ અક્ષરાતીત આનંદ કહ્યા જ-

દવાર્ણીએ જીરે, સદગુરૂ છે ચૈતન બ્રહ્મ જીવન ધન્ય જાણીયે જીરે. ૩ તેમાં આણીશનાં દેહભાવ, કે મોટો મરમ છે જીરે; તેનિ પુરેછે સાખ્ય પુરાણ, કે પુરણ બ્રહ્મ છે જીરે. ૪ અડસઠ તીરથનું ફળ, કે સંતોના ચરણમાં જીરે; તેમાં નાતાં નીરમલ થાયે, કે અંતસકરણમાં જીરે. ૫ માનોજી કહું એક વાત, નીશાના કામનીજીરે; સદગુરૂ છે પુરણબ્રહ્મ, કે મુરત રામનીજીરે; વલતાં જોડીને કરપાણ્ય, પ્રકંમા કીજીયેજીરે; સદગુરૂશું રમીયે રસ રૂપકે, તન મન દીજીયેરે; કરતાં તપતીર્થ વ્રતજોગ, કે ફરતાં ખુટિયેજીરે. સંતટાલે ત્રીવિધીના તાપ, કે શબ્દ છુટિયેજીરે; એ છે તીલક ત્રિભોવન સાર, ત્રીગુણાતીત છે જીરે. એછે ગુણવાણીના ઈશ, કે પુર્ણ પ્રિછજોજીરે. ૯ જો આપે થાયે બ્રહ્મરૂપ, તો બ્રહ્મને ભાલીયેજીરે, મુલદાસકહે માહાતીધ્ય, કે વસ્તુ નિહાલીયેજીરે. ૧૦ પદ ૨૧ ગુરૂ બ્રહ્મનાં ચરણ ઉપાસીએ, સેજે શોક સમુલો ટલીજાય; વચન સત્ય માનિયે. ૧ જે કોઇ પ્રેમે પિયેરે પગ ધોઇને, ઉઠ ક્રોડ તિરથ તેને થાય. વચન સત્ય માનીએ. ૨ જત્ન લક્ષ તે પ્રેમ પ્રસાદમાં, ભુક્તિ મુક્તિ તે સેજમાં હોય. વચન. ૩ જે કોઇ પ્રીતે કરીને પ્રવર્તશે, દેહ દરશી દુખે નહીં કોય. વચન. ૪ શુદ્ધ ચૈતન સાક્ષિ તત્વ મસિ, સદા સમરણ એક રસ જ્ઞાન. વચન. ૫ આઠે આવ્રણ પારસ પરમાત્મા, નહિ આદ્ય મધ્ય અવશાન. વચન. ૬ રૂપ રેમણ સગુણ સોઇએ સદગુરૂ, જેને નિગમ નિરંતર ગાય; વચન. ૭ કહે પ્રિતમ પદ રજ પરસતાં, દુઃખ જન્મ મરણનું જાય. વચન. ૮ પદ ૨૨ એવા અખંડ અમર વર હું વરિ, ફરિ પડવું નહિ ભવ ફંદ. અખંડ. ૧ જેનું રૂપ સ્વરૂપ સોયામણું, ઘણો અખિલ લોકનો આનંદ. અખંડ. ૨ જેને વરવા તીરથ તપ આચરે, ધરે ધ્યાન તે જોગ વૈરાગ અખંડ. ૩ કરે કાશિ કેદાર હિમાલે ગળે, તજે રાજ સર્વ સુખ ત્યાગ અખંડ. ૪ વરતિ તિન લોકમાં કોઇક આચરે, એવા સૂરવિર ધ્રુડ ધિર અખંડ. ૫ ભૂમિ ગૌ પદ ગગન ગુંજમણિ, સાત સાગર અંજલીનું નિર. અખંડ. ૬ એસી એક બનાવે બહુ ભાત્યના, કાઢિ સકે નહિ સતિ કેરો વેશ; અખંડ. ૭ સતિ સ્વાંગ ધરે તે નિશે બળે, કરે પાવક માંહી પરવેશ; અખંડ. ૮ પ્રેમે પામિ પતિ પરમાતમા, રહિ રૂપમાં

એક રસ લિન. અખંડ. ૯ સ્વામી પ્રિતમનોરે સભર ભર્યો, સિંધુ અમૃતમાં મન મિન. અખંડ. ૧૦ પદ ૨૩ સંતની સેવા કીજીયેરે સુખ્ય આતે કરીને, દેહ કૃત્ય ટાલીને બ્રહ્મને નીહાલીએ; પ્રેમ નેમ નિત્ય પાલીએરે, સુધ ભાવે કરીને. ૧ ચરણોદક પીજીએને પ્રસાદી લીજીએ, તન મન વારિ દિજીએરે. સુખ્ય. ૨ પાંન ચવરાવીએ ને ચરચા ચલાવીએ, પ્રેમની ગોષ્ટિ બનાવીએરે. સુખ્ય. ૩ તાળાં ટૂટશે ને બંધન છૂટશે, ભ્રમની ગાગર ફુટશેરે. સુ. ૪ શંશે સમાવશે ને હરિ ઓળખાવશે, પ્રિતમ પ્રેમ ઉપજાવશેરે. સુખ્ય. ૫ પદ ૨૪ સંત ભગવંત એક રૂપ છેરે, બીજા ભાવ ન આંણો; એક રૂપ જાંણશે તે મહારસ માણશે, તે શાને મત તાંણશેરે. બીજા ભાવ ન. ૧ જેમ પુષ્પ વાસના ને અંતર અંગ કાશના અખંડ બ્રહ્મનિ ઉપાસનારે. બીજા. ૨ જ્યમ સિંધુ એકછે ને લેહેરી અનેકછે; જોયામાં જુજવો વીવેકછેરે. બીજા. ૩ જ્યમહાર હેમકે સંત હરી રામછે, પ્રિતમ પ્રભુ શુ નીત પ્રેમછેરે; બી. ૪ પદ ૨૫ જન્મ કરતારથ કીજીએરે રહિએ સાધુનિ સંગે, સત સંગ સાર છે એ તત્વ વીચારછે; ભજતાં ભવનો પારછેરે. રહિએ સાધુની સંગે. ૧ પ્રેમ રસ પીજીએ ને, કોઇથી ન બીજીએ; દેહ ધર્યાનો લાહાવ લીજીએરે. રહીએ. ૨ સાધન શું કરે ને સીદ કુટી મરે, સત સંગે ક્ષણુંમાં તરેરે; રહીએ. પ્રીતમ પરમારથી હરીના હેતારથી, તે છુટા સંસારથીરે; રહિયે. ૪ પદ ૨૬ ગ્નાન ગંગામાં ઝીલીએરે, નીત નેહ ધરીને; પાતિક પ્રજલે મેલ મનનો ટળે, સચ્ચિદાનંદ સેજે મળેરે. નિતનો. ૧ જીવપણું જાયછે ને આતમા દરસાયછે, કાગ ટળીને હંસ થાયછેરે; નીત. ૨ નાજાનંદ ઉપજે ને બ્રહ્મ ભાવે ભજે, વીશે વીકાર ન લાગે રજેરે; નીત. ૩ અખંડ અદ્વૈત છે ને સુખ અપાર છેરે, પ્રીતમ પરમ પદ સાર છેરે; નીત. ૪ પદ ૨૭ સુખની સીમારે શી કહું, હરિ ગુરૂ સંતની મેહેર; આનંદ સાગર ઉલટ્યો, થૈછે લીલારે લેહેર; સુખ. ૧ જેને માટેરે જોગીયા પુરે વનમાંરે વાસ, સાધન સાધે બહું ભાતનાં; કષ્ટે કરતા સંન્યાસ. સુખ. ૨ પુરણ રૂપે પુરી રહ્યો, આપે આતમરામ; બાહ્યાભિતર ક્યાં કહું, ઠાલો દેખુ નહિ ઠામ; સુખ. ૩ પડદો છુટ્યોરે પંચનો, તુટ્યું ત્રણેનું તાણ; ચિદઘન સાગર કલોલમાં; ઝીલે સુરતી સુજાંણ. સુ ૪

દેશકાલ દરશે નહિ, આગમ વર્ણ વીકાર; માયા કાલ ને કલ્પના, ડુબ્યો આપે અહંકાર. સુ. ૫ જાગ્રત સુપ્ન સુષોપ્તિ, તુરીયાથી છેરે પાર્ચ; એમાં કહેવા પણ ગ્રેહવા નહીં, સાચો સહુનો આધાર. સુ. ૬ વાંણી વીલસીને ત્યાં ઠરી, નેતિનેતિ કહે નેટ્ય; સુધિ સુરિતિ તાંહાં જૈ મલી, મલતાં રસ બસ ઠેટ્ય. સુ. ૭ દરિયો દેશથી ઉલટ્યો, પુર્ણ સ્ફુરયું આકાશ; લેહેરિ ઉઠી આનંદની, બીજો ભાસે નહિ ભાસ. સુ. ૮ કૈવલ્ય વસ્તુતો એક છે, વેદે છાપીછે છાપ; ત્વંપદ તત્પદ વાંચને, તજતાં આપેરે આપ. સુ. ૯ મોહોટો મર્મ માહા વાક્યનો, લક્ષે લીજેરે લાવ; લક્ષા લક્ષી જુદો નહિ, ભિન્ન ભાસે નહીં ભાવ. સુ. ૧૦ જડતા દીસે નહીં જીવની, ખોળે ખોટુંજ થાય; વિરિ સકટ વિચ્ચારતાં, કેવળ કાષ્ટ કહેવાય. સુ. ૧૧ ભુલ્યે ભાસતુ કાર્યસુ, જેવો સ્વપ્ન વિલાસ; ભાજી મનનિ બાપી ઠરી, મન નહિ પોતાની પાસ. સુ. ૧૨ ભારે ભાગ્યશું વિનવું, ધન્ય ધન્ય ગુરૂજીની વાંણ્ય; ધન્ય ધન્ય શાસ્ત્ર વેદાંતને, જેથિ લાખેણી લાંણ સુ. ૧૩ આનંદ સાગર અખંડમાં, પુરણ પુરૂષોતમ રંગ; જ્ઞાન મહા રસ માણજો, સદગુરૂ સંતની સંગ. સુ. ૧૪

પદ ૨૮ સાચા ગુણ કહીયે સંતના, અવિગલ પદના દાતાર; નાવ ચડાવે હરિ નામને, ઉતારે ભવજળ પાર. સાચા. ૧ અમ્રિત સરખી વાણી વદે, જીવના અનુગ્રને કાજ; હરિના સંત દયા કરે, તારે ભેટે માહારાજ. સાચા. ૨ મિહિમિટે માયા કરે, થાએ આનંદના ઓઘ; દલની દુબધ્યા તે દુર ખશે, લખચોરાશિના રોગ. સાચા. ૩ જોખમ ટાળે જમદૂતનું, આપે ભક્તિનું દાન; અંતર અનુભવ ઉપજે, પ્રગટે આત્મજ્ઞાન. સાચા. ૪ રિધ્ય સીધ્ય હરિ નામમાં, તે આપે હરિદાસ; ત્રિવિધી તાપ તે પરિપલે, ટાળે માયાના પાસ. સાચા. ૫ જ્ઞાન ભંડાર ઉઘાડવા, કુંચી આપે હરી જન; અનુભવ ઉઘડેરે ઓરડા, હિરા મોતી રતન. સાચા. ૬ સાધન સાધે હરિ પામવા, તે ફળ આપેરે સંત; સફળ સમરથ ઘેર સંતને, આણે ભવ કેરો અંત. સાચા. ૭ શબ્દ શિરોમણી સંતના, પ્રાગા ગ્રહે જે તું આજ; અનુભવ રાખેરે આત્માનો, કરવા પુરણ કાજ. સાચા. ૮

પદ ૨૯ હરિહરિ જનને હૃદે વસે, અદક્ષણ અલગો ન થાય; હરિજનને રૂપે થઈ, પોતાના ગુણરે ગાય. હરિ ૧ સતામાત્ર સકલ વિષે, સોળકળા પુરણ સામ; પ્રગટ હરિજનને રૂદે

બોલાવ્યા બોલેરે રામ. હરિ. ૨ ક્રોધિ ક્રોધ વાપી રહ્યો, અંતે રાક્ષસ થાય; હરિહરિ જનને મળી રહે, હરિમાં હરિજન સમાય. હરિ. ૩ પુન પુઠળ ફળ સદા, તારે પુર્ણ કામ; પ્રથમ હરિજનને મળે, પછે સુંદર સામ. હરિ. ૪ અજ્ઞાને અધા બહુ આફળે, ભિતેં કુટેરે શિશ; બાળ વિના ભટકી મરે, હરિજન પાસે જુગદીશ. હરિ. ૫ જે હરિ પામ્યા વળી પાંમશે, કરતાં સાધુનો સંગ; કહે પ્રાગો તે હરિ પામિયા, જેને સંતની સંગ. હરિ ૬ પદ ૩૦ ઉત્યમ અવસરરે આવીયો, સુંદીર મનષા અવતાર; ભાવિભક્તને ભેટીયે, ઉતરીયે ભવરેપાર. ઉત્ય. ૧ તતબર થઇને તે કરે, હેડું રાખીને હાથ; કર્મ કલેશને પરહરી રહેજો સંતોની સાથ. ઉત્ય. ૨ પુરવ પુન્ય પ્રતાપથી, હરીજન ઝાલે જો હાથ; હેડોથાયે હરી જનનો, ભેટે નીરગુણ નાથ. ઉત્ય. ૩ ત્રિવિધિ તાપે ડાઝે બલે, હરીજન શરણે જો જાય; સિતલતા આવેરે અંગમાં, ગાત્ર નવ પલ્લવ થાય. ઉત્ય. ૪ જોખમ ટાળેરે જમનું, મરણ જન્મનોરે માર; ચૌદભવનમાં મુગતા ફરે, માથે હરિજન આધાર. ઉત્ય. ૫ કાલા ભુસેરે કરમના, કુંમકુંમ કેરા લખાય; વાલા લાગેરે લાલને, હરિજન મહારસ પાય. ઉત્ય. ૬ સાધુસંગ ઇછેસદા, બ્રહ્મા વીષ્નુ મહેશ; સદા સુખ સંતના સંગનું, પુરણ પદ એ પરવેશ; ઉત્યમ અવસરરે આવીયો. ૭ ઉગરવાની આશાકરે, તોપ્રાગા સંતને સેવ; ઉલટ અંગે આણી ઘણો, મળશે દેવાધીદેવ; ઉત્યમ અવસરરે આવીયો. ૮ પદ ૩૧ અનહદ ગડગડીયાં નીશાન, શુન્ય મંડલમાંરે નેજા ઝલકિયા;રવીસશી ઉતારેછે લુણરે,પરાત્પરથી પિઉજી આવીયા. ૧ જ્ઞાનની પાલખીયે બેશી, અનુભવ ચમર કરે ચોપે કરિ; વીશ્વાસ વાડીમાં ઉતરીયા, પ્રથ્વીગલે ચારે મુક્યા પાથરી. ૨ સંત સિંગાસનમાં વિરાજ્યા, મોતિડાંના તોરા લલકિયા; ગગન મંડલમાં તંબુ તાણિયા, ઝગમગ ઝગમગ હીરા ઝલકીયા. ૩ ઝલા બિંબ અખંડાકાર, બાર અઢારે ઓપ ધરીયા; પ્રાગાના સ્વામિ સુંદર વર, સભર ભરાભર ભરૈ રહ્યા. પદ ૩૨ આજ ગઇતિ અગમપુરીમાં, ગમતિ ગોઠયું કિધિ જોને; હીરા મોતિ માણ્યક મણીયે, મન ગમતી મેં લિધિ જોને. ૧ રંનાદે સ્વામિનો સ્વામિ, આ નજરે મે વ્યાહાલો જોને; ચંદ્ર સુરજના ઘરમાં જઇને, બ્રહ્મ અદરસી બાલ્યા

જોને. ૨ સુખમણા રાણી સંગે સહિયરયું, સોભાનો નહી પાર જોને; સાચા દેવળ વાલા સંગે, અરચે તે અપાર જોને. ૩ પાંચે શબ્દ અનહદ વાજે, ઘોરે ભેરીને ફેરિ જોને; હદ બેહદ્ય પરાને પારે, તે ઘરમાં જઇ લેરી જોને. ૪ ત્વંપદ તત્વ અસિપદ આવી, બેહેસી પદમાંહે બોલુ જોને; ઇંડપાર આગે આનંદી, તે દરવાજો ખોલુ જોને. ૫ સમ સાધનથી ઉરમી ઉઠિ, આવરણ વીક્ષેપ વામી જોને; મુક્ત મુમુક્ષુ માહા સુખ માણે, કૈવલ પદને પાંમિ જોને. ૬ જલહલ જલહલ જોવા સરખો, જાગ્યમ જોગી જડિયો જોને; કહે ઇશ્વરીયો અખંડાનંદ ઘર, તે ઘરમાં જઇ ભળિયો જોને. ૭ પદ ૩૩ ઇંગલા પિંગલા સુખમણા નાંડી, ઉનમુની આસન વાળી જોને; ધાતા ધેનું બાંનજ ભુલિ, બ્રહ્મ નિરગુણ ભાલિ જોને. ૧ જહદા જહદ સ-રવે જાણી, પરા પારમાં પેઠિ જોને; હસ્તામલ હરિ રાજ જણાયા, આપેં અલખ થઇ બેઠિ જોને. ૨ બુંદ બપૈયા હરલ કીલકડી, ટેકે મનડું બાધું જોને; ક્ષર અક્ષર પરાને પારે, રત્ન અમુલક લાધું જોને. ૩ સભર સમાધિ ત્રાટકવાળા, પાતાં જલિયા પેખે જોને; સેજ સમાધીવાળા વિરલા, લાખુમાં કોઇક રખે જોને. ૪ હંસ પરમ હંસ હવે થઇ હુંતો, આવન જાવન ઉલું જોને; કઇ કાળનું ધુચાયું કોકડું, કાશ મટિ ગઇ ખુલું જોને. ૫ મત મરગીયા ભડલ ચલાવો, આપે ઊંધું વાળુ જોને; અધ ઊરમિ ઇક્ષણાને મારે, રતન અમુલક રાળુ જોને. ૬ કહે ઇશ્વરીયો અલખ તમાસો જે વીરલા કોઇ જાણે જોને; ચરાચર વ્યાપીક અણલંગિનિ મરજીના કોઇ માણે જોને. ૭ પદ ૩૪ સાંભળ્ય સૈયર સદગુરૂ મલિયા, પૂરવ જનમનિ પ્રીતે રે; સંચિત ક્રીમાણ નાંખ્યું ટાલિ, પ્રારબ્ધ એનિ રિતે રે. ૧ ચોરાસિનો ચાલ મટાડયો, બેહદ્ય ઘરમાં વાસી રે; અષ્ટાદશ આંગણીયે ઉભી, મુક્તી જે પેર દાસી રે. ૨ મન રાજાનિ ફોજો મારી, જીતી ડંકા દીધા રે; ક્ષર અક્ષર મુકિને આઘે, અટલ વિહારિ લિધા રે. ૩ પરવરતિનુ પીયર માયા, મુલ નાખ્યો મોડિ રે; સમતા અજુમાં દરસોયતો, નિવ-રતિનિ જોડી રે. ૪ હદ બેહદનિ હાટી ઉપર, હિરામણિયો હારો રે; વિજને વરખા ઘનઘંટા ગાજે, વાલમ ઉપરચ વારોરે. ૫ દશ નાદે દડ-

વડિયા ડંકા, દરષ હવાઈ છુટે રે; નાળોને જંજાળો જોને, ટાંકા જાતાં તુટે રે. ૬ અજપાં ચમર કરતિ ફરતિ, પેહતિ વરતિ રાખો રે; ધાતા પેઇ એક થઇને, નિર્ગુણ નગરી દાખો રે. ૭ સાતે સાગરનો તે સ્વામિ, આઠમો અરણવ આવો રે; ગુરૂનિ ગાદિ જન ઇશ્વરિયો, તે નિશાણિ લાવો રે. ૮ પદ ૩૫ સદગુરૂ સંગે સાન ગંગામાં, હુંતો જઇને નાઇ રે; તે દહાડાનિ હરિવર સાથે, કિધિછે સગાઈ રે. ૧ મન ચેતનનિ ચોરી માહી, મોહન વરને મેલિ રે; સાચા ગુરૂની સંગે હુંતો કરતિ માંહી કેલી રે. ૨ આત્મ રાજા બુદ્ધિરાણિ, વેદાંતનિ વાણિરે; ક્ષર અક્ષરને પારે ખોલું, રંગમોલ રેઠાંણિ રે. ૩ સુક્ષમ વેદનિ સંગે હુંતો, ગુપતને પ્રગટ જાણુંરે; અવરણ વરણી વરણ્યો નાવે, માહાર-સમેવા માણુંરે. ૪ પરમ સનેહિ પદનેં પામિ, હિરામણિયેં હાટિરે; કોટીક અરકનિ ઉપર એતો, બાંધિ મેહલ ઘાટિરે. ૫ પૂર્વ જન્મનિ પ્રીત્ય હુતિ, કોલ કરયો તે પાલ્યોરે; જન ઇશ્વરીયા બાલ્ય જોગિ, આજ નજરે મેં ન્યાલો રે. ૬ પદ ૩૬

સુખની સીમા શિ કહું સહીયર, વિત્યા દિવશ વળીયા જોને; કિ્પાના સાગર ગુરૂ મળીયા, અટલક થઇને ઢલિયા જોને. ૧ સોનાના સુરજ ઉગિયા, સપરમો દિવશ જોને; કીરતારથ કીધાં વાલે, સકલ થયો જનમ જોને. ૨ દ્રષ્ટિમાં નાવે નીગમ ગાવે, વાણિ રહિત વિચારજોને; સદચિચદ આનંદ જેને કહીએ, રેહે નવધાથી ન્યારો જોને. ૩ નવધા માંહી નહિ નીમડો, દશધામાં દેખાસે જોને; અચલ્યો રસછે એહેની પાસે, પ્રેમીજનનેં પાસે જોને. ૪ મનના મનોરથ પુરેચા, સદચિદ આનંદ પામી જોને; ભલે મળ્યો પ્રાણનો સ્વામી, વૃહે વેદના વામી જોને. ૫ પદ ૩૭ સત સંગતમાં હરિને રંગે, મન મારૂં રંગાયું જોને; મોહ નિશાયે સુતો જાગ્યો, વિવેક વાણું વાયું જોને. ૧ ધુડનિ દ્રષ્ટે રાત રહિતો, દિનકરનો શો વાંક જોને, સ્વાંતે છિપે મોતી નિપજે, વ્યાલિ રે ગ્યા શંખ જોને. ૨ સ્વાંતિનો હલાહલ અહિમુખ, ના મુકે વિષ ડંક જોને; સં-સ્કારનો પરિમલ જોરે; લિખ્યા વિધાતાયે અંક જોને. ૩ વધરાવણનો કરિને આપ્યો, ભભિક્ષણને લંક જોને; નિમિત વિના ગુણ દોષ ન થાયે, જેમ પંકજનેં પંક જોને. ૪ જલ નિરમલછે સહુથી ન્યારાં, નથિ લાંબા ટુંકો વંક જોને; ચિદનો અંસ તે જીવ કેવાણો, તેનેં વળગ્યો કલંક જોને. ૫

સાકર ગળપણ સહુને આપે, પિતરોગીને કડવિ જોને; પિસાચણિયે કંઠજ સાપો, વળગિ અવિદ્યા ભડવિ જોને.૬ કોયક જનછે બડ ભાગી-આ, તેનાં પુરણ ભાગ્ય જોને; સદગુરૂ કેરાં વાયક સુંણિ. ઉપજ્યો દ્રઢ વૈરાગ જોને, ચૌદ લોકનું સુખ બ્રહ્માદિક, તેને લાગ્યું ઝેરજોને; અમૃત-ના ઓટકારેજ આવે, તે ક્યમ ખાયે ઝેરજોને. ૮ કામધેન જેને ઘેર દુજે, તે કેમ પાલે બેડ જોને; બ્રાહ્મણ કેરી પંગતી આગળ, કેમ કરી આવે ઢેડ જોને, ૯ કામ કરોધને મદ મછર, એ જેનિ જાતિ નિચ જોને; એ અભડાવે સહુનાં અંતર, જાણિ ત્યાગ્યા નિચ જોને. ૧૦ અધિકારીને અણ અધિકારી, બેનાં લક્ષણ ભાખ્યાં જોને; રામદાસના સદગુરૂ સંગે; એક રાખ્યાં એક નાખ્યાં જોને. ૧૧

પદ ૩૮ હરિજનને વાલો સંત સમાગમ, જિવને વાલિ માયા જોને; માયામાં વેંટાયો પ્રાણિ, ભવમાં ગોથાં ખાય જોને. ૧ બ્રહ્માનંદનું મહા સુખ મેલિ, વિષયાનંદને ધાયો જોને; સુધાનંદનો સિંધુ ત્યાગિ, મૃગત્રષ્નામાં નાયા જોને.૨ ઉસને મોતિ હાર ન થાય, સહુને મન એ ભાયાં જોને; દિસંતાં એ ઝલકે રૂડાં, રવિ ઉગે વિલાયાં જોને. ૩ સુત વિત દારા અલપ સુખ્યે, મધ્યાન કાળની છાયા જોને; એક એકને સહુ મલિ ફોલે, જેમ વિંછણનિ કાયા જોને. ૪ મુકિત ન ઇછે આપ ન પ્રિછે, સિખ્યા કીરતન ગાયા જોને; નિખ સિખ સુધી ભરિ અવિદ્યા, વાતાંમાં બંધાયા જોને. ૫ જિવન મુકતા મૃતક સાધો, તેનો નહિ વિશ્વાસ જોને; કરતવે મોટી સીધિ આપે, તેનાં થાએ દાસ જોને. ૬ થોડિ સેવા કરિ ઘણું માગે, વચનનિ રાખે આસ જોને; એવા જનને સાધુનિ સંગે, ગ્નાન ન થાય રામદાસ જોને. ૭

પદ ૩૯ હાહારે રે શખિ માહાવાયકનો મંત્ર સુણિને, હુંતો મોહનિદ્રાથિ જાગિરે; મારે સદગુરૂએ અંજન આંજિયાં ગ્નારે, મમતા ઉરમિ ભાગિરે. ૧ હારે સખિ દ્રષ્ટે પડ્યો મુજ વાલમો, જે દેશાંતર હુતો ધાતિરે; ખોલિ જોતાં જડયો જોરે આપમાં, હવે ઘર મુકિ નવ્ય જાતિરે. ૨ હારે દેહને દેહના સંબંધિ, સઉ ચિદ અંશનાં સંગારે; ધિચિદ અંશનો વંશ ગયો જ્યારે, ચિદ સ્વેવર અણલંગિરે. ૩ અબલાનો અવતાર ગંધિલો, લોક ઇક્ષણાનો ભરિયોરે; હેરે તેનાં અંતમાં આજ આવિને, બ્રહ્મરસ

ઢાંશિને ઢરિયોરે. ૪ પુંન્ય તણો શો પાર વખાંણું, મુને મળીયા સદ-
ગુરૂ દેવરે; તનમન અરપિ શિષ્ય સમરપિ, કીજે તેનિ સેવરે. ૫
નરનારિની ભાન ટળિને, પોતે રયો અવિનાશિરે; ત્રીગુણ પટ ઘુંગટ
ખોલિ પડદો દેહા અભિમાનનો તોડિરે. ૬ શુંન્યાતિત શુંન્યમાં નીરખ્યું,
સમરથ કંથનિ જોડીરે; પુરૂષ પ્રકરતિ મુજ વરમાં, એ થયાં ન ક્યારે
થાશેરે. ૭ મુજ સહીત આ વિશ્વ સઘળો, આરોપણ ભ્રમ ભાશેરે;
રામદાસના સદગુરૂ સંગે, નિજવર લિધો હેરિરે. ૮ પદ ૪૦ દેશિફૂર.
ભજન કરિ ઌો ભાવેરે ભવ ભટકણ ભાગે, સંસાર સાગર તરતાંરે
ક્ષણુ વાર ન લાગે. ૧ માયા મોહ નિદ્રામાંરે, ગાફલ શું ઘોરે; પાંચ
ચોર વસે પાસેરે, આતમ ધન ચોરે. ૨ અચેત શું ઊંઘેછેરે જોને આં-
ખ્ય ઉઘાડી, વેગે વણશિ જાશેરે કાયાનિ વાડિ. ૩ ચેત ચિદાનંદ
મળશેરે ટળશે અંધારૂ, આ અવશર છે રૂડોરે હોય કારજ તારૂ.
૪ મહાપુરૂષનો મારગરે તે પગલાં સાજે, પ્રિતમ પ્રેમ ધરિનેરે હરિના
ગુણ ગાજે. ૫ પદ ૪૧ જા સદગુરૂને ચરણેરે, સહુ સંસે હરશે; જીવ
દશાને ટાળિરે, હરિ સરખો કરશે. ૧ ઉંચ દશા અનુભવની રે, છે સમ-
ઝણ મોટિ; મન કંચનને કસવારે, ગુરૂ જ્ઞાન કશોટિ. ૨ હોય હેમ
લોહ કેરૂંરે, જેને પારસ પરસે; થાય મહા મુક્તાફળરે, જળ સાંતિ વરસે.
૩ છિપ રહે સાગરમારે, જેમાં મોતિ નિપજે; જ્ઞાન મિનકા પરસેરે;
તેને રત ઉપજે. ૪ એમ સતસંગે નર સમજેરે, સહુ દુખધ્યા જાય,
પ્રિતમ તે પ્રાણિનુંરે, સર્વે કારજ થાય. ૬ પદ ૪૨ કરચ હરિ સ્મરણ
સાચુરે કાચું તન તારૂ, મનથિ મુકિદેનેરે માયાનું લારૂ; માયાછે માહા
ઠગણીરે ઠગવિદ્યા કરશે, જ્ઞાન ધ્યાન પ્રેડ ધિરજરે હેલામાં હરશે. ૨
માયા બંધન બહુછે રે તેને તું તજને, મોહ ઉપજાવે સહુનેરે સુરિનર
મુનિ અજને. ૩ અતિ અપાર બલ માયારે ડાહ્યા જન જાણે, જેણે
પ્રભુ ગુણ ગાયારે તે મિ નઅ આણે. ૪ ભજન પ્રતાપે ભવજળરે
ગૌપદનિ પેરેં, અખંડ અભેપદ માણેરે આનંદનિ લેરે. ૫ સદા સર-
વદા સુખમાંરે દુખને નવ દેખે, પ્રિતમ સર્વે પ્રભુનુંરે પરમારથ લેખે. ૬
પદ ૪૪ જે પરમારથ પ્રિછેરે, તેને પાપ ન પરસે; રૂપ અનુપમ હરી-
નુંરે, સચરાચર દરસે. ૧ સહુ સામગ્રી હરિનિરે હરિના ચૈરૈયે, હરિને

રમરપણ કરિનેરે ઉગરતુ લેયે. ૨ સાચેરાચેરશિયોરે પરપંચ પરહરજે; હેતારથ હરિજનસુંરે કુરિજનથિ ડરજે. ૩ હું મારૂં હરદેથીરે ટાળિને રમજે, વિશ્વ આત્મા વિષ્નુરે નિરખિને સમજે. ૪ અસત અન્યાય નથ્ય કિજેરે સતવચન ઉચરજે, પ્રિતમ પ્રેમ ધરિનેરે પ્રભુજીસું મળજે. ૫ પદ ૪૪ દેશિફેર હરિનો મારગછે શુરાનો નૈકાયરનું કામ જોને, પ્રથમપેલુ મુસ્તક મુકી વળતિ લેવું નામ જોને. ૧ સુતવિત દારા શિશ સમરપે તે પામે રસ પીવા જોને, સાગર મધ્યે મોતી લેવા માંઈ પડા મરજીવા જોને. ૨ મર્ણું આગમે તેભરે મુઠી દલનિ દુગધા વામેજોને, તીરે ઉભા જુવે તમાસા તે કોડી નથ્ય પામેજોને. ૩ પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળિ પાછા ભાગે જોને, માંહિ પડ્યા તે મહાસુખમાણે દેખનારા દાઝે જોને. ૪ જીવન મુકતા જુક્તિ જાણે જેને હરિનું ધ્યાન જોને, મહારસ તે મરજીવા માણે મુકિ મનનુ માન જોને. ૫ રામ અમલમાં રાતામાતા, પુરા પ્રેમી જન જોને, પ્રિતમના સ્વામિનિ લીલા, નિરખુ નિશદિન જોને. ૬ પદ ૪૫ સંત કૃપાથિ છુટે માયા, કાયાનિરમળ થાયજોને, સ્વાસો સ્વાસે સમરણ કરતાં, પાંચે પ્રાયશ્ચિત જાય જોને. ૧ કેશરિકેરે નાદે નાશે કોટિ કુંજરનાં જુથ જોને, નારાયણને નામે પામે ત્રાસ જમના દુત જોને. ૨ અગ્નિને ઉધેઈ ન લાગે; મહામણિને મેલ જોને, અપાર સિંધુ મહાજળ ઉંડાં; મરમી ને મન શેલ જોને. ૩ બાજીગરની બાજી તેતો; જંબુરો સઉ જાણે જોને, હરિની માયા બહુ બળવંતિ; સંત નજરમાં નાણે જોને. ૪ સંત સેવતાં સુક્રિત વાધે; સેહેજે સિજે કાજ જોને, પ્રિતમના સ્વામિને ભજતાં આવે અખંડ રાજ જોને. ૫ પદ ૪૬ રામ રામ રટોને પ્રાણી, આણિ પુરણ પ્રીત જોને; કાચિ કાયા કાચની કુંપી, સ્વપ્ના સરખિ રિત્ય જોને. ૧ નાનામોટા જળ પરપોટા ફુલ્યાફુટિ જાય જોને; એવા આ માયાના ઘાટ, ઉપજે ને અલપાયજોને. ૨ સિંધુ સરખાં દિસે ભાસે, ઝાંઝવાંનાં નીરજોને; પ્યાસા પીધે નથ્ય જાયે; કેશ નહોયહિરજોને. ૩ ગંધી દેહનો ગર્વ ન કિજે,વણસતાં નહિ વાર જોને;કાગ કિટકે કુકર ખાયે, અંત્યે હોય છારજોને. ૪ દેહતણું અભિમાન તજીને; ભાવે ભજિયે હરિને જોને, પ્રિતમ પ્રેમે પાવન થૈયે, ધ્યાન પ્રભુનુ ધરિયે જોને. ૪ પદ ૪૭ સંત

સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમજોને, જે ધાતુને પારસ પરસે; તેતો હોયે હેમજોને. ૧ કાંસું કથિર હેમ નહોયે, કોટિપારસ પરસે જોને; શુન્ય છિપતે ઉપરય નાવે, સ્વાંતિ સોમણ વરસેજોને. ૨ જેહેના અવળા અંતઃકર્ણ, તેને સમજાય નાવેજોને, અચેતને ઉપદેશન લાગે, શિવ બ્રહ્મા સમજાવે જોને. ૩ કબુદ્ધિ કાલપ્ય જેને રૂદે; તેને ન લાગે રંગ જોને, અહિ ઉજળા કેમ ન થાયે, જઈ ઝકોળે ગંગ જોને. ૪ કુશકા કુટે સું થાયે; કણ ન મળે તેમાંથી જોને; મંદ અભાગી મુરખ નરને, સમઝણ આવે ક્યાંથિ જોને. ૫ પાપીને પરમોદ ન કરિયે, મુન્ય ગ્રહિને હઠયે જોને, કહે પ્રિતમ તુલશિ દલ તોડિ, પ્રેત પુજવા નવ જઈયે જોને. ૬ પદ ૪૮ સાંભલ્ય સૈયરે સુરતા રાખિ. આજ અનુપમ દીઠું જોને, જે દીઠું તે જોયા સરખું, અમૃત પે અતિ મીઠું જોને. ૧ દ્રષ્ટમાં નાવે નિગમ ગાવે, વાણિ રહિત વિચારો જોને; સચ્ચિદાનંદ તેજને કૈયે, રહે નવધ્યાથિ ન્યારો જોને. ૨ નવધામાં તો નહિ નિવેડો, દશધામાં દેખાશે જોને; અચલ્યો રસછે એનિ પાસે, પ્રેમિજન પાસે જોને. ૩ કેવલ બ્રહ્મ અનુપમ લીલા અસંખ્ય જુગના એવા જોને; જોગ જગન ને જપતપ તિર્થ. માનવિયુંના મેવા જોને. ૪ આવે ન જાવે જાવે ન આવે, નહિ ભરેચો નઈ ઠાલો જોને; ન્યમના ન્યમછે ત્તમના ત્તમછે, વધે ઘટે નઈ વાલો જોને. ૫ પૂર્ણ બ્રહ્મ પુરૂષોતમ પોતે, અપાર ગતછે એનિ જોને; ક્ષર અક્ષરથિ એ પદ અળગું, ચિતમાં ગાજે ચૈનિ જોને. ૬ હું તું મટસે દુગ્ધા ઘટશે, નિરભે પદ હું પાંમી જોને, ભલે મલ્યો રણછોડનો સ્વામિ, રહ્યો હૃદામાં જામિ જોને. ૭ પદ ૪૯ દેશિફૂર હરિ ભજ્યરે તુ પામર પ્રાણિ, માન્ય શીખામણ્ય મારિ; ઘર ધંધાને વાલે વળગ્યો, સીગત્ય થાશે તાહારિ. ૧ ગુરૂ ગોવિંદનો રંગ ન લાગ્યો, માયા મદમાં મોયો; ધીકધીક પ્રાણિ જિવત તારૂ, એલ્યે અવશર ખોયો. ૨ અમુલક અવસર કોડિ બદલે, જાવા દિધો ભાંઠે; હરિ હીરો ચિંતામણિ મોટો, તાંણિ ન બાંધ્યો ગાંઠયે. ૩ માનવિમાંનો અવતાર પામિ, કેહે શું સાધન કિધું; લખચોરાશી ફેરાનું દુઃખ, મરવા માથે લીધું. ૪ કુળ કુટંમને મારગ ચાલ્યો, લોકડિયાંનિ લાજે; જોમનિયાને મટકે ચડિયો, વરણાગિને કાજે. ૫

સંસાર સુખના સ્વારથ માંહે, વણસાડ્યાં કારજ તાહારાં; ધુમાડાના બાચકા ભરવા, ઉલેચ્યાં અંધારા. ૬ સુપના સરખાં સુખડાં માટે, આખી ઉંમર ખોઇ; દીન લાભેણા હરિ ભજવાના, કામ્ય ન આવ્યા કોઇ. ૭ સમજુને સીખામણ્ય લાગે, મુરખને મન હાંસી; કહાનજી કેવલ બ્રહ્મ ભજ્યા વિના, ન ટળે જમનિ ફાંસી. ૮ પદ ૫૦ મનુષા જન્મ ઉત્તમ ખેતર પામિને અપરાધિ, આતમ સાધન કાંયેન કિધું; દેહદશા સી સાધિ. ૧ પોકારે ઘડિયાલિ ઘડિયેં આવરદા ઓછા થાયે; ક્ષણું ભંગુર દેહ કુંભછે કાચો, ઢબકે વણશી જાયે. ૨ દશ મસવાડા માહા દુઃખ પામ્યો, માના ઉદર માંહે; તે દાહાડા તુને ક્યેમ વિશરિયા, મુરખ ચેત્યો નહી કાંહી. ૩ જીવને જોખ્યમ ઉપજાવિ, ભવની ધાંણિએ ઘાલ્યો; અવર જનમતો ક્યારે પામિશ, આતો હારો આવ્યો. ૪ કુટંબ મલિયું આપ સ્વારથિ, કોયે ન આવે સાથે; વલગ્યાં આવે સુકરિત દુકરિત, જે કિધાં હોયે હાથે. ૫ જન્મ મરણનું કરવત વેરે, લખ ચોરાશી સંચારે; પાપ પુન્યનાં લેખાં ભરવાં, રવિસુતને દરબારે. ૬ સદગુરૂજીને ચરણે જાને, ત્રિવિધિ તાપનો દાધો; કહાનજી તે નર જુગમાં જીત્યા, જેહેનું ગુરૂ ચરણે ચિત બાંધો. ૭ પદ ૫૧ આ અવસરે જંજાલી જીવડા, કેહે શું સાધન કિધું; હરિકથા મુખ માંહે ન બોલે, રસનાએ તાલું દિધું. ૧ કુલ કુટંબના ધંધા માંહે, માયાયેં ભુરકિ નાખ્યો; તે દિવસે ભુલો પડિયો, દેખત ફુટિ આંખ્યો. ૨ હટવાડાનો અંજાયો, કાજળને ઓધે પેઠો; સાચા વેપારનો લાભજ હણવા, બાદલિ પેઢિયે બેઠો. ૩ સદગુરૂ ઉપર વાલપ્યન થયું, વણસાડિ વાતડિ મુલ; હરિ હિરો અમુલક હાર્યો, પડિ મુખડામાં ધુળ. ૪ સંસાર સાગર તરવાને, સદગુરૂને ચરણે રહિયે; કહાનજી જન્મ સફળ કરવા, રસનાયે હેરિ કહિયે. ૫ પદ ૫૨ નહિ લ્યો સદગુરૂ દેવ નદિમાં, જન્મ ક્રતારથ થાયે; મનુષા જન્મ પદારથ હિરો, કોડિ બદલે જાયે. ૧ દુર્લભછે ભાઇ માનવિયાંનો, અવતાર અવની માંહે; મન ક્રમ વચને વળગિ રહિયે, ગુરૂ ગોવિંદની બાંહે. ૨ પુરવ પુન્ય તણે પરતાપે, અવશર પામ્યો સારો; સંસાર રૂપિયા ભવસાગરમાં, તરવાનો છે આરો. ૩ સંત સમાગમ દેવ નદિમાં, જે ભાવે કરિ નાહીં;

લખ્ખચોરાશીનું લગડું ટળશે, જીવનું જોખમ જાશે. ૪ ધન્ય ઘડિ ધન્ય તે દાડા જે, હરિ ભજનમાં જાયે; હરિરસ કિરતન માંહે નાતાં, પતિત પાવન થાયે. ૫ હરિ સમરો ભાઇ હરિ સમરોને, પોકારે વેદ પુરાણ; હરિ ન ભજ્યા તે સરવશ હાર્યા, કરિ આતમાનિ હાણ્ય. ૬ આ ભવ જેણે હરિગુણ ગાયા, તે જિત્યા સંસાર; આપડિ કોઇના બાપની નહી, જે મારે તેનિ તરવાર. ૭ થોડામાં ઘણું કરી કહુંછું, માને કોઇ અધીકારિ; કહાનજી જેહને હરિ હોય વાલા, તેહેને જાવું બલહારિ. ૮ પદ ૫૩ અવસર જાયછેરે મનુષા દેહનો મૂઘો, આળસ કરીનેરે શું અજ્ઞાની ઊંઘો. ૧ મીથ્યા બાજીરે માયા કેરી જુઠી, મોટા મોટા વાયારે અધવચ લીધા લુટી. અવ. ૨ કોયે નજ્ય ઠરીયારે માયા સુખના મોહમાં, થઇ ગયા દુઃખીયારે ઘણું રડવડતા રોહમાં. અવ. ૩ વેદ પોકારેરે દુર્લભ સંતની સેવા, જેને સંત સેવ્યારે મહા બડ ભાગી તેવા ૪ ધીક જીવ્યું તેનુંરે હરિનું સુખ નજ્ય જાણ્યૂં, મલમાં મગ્નોયોરે કુલનું નાતુ તાણ્યું. અવ. ૫ ભારે મારીરે જનુની જે જન જેની, વાટ ઉઠાડીરે મુધી મનુષા દેહનિ. અવ. ૬ થયો હત્યારોરે અનેક જનમનો રણીયો, જમ સિંહ કુપમાંરે પોતે પોતાશું પડીયો. અવ. ૭ કહે અખો જાગીરે સંતની સેવા કરજો, સદગુરૂને મલીનેરે આવાગમનથી ટળજો. ૮ પદ ૫૪ સદગુરૂ શબ્દેરે સહુ તીરથછે તેને, પીંડમાં છે પોતેરે જોતો ફરેછે જેને. ૧ ગુરૂદેવ દયા કરેરે તેને સહુ સુજે, આલે બહુ નામીરે બિજા તે નજ્ય બુઝે. ૨ અંતર ગત ઇશ્વરરે આપે અવિનાશિ; પોતાની ભૂલેરે ભમ્યો લખ્ખ ચોરાશી. ૩ છે શ્રીમંત સુખીયોરે રાંક થઇને રઝળ્યો; માયાની સંગેરે ત્રિવિધી તાપે બળ્યો. ૪ સદગુરૂને સેવેરે તો નીજ રૂપ જડે; તન માંઇ તપાસેરે પોતે પોતા વડે. ૫ નિખ્ખ શિખ્ખ લગી ન્યાલુંરે નહીં કોઇ બીજો; પ્રિતમ એક અદ્વૈતરે જોઇ રૂદિયે રીઝો. ૬ પદ ૫૫ દેશિંફેર. મુકોદે મૂઢ ગમાર મમતા મનકેરી, સમઝીલે સારમાં સાર; જો હરીને હેરી. ટેક હરીને જોતાં દુગ્ધા ખોતાં પોતે તે પરિબ્રહ્મ રૂપરે; અંતરજામીમાં એક રસ થાતે, કુણ પડે ભવ કુંપરે. મમતા. ૧ પંચ ભામે પિંડ વેંચતાં ઉગરે તે અવિનાશીરે, સ્થુલ સુક્ષ્મ કારણને તુરિયા પોતે સ્વપ્રકાશીરે.

મમતા. ૨ શુદ્ધ ચૈતન્યને સાક્ષી પ્રમાતા, પ્રમાણુનો પ્રમેતારે; પંચ નામછે પુરણાનંદનાં, નીયમ કહેછે નેતારે. મમતા. ૩ નિર્ગુણ એક નિરંતર નીરખિ, હરખે હૈડા માંએરે; પરલેમાં પાણિ વિના બિજુ નજરે ન આવે કાંએરે. મમતા. ૪ ચિદાનંદનું ચિત્તવન કરતાં, કોટિ કલપના જાએરે; પ્રિતમ પડદો મટે માયાનો, મહા પદમાં લેહ થાએરે. મમતા. ૫ પદ ૫૬ છે બ્રહ્માનંદ ભરપુર બ્રહ્મને બાવેરે. સચ્ચિદાનંદ સુખ મુલ તે કાવે નિરદાવેરે. ટેક. અણુ થકી તે લઇનેજ સુધી બાપક વિશ્વાધારરે; જ્યાં જોઇએ ત્યાં તેવા થઇને, બોલે બોલણ હારરે. છેબ્રહ્મા. ૧ જલ તરંગ નહિ જુજુવા, જ્યમ હાટકમાં હારરે; ત્યમ તુમાં હરીને હરીમાં તુ, એમ નિગમ કહે નિરધારિરે. છેબ્રહ્મા. ૨ નિખ શીખ સુધી હેમની પુતલી, હેમતણા શણગારરે; બાહ્યાભિતર હેમ બીરાજે, હેમ તણો વિસ્તારરે. છેબ્રહ્મા. ૩ નિશંખ થઇને નાખી દેજે, માયેથી સહુ બારરે; કરતા હરતા આપ પોતે છે, અખીલ બ્રહ્માંડનો આધારરે. છેબ્રહ્મા. ૪ સુદ્ધ વિચાર કરિ થા સુખીયો, દુખનાં બાળે બિજરે; કહે પ્રીતમ પ્રભુ માંઇ સમજે, જ્યમ વાદલમાં વીજરે. છેબ્રહ્મા. ૫ પદ ૫૭ ગુરૂગમ ઘટ જોયુંરે, સંસે સર્વે ટલ્યો; અવિનાશી ચૈતનરે શબ્દાતીત મલ્યો. ૧ ચતુર દલ ચિન્યોરે, ખટદલ માંહી ખુલ્યો; દશ દલમાંહિ દીઠોરે, દ્વાદશ માંહે ભલ્યો. ૨ શોડશ દલ ખુચ્યોરે, દ્વૈદલ માંહી દરસ્યો; સહસ્ત્ર દલ ચડિયોરે, પંખિ થઇ પરસ્યો. ૩ નહીં નાદને બિંદુરે, રવિ શશિ જોત્ય નહિ; શુદ્ધ સોહં પ્રકાસ્યોરે, દ્વિતીયા ભાવ નહિ. ૪ આવ્રણ ને ઉરમીરે, ને માયા મમતા; પ્રીતમસ્વે પોતેરે, શુન્ય શીખર રમતાં. ૫ પદ ૫૮ આ તનમાં તીર્થરે, તત્વ વિચાર તણું; ચેતન સાગરમાંરે, નાયાનુ ફળછે ઘણું. ૧ ગ્નાન ગોદાવરી ઘાટેરે, નાતાં નિરમળ થઇયે; પ્રણવજળ પરસેરે, દલના ડાઘ જસે. ૨ ગીલકામાં ત્રિસોરે, નિરમલ દ્રઢ ધ્યાનવડે; ગંગાને જમનારે, સરસ્વતી પુર ચડે. ૩ પુરણાનંદ પ્રાગેરે, ત્યાં થઇ તરવેણી; મરજીવા જોગીરે, ત્રિવેણી દિનને રેણી. ૪ કાયા કાશીમાંરે, વિશ્વનો નાથ વસે; પ્રીતમ પદ પરસેરે, તે તદરૂપ થશે. ૫ પદ ૫૯ પુરણાનંદ પોતેરે, પરપંચ પરહરતાં;

કારણને કારજરે, સૌઉ અલગુ કરતાં. ૧ નભ પવનને પાવ કરે, નહી અવનિ અંબુ; પચીસહેં સપ્તદશરે, નઇ સુક્ષ્મ નવનુ. ૨ ઇંદ્રિ નહિ અવસ્તારે, નહિ સ્થુલ ઠેકાણું; સુરજ જ્યમ સાક્ષીરે, ત્યમ આત્મા જાણું. ૩ અંનવેન વેતીકરે, જ્યમછે ત્યમ જોયો; પ્રિતમછે રૂપેરે, નહિ પામ્યો ખોયો. ૪ પદ ૬૦ ભુલવણી ભાગીરે, બ્રહ્માનંદ ભાસ્યો; શુદ્ધ ચૈતન સાક્ષીરે, સઘળે પ્રકાશ્યો. ૧ ટળુ તીમીર ત્રિગુણનુરે, તુરીયા તેજ ઘણું; થયું અખંડ અજવાળુંરે, નિજાનંદ તણું. ૨ આપે અખંડ અવિનાશીરે, શુદ્ધ સ્વરૂપ જોતાં; તરવેણી તીરેરે, પ્રોયું મન મોતી. ૩ હરીહાર હૈયાનોરે, પેરૂં પ્રેમ ધરી; થઇ અખંડ સુહાગણ્ય રે, પ્રેમ મદ મોદ ભરી. ૪ પામિ અચળ એવાતણુરે, અખંડ વરને વરતાં; પ્રિતમ પદ પામ્યોરે, સચ્ચિદાનંદ ધરતાં. ૫ પદ ૬૧ પુરવને પુન્યેરે, પુરા ગુરૂદેવ મળ્યા; મારૂં આપ ઓળખાવ્યુંરે, ત્રિવિધિના તાપ ટળ્યા. ૧ ગુરૂવે ઉપદેશ આપ્યોરે, સોહં બ્રહ્મ કહ્યો; તે પદ પોતેરે, લક્ષ અર્થ લહ્યો. ૨ તારે સ્મરણ કીધુંરે, સસ્વરૂપ તણું; જાગ્રતની આધેરે, તુરીયા તીતપણું. ૩ આતમધન લાધુરે, દુખ દાલિદ્ર ટળ્યું; હવે ભટકણ ભાગ્યુંરે. વાસનાલિંગ ગળ્યું. ૪ સાંખ્ય યોગ જણાવ્યોરે, સાક્ષિ પદ સાધુ; તારે જીવ ઇશ્વરનુંરે, મુળગું ઘર લાધું. ૫ ગુરૂદેવે દયા કરીરે, અખંડ સુખ આપ્યું; તારે દ્વૈતપણાનુંરે કર્મબંધન કાપ્યું. ૬ મારિ જાત જણાવિરે,સોહં રૂપ તારૂ; સ્થુલ સુક્ષ્મ કારણરે, તેને હુંને મારૂં. ૭ પોતામાં પોતેરે, પદ પ્રીછિ લિધું; પુરૂષોત્તમ પદમાંરે, દ્રઢ આસન કીધું. ૮ પદ. ૬૨ દ્રઢ નિધ આસન કીધુરે, સોહં ભરપુરમાં; આપે આપમાં અરપિરે, સુતો જઈ સેજ સુખમાં. ૧ તે જગાડ્યો ન જાગેરે, મળ્યો અદ્વૈત પદમાં; તાનો ગયો નૈ આવેરે, જ્યમ લુણ ગળ્યું જલમાં. ૨ પોતામાં પોતેરે, રહ્યો સાક્ષિ પદમાં; ક્યારે દ્વૈત ન થાયેરે, અખંડાનંદ બ્રહ્મમાં. ૩ જેમ જળને જોગેરે, હેઠો દિસે ચંદ્રમા; એમ આત્મા જાણેરે, વરતે આવિ વત્તિમાં. ૪ નિર્વિકલ્પ સમાધિમાં માણેરે, જીવન મુક્ત જગમાં આકાશવત વરતેરે, અલ્પ વર્ત્તે દેહમાં. ૫ કાળ કર્મ ન લાગેરે, આપ રેહે ચિદઘનમાં; વાણી હદમાં નાવેરે, લક્ષ લાગ્યો માહા પદમાં. ૬

જ્યમ આકાશ અરૂપીરે, વ્યાપકછે ઘટમટમાં; તે કહ્યો ન જાવેરે, થીર પૂરણ પદમાં. ૭ એમ આપ ઓલખ્યિનેરે, આપ રહે ચિદાનંદમાં; પુરૂષોત્તમ પ્રીછ્યારે,માહા વાક્ય અર્થમાં.૮ પદ ૬૩ મારે સદગુરૂજીયેં આંજ્યારે, ઉઘાડ્યાં લોચનિયાં;અવસર અનુભવિયારે, ભવ દૂખ મોચનિયાં. ૧ મારી આંખડિ ઉલસિરે, સોહં પદ સાંભરતાં; આનંદ રવિ ઉદિયોરે, સહજાનંદ ધરતાં. ૨ મારૂં પ્રકાશ્યુરે, ઓળખિ જાતડલિ; દિનકરને ન હોયરે, દિવસને રાતડલિ. ૩ મારો આતમ દેવારે, ભરપુર ભરપુરછે; માહિ જુગદાકારનોરે, અણછતો અંકોર છે. ૪ એનું અખિલ ભોવનમારે, સમરસપણુ ડોલે; એક સ્વપદ મોટુંરે, ઉપનિસદ બોલે. ૫ કહી ન જાય ઓપમારે, અગણિત એવાનિ; એનો અપાર મહિમારે, આતમ દેવાનિ. ૬ કોય કાળે નહોવરે, દ્વૈત પણું અદ્વૈતમે; કરે કૃશ્નજી પ્રણામરે, સદચિદ આનંદને. ૬ પદ ૬૪ મોટા મહાજન સંગેરે, આતમ લાભ રળાયે; જાય અજ્ઞાન ઉરમિરે, ભટકણ ભવ ટળીયે. તમે એળે ન ખોસોરે, આતમ રોકડિયો. ૧ બિજા સાધન સરવેરે, અણછતો દોકડિયે; અવિલોકિને જોયુંરે, લિલા નાસ પડે, હવે ખાણ ઉઘાડોરે, આતમ લાભ જડે. ૨ પરમારથ બાભેરે, જે નર લોભાયા; તેનિ ભવમા નોયરે, ભોગાય તન કાયા. ૩ માહાવાયક બોલેરે, પરમારથ મહિમા; તેનો પાર ન પામેરે, શંકરસુર બ્રહ્મા. ૪ આતમ ધન મોટુંરે, અધિકારી ઇછે; એવું કૃશ્નજી પણામારે, પરમારથ પ્રિછે. ૫ પદ ૬૫ છે શિખવું ને સુણવુંરે, બોલવું એ જ્ઞાને; શાખાચંદ્ર જોયોરે, નિગમને અનુમાને;પ્રભુ અનિર વચનેરે, વાણિયે વેખરિયા, નિરગુણ અણલિંગીરે; સિરગુણ રૂપ ધરિયાં, ભુલવણિ ના ભુલ્યારે, ભરપુર નવ જોવે; હરિથી થૈ અળગારે, વ્યાપક તાં વગોવે, વિસ્વાસ બંધાણોરે; જીવ નિશ્ચયની પરિહાર કિધોરે, આતમ હત્યાની જેમ છે તેમ ભાસેરે. સાચા ગુરૂ મળતે, હસ્તા મલ હોયરે; હરદે ગાંઠ ગલતે એવું કૃશ્નજીનું બોલવુંરે, સમજે અનુભવિયા. આતમ સુખ લેવારે, સ્વેપદમાં વસિયા. પદ ૬૬ સમસ્યા સમઝોરે, સજનિ સુખ થાશે; સદગુરૂજીને મળતાંરે, દુખધ્યા દુખ જાસે. સંત સાગર સિંધુરે, સરવે સુખ આપે; આતમ અનુ-

ભવનારે, કરમ બંધન કાપે. ૧ વણસતાં સુખડાંરે, સરવે છાંડિને; સતસંગે રેવુંરે, મનડું માંડિને; બ્રહ્માનંદ ભાશ્યુંરે, ભવભ્રમનાશિગિ; અનુભવ રસ પિતાંરે, જીવન બુધ જાગિ. ૨ પરમારથ પ્રિછ્યોરે, પુરણાનંદ પામિ; સેહેજે સુલિધોરે, સચ્ચિદાનંદ સ્વામિ; આતો નજરે નાવેરે, કલપિને કેહેવું: અનુભવની આંખેરે, સમશ્યા લક્ષ લેહેવું. ૩ કાયા સુખ કલપીરે, નજરે તે દીઠા; મનબુદ્ધિના માન્યારે, મિથ્યા સુખમિઠાં; અસિપદ એવુંરે, નિરગુણ છે ન્યારો; પોતાનું જાતાંરે, દેહ નહિ પ્યારો; વાણિછે હદમાંરે,લક્ષછે બેહદમાં; મુલદાસે માન્યુંરે, આપું મહા પદમાં.૪ પદ૬૭ આતમ લક્ષ આવ્યોરે,કિરપા મોથ કરિ; પુરણ પદ જોતાંરે, હરિજન તેજ હરિ.સદગુરૂજિની કિરપારે, થૈ કેમ જાણિયે; અનુભવ રસ ખોલેરે, અમરિત વાણિયે. ૨ આનંદઘન ઉપનોરે, આવિ આ તનમાં; નિજાનંદ વિલસોરે, જિત્યા નિજ મનમાં. ૩ તત્વના સંગિરે, સાધુ છે સુખિયા; સત રજ તમના સંગિરે, તે દિસેછે દુખિયા. ૪ સંત સમઝ્યા તેનેરે, થૈ સત સમાધી. અવર ન ઇછેરે, અવિદ્યા ઉપાધિ.૫ અવધિને આવિરે, વૃહે વૈરાગ તણિ; અચાનક ઉગ્યોરે, દરશ્યો દિનમણિ. ૬ વૈરાગ વિસારચોરે, ત્રિગુણ ઘાટ ઘડ્યો; જ્યમછે ત્યમ જોતાંરે, નિજપદ નામ જડયો. ૭ આકાશે આવિરે, ચૈતન સુરે ચડ્યો; ગઈ આડ અચાંનકરે, પરપંચ પાર જડયો. ૮ ભવનો ભેઆગિરે, ત્રિવિધિ તાપ ટળ્યા; મુલદાસે માન્યુંરે, મુને મહારાજ મળ્યા.૯ પદ ૬૮ સંત સમાગમ પાંમતે,વામતે દુબધાનાં વૃંદરે; હસ્તામલ રવિ ઉદ્યો, સ્વામિજિ સચિદાનંદરે. ૧ સાવ નિરંતર સિંધુમાં, અનુભવ ઉભરાઈ જાયરે; સમરસ જોયામાં જિવ શિવ, કિટિને ફારગત થાયેરે. ૨ વિજય પાંમિ ગઈ વરતિયોં,ધરતિયો ધાતાને ધેયરે; આસંકા પરિહારિયો, ગુરૂજીએ ઉપદેશ દિધોરે. ૩ કેવલમાં સુધ ભોમિકા, જલહલ જલહલ દિસેરે: વસ્તુરે ગતમાં વિચારતાં, અવિગત આતમા હિસેરે. ૪ આકાશવત અણલિંગિયા, આપણાં અધ્યાસમાં ડોલેરે; ઇંદ્રજાળ માંહિ કષ્નજી, કોય મરજીવા ભાલેરે. ૫ પદ ૬૯ સુદ્ધચૈતન પરમાતમા, વસ્તુછે પૂરણાનંદરે; જીવ ને વરોસે આરોપીને, સાક્ષિને કૈયે કે વૃંદરે. ૧ ભ્રાંતિ ભરચાં મૂલ સહુનાં

વૈખરિ વેલીયેં ફુલ્યારે; પોતાનુ નબ્યથાય પારખું,ભાત ચિત્રામણે ભુલ્યારે. ૨ ત્વંપદ તત્વપદ અસિપદેં, સિષ્યનેં સમજાવાને ઇછેરે; જહદા જહદ ભાગ ત્યાગનો, લક્ષણાંયો લેઇને પ્રિછેરે. ૩ ઓઘ વલ્યા જે આસંકાનાં, પરિહાર કરતાં તે જાયરે; બ્રહ્માકાર હોય ભાવનાં,વસ્તુ જથારથ થાયરે. ૪ અટપટિ વાત આબ્યાવિના જડ મતિ, અણસમજા તે સોચેરે; કેવલ પદમાંઇ કહાનજી, કોઇક મરજીવા પોચેરે. પદ ૭૦ ધેનેં વિચાર જે ધ્યાનમાં,ધાતાછે ધેયજ સુધોરે; હવોરે મુમુક્ષુ તે ઉત્તમ, મુક્તને મારગ વલુંધ્યોરે. ૧ કરમ ઉપાસના અતિ કરમિ, આતમા લાભને ઇછેરે; ઉપનીષદમાં અવિલોકિને, પરતક્ષ પાધરો પ્રિછેરે. ૨ શ્રવણ મનનકેરિ ભાવનાં, નિત્ય નિત્ય અધ્યાસમાં જોયેરે, દરેસન પરસન ભાવનાં, મનક્રમ વચને હોયરે. ૩ રૃદેય ગ્રંથિ જાય છુટિનેં, સિંદુ તે બિંદુમાં સમાયરે; આનંદનો હોય અનુભવ, સાક્ષાત કારતે થાયરે. ૪ ધેનો વિજોગ નોહે ધાતાનો, જ્યમ હોયે સોહાગો ને હેમરે; કહાનજી આત્મા તે અમલમાં, હોય હસ્તામલ રવિયે મરે. ૫ પદ ૭૧ સહજાનંદનો સિંધુછે. અપાર પાર ન આવેરે; મગર મછ હોય મરજીવા, આતમા અનુભવેં નિર દાવેરે. ૧ ચિદઘન સાક્ષિનાં કિરણમાં, આવૃણ વિક્ષેપ થઇને મલિયારેં; તત્વ ચોવિસનાં લોઢમાં, જીવ સિવ ભમરા વલિયારે. ૨ પરણામ પામિને આતમા, કરેછે આનંદને કેલરે; સમ વિષમ નેમ ખ્યાંતરે, વરતેછે વસ્તુનિ વેલરે. ૩ આપાનિ છોલમાં ટલકતિ, ઉરમિયો આવેને જાયરે; વાણિ વૈખરિના વેગમાં, તોરિંગ બુદબુદા થાયરે. ૪ દેવદૈત મુનિ માનવિ, એ સહૂ નભ દરિયાનિ લેહેરોરે; અકળ કળ્યો ન જાય કહ્નજી, આતમાં સાગર ગેહેરોરે. ૫ પદ ૭૨ આતમ સાગર પ્રગટિયો, ભાસે નઇ ચર્મને નયણેરે; વાયક જાળે નાખ્યો ગુચવિ, લોભાયા વૈખરિને વેણેરે. ૧ જનમ મરણનિ આસંકાયે, ઉરમિયે નાંખ્યોછે બાંધિરે; સાક્ષાતકાર સુઝે નહીં, આવિછે આવૃણનિ આંધિરે. ૨ આપાપણુ વિસરિ ગયું, આંતર્યો અહંમમને જોડેરે; ચાર પદારથ પામવા, ચડિયાછે અધ્યાસને ઘોડેરે. ૩ પરગટ આતમા પરહરિ, પરોક્ષ આતમાને ખોળેરે; પાધરિ વાત પ્રિછે નહીં, નિતર્યાં પાણિને ડોલેરે. ૪ સદગુરૂજિનિ દયા વિના, પામર સ્વયંપદને

હણેરે; વિધિ નિષેદ ન સંભવે, કર્મજિ કેવલપણેરે. ૫ પદ ૭૩ અનુભવિયા મળિ આવોને, આપણ વોરિયે વસ્તુરે; મરજિવે માંડીછે હાટડી, જ્યાં નહીં ઉદેને અસ્તરે. ૧ લોભ મુકી સિર સોંપિયે, બ્રહ્મરસ અમલ પીવારે; આતમાયે આતમા પામિયે, પરગટે જ્ઞાનના દીવારે ૨ અજ્ઞાન તિમર નહીં આવેરે, આતમ તત્વ તે દરસેરે; જીવની દસા જાય વિસરિ, સદચીદ આનંદ તે પરસેરે. ૩ મનુષા અવતારછે દુર્લભ, અહંમમ તરવાનો આરોરે; જીવન મુકતાને સેવિરે, એ અવસર આવ્યોછે સારોરે. ૪ પોતે પોતાપણું પ્રિછતે, આપાનો અહંભાવ જાયરે; કેવા માત્રછે કર્મજી, અણછતા ઉભલા ગાયરે. ૫ પદ ૭૪ વેનેં ઉભો ર્ક્યો ધાતાયેં, ધાતાનેં ધે જુગલ કરે મચકારે; પ્રારબ્ધ કરમને વૃતમાંને, બાંધ્યાછે સંચીત ક્રીમાણ બચકારે. ૧ અભિમાન આપાની અંધેરિયે, જીવ સીવ બ્રહ્મનાં ર્ક્યા કટકારે; લીંગવિપુ એમ લેખવી દાખવે, સતરંજ તમનાં લટકારે. ૨ પ્રમાણ પ્રમેતિને પેંગડે, બરવિછે સંસે વીપ્ર જેની આંટીરે; ધાતાને ધે વરઘોડે ચડ્યા, ફરવાને સમવિસમની ધાંટીરે. ૩ ભુત ભવિષ્યને ડાખલે, વૃતમાને આપાને વગોવેરે; આદ્ય અંત મધ્યમાપીયું, અમાપ દિર્ઘને લઘુયેરે. ૪ અચરજ પેહજ કોયડો, આતમ દરસી તે જાણેરે; કર્મજીપણું લેઈ અનુભવે, જગદાકારને માણેરે. ૫ પદ ૭૫ કાગળ સદગુરૂ લખે, જેના વિરલાછે વાંચણહારે; કાગળ સદગુરૂ લખે ટેક. જ્ઞાન વેરાગનો દેહ ધર્યો, માંહિ જોગપણાનો જીવ; ભક્તિ આભુસણ પેરિયારે, એવાં કોઈક સેવક શિવ; કાગળ. ૧ સીલરૂપી ખડિયો ર્ક્યો, માંઈ પ્રેમ તણી રૂસનાઈ; કલમ બુદ્ધિ સંતનીરે, ત્યાંતો અદ્વૈત આંક ભરાય; કાગલ. ૨ સુરેત નુરેતની દોરી લિટી, વિવેક તણી માંહી ઓલ; વિચારી અક્ષર ત્યાં લખ્યારે, તેમાં ઉતારી પાટણ પોળ; કાગળ. ૩ સમઝણ કાનો માતરારે, માયા ઉપર સુંન્ય; તેમાં પરીપુરણ બ્રહ્મછેરે, ત્યાંહાં નહિ પાપને પુન; કાગલ. ૪ કોટિ કોટિ પંડિત પચી મુવારે, પડી પડી વેદ પુરાણ; તોએ અક્ષર એકે ન ઉકલ્યોરે, ત્યાંતો થાક્યાછે જાંણ સુજાણ; કાગલ. ૫ અંધે તે અક્ષર વાંચીયારે. બેરે સુણિ વાત; મુગે ચરચા બહુ કરીરે, તેની વેદ પુરેછે

સાખ; કાગળ. ૬ જોગપાણું જુગતે લહ્યુંરે, મન મલિ મંગળ ગાય; વિચારી અક્ષર સૌ લખ્યેરે, તોયે કાગલ કોરો કેવાય; કાગલ. ૭ અમરાપુરિ નિજધાટમાંરે, ત્યાંહાછે તેહનો વાસ; કરજોડીને અખો કહેરે, એવા નિરમળ હરિદાસ. ૮ પદ ૭૬ જિરે આજ આનંદ મારે અતિ ઘણો, મળ્યો સંત સગાનો સાથ; આનંદ મારે અતિ ઘણો. ૧ મુને દિન જાણિને દયા કરી, મારે મુસ્તક મુક્યોછે હાથ; આનંદ મારે૦ ૨ આપ્યું નિરગુણ નામ નારાયણનું, જેનો વેદમાં પ્રસીધ વિખ્યાત; આનંદ૦ ૩ હુતો ભુલિ પડ્યાતિરે ભાતમાં, મુને ઓળખાવી જિવનિ જાત; આનંદ૦ ૪ સાચા સદગુરૂજિનેરે સેવતાં, હરિ હિરો તે આપ્યોછે હાથ; આનંદ૦ ૫ મુખ સાંમનું સૈયર જોઈને, ભાગિ ગઇ તે સઘલિ ભ્રાંત; આનંદ૦ ૬ હુંતો રસ બસ થૈ રસ રૂપમાં, મારા પ્રાણજિવનની સાથ; આનંદ૦ ૭ સ્વામિના તે રૂપમાં સમૈ ગઇ, જળ લેહેરી તે વાત ખ્યાત; આનંદ૦ ૮ બ્રહ્માનંદ સાગરમાં ઝિલતા, નવ જાણ્યું તે દિનને રાત; આનંદ૦ ૯ એવું અખંડ એવાતણ લે અખા, રંગ લાગ્યોછે હરિયાકાર; આનંદ૦ ૧૦ પદ ૭૭ જિરે આજ આનંદ મુને અતિ ઘણો, સદગુરૂજિયે કિધિ સાર; આતમ ઓળખાવિયો. ૧ પરવરતિ મુકાવિરે પરહરી, નિવરતિ ઠેરાવિ ઠાર; આતમ૦ ૨ સદગુરૂજિયે મંત્ર સાધિયો, મારા કરણ દ્વાર મોઝારે; આતમ૦ ૩ ગુરૂ જ્ઞાન દિપક કર્યો ગોખમાં, મારા રૂદિયા કમળરે માંઇ; આતમ૦ ૪ ઉગ્યો અનુભવ અરકરે આતમા, દીઠો જળહળ રૂપ અપાર; આતમ૦ ૫ કામ ક્રોધ કલપના સઘળી ટળી, છુટ્યા વિષે તણા વિકાર; આતમ૦ ૬ મોહ મૃગજળ માયાને મમતા, છુટ્યા સ્વપના અંતરાચાર. આતમ૦ ૭ દલદરસિ દયાને દિનતા, જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ. આતમ૦ ૮ સતસિલ સંતોષને સિલતા, દ્રઢ દયાધિર જવખાર. આતમ૦ ૯ રાખ્ય આશરો અક્ષરનો અખા, જેછે બાવનથી વળી બાર્ય. આતમ૦ ૧૦ પદ ૭૮ તુતો રામ રટણ કરે રંગમાં, હવે રાખ્ય હરિસાથે હેત; અવસર આવો નૈ મલે. ૧ ખોટા ખેલમાં શુંરે ખુચી રહ્યો, ઉઠ આલસ મેલ અચેત. અવસર. ૨ પ્રાણિ પરપંચમાં શું પચી રહ્યો, માની સ્વપ્નતણું સુખસાર. અ. ૩

ક્રાગ ખાશે જે કેહેસે કહ્યું નહિ, નથી માનતો ગાફલ ગમાર. અવસર. ૪ વિશે ભુતે તે ભવમાં ભમાવીયો, ક્ષણુ બેઠો નહિ ઠરિ ઠામ્ય. અવસર. ૫ અંતે રંગ પતંગ જાસે ઉતરિ, કાચી કાયા નહિ આવે કસે કામ્ય. અવસર. ૬ તુતો સમરણ કરચ શુધ્ય ભાવસું, ટાળી તનમન કેરા વિકાર. અવસર. ૭ ભજો પ્રિતમ બ્રહ્મ સ્વરૂપને, જેની મહિમા છે અગમ અપાર. અવસર. ૮ પદ ૭૯ સદગુરૂજીના શબ્દ વિચારતાં, ટળે માયા મોહ વિકાર. હરિરસ પિજીયે. ૧ બાલિ બસ્મ કરે બીજી વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર. હરિ. ૨ ચડિ બ્રહ્મ ખુમારીને ઉતરે, સુખ મુખે કહ્યો નવ જાય. હરિ. ૩ એવો અજર અમર રસ જે પીયે, તેના નેણ વેણ પલટાય. હરિ. ૪ જેને સંભવ ના રહે શરીરનો, થયો આતમ દ્રષ્ટ ઉઘાડ. હરિ. ૫ બ્રહ્માનંદ ગગનવત થૈ રહ્યા, ગાળ્યાં ગ્નાન હીમાળે હાડ. હરિ. ૬ મરજીવા થઇને હરિને મળે, જેમ કુંભ માહાજળ માંહે. હરિ. ૭ બ્રહ્મ પોતામાં પોતે તે બ્રહ્મમાં, બ્રહ્મ વિના ના દિસે કાંઇ. હરિ. ૮ જેમ સિંધુમાં સલિતા ભલે, તેનું નામ નદિ ટળિ જાય. હરિ. ૯ કહે પ્રિતમ સદગુરૂ સેવતાં, અંતરે ટળિને એકતા થાય. હરિ ૧૦ પદ ૮૦ તુતો રામ રટણ કર રંગમાં, તારા અંગમાં ઉપજે આનંદ; ગોવિંદ ભજો ભાવસુ. ૧ પરમારથ અરથ વિચારતાં, તજ સ્વારથ માયાનો ફંદ; ગોવિંદ. ૨ કાયા માયા તે તારિ કારમિ, તેને વણસતાં ન લાગે વાર; ગોવિંદ. ૩ મૃગ તૃષ્ના તે જળરે જાસક ભરમાં, એવો જાણે આ સકલ સંસાર; ગોવિંદ. ૪ ગુંજા વહનિ તે મરકટે માનિયું, તેણે ટાઢન ટળે લગાર; ગોવિંદ ૫ હુસ ઉધક બિંદિ ગરાસનિ, તેને ઉડચા તણો અધિકાર;ગોવિંદ.૬ સુપનામાં સમરધિને પામિયો, જાગિ જોતાં ન દિસે જરાય; ગોવિંદ. ૭ ધુમરના તે ઢગરે સોયામણા, ભુજ મુષ્ટિ તે નવ્યરે ભરાય; ગોવિંદ. ૮ સાચિ સંગત સદગુરૂ સંતનિ, તેણે જિવપણું ટળિ જાય; ગોવિંદ. ૯ કહે પ્રિતમ પ્રભુને સંભારતાં, માહા પાપી પાવન થાય; ગોવિંદ. ૧૦ પદ ૮૧ સંત પારસ ચંદન બાવના, કામધેન કલપતરૂ સાર; સમાગમ સંતનો. ૧ એમ સમજ્યામાંરે અંતર ઘણો, તરૂ પારસ ત્રણ પ્રકાર; સમા. ૨ એક પારસથિરે પારસ બને

એક પારસથિ હોય હેમ; સમ. ૩ એક પારસલોરે કુંચન કરે, સોવરસે એમનું એમ; સમા. ૪ એક ચંદનથિ વિખ ઉતરે, એક ચંદને અગિન ઓલાય; સમા. ૫ એક તલભરે તેલમાં જો પડે, ફરિ તાતું ક્યેમે નવ્ય થાય; સમા. ૬ સરવે સન્યા સુરિ નવ્ય જાણવિ, સરવે નારિ સતિ નવ્ય હોય; સમા. ૭ સહુ ગજસિર મોતિ ન નિપજે, તેનિ જુગતિ વિચારિને જોય; સમા. ૮ ગ્નાન હિણા ગુરૂ નવ્ય કિજિયે, વંઝા ગાય સેવે સુ થાય; સમા. ૯ કહે પ્રિતમ બ્રહ્મવેતા ભેટતાં, ભવરોગ સમુલો ટળિ જાય; સમા. ૧૦ પદ ૮૨ સંત લક્ષણ ત્રિસ સોહામણા, ચિત વરતિ થૈ જેનિ સાંત; એવા જન હરિ તણા. ૧ બ્રહ્માનંદ બ્રહ્મરસ ભોગિયા, જિવ ઇશ્વરનિ ભાગિ ભ્રાંત, એવાજન. ૨ દયાદાન દાસાતણુ અતિઘણું. ગ્નાન ભક્તિ વિવેક વેરાગ; એવા, ૩ ક્ષમાવંત તપે નહિં તાપમાં, આસા રહિત અમલ અનુરાગ; એવા. ૪ અક્રોધિ ઇંદ્રીજિત અનુભવિ, કવિ કોમલ સિતલ સાંત; એવા. ૫ અપાર હિત અમરિત વાણિ, વદે સહજાનંદ આનંદ કંદ; એવા. ૬ શુધ સરધાને સ્વારથ નવ્ય મળે, પરમારથ ઉપર પ્રિત; એવા. ૭ સસિ સુર્જવંત સાક્ષિ રહે, ઉદાર અરણુવનિ રિત; એવા. ૮ હરખ સોક વિષેરે ડોલે નહિ, અરધ નિમખ ન મુકે નામ; એવા. ૯ સુરતરૂ ધેન ચિંતામણિ મળતાં, પોહોચે મનના કાંમ; એવા. ૧૦ પરિપુરણ લક્ષણ સંતના, બતરિશમાં ઓછા બે કહિયે; એવા. ૧૧ કહે પ્રિતમ એવા પુરષને, સહુ સોપિને ચરણે રહિયે; એવા. ૧૨ પદ ૮૩ મન તુ અલગું કાં અકુલાય, બિજો નથિ બોલતો, તુતો જાગિને જો તારા રૂપને, ખોલિ જોતામાં તુરે ખોવાય; બિજો. ૧ તારે ઓથે હરિને નથિ દેખતો, કુંડલ ઓથે જેમ કનક ઢંકાય; બિજો. ૨ તુતો દરિયાનિ લેરય સમાન્યછે, લેહરિ સમતે જેમ સમુદ્ર દેખાય; બિજો. ૩ તારે ઠેકાણે હરિને ઠેરાવને, એમ સમજતો મહા સુખ થાય; બિજો. ૪ કહે પ્રિતમ એવા પુરષને, હુતો લળિ લળિ લાગુ પાય; બિજો. ૫ પદ ૮૪ દેસિફેર. દેહ મનુષ ધરિ હરિ ન જાણ્યા તેને સરવે ખોયું, મારા વાલાજી માહા મણિ મુકીને પથરે ચિત પ્રોયું. ૧ જેણે જાળવિયો જઠરા માંહિ, તેને સંભાર્યો સ્વપને નહીં; લંપટ ને લાજ

લગાર નહીં. દેહ. ૨ તેં હાથે કાંમ કુડાં કિધાં, તેં અમૃત મેલિને વિખ પિધાં: તેં મિથ્યા માતને દુખ દીધાં. દેહ. ૩ તેં જગત પતિને નવ જોયા, તજિ કલ્પવૃક્ષ બાવળ બોયો; તેં ઉતમ જનમ એળે ખોયો. દેહ.૪ તેંનિ દેહ અસુધ વાણિરે,તેં પ્રિત પ્રભુસું નવ આણિ, તે અધમ જાત પામર પ્રાણિ. દેહ. ૫ તેને કૃતઘ્નિ સરખો કહિયે, તેની સંગતે તે સરખા થૈયે; કહે પ્રિતમ તેથિ અળગા રહિયે, દેહ મનુસ ધરિ હરિ ન જાણ્યા. દેહ ૬ પદ ૮૫ હરિ ભજન વિના દૂખ દરિયા સંસારનો પાર ન આવે; જડ બુદ્ધિ જીવ સત વિના સુધો મારગ કોન બતાવે. ૧ તેં અનેક વાર અવતાર ધરેચા,બહુ કર્મતણા કોઠાર ભરેચા; અઘ ઓઘ તણા અંબાર કરેચા. હરિ ૨ તું ઝાડ પાડ જડરૂપ થયો,તેં સિત ઉશ્ન સિર તાપ સહ્યો; તારો કષ્ટ કોણે નવ જાય કહ્યો. હરિ. ૩ ફ-રેચો ચાર ખાંણ લક્ષચોરાશિ, થયો જળચર સ્થલચર ગર્ભવાસિ; માયાબંધન થકિ ન સક્યો નાશિ. હરિ. ૪ પાંમ્યો મનુષાદેહિમાં નહિ મણા, ધન્ય ધાંમ પુત્ર પરિવાર ઘણા; હવે ગાઇલે ગુણ ગોવિંદ તણા. હરિ. ૫ કહેપ્રિતમ ચેતિલે પ્રાણિ, એવું જનમ મરણનું દુખ-જાણિ; સું સુતો છે આળસ આણિ. હરિ. ૬ પદ ૮૬ મન વાણિડા લટકે લાભ કમાજે અવશર જાણિ; સુ સોઇ રહ્યો, અચેત અંગે અતિસે આળસ આણિ; તન ત્રાજવાં દલ કર ડાંડિ, બેશ ચિત્ત ચોટે પેડિ માંડિ; રજ ધ્યાન દ્રષ્ટિ કરતો ખાંડિ. મન. ૨ તજ કુડાં કાટલાં અશુભ કર્મ, રાખ્ય સત્ય વચન વિશવાસ ધર્મ; તેણે રાજી રેહેશે પુરણ બ્રહ્મ. મન.૩ તું વોરેચ વસાણું સહુ સારૂં, તેણે વણસે નૈકારજ તારૂં; હેયે હેમત્ય રાખ્ય હવે નૈ હારૂં. મન. ૪ લે લેખણ લક્ષ્મીવર હાથે, સુધારે સાંમળિયા સાથે; તારે દાસ નહીં આવે માથે. મન. ૫ કરેચ નામું લેખુ સહૂ ચોખ્ખું, તારી કાયાનું કાચું ખોખું; તું ઓછું અડકું શિદ જોખું.મન.૬ ખોટિ વાણીઅણ તારા ઘરમાં,કરે કુડાં કબાડાં બહુ કરમાં; લેઈ સોમલ ભેળે સાકરમાં. મન. ૭ કરેચ પરમારથ કે પાપ બળે, તારૂં લક્ષ ચોરાસીનું લગડું ટળે; કહે પ્રિતમ તારૂ સાચ ફળે. મન. ૮ પદ ૮૭ હરિ ભજન થકિ છોટા હોયતે સહુથિ મોટા થાય, તન તાપ ટળે જનમ મરણનાં સંકટ સરવે જાય. ૧ જુવો દાસી

સુતથી શું હિણપણુ, જેનું પુન પવિત્ર ચરિત્ર ઘણું; થયા નારદ મન ગોવિંદ તણું. હરિ. ૨ જુવો સુખદેવજીનું મુળ શોધી, હતા પશુઘાતી સુડીયો લોભી, થયા આપે ઈશ્વર અક્રોધિ. હરિ. ૩ જુવો વાલમિક જીની વાત ખરિ, જેણે દરભ શાળામાં દેહ ધરિ; તેણે સપ્તકોટિ રામાયણ કરિ. હરિ. ૪ જુવો માંડવની મેડકી માતા, જુવો વસિષ્ટ વેશા વીખ્યાતા; જુવો ચતુરાનન પંકજ જાતા. હરિ. ૫ જુવો અગસ્ત કુંભથિ પ્રગટ થયા, અંજલિમાં સાગર સોશિ ગયા; તેતો વિશ્વમાં વિખ્યાત થયા. હરિ. ૬ જુવો એકલસિંગી હરણિના, જુવો વ્યાસ મુની વણુપરણિના; જુવો સુતપુરાણિ કુળ કરણીના. હરિ. ૭ જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું થૈને પળે; જેમ પારશ પરશે લોહ ટળે. હરી. ૮ એમ જાત્ય ભાત્ય સહુની જાણિ, હરી ભજે તે હરી સરખા પ્રાણિ; કહે પ્રિતમ ઓળખો ઇધાણિ. હરી૦૯ પદ ૮૮

મન માને નૈ સો ફેરા સમઝાવું તોય સુ થાય, ખળ કઠણ કઠોર ચંચળ ચોર ચપલ ચિત ચોદસ ધાય. ૧ મન ભુતતણી પેરે ભમતું, ચાલે માયાનિ સંગે રમતું, તેને હરિપર જાવું નથી ગમતું. મન. ૨ મન નિર્લજને લજ્યા ન મલે, પિલુ ભાળે પોતાને કમળે; લે નાંખે માયાને વમલે. મન. ૩ જ્યમ કુકર માથે માર પડે, તોય આવી ઉભુ દ્વાર અડે; ફુળ દેખાને મરકટ ઝાડ ચડે. મન. ૪ જુવતી પરધનનું દુખ જાણે, તો મિથ્યા સુખને સિદ માણે; ગયો અવસર ઉરમા નવ્ય આણે. મન. ૫. કહે પ્રિતમ પરપંચ પરહરતાં, સુધ ભાવે હરિનું સમરણ કરતાં; કાંઈ વાર નહિ ભવજલ તરતાં. મન. ૬ પદ ૮૯ તન રેંટિડો સદગુરૂ શબ્દે સુતર કરવા લાગ્યો, થઈ મેરચ ઘણી ગુરૂ દયાલે દલનો ઘોખ્ખો ભાગ્યો. ૧ શુભ કરમ કાષ્ટ રેંટો કીધો, તેતો સુઘડ સુતારે ઘડિ દીધો; બુધ માનુનિયે માગી લીધો. તન. ૨ પચ્ચરંગિ પાંખડિયું આરા, થાંભલિયું તોરણીયા સારા; ચિત ચપળ ચમરખે રંગ ન્યારા. તન. ૩ અંતસ્કર્ણ ઉઢાણિ પ્રોયે, એને અંનઉદ્ધક ઉંજણુ જોયે; દશ દામણિયો સુંદર શોઇયે. તન. ૪ તે મધ્યે ચેતન માળ ફરે, પરાપારેચ પુણિ પ્રાણ ધરે; તરવેણી ત્રાકે તાર ભરે. તન. ૫ મન માંકડી ચોકસ કરીયે, ઘર મુકી પરઘેર નવ્ય ફરીયે; એક ધ્યાન

ધણી કેરૂં ધરંયે. તન.૬ ગુણવંતિ નાર કમાય ઘણું. જેને બળ હોય હરીગુર સંતતણું; તેને સેજે આવે સિલપણું. તન.૭ કહે પ્રિતમ પ્રગટે પુરણ દશા, રસિયોજી આવિ રૂદિયામાં વશ્યા; તેના જનમ મર્ણ દૂઃખ દુર અશ્યા.તન. ૭ પદ ૯૦ મન જ્ઞાન લવાર ધ્યાન ધમણ્ય ધમે, નીશદીન ધુન્ય આરાધને. છસે એકવિસ હજાર જપે, અજંપા-જાપ ઓહંસોહં સાધને. આનંદ એરણ્ય પરથ ધાટ ધડે, ત્યાં જ્ઞાન ઘણના ધાવ પડે; સુરતા શાંણસિ વડે એ વસ્તુ જડે. મન. ૧ અનુભવ અંતર પડે અજુઆળાં, સત્ય એકલ વેધે થયાં રૂપાળાં;શબ્દ કુંચિવડે ઉઘડે તાળાં. મન. ૨ અસત્ય અધર્મના ઇંધણા બળે, કુડ-કપટ લોભના કાંટ ટળે; તત્વ ત્રવેણિ ઉપરય તાપ મળે.મન. ૩ ક્ષમા દયા ઝલઝલકે બગતર, સિલ સંતોષ ટોપ પાખર ટાટર; પામ્યા અખંડ પદ ધિરા અજર અમર. મન. ૪ પદ ૯૧ અજ્ઞાંનિ જીવ સંગ કરે,સાચો પણ રંગ ચડે નહિ; એમ દમે શરિર, હરી મળવાની મારગ તોય જડે નહી. ૧ એક પથર પાણા નવ્ય પરસે, તેને ટાંકે તો અગનિ વરસે; એવા સાકુટને હરિ કમ દરસે. અગ૦ ૨ સાકુટને સંગત કેમ ગમસે, ઊંધે ધડેતે ઉદક કેમ ભરસે;એમ પાત્ર વિના રસ કેમ ઠરસે. અગ૦ ૩ જેમ પુષ્પ પાંદડાં આસપાસ, તેમાં કોઇ કોઇને નવ્ય લાગે બાસ; એમ ભગત્ત જગત્ત તે બારે માસ. અગ૦૪ એક મડક પંકજ પાસ રહે, તે કમલ તણિ વાસ કાંહિ નવ લહે; વાસ કમલતણી તે ભમર લહે. અગ૦ ૫ તરૂ ચંદનથિ ચંદન જેવા, બિજા વાસ એરડા રહ્યા તેવા, તેને નહિ કાંહીં લેવાદેવા. અગ૦૬ તું વેદ પુરાણ ઘણું સાંભળે, તારા મનની દુબધ્યા કાંહિ ન ટળે; સાચા રંગવિના હરિ નહી મળે. અગ૦૭ જમ થાક્યા ફેરા ફરિફરિ, થયા કાયર મેનત કરિકરિ; તું ન થાક્યો દેહ ધરિધરિ. અગ૦ ૮ કહે પ્રિતમ સમજે સુખ થાશે, તારૂં જનમ મરણનું દુખ જાશે, આગળનિ પ્રિતે ઓળખાશે. અગ૦ ૯ પદ ૯૨ તજ દેહાભિમાન,મિથ્યા સુખ સારૂ સું ફોકટ ફુલે;સત વચન વિચાર, વાર વાર સંસાર વિષે સું ભુલે.૧ આ કાયાનો કાચો પાયો, તે દેખિને સું લોભાયો; રવિનંદન દિલમાં છે ડાયો; તજ દેહ. ૨ તારિ જમકિંકર હણસે છાતી, તારે ક્યાં જાસે તારી કુળ નાતિ; ૦.૪

ભોગવસો પશુની જાતી. તજ દેહ. ૩ દુખ અસિપત્રિ દીઠાં નથી, પંચમ સ્કંધમે કહ્યાં કથિ; જઇ ભોગવશો તમે રતિ રતિ. તજ દેહ. ૪ કહે પ્રિતમ કાંહિક સાધન કરજે, હરિગુરૂ નામ હૃદે ધરજે; નામ નાવ ચડિ ભવસિંધુ તરજે. તજ દેહ. ૫ પદ ૯૩ રચ્યે જડ દેહ, તેના તું દૈવતને શે નથી દેખતો; સચરાચર શામ, વિશ્વ વ્યાપિક તેને શું ઉવેખતો. ૧ પિંડ્ય પાણીથી પેદા થયોરે, એનો કરનારો ન્યારો રહ્યો; તે સચરાચર શોભી રહ્યો. રચ્યે. ૨ જેને રમવાનિ રચના કરિ, નરે નાર્ય નપુસક રૂપ ધરિ, એલ ખોટોને ખુબી ખરી. રચ્યે. ૩ જીવ જોતાંતો જડતો નથી, માહા વાયક વિરલા કહેછે કથિ; એવિ અકળ કળા એનિ ગતિ. રચ્યે. ૪ કહે પ્રિતમ આનંદ ઉપન્યો, જ્યારે નિશ્ચે થયો નિજ રૂપનો; ત્યારે ફેરો ટળ્યો ભવ કુપનો. રચ્યે. ૫ પદ ૯૪ તારી કાયામાં કુંણ બોલેછે, તેને તું સોધિ કાઢ્યને; શુદ્ધ ભાવ ધરિ ગુરૂગમ જ્ઞાન, રૂદા કમલમાં ધારયને. ૧ લઘુ દિરઘછે કે વાંમણો, બાલજોબન વર્દ્ધ બિયાંમણો; એ લાયકછે કે લજામણો. તારી. ૨ ઇને ભક્ષ ભોજન શો આહારછે, એને અવર કશો આ-ધારછે; એ પુરૂષ નપુસક નારયછે. તારી. ૩ એને સુખ દુખ પિડા થાયછે, કરી શબ્દને ક્યારે સમાયછે; એ પિંડ્ય પડે ક્યાં જાયછે. તારી. ૪ રહો આઠે પોહોરે ધ્યાનમાં, મન રાખો અનુભવ જ્ઞાનમાં; કહે પ્રીતમ સમઝો શાનમાં. તારી. ૫ પદ ૯૫ હો જીવડલા જન્મ ધરિને હરિનું રૂપ ન લહ્યું, શું બાહાર ભમે ભીતરચ્ય જોને તાહારૂં બ્રહ્મસ્વ-રૂપ. ટેક. તું ક્યાંથિ આવ્યો ને ક્યાંહાં જાવું, તુને માયા ચેટક ક્યાંથિ હુવું; નિજ નામ જપિને નિર્ભે થાવું. હોજી. ૧ તું શું કરવાને આવ્યોતો, તુંને કોણે અહિં બોલાવ્યોતો; શું લેઇજાવું ને શું લાવ્યોતો. હોજી. ૨ તને શે સુખે ભોજન ભાવેછે, તને નિંદ્રા તે ક્યેમ આવેછે; શિર નોબત કાળ બજાવેછે. હોજી. ૩ આ કાયા કાળનો ચારોછે, બહુ નામી બોલણહારોછે; સુખ દુખથિ નિર્ગુણ ન્યારોછે. હો. ૪ જે બોલે તેને સોધજે, ગુરૂજ્ઞાન બુદ્ધિએ બોધજે; હરિ હિરે હિરો વેંધજે. હો. ૫ તુરિયા તે તારૂં રૂપછે, ભજશે તે બ્રહ્મ સ્વરૂપછે; અવિનાશિ અકલ અરૂપછે. હો. ૬ કહે પ્રીતમ પુરણાનંદછે, ઘટ ઘટ રસીયો

ગોવિંદછે; ન સમજે તેનિ મતિ મંદછે. હોજી. ૭ પદ ૯૬ નરે ગાફલ ગુમારે ગંધિ દેહનો ગરબ કરચે શું થાય; નહિ વિલંબ લગાર, વાત કરંતાં કાયા વણશિ જાય. નર. ૧ તું અંસ હતો ઇશ્વર કેરો, જિવ થઇ રહ્યો અવિદ્યાનો ચેરો; તારે માથે રવિ સુતનો હેરો. નર. ૨ શું સુભિ સુતનિ પેરે ચાલે, તું ગરધવનિ પેરે માલે; તું હાથે ધુળ માથે ઘાલે, નર. ૩ એક સ્વાંત બુંદ સીપે ગાહ્યું, તેનું મહા મુગતાફળ થઇ રહ્યું; કદલીમાં પડ્યું તે કપુર થયું. નર. ૪ અહિ મુખમાં પડ્યું તે ગરલ થયું, સાગરમાં પડ્યું તે લવણ થયું; પ્રથવીમાં પડ્યું તે પ્રલે થયું. નર. ૫ જેમ કનકમાં કથીર ભળે, એમ વિના વિચાર સાર નવ જડે; કહે પ્રિતમ રવિ ઉગે રજની ટળે. નર. ૬ પદ ૯૭ તારૂં સુપન શરિર નીર ઉસનું એણિપેરે ઉડિ જાસે; હેતે ભજ રઘુવીર, નામ તણે પરતાપે નીરભય થાશે. ૧ જેમ સલિતાપુરે નીર જાશે, તારૂં આયુશ ઓછું એમ થાશે; જેમ કમળને કુંજર ખાશે; તારૂં૦ ૨ જેમ પારો પાંણી થઇ ચાલે, તેને કહોને કેઇ પેરે ઝાલે; ખર્યું પાન નહી લાગે ડાલે; તારૂં૦ ૩ જેમ કડળી ફળી તે નવ્ય ફળે, ત્યમ ગઇ મનષા દેહિ તે નવ્ય મળે; ઉડ્યું કપુર વાલ્યું નહિ વળે. તારૂં. ૪ જેમ વિજ ચમકે ગગન માંહી, તેમ દિપક જોત્ય સમે નાંહી; તારી અથીર દેહ તે થીર નાહી. તારૂં. ૫ દેહ મનુષ્ય જનમ મુગતી જાણો, એ સાર શબ્દ રૂદે આણો; કહે પ્રિતમ પરમ પદને માંણો. તારૂં. ૬ પદ ૯૮ આરે અવસરમાં જેણે સદગુરૂ શેવ્યા, વસ્તુતો દિધિ બતાયરે; સોહાગિ લાલ આરે અવસરમાં જેણે સદગુરૂ સેવ્યા. ટેક. સંત સમાગમ જેને વાલેરો લાગે, વાદ વિવાદ મટિ જાયરે. સોહા. ૧ ઓહંગ સોહંગ શબ્દ નાભિથી ઉઠે, સુન્ય શિખર ગઢ જાયેરે. આરે. ૨ પરાપશ્યંતિ મધ્યમાં વૈખરિ વાણી, મધ્યમ ઘાટ ઘડાયરે. સોહા. ૩ ચળ અચળમાં માહાલે અખંડ બિહારી, જ્યાંરે જોયે ત્યાં તેવા થાયરે. સોહા. ૪ ચંદા સુરજ દાનો એક ઘર લાવે, સુરત નુરતે ભળી જાયરે. સોહા. ૫ ઇંગલારે પિંગલા શુખુમણા ને સાધે, તરવેણિ સંગમ થાયરે. સોહા. ૬ આઠેરે પોહોર જેને લાગી ખુમારી, આવાગમન મટી જાયરે. સોહા. ૭ અનુભવ ઉગ્યોને થયુંરે અજવાળું, અજ્ઞાન તિમર ટળી જાયરે. સોહા. ૮ અનહદ વાજાં વાજે,

ગગન મંડલમાં ધાર શબ્દ ત્યાંતો થાયરે. સોહા. ૯ એકવિસ હજાર છસ દમને સાધે, રંણકાર શબ્દ ત્યાંતો થાયરે. સોહા. ૧૦ હરિરે દાસ નીજ નામ જપિ લ્યો, હરી ભજે હરીમાં સમાયરે. સોહા.૧૧ પદ ૯૯ સાચી સમજણરે, બુધિને ખોટીરે લાગે; સંત મનાવેતો માનો હો લોલણી, સાચી સમજણરે; બુધિને ખોટેરી લાગે. ૧ શિલ સંતોષ કોહોતો કલાં ઘઢાવું, કરૂણાની કાંબીયો પેરાવું હોલોલણી. સાચી. ૨ વિવેક વીચાર કોહોતો વિછવા ઘડાવું, હરખના ઘુઘરા બંધાવું હોલોલણી. સાચી. ૩ સાધન સંપન કોહોતો ચુડલો પેરાવું. ક્ષમાની પુંચીયો ઘડાવું હોલોલણી. સાચી. ૪ જ્ઞાન વૈરાગ બાજુબંધ સોવરાવું, શાંતિનું રત્ન જડાવું હોલોલણી. સાચી. ૫ પ્રેમનાં પુષ્પ ગળામાં નંખાવું,લક્ષનો દોરડો પ્રોવાવું હોલોલણી. સાચી. ૬ ટેકરૂપી કો'તો તુષિ ઘડાવું,દયાની દામણી બંધાવું હોલોલણી. સાચી. ૭ સત સંગતરૂપી કોહોતો ઘુલરે ઘડાવું, લગ્નનું લોળીયું પેરાવું હોલોલણી. સાચી.૮ ભક્તિ રૂપી કોતો વાળીયો ઘડાવું, મુક્તિની ચુનીયો મેલાવું હોલોલણી.સાચી.૯ સમાધી સમજણ કેતો સેંથો પુરાવું, જોગનો ચાંદલો ચોડાવું હોલોલણી. સાચી.૧૦ ધિરજ રૂપી કોહોતો વેણ્યો ગુંથાવું, ગુરૂ ગમનો ગોફણો લટકાવું. હોલોલણી. સાચી. ૧૧ ચોખી ચાલની તમને ચોળી શીવડાવું, ચૈતનની ચુંદડી પેરાવું. હોલોલણી. સાચી. ૧૨ સાચી કરણિનો કોહોતો કંચવો શિવડાવું, ભાવનું ભરત ભરાવું હો લોલણી. સાચી. ૧૩ દાસ ગોપાલ કહે એ સમજણ સાચી, દક્ષનો લક્ષ બતાવ્યો હોલોલણી. સાચી. ૧૪ પદ ૧૦૦ સુરતા લાંગીરે, જેની ભ્રમના ભાગિછે; જાણે કોઈ સંત સુજાણરે સોહાગી, જેની સુરતા લાગીછે. ૧ નટડિયે ખેલ રચ્યોરે ચોગાનમાં, વરત વિના બીજું નજરે ન આવે. જેનિ. ૨ પતંગને દિપક સાથે પ્રિત બંધાણી, તન મન અરપ્યુ જેણે તજાવિ દેહ. જેનિ. ૩ મિનને જળની સાથે સ્નેહ બંધાયો, પ્રાણ તજેરે તોય પ્યાસ ન છાંડે. જેનિ.૪ નાદના મોયા કાંઇ મ્રગ મરેછે, શબ્દના મારેયા કાંઇ સંત ગલેછે. જેનિ. ૫ ચાતુક સ્વાંતિનુ બુંદ પોકારે, અવર નીરસું કાંઇ ભાવ ન લાવે. જેનિ. ૬ મરજીવે સંતતો મન વશ કિધાં, જૈને સમુદ્ર મધે મોતિજ લિધાં. જેનિ. ૭ સુરાનાં લક્ષણતો એવાર કેયે, રણમાં ચડે

તેવારે પુંઠે ન રૈયે. જેનિ. ૮ સુરત નુરત કોઇ સંત પિછાણે, અનુભવિયારે તેતો માહા રસ માણે. જેનિ. ૯ ભક્તિના લક્ષણતો એવારે કૈયે, જીવનના સ્વામિ મારા વસીયાછો હૈયે. જેનિ. ૧૦ પદ ૧૦૧ ગુરૂરે કરચા પણ ગ્રજ નહિ, ગ્રજવિના જ્ઞાન ન આવેરે; જ્ઞાનવિનારે નર પાવે જેવા, એ નર નારીમાં નાવેરે. ૧ સદગુરૂના વચન રૂદે ધરો, કાં થાવો વાંઝિયું જેવારે; સૌની વાતુરે મરને સાંભલે, તોય નર એવાને એવારે. સદગુરૂનાં વચન હરદે ધરો.૨ સંતના વચન નથી માનતો, ગુરૂને ગાલ દે બે હારિરે; જણનારીનિ તેં શિદે કરી, નવમાસ ભારે મારીરે. સદ. ૩ ભક્તિ વિનારે નર ભુતછે, સામા મલિયા નહિ સારારે; ધ્રુવ જણ્યોરે એની જનુનીને, ડાલો મન્યખો જગાડ્યો. સદ. ૪ ભક્તિ જન્મ્યારે એમને ધન્યછે, ધન્ય ધન્ય હરિજન જાયાગે,વૈકુંઠ વાગ્યારે વધામણા, ચૌદ લોકમાં છાયારે. સદ. ૫ ભક્તિ જ્ઞાનને વૈરાગ્યછે, જો શુભ વિચાર આવેરે; કલ્યાણ કહેરે,આ નરનેતો આ ફેરો ફાવેરે. સદ. ૬ રાગ કિરતન. ૧ મુનસાદેહ તમે સફળ કરીલો કહુરે વેલા થાવો; વેણ રૂદેમાંજ વરલાને રહુરે વેલા થાવો. ૧ જમ કીંકરની અસવારી છે ઉભારે; વેલા. જાતી રહેશે જવાનાની ખુમીરે; વેલા.૨ જરા આવસે તેના ફરસે દવાઇરે; વેલા. વિતના વાતમાં જાસો ભાઇયો વવાઇરે; વેલા. ૩ રીધ લાધેજો ભલી ભજે તે ભવાઇરે; વેલા. હરીને ભજતાં દિન દિન કળા સવાઇરે; વેલા. ૪ રખે આલસ કરતા સમરણ સારૂરે; વેલા. વારે વારે ક્યાં લગી હું વારૂરે; વેલા. ૫ ભય ન ઉપજે તેનુ કરમ નઠારૂરે; વેલા. કાલુ મુઢ હે જતુવા તારૂરે; વેલા.૬ સમાણસને શબ્દ રૂદેમાં લાગેરે;વેલા. મચલુ હોયતે જગાડ્યુ નવ્ય જાગેરે; વેલા. ૭ ભરતખંડને જાંબુદ્વિપમાં આવારે; વેલા. કેછે દવારકો કોકને ગયું ફાવારે; વેલા. ૮ પદ ૧ હરીને ભજતાં વિલમ ન કરશો કાયરે, માનવિયો આ ચતુર વાતો ચીતમાં લેજો; જોયરે માનવિયો. ૧ દીવસ ઘટને મરણ માથે ગાજેરે; માન. જમરાજાને ઘેર વધૈયો વાજેરે; માન. ૨ ઉંચા અવાસ સાત માળના કાવેરે; માન. પંડે ચાલવું જ્યારે તેડુ આવેરે; માન.૩ હાથી ઘોડા સુખપાલો રથ વેલેરે,

માન. નવખંડ માંહિ અમલ આકરો ફેલોરે; માન. ૪ પાઘ પીતાંબર વસતર છે અનુપરે; માન. સુરજ થંભ્યા રહેછે હેવા રૂપરે; માન. ૫ રૂડી રાણીયો ચંદ્રવદની ઘરમાંરે, માન. સરખા સરખી દિસે જોબન ભરમાંરે; માન. ૬ સાક પાકતો તારેછે વિધ વિધનારે, માન. જે કાળે જોઇયે તેવાય સીધનારે; માન. ૭ અંતકાળે એ સૌ રેસે અળગારે, માન. વિપેને સવાદે સરવે વળગ્યારે; માન. ૮ કઠણ વેલે ત્રાસ પડે જેમ પેરેરે; કેછે દ્વારકો ચેતો આણે ફેરેરે; માનવિયે. ૯

પદ ૨ રાગ પ્રભાતી. જાગ્ય જન જાગ્ય જન મોહ નિદ્રા થકી, કરને વિચાર તું કયાંથીરે આવ્યો; નામ ને રૂપ વર્ણ જાતિ તારે નહી, આપ ભુલી અન્યભાવ લાવ્યો. જાગ્ય ૧ જાગ્રત આદ્ય લઈ અવસ્થા ત્યારેતુ નહિ, તેજ પ્રકાશિક રૂપ તારૂં; આપ અવિનાશી તુ જાણયરે આત્મા, મેલ્ય અજ્ઞાન તુ હુંને મારૂં. જાગ્ય. ૨ રાત્રના રૂપમાં સ્વપ્ન તુજને હવું, સ્વપ્નમાં બંધને મોક્ષ માણ્યું; રજ્જુ ભોરીંગ તે રાત્રનારૂમાં, અર્ક ઉગ્યો તારે રૂપ જાણ્યું. જાગ્ય ૩ જેમ મરકટ વૃક્ષે ચડયું તેની છાયા સિંધે ગ્રહી, આપ માની પડ્યો કાલ પામે; ત્યમ તુ તારા રૂપને ભુલ્યો હે આત્મા, બંધને મેક્ષ તુને કોણ આપે. જાગ્ય. ૪ તેજ તુ તેજ તું જેને જોતો ફરે, સમઝને સાન માહાસંત કેરી; સચ્ચિદાનંદ તે સ્વેપરમાત્મા, પ્રિછતો વાતમાં પુછ ફેરી. જાગ્ય. ૫ શેષ સનકાદિક વ્યાસ શુક નારદ, જેરે જાગ્યા તેણે એમ જાણ્યું; વેદ વેદાંતમાં સાખ્ય સૌકો વદે, તે પુરૂષો તમે ઉર આણ્યું. જાગ્ય. ૬

પદ ૩. કુણ કરમે કરી હરિ ગયો વિસરી, ધરિધરિ દેહ દુખ પામ્યો પ્રાણી; નિર્લજ તુજને લાજ આવે નહિ, શું બેઠો હૈડામાં હરખ આણિ. કુણ. ૧ ભુવન એ ભાગસિ હેડ સુતસુંદરી, દામ ડહક્કા સજો જાણી; માયાનો માર માથાપર બહુ પડે, ફેરવ્યો અહંકારે આરે ખાણે. કુણ. ૨ મરિમરિ અવતર્યો મુઢ થાક્યો નહી, થાક્યા જમદુત કરી એચાતાણિ; કુકર પુછને વૈદ કોટી મળે, સુધું ન થાય એ વેદવાણી. કુણ. ૩ વાંસને બાસ લાગે નહી ચંદનની, મુજ ભિંજે નહી ગંગ પાણી; પ્રીતમ પ્રતિત આવે નહિ, જો સમઝાવે શિવ

સારદ રાણી. કૃષ્ણ. પદ ૪. સે નથી સમજતો મુરખ માનવી જાય પલક તે પાછી નાવે, ઘડીઘડી છીનછીન ઘટતઘટત રહે; આયુ અંજલીનુ નિર કાવે સેન. ૧ કુંભ કાણો કરી મુરતક મુકીયે, વાર લાગે નહી થાય ઠાલો; એણીપેરે જીવનું જીવત જાણજો, ચતુર નરે ચિતમાં ચેતી ચાલો. સેન. ૨ શ્રવણ મેલાં થયાં નંદા બહુ સાંભળી, નેત્ર મેલા પરનારી નરખી; જીહ્વા ઝાંખી પડી જુઠું બહુ બોલીને, મન મેલું મહા મોહ હરખી. સેન. ૩ સર્વ અંગે કરી ભેટિયે શ્રીહરી, તેઅંગે દોષ બીજા કમાયો; પ્રિતમ પુરષ તેજ જીતી ગયા, સંસાર માં જેને શ્રીનાથ ગાયો. સેન.૪ પદ ૫. સ્મરણ છે સાચુરે હરીનું સ્મરણ છે સાચુ, સ્મરણ કરશે તે ભવજળ તરશે કામ નથી કાચુ. સ્મ.૧ જે મુખથી હરી નામ ન નીસરે, બાહ્ય તેનું ડાચુ;કર્મ જાળના કુઠારામાં તે પડશે પાછુ. સ્મ. ૨ બ્યાપક અખંડિત બ્રહ્મ, ચરાચરે જોઇને રાચું; પ્રીતમ પ્રભુજીની કથાતે દિન રજનિ વાંચુ, સ્મરણ છે સાચુંરે હરીનું.સ્મ૦૩ પદ ૬. પ્રભુને પરહરી જેકોઈ અન્ય વાણિ ને ગાવે, આંધળો વણેને વાહે વાછડું ચાવે. ૧ કાળસ્વરૂપી વાછડું કૈયે, .આવરદા ચાવે; દહાડે દહાડે મ્રત્યુ તારૂ, ટુકડું આવે. ૨ વેશ પેર્યા પણ દેશ ન આવ્યો, બદલાયું બેઠું; મંજારી કાઢતાં, ઘરમાં ઊંટીયું પેઠું. ૩ આવ્યોતો તું સાચે વદાડે, થયો જુઠારે બોલો; વિસંભર વિસારી ગાયો, માંરૂને ઢોલો. ૪ દવારૂપક તુ જીવન ગાયો, પ્રભુને મુકી આગે; હુંતો વાડ્ય છેલ્લો લિધી રેંચની બુકી. ૫ પ્રભુને વિમુખ જીવે કાંયે નવ જોયું, આવિતી ઘણી ભલસરા બિજ બાવળનું બોયું. ૬ મનષા સ્વરૂપી મથરૂ જીવે, એજે વગોયું કહે કર્મ પોત બગડુ તારે સુતર ખોયુ. ૭ પદ ૭ જાગીને જપીયેરે, હરીને જાગીને જપીયે; જાગ્યા વીના જે જે કરીયે, તે ઘેલામાં ખપીયે. જાગી. ૧ ઝાયર બેશિને હરી જસ ગાયે, શું કરવા છપીયે; દુરી જનીયાનાં વચન સાંભળી, તાપે નવ તપીયે. જાગી. ૨ તનમન ધન્ય અંતરજામિને, આપ તજી અરપીયે; પ્રાણ ગયા પણ પ્રસવિનુ, જલ ન પીબું બપઈયે. જાગી. ૩ અનીન પણે ઈશ્વર ને ભજતાં; સઉ દુખડાં ટળશે; પ્રીતમનો સ્વામી પ્રેમ સનેહિ, આવીને મળશે. જાગી.૪ પદ ૮ અનેક જન્મનો ઊંઘ્યો

પ્રાણિ, કેમ કર્રાને જાગે; કર્મ ઘેનનું ઘારણ પડીયું નિદ્રા નવ ત્યાગે. અનેક.૧ મલીન અંતઃકરણમાં અંધારૂં અજવાળું ન મળે, ઈંદુ અરકને પીળો દૃખે પોતાને કમલે.અનેક.૨ માયા મોહ મદીરા પીધિ, મદ ભરિયો આગે; સદગુરૂની શિખામણ્ય એને,કેઈ પેર્યે લાગે. અનેક. ૩ મરમ ન સમજે મુરખ્ય પ્રાણિ, માયા સુખ્ય માગે; પ્રિતમ પ્રભુનું ભજન કરેતો, ભવ ભટકણ ભાગે. અનેક. ૪ પદ ૯ આદ્ય ઓંકાર તે અનંતમાં એકછે, જુજવા શબ્દને સર્વ સાધે; મન બુધ્યે કરી, બોધ કરે બહુ ભાત્યના, તેણે વૈખરી વાણીનું જોર વાધે. આદ્ય. ૧ તેજ ઓંકાર ત્રીલોકમાં પરવર્યો, સુર અસુરને પશુ પ્રાણિ; આદ્ય નારાયણને અંતબ્રહ્મા લાગે, વીધિ નીષેધને વેદવાણી. આદ્ય. ૨ આકાર ઉંકાર મકારમાં મેલતાં, સુરૂ ઉકારતે ઈમજાણો; ભગત ભગવાન તે વેદ શ્રૃતિ વદે, તેહમાં ભેદ તે શુંરે આણે. આદ્ય ૩ પરાપ શાંતી મધ્યમાં વૈખરી, ચાર વાણ કરી સર્વ બોલે; આદ્યને અંતતે એકદ્વૈતછે, એમ શુધ જાણ્યા વીના ચિત ડોલે. આદ્ય. ૪ પંડ્ય બ્રહ્માંડમાં એક પરમાત્મા, શબ્દને પારતે શબ્દ પોતે; મુલદાસ કહે મર્મ મુલગો વિચારતાં, અન્ય બીજો નહી એમ જોતે. આદ્ય. ૫ પદ ૧૦ મન મેલ્યતું માન મનનું પરૂં,મનકર્મ વચને કેર્યે માળા; માન મુક્યાવિના મુક્તિ આવે નહી, બ્રહ્મ ભાસાવિના સર્વ ચાળા. મે. ૧ માન મુક્યાપછી સંત કિપા કરે, માન અજ્ઞાનતે હાણ્ય મોટી; નામને રૂપતે જાણ્ય નિશ્ચે નથી, એવું જ્ઞાન જાણ્યા વિના જાણ્ય ખોટી. મે. ૨ મન કળીતતે મત બહુ ભાત્યના, શબ્દના ડાઢમાં ડાપ ડોલે; આ આલોક પરલોકતે કાળ નિશે ગળે. ઈમ ભક્તિન પામિયે ભાતભોળે. મે. ૩ શબ્દ સાચા કરી ખબરના વિખરી, અન્ય જાણી બ્રહ્મ મોક્ષ આપે; રવિ રાહે ગળ્યો અર્ક જ્યમ આથમ્યો, મહંતનુ માન લેઈ મત થાપે. મે. ૪ બ્રહ્મના દેશમાં ભાવ બીજો નહી, એ દેશના અનુભવિ દ્વૈત ટાળે;મુલદાસ કહે માન મુકી મહંતને, જે મળો ગર્વના દર્પને સદ્ય ગાળે. મે.૫ પદ ૧૧ અવિદ્યાનું અંગતે તજ તરીયા તણું, જેના ગુણ પરપંચનો પાર નાવે; જેના સંગથી વિદ્યા સર્વ વિસરે,

શુદ્ધ વિચાર તે ચિંત નાવે. અ.૧ ગુરૂ ગોવિંદથિ એજ અળગા કરે, મનમથો માનૂનિ જ્ઞાન મારે; અગ્નિ બુઝે જ્યમ જળના જોગથી, ત્યમ વૃહનેવૈરાગને સદ્યવારે.અ.૨ સગુણની ચારણી,કલ્પના કારણી,મક્ષિકા માનુનિનું મન મેલું; ભક્ષકરે તારે ભેદ ભુલ આણે નહી,વિષ વિષ્ટા કરે પ્રેમ પેલું. અ.૩ તન પરીતાપ ત્રિલોકમાં તે રહે, રવિના તેજને રાહુ ગ્રાસે;કાળનું રૂપ તે કામની દામની,સુરવિરનું તાંહાં નેમનાસે.અ.૪ સરપણિ શાકણી વૃહવંતી વાઘણી, ઘટમાં કામના ઘન ગાજે; મધુરિશિ વાણિયે મુખ બોલે ખરી, પણ ભડ મેંગલનાં જુથ ભાજે. અ. ૫ નારિય તરૂવારિય તે નરને નવ ગણે, પર હાથ્ય ચડે તારે શિશ્ય ટાળે; અગ્નિ ન ઓલખે પોતાનું ને પારકું,, બહું બલ વાધે તારે સદ્ય બાળે. અ. ૬ નકટ નારિય તે લાજ લેમે કરે, ઘુંઘટામાં ચૌદ લોક ઘાલ્યું; અહો અબલા પણ બલ બહુ ભાત્યનું, નર તણું જોરતો નવ ચાલ્યું અ. ૭ એવિ અજિતને જિતવા સંત સંમૃથછે, જ્ઞાન ગંભિરમાં બ્રહ્મ કાવે; તેજ પ્રતાપ ત્રિલોકમાં કહે મુલદાસ, ત્રિયા તણો તાપતાં નિકટ નાવે. અ૦ ૮ પદ ૧૨. સંત સુરવિરતે જાણ્ય સંસારમાં, ઓલખિ આત્મા આપ ટાલે; હદ્યના પદની વાત વટી ગયા, અનભુત પારિયતે બ્રહ્મ ભાલે. સંત.૧ શબ્દના બાણથિ સંત ચમકે નહિ, ત્રિગુણ રૂપિ બહુ તિર છુટે; આપ મુવા વિના અંત આવે નહિ, નિમખ્ય નવ રહે કર્મ કાળ ખુટે. સદ્ય. ૨ મેરૂ ડગે પણ મન ડોલે નહિ, બુદ્ધિ મા બાપનો બોલ લીધો; વૃહને વૈરાગ્યમાં સુરતિ સુપિ રહે, મુલદાસ પારિય પુગ્યા પક્કો પ્રેમ પિધો. સંત. ૩ પદ ૧૩. કામ ક્રોધ લોભનો ડક લાગે નહિ, જનનો જોગતે રૂઠ કાવે; અવિચલ ભક્તિતે આદ્ય પુરૂષની, વિઘ્ન વિઘન ત્યાં નિકટના આવે. કામ. ૧ સિંઘના ચરણને શિઆલ ગ્રાસે નહિ, આશરો માહારાજનો એજ મોટો; પ્રત્યક્ષ પરમાણ પરમાત્મા પરહરિ, અન્ય ઉપાસવો તેજ ખોટો. કામ. ૨ કેશરિ બાલતે ક્રિડા કરે વનમાં વિચરે,એકલું એ વાટ ઘાટે; અન્ય મારૂત તેને મારી કાંઇ નવ્ય શકે, સર્વનું દેખતાં ચિત ફાટે. કામ. ૩ ભુતનો ભય તેતો બાલને ઉપજે, નર ધિરતે ભય કેનો નવ્ય

આણે; અકલ આરૂઢ એવું દાન માહારાજનું, મુળદાસ જુકતી કોઇ જન જાણે. કામ. ૪ પદ ૧૪. વૃહને વૈરાગ્ય જે જનને પ્રગટે, બ્રહ્મ સ્વરૂપમાં શુદ્ધ લાગિ; આ લોક પરલોકના ભોગ ભાવે નહિ, જક્ત જિવનમાં જેની બુદ્ધ જાગી; વૃહ. ૧ મિથ્યા પરપંચને સંત માને નહિ, સંસારનાં સુખતે સ્વપ્ન જાણે; જાગ્રત સ્વપ્ન સુસુપ્તિ સમ થયું, અર્ક જ્યમ રાતનો અંત આણે. વૃહ. ૨ વાંસના જોગથિ વન્હી જેમ પ્રગટે, દેખતાં વનતે સર્વ દાઝું; ત્યમ વૃહને વૈરાગ્ય જેના અંગમાં ઉપન્યો, ઓળખિ આત્મા આપ ખાધું. વૃહ. ૩ અજ્ઞાનનાં બિજતે બ્રહ્મ અગ્નિમાં બળ્યાં, વિશ્રામ પામ્યું મન સ્વાંતી ઊડિ, મુળદાસ કહે માત્રા એક નત્ર્ય ઉગરિ, અચાનક લાય થઇ ઘર ઉડિ. વૃહ. ૪ પદ ૧૫ અનુભવાનંદ તે સંત અદ્વૈતછે, માન્ય ઊધવ કહું વચન મારૂં; વિષ્નુ વચન સાખ્ય શ્રુતિ તણી, તત્વંત્વં તત્ બ્રહ્મરૂપ તારૂ. અનુ. ૧ અર્કનિ ઉપમા સંત શોભે સદા, તીવ્ર વૈરાગ્યથિ તિમ્ર ત્રાસે; મહા મહદ બુદ્ધિ બનિ મહા સંતની, સેવતાં તે ભય શોક નાસે. અનુ. ૨ કામ ક્રોધ લોભ મોહ લાગે નહિ. બ્રહ્મ ઉપાસના ભ્રમ ભેદે; શબ્દ ચક્રશુદ્રસન કરિ, પાંચ પચિશનાં શિષ્ય છેદે. અનુ, ૩ નેનમાં વેનમાં સંતમાં શ્રીહરી, દિન થાય તેહેનાં દરદ સોસે; સંતનો પ્રતાપ તે શું કહું તુજને, રત્ય આવિ તેને રામ પોખે; અનુભવાનંદતે સંત અદ્વૈતછે. ૪ અડસઠ તીર્થનું ફળ તે સંત સમાગમે, તિર્થના ફળનો તો પાર આવે; સંત પરસે તેનો પાર પામુ નહિ, મુળદાસ કહે મુલ તોલતે માપના આવે. અનુ. ૫ પદ ૧૬ જે પદ પામિયે સંતને સેવતાં, તે પદ ન હોય તપ તીર્થ કિધે; સંત કિૃપા વિના કર્મ છુટે નહિ, શુ થયું દેહ દમી જડ પુજા કિવે. જે. ૧ જનમનાં અઘ ઓઘ તે હરે સંત દ્રષ્ટનવિ, પાપ ન જાય બિજા કોટ ઉપાય કિધે; ત્રિવિધ તાપ એક જ્ઞાન નિશ્ચે હરે, બિજે શુદ્ધ ન થાય કર્મ ક્રિયા ભેખ લિધે. જે. ૨ જિવ જાગ્યા વિના જક્ત સાચુ વદે, સુભા સુભ બે કર્મ સાધે; વાસને ભોજને ભુખ ભાગે નહિ, ભુખ ભાગે પ્રત્યક્ષ પાક સિધે. જે. ૩ સંત સેવ્યા વિના જિવ જિવે ઘણું, મોક્ષ ન થાય અન્ય દેવ સાધે; સ્વપ્નનાં સુખતે જ્ઞાનથી તે ટળે, મુળદાસ કહે મહા

પદમાં મોક્ષ લાધે. જે. ૪ પદ ૧૭ તારી શુદ્ધ શુણિતની દેહ આ
નીપની, સ્નેહ નર એહનો સો કરેછે; માની માથે લેઇ મહા ભાગ
ભોગવે, લક્ષ ચોરાસીમાં કાંહાં ફરેછે. તારિ. ૧ એ મે માલ ભલો
ભરી સુખે કાં ભુલિયો, આ દેહ અભડાવ તેમાંયે પડ્યું; લાલ લિંટ
રૂધિર પરૂ હાડ નાડી માંસ, આલું ચામડું ઉપર જડું. તારી. ૨
નિત્ય નિપજતે મુત્ર વિષ્ટા તણી, પ્રત્યક્ષ પરમાણુનું પેખ પ્રાણી;
આહાર ઉત્તમ કરે સાર નવ્ય ઉપજે, એમ પિંડ પોખેછે સુ પ્રિત
આણિ. તારિ. ૩ પંચ પુત્ર પંચાણું અંગ લક્ષ્મી ધરે, ગદા પદમનો
વૈભવ પાયો; કરેયું વૈતરૂં વેઠ ઉઠિ સગલે, નિર તિશય નિજ લાભને
નવ ધાયો. તારિ. ૪ ફોકટ ફંદમાં મોહ મમતા કરિ, અયાનંદનિ
નિજ લાભ ખોયો; ધિક તારૂં જીવત દુરમતિ દુષ્ટ અભાગીયા, આ-
નંદ ઘન આત્મા નવ્ય જોયો. તારિ. ૫ બ્રહ્મવેત્તા ગુરૂતે રૂપછે બ્ર-
હ્મનું, સેવતાં ભય શોક સંતાપ વાંમે; કહે જુગ જિવન સેવ્યને શુદ્ધ
ભાવે કરિ, પરમ સુખધામ મહા પદ પામે. તારિ. ૬ પદ ૧૮ ઉઠ્ય
આળસ તજી ભજ પરિબ્રહ્મને, જન્મને મૃત્યુ મહા દુઃખ જાય; જડ
મતિ પરહરિ સેવ્યને સદગુરૂ હરિ, પાસે પ્રગટે પ્રભુ સુખ સેજે થાય.
ઉઠ્ય. ૧ વંત્યા સરિખો નર દેહ નહિ મળે, એક પદાર્થે અતિરે મોટો;
ચાર કાલનો ચડ્યો તુને ઠાંમ બેસારસે, એ વિના આનંદનો પડ્યો
રે ટોટો. ઉઠ્ય, ૨ બ્રહ્મ ભાસેતો ભલાથિ ભલેરો, નૈતો નરેકના ઢગલાજ
જેવો; વર્ણ કુલ ઉત્તમ આવે શું થયું જો, આ દેહે ન જાણ્યો આ-
ત્મા અસંગો છેજ તેવો. ઉઠ્ય. ૩ મુછ મરડિને માણસમાં મોટો
હવો, પ્રપંચ કરિને પૈસા કમાયો; નિજ મુરખતા તણું શલ્ય રૂદિયે
રહ્યું, ડાહ્યો ઘણો પણ માયાયે વાયો. ઉઠ્ય. ૪ આપનું પોત પ્રિછા
વિના પ્રયત્ન મોટાં કર્યાં, અંતે તારેતે શે કામ આવે; કહે જુગજિવન
સેવોને સદગુરૂ, જન્મના બંધન એજ છોડાવે. ઉઠ્ય. ૫ પદ ૧૯
પ્રજ્ઞાનમાનંદ બ્રહ્મ માહા વાયક, રૂગ્વેદ એમ બોલેછે; શુદ્ધ મુમુક્ષીને
સમઝાવીને તેના અંતર પટને ખોલેછે. પ્ર. ૧ જેણે કરિ જોવાય
સુગંધ લેવાય બોલાય સંભળાયછે; પ્રત્યક્ષ સઉનો સ્વાદ ઓલખે,તે

આત્મા કેવાયછે. પ્ર. ૨ તે તે કોણજે અહં બ્રહ્માસ્મિ, યજુર્વેદ એમ બોલેછે; સાધન સંપન અર્થ ઓળખે, તેને સમઝાને ચિતમાં રાખેછે. પ્ર. ૩ વલિ દ્રઢ કર્વા તત્વ મસિ એમ, સામવેદ સમઝાવેછે; તત્વંપદનો અર્થ એકતે, અસિપદમાં ઓલખાવેછે. પ્ર. ૪ અથર્વેદકે અયંમાત્મા, અપરોક્ષ કરિને આપેછે; અધીકારીને રાજે બેસારીને, તેને અમલ કરિ સ્થિર થાપે છે. પ્ર. ૫ એવાનીજ સ્વરૂપને ભુલ્યો જીવતે, સદગુરૂ પ્રતાપે પામેછે; સાક્ષી અનુભવાનંદ ઓળખે તેના, જન્મ મરણ ભય વામેછે. પ્ર. ૬ પદ ૨૦ તુતારૂં આપ સંભાળરે આત્મા, આપ સંભાળ તો રૂપ લાધે, ક્યાંથકિ ક્યાંલગે કેનેરે રહીષતું, એમ વિચાર તા માલ વાધે. તુંતારૂ. ૧ તુંછુંતે કુણ છે હુંછુંતે કે કથિ, બેથકી વેગળો હું નજાણું; પ્રત્યક્ષ પંડ્યમાં બ્રહ્મ વિલશિ રહ્યો, અન્ય ઉપાસના કારે આણે. તુંતારૂં. ૨ આદ્ય તે શું હતું અંત્યે તે શું હશે, મધ્ય થઈને એક માણે; ભૂતભવિશ વૃતમાન તું વિઠલા, જુકતે જુક્તેકરી લહને જાણે. તુંતારૂં. ૩ દેહ તારો નથિ દેહનો તુ નથિ, સદાય દેહથિ રેને અળગો; ભણે નરશૈયો કેવલ બ્રહ્મ જાણ્યા વિના, આણછતા દેહને કારે વળગો. તુંતારૂં. ૪ પદ ૨૧ અખિલ બ્રહ્માંડમાં એકતું શ્રિહરા, જુજવે રૂપે અનંત ભાસે; દેહમાં દેવતું તત્વમાં તેજછું, સુન્યમાં શબ્દ થૈ વેદ વાંચે. અ. ૧ પવન તું પાણી તું ભોમિ તું ભુદરાં, વૃક્ષફલ રૂપથૈ લશ્યો આકાશે; વિધિવિધિ કેરડા ભોગતુ ભોગવે, શિવનો જીવ થયો એજ આશે. અ. ૨ બિજમાં બટવસે બટમાં બિજછે, તેજ પટાંતરો જોને પાસે; ભણે નરસૈયા ભુરમન પ્રોછવે, કરચ હરિસું પ્રિત પ્રેમ પ્રગટ થાશે. અ. ૩ પદ ૨૨ જ્યાંલગિ આત્મા તત્વ ચિન્યો નહી, ત્યાંલગી સાધના સર્વ જુઠી; મનુષા જન્મ એળે ગયો એહનો, જાણજો માવઠે મેઘ ઉઠો. જ્યાં. ૧ શું થયું જપતપ તિર્થ કરવા થકી, શું થયું ઘરમાં રઈ દાન દિધે; શું થયું અંગ જટા ભસ્મ લેપન કર્યે, શુંથયું વાળ લોચન કધે. જ્યાં. ૨ શું થયું તિલક તુલસી છાપ લિધાથકી, શુંથયું ગ્રહી માળા નામ લિધે; શું થયું સંધ્યા સ્નાંન કરતા થકિ, શુંથયું ગંગા જળ પાન પીવે. જ્યા. ૩ શું થયું વેદ આકર્ણ વાણી વદે, શુંથયું રાગને રંગ માણે; શું થયું ખટ દરશન ભેખ ધરેવા થકી, શું થયું વરણાશ્રમના ધર્મ જાણે. જ્યાં. ૪ એજ પરપંચ

તો પેટ ભરેવા તણા, જ્યાંલગી પરિબ્રહ્મને નવ જોયા; ભણે નરસૈ-
યો અંતઃકર્ણ પ્રેમ પ્રગટ્યા વિના, રત્ન ચિંતામણી દેહ ખોયો. જ્યાં.
૫ પદ ૨૩ નામ પામ્યો પણ રામને નવ લહ્યો, વૈશ્નવકેરડું બ્રદ ઝાલે;
પુત્રવીના જેવું ઘર વચે પારણું, વરવિના સુંની જેમ જાન માલે.
નામ. ૧ પંડ્યમાં બ્રહ્મ તે પ્રગટ પેખે નહિ, ફોગટ ભમિ મરે દૂર
ભાળે, અગણીત અપારનું ગણિત લેખુ કરે, દ્વૈત ભાવે કરી માળા
ચાલે. નામ. ૨ હરીનારે જન થઈ હરીને જાણ્યા નહી, વાત પક-
વાને નહી ભૂખ ભાજે; આધીની જ્વાળા તે ભેખથી નઈ સમે, ડાહ્યો
ગગનમાં મેઘ ગાજે. નામ. ૩ તુ જન જાણીસ જે હું હરીજન થયો,
કિરતન ગાઈ થયો ભગ્ત ભવમાં; કરણિ તો કાગની હોચ વદે હંસ-
ની, એતો વાત હરી જાણે લવમાં. નામ. ૪ અનિત્ય આકાર
નીરાકારમાં મન ગળે, દ્વૈત સંસારની બ્રાંતિ ભાગે; દાસ નરસૈયો
તેહને ચરણે નમે, જેહને જ્ઞાન વિજ્ઞાનની જોત્ય જાગે. નામ. ૫
પદ ૨૪ જાગિને જોવું તો જક્ત દિસે નહી, ઊંઘમાં અટપટા ભોગ
દેખે; ચિદ વિલાસતે ચિદઘન રૂપછે, બ્રહ્મ લટકા કરે બ્રહ્મપેખે. જાગી.
૧ પંચમા ભુતતે પરીબ્રહ્મથી ઉપનાં, અરસ પરસ રહ્યાં એ વળગી;
ફળને ફુલતે વૃક્ષના જાણવાં, થડથકી ડાલ્ય નહોય અળગી. જાગિ.
૨ વેદતો એમ કહે સ્મૃતિ સાખ્યદે, કનકને કુંડલ ભિન્ન નોય; ઘાટ
ઘડ્યા પછી નામ આરોપિયું, અંત્યેતો હેમનું હેમ હોય. જાગિ. ૩ જડ
ચૈતન તે આપ ઈછાયે થયો, ચૌદ લોક રચાવિને ભેદ કીધા;
નરસૈયા સમરને મરમ જે માયલો, એ સમશામાં કંઈ સંત સિધ્યા.
જાગિ. ૪ પદ ૨૫ સમરચને શ્રીહરી મેલ્ય મમતા પરી, જોને વિચા-
રિને મુળ તારૂં; કોણછુ તુંજને કેને વળગિ રહ્યો, વગર સમઝો કહેછે
સર્વ મારૂં. ૧ જોને તું જુગત્યે કથી દેહ તારો નથી, રાખતાં નવ રહે
નેહ્ય જાય; કાયાનાં સંબંધિ તે સર્વ કુંડાં મળ્યા, પુત્ર કલત્રને પશુ
પલાય. સમ. ૨ ધન્યનું ધ્યાન તું અહરનિશ ચિતવે, તેજ અંત્રાય તુ
જાણ્ય તારે; પીયુ પાસે થકિ ગયો તુ વિસરિ, હાથ્ય આવી બાજી
શિદને હારે. સમ. ૩ ઘેન ઘેર્યો થકો ભ્રમ નીદ્રા ભર્યો, સંતના શબ્દ

સુંણી ગ્નાન જાગે; જાગ્યતો નરસૈયા લાભછે અતિ ઘણો, તારા જનમો જન્મની આધ્ય ભાગે. સમ. ૪ પદ ૨૬ શ્રી સુખે સુતો તું સમરિશ્રિ નાથને, હાથ હરી નામ વિના કુંણ સાસે; માતને તાત સુત ભ્રાતને ભામની, દોયલિ વેળાયે દુર્ય થાશે. શ્રી સુ. ૧ ઊધે મુરતક કરી તપ બહુ આચર્યા, સંચર્યા ભકિત ભગવાનની કરવા; અવતરી પાશ બંધાયો માયા તણે, જીવની જખપના જઠર ભરવા. શ્રી સુ. ૨ દિવશ દોહિશ ફરો રાત્ય નિદ્રા કરે, સ્વપ્નમાં સાંભરે મોહ માયા; કલપના કોટિ ભવ મટે નહી, જ્યાંલગી પ્રાણ સંજોગ ત્યાંલગી કાયા. શ્રી સુ. ૩ ધન્ય ધામે કરી મોહી રહ્યો લોભાયા, વિસર્યા વેદના ગર્ભ કેરી, ત્રિલોકી નાથને તારે સંભારશો, જારે જનુની જઠરામાં રાખે ઘેરી. શ્રી સુ. ૪ બાલ્યને જીવતુ વાલ્ય આવ્યો બહુ, કેટલાક તને પ્રતિબોધ કરાંયે; દુષ્ટ સંસારનાં બંધન ટાળવા, નરસૈયા સદગુરૂ ચરણ્ય રેયે. શ્રી સુ. ૫ પદ ૨૭ શરિર સોધ્યા વીના સાર નવ્ય પ્રગટે, પંડીતો પાર નઈ આવે પોથે; તાંદુલ છાંડીને તુછને વળગિયો, ભુખ નઈ ભાગે એ ઠાલ ઘોથે. શરી. ૧ રસનાના સ્વાદમાં રૂથલ રીજી રહ્યો, ગુરૂગમ વિના વાચક ગોથે; વિવિધ વાણી વદે રંગ ન લાગ્યો રૂદે, પરહરી પ્રેંડને બાંધ્યો પ્રોથે. શરી. ૨ શબ્દ સંચ્યા ઘણા સકલ વિદ્યા ભણયા, અધ્યાતમ ઓચરે તેજ પોતે; પરપંચ પંડમાં રહ્યા અહંકાર તે નવ ગયો, અનંત જુગ વહી ગયા એમ જોતે. શરી. ૩ ભણી શાસ્ત્ર કિધાં કડે તોય રજનીમાં આથડે, અંધને સંચરે શેલ્ય શોધે; ભણે નરસૈયો મુઝાણા જુજવે મતે, રવી રજની નોય પદ ચોથે. શરી. ૪ પદ ૨૮ રઝળતી રાંડનાં રડવડતાં છોકરા, તેને કુંણ શિક્ષા દેઈ ને ઠાર આણે; અંધ ગુરૂ તેણે બધિર ચેલા કર્યા, બ્રહ્મની વાતમાં તે શું જાણે. રઝલ. ૧ સ્વમના સુખને સાચક કરી લેખવે, વાદ કરેને વિશ વખાણે, આપણી ઉરમી મન થકી નવ લગે; જ્ઞાની થઈને પાસુજ તાણે. રઝલ. ૨ નીરગુણ નાથને ઓળખી નવ સકે, સગુણ બ્રહ્મ સુરત્યે ન આણે; જડની વંદના કરે ચેતનની નંદ્યા કરે, ભુલ્યા ભમતા. ફરે બિજ વાણે. રઝલ. ૩ અગમ ગુરૂ થકી

નીગમ નર નીપના, બ્રહ્મની વાતમાં તેજ જાણે; પાસેથી પ્રભુજીને અળગો નવ લેખવે, નરસૈયો તેનું પાસુંજ તાણે. રજ. ૪ પદ ૨૯ આનંદના ઓઘ તે આજ વરત્યા ખરા, કોટી કલ્યાણ તે આજ મારે; હરી હર અજ સનકાદિક નારદ, તેહને ધ્યેય તે પ્રાપ્ય મારે. આનંદ. ૧ નીગમને અગમ તે સુગમ થયું માયરે, જેહને હરનીશ રટે શેષ સરખા; એવાજે બ્રહ્મ તે શું એકતા ઉપની, અત્યંત વિલે થઇ ગયું તેજ મુર્ખા. આનંદ. ૨ મિથ્યા આલાપ વિસ્તાર વાધ્યું હતું શબ્દનું જાલ તે નાશ પામ્યું; બંધને મુક્ત તે ભમે નિંદ્રા લગે, જાગ્યે જંજાલતે સર્વ વાંમ્યું. આનંદ. ૩ નિંદ્રાવાનને સ્વપ્ન થયુ હતુ, તેણે જાગતે રૂપતે મિથ્યુ લિધું; વસ્તુ વિષે વિકાર એકે નહિ, તાં વાયુ વ્યોમ દ્રષ્ટાંત દીધું. આનંદ. ૪ પવનને જોગે જ્યમ અભ્ર જામે ઘણાં, વળિ વિલે થાતે થકે રૂપ મુકે; આતમ આકાશમાં ધ્રમ પિંડચછે હે અખા, મર્મનું ભર્મ તે ઇમ ચુકે. આનંદ. ૫ પદ ૩૦ વાંણુ વાયું નરે તારે તું જાણજે, ત્રિગુણ રૂપિ તારિ રાત જાય; આત્મા અર્ક ઉગે જ્યારે આપમાં, તારે સર્વ નિશાચર ઠામ થાય. વાણું. ૧ ઊંઘમાં ઉઠિ બેઠા થયા બહુ વિધ, ઉત્તમ મધ્યમ કર્મ શુંણું; ઊંઘે ઘેરયા ઘણું માન જાગ્યા તણું, અવું નર આચરે પાર વાણું. વાણું. ૨ જાગ્યા હોયતે જન્મ કેહનો ગણે, જડચૈતન વિચાર વિચ્યાર કરતે; આપ ઓળખ્યાવિના થાપ દેહનો કરે, તેજ રેણી કેરૂ રૂપ વરતે. વાણું, ૩ પ્રાતઃનું પારખ્યું ત્યારે તું જાણજે; દ્વૈત અજ્ઞાનની ઊંઘ ઉડે; સોહંબ્રહ્મ સોહંબ્રહ્મ રૂદયામાં પ્રગટે, મન ન લાગે કાંઇ રૂડે કુડે. વાણું. ૪ પિંડ બ્રહ્માંડ દિસે નહિ જે વિષે, દિવ્ય દરશિ તણિ પેરય મોઢિ; ઘેને ખાતા વરતે એક ધામમાં; અખા સમજ્ય એ મોટિ કસોટિ. વાણું. ૫ પદ ૩૧ આજ આનંદ મારા અંગમાં ઉપન્યો, શ્રીહરિનિ મુને બાળ લાધી; મુંગાની સાનમાં સામો સમજે નહિ, અદભ મુઠડિ રહી બાંધિ. આજ. ૧ કોઇ તિર્થ અડસઠ્ઠ કરે દેવ દેરાં ફરે, ખટમારગે મરે જોગ સાધિ; તેરે વાલો મુજ પાસયિ પ્રગટ્યા સદગુરૂ શબ્દની મોટ લાગિ. આજ. ૨ કોઈ કહે જીવછે કોઇ કહે

શિવછે, થાપ ઉથાપમાં કોય ન સિધ્યો; આપે તે આપનો અમિરસ ઘુંટવા શિવે તે જિવનો વેશ લિધો. આજ. ૩ હાથથિ નાખિને ફુરેચ લેવા ગયો, શુંરે જાણું વસ્તુ ન હોય આઘિ; આવિ અજ્ઞાનનિ આડ્ય ઉભા રહ્યો, તેરે માટે તુંતો જોને જાને. આજ. ૪ હું ટલ્યો તુ ઠરેચો કિરતાર કુરણા કરિ. સુખ દુઃખ વ્રક્ષનિ મુલિ દાધી; સ્વપ્ન સમય ગયું જ્યમ હતું ત્યમ થયું, અખો આલશિ સુતો સુખનિ ગાદિ. આજ. ૫ પદ ૩૨ પીઉષ પાન કીજે આવોરે માહાજનો, જેને પાનિ હું ભાવ જાય; ગગન ગમન તણિ ગતી આવે અતિ ઘણિ, આજ દેહે વરૂ રૂપ થાય.પી. ૧ વસ્તુ આધારતે હરિહર બ્રહ્મા રહ્યા, ચૌદ લોક આધાર એ વસ્તુ કેરે; વિદહિ તેજ વસ્તુ નામતે જુજવાં વેદાંત ગિતા જેનિ શાખ્ય પુરે.પી.૨ સરગ વૈકુંઠતે મનના કિંકર સદા મનતણિ સુરત્યતે ત્યાં ન ચાલે; અણલંગિ આકાશવત નિરમળ, તે બાહ્ય મધ્ય સલંગ સુખમાલે. પી. ૩ વિમલ બુદ્ધિ ગંભિર જે ઉપનિ, તેણે કૃત્ય કિરતારનો ભેદ ભાળ્યો; વરણ વ્યવહાર તે યથા વિધિ રહી ગયો, પીઉષ પાને અખા હુંજ ટાળ્યો. પી.૪ પદ ૩૩ ચેતિને જો ચિદાનંદ વિલશિ રહ્યા,ચરમની દ્રષ્ટે તે ચરમ દીસે; સલંગ્ર સુત્ર વિચારી જોજ્યો તમો, વસ્તુની વેલી એછે પચિસે. ચેતો. ૧ વેલિ વિશે ફલ ફુલતે વસ્તુનાં ફલ થકિ બહું ભાત્ય ચાલે, ચેશ વ્યવહાર રંગ રિતી ચલણ વલણ અખંડ મંડલ ચ્યારે ખાંણ્ય માલે. ચેતિ. ૨ જ્યાં જ્યમ ત્યાં ત્યમ આપ વ્યાપિ રહ્યો, સમ વિસમતા સર્વ ભાત્ય એહનિ; નામને રૂપ ગુણ કર્મ સર્વ એહના, અખંડ અભેદ બુદ્ધિ હોય જેહની. ચેતી. ૪ એક દ્રષ્ટાંત મળતો છે જોજો તમો, જેહતણી બુદ્ધિ ગંભીર હોય; સુગંધ જામીને બરાશ વેશ થયો, ગંધજ છે જો રૂપ છેજ તોય. ચેતી. ૪ અખીલ બ્રહ્માંડમાં અણુ નથી ટાલવા, દીબ્ય દરશી સદા રામ દેખે; એમ અભેદ વિચારતાં અખોપદ પામીયો; જોહું કરતા ટળ્યો રેખ રેખે. ચેતી. ૫ પદ ૩૪ આનંદના ઓઘ તે આજ ઉદે થયા, મુજને માયરો પાર લાધો; પાંચ પચીસમાં એકે નથી ટાળવા, જ્યમછે ત્યમ એ માલ બાધો. આનંદ. ૧ આપે અ-

ખુજ અવની થયો તેજનું, વાયુ બોમ એલી ખ્યાલ લાબ્યો, દ્વિપદ ચતુર પદ અનંત એકે નહીં, એવા વિવિધ પરકારનો વેશ કાબ્યો. આનં. ૨ અખિલ બ્રહ્માંડમાં આણું નથી ટાલવા, સલંગ સુત્રમે જોયું વીચારી; વસ્તુનો પીંડય તે વિશ્વ રૂપે રમે, આદ્ય અંત મધ્ય એ વસ્તુ સારી. આનંદ. ૩ ઘ્રતની પુતલી નીખ શીખ ઘ્રત ભરી, ઘ્રતના સોલ શંગાર શાર્યા; એમ અભેદ વીચારતાં અખો પદ પામીયો, નામ રૂપે રખે રેતા ભાર્યા. આનંદ. ૪ પદ ૩૫ ઝીલ્ય તું ઝીલ્ય તું સતસંગ રૂપી, જાનવી માનવી મેલ્ય તું માન મનનું, સત સંગત્ય વિના નર નથી નીપન્યા, નીપજે નવખંડે પણ કામ ધનનું. ઝીલ્ય. ૧ બીક જમની ટળે સ્વર્ગ આશા પળે, સહજ સદા ફળે બ્રહ્મ જાણે; પીંડ્ય પુજ્ય થૈ રહે શબ્દ તે નવ્ય દહે, તાપ નવ્ય હોય એ વૃધ હાંણે. ઝીલ્યા. ૨ લીંગવાસના ગલે દ્વૈત ભાવના ટળે, સદ્ય સચ્ચિદાનંદ મળે ગેર બેઠાં; મનના સંકલ્પ સમે, મનોરથ નવ્ય દમે એક હરી મુખ્ય ગમે બીજા કર્મ હેઠાં. ઝીલ્ય, ૩ પ્રગટે મોટિ દશા ગમે નહી વિષે કશા, જાય નહી ધશા કાંહી અધીક દેખી; ત્રૈલોક તરણાવત ગણે; અંતર એકતા પણે મધુરી ભાષ્યા ભણે મુખે હરી પેખી. ઝી. ૪ બ્રહ્મ નીશ્ચે આનંદ સદા ડગમગ મગે નહી કડા, કારણે માહા મુદા દિવ્ય દરસી; સંત ગંગા તણું ફલછે અતી ઘણું, કહે અખો શું ભણું જોજો આપ પરસી. ઝી. ૫ પદ ૩૬ તેજ અવની પર વિર કહીંયે ખરા, બ્રહ્મ અગ્નિમાં સામાજ ચાલે; શુર સુભટની ચાલ્ય દેખાડવા થૈં તડરૂપને મધ્યમાં હાલે. તેજ. ૧ કેસરી બાલ હોય જન્મનો ધિરજે, જૈ ગજ રાજને શિશ લાગે; ભર્મ મેંગલ તણા જુથ દોવટચ કરી, ભય નથી તોયે પાછો નભાગે. તેજ. ૨ વજ્ર મણીને જેમ અગ્નિતે નવ અડે, પ્રહાર કરતાં લોહ મધ્ય ચાલે; દરીદ્ર જનનાં હરે તીમર છેદન કરે, આપ બળે કરી તેન હાલે. તેજ. ૩ શુધ્ય પારા તણો ગોટીકા હોય જેમ, ધાતુ રસત પૃથવિ જળ શોશે; જ્વાલા પ્રભાવ તે હોમે વહની તણી, તેહને પ્રતાપે તે જક્ત પોખે. તેજ. ૪ સ્થીત પ્રજ્ઞ તણુ પદ એવું અખા, જેણે શીષ સાટે સચ્ચિદાનંદ લીધા; ત્રણ્ય દ્રષ્ટાંતે કરી આપે નર નીપન્યા,

અરથીયાંને ઉપદેશ દીધા. તેજ. ૫ પદ ૩૭ જીવની આદ્ય વીચા-રોરે પંડીતો, આદ્ય જોતાં તે અનાદ્ય દીશે; દેહ તણી છાયા સમાય તે દેહ વીષે, જ્યારે મધ્ય આવે તારે શુર શોશે. જીવની ૧ તન મનને ઓળખ્યા વીના બહુ આકળે, જેમ સુત્રધાર નીજ નાવ નીરમે; તેહજ સુત્રધાર તેણે નાવ બેઠે થકે, પછે પરવશ પડ્યો પંચ ક્રરમે. જીવની. ૨ તનગાન નૌકા જીવ ગણે માહારૂં, પણ ભવસાગર વિષે કાલ બેડે; કર્મના વાયુને વશ લાગ્યો ડોલવા, તારે હાથથી વાત વટકી તેજ નાવે નડે. જીવની. ૩ ભ્રમેં ભ્રમે ભટકે ઘણાભવ વીષે, ગુરૂ ગોવ્યંદના શરણ પામે; માયા રૂપણી માજ વાહાલી અખા, તે જાણીને જનુની ભેદ રામે. જીવની. ૪

પદ ૩૮ માયા પીડતી જાણે તો પરિબ્રહ્મને આરાધીએ, શેવીએ સ્વામિને ચિત પૂરે; સદગુરૂ કેરા ચરણ આદર કરિ, મારગ ઝાલિએ મનશુંરે. માયા. ૧ મન ક્રમ વચને ગુરૂ ગોવિંદ ખરા, ભિન્ન ન જાણિયે ભાવ ભીંજે; જાત્યને વર્ણ અધ્યેન આશ્રમનું, માન મુકી બ્રહ્મદ્રવ પીજે. માયા. ૨ જેમ અગ્નિને સંગે સીત વ્યાપે નહિ, જોત્ય દેખાડેને તિમર ત્રાસે; ત્યમ ગુરૂ પરતાપે પરિબ્રહ્મને ભેટિયે, માયારૂપી અંધેર નાસે. માયા. ૩ જેમ કાષ્ટ આવિ પડે વન્હિ જ્વાળા વિશે, તેનું દાર ફિટિને અનલ થાય; તેમ અનિત આરાધના જે કોઈ કરશે અખા, તેના માયા ફરિ ફરિ ચરણ સાહે. માયા. ૪

પદ ૩૯ હરિ હરિજન અલગા કરિ રખે ગણો, સંત સેવ્યા તેણે સ્વામિ શેવ્યા; નિરગુણ બ્રહ્મ તે સગુણ સંત જાણવા, જેમ વન્હિથી તેજવંત થાય દીવા. હરિ. ૧ જેમ અગ્નિથી દીપ થાય બહુ આરકારે, દિપથી દીપ થાય સેહેલો; ત્યમ જ્ઞાનીનિ મુર્તિ તે જાણો ગોવીંદની, ત્યાંહાંથી ભગવાન ભેટેજ વેહેલો. હરિ. ૨ દ્રષ્ટા ઉપદેશ તે આપે મોટી કળા, જે થકી જંતનું કારજ સિજે; સેવતાં સુખ હોય અતિઘણું તેહને, જો સદગુરૂતણું મન રીઝે. હરિ. ૩ પ્રત્યક્ષ રામ તે તત્વ વેત્તા વિશે, જ્યમ કુંડલ જોતાં તે કનક દીસે; મનક્રમ વચને સંત ભજશે અખા, તેહનું દ્વૈત દેખિને મન નહી રીસે. હરિ. ૪ પદ ૪૦ આંને દીસે પ્રતિબીંબ પોતા તણું, બાહ્યરૂપ આ સર્વ ભાસે એ તારૂં;

આભાશ અનંત રૂપે થયો, કાંહાં મોહ્યો એ માયા જહાંશે. આને. ૧ વસ્તુ વિચારિ જોતે થકે તું નથી, તો તાહેરૂ કલપ્યુ તે સત્ય ન હોયે; રેણુતું ચીત્ર જ્યમ દાન પ્રતિગ્રહ કરે, વાયુ આવે વીલાઇ જાએ. આને. ૨ જાગ્રત સ્વપ્ન ઉપાધી બહુ વિસ્તરિ, દ્રષ્ટ પદારથ જે જેરે દીશે; સુષોપતિ તુરીયાથીર વસ્તુ આધિ રહે, તો સાંને મરોછો તિને જઈ હીસે. આને. ૩ મન અમંત હોય જે જન તણું, તુરિયા તિત તેહને વેદ ભાખે; કાળનો કાળ આદ્ય અંત્ય વરજિત સદા, કતે વર તે પણ લિંગ પાખે. આને. ૪ દ્વૈત સહિત કોઈ નર નથો નિપના, ત્રિલોક આધારક તોય જીવ જાણો; ચીત્ર વિચીત્ર માયા કત છે અખા, આપ જાણ્યું તે પદે સમાણો. આને. ૫ પદ ૪૧ દેહના કત્યમાં સર્વ ભુલા પડ્યા, દેહો પ્રિછ્યો કેણે ન જાય; ઉપાધિનાં ... ધમાં સર્વ આવી ગયા, વસ્તુ સાનિધ તેણે ન થાયે. દેહ. ૧ આપે હોય ઈશ ઐશ્વર્ય એવું ધરે, કોટિ બ્રહ્માંડ અજેને ભાજે; વસ્તુ વિચાર વિના તેજ ભુલા ભમે, સ્વપ્રકાશ માંહાં સર્વ લાજે. દેહ. ૨ જે જે સામર્થ ધરે આપ અલગું કરે, આપ અળગુ થયે કાળ ગ્રાસે; એણે વળણે માયાયે મરકટ કર્યા, તેને નામ રૂપ તે સત્ય ભાસે. દેહ. ૩ પંડિત જાણને મોટા મોટા, સર્વનો લક્ષ તે વિષય સુધી; તેણે કરી દ્વૈતનાં પડલ પ્રોઢાં ચડ્યાં, નામને રૂપમાં સત્ય બુદ્દિ. દેહ. ૪ મુળગી સીધિ વ્યાપિને વિલસી રહી, મુળગે પદે સરજે જે માયા; મુળગે પદે અખો રહ્યો, ઓચરે અળગો પડેતો જીવ થાયે. દેહ. ૫ પદ ૪૨ પ્રારબ્ધને પ્રિછ્યનો દરદ આવે નહિ, સુખ દુઃખ જન્મના ભોગ કહીએ; અણઇછિત આપદ્યા જિવના કર્મની, જ્યમ પડે ત્યમ સહીને રહીયે. પ્રા. ૧ અનંત આચારજ મળે કોટી ઉપાય કરે, કર્મ ઇક્ષણાના ધર્મ પાળે; ત્રણ્ય લોકના દેવ દેવિ મળે, તોય નિરમ્યું નાથનું કોઈ ન ટાળે. પ્રા. ૨ સિધ સાધકને મુનિ માહા મોટા, માહા પુરૂષ હોય તોય લેખ ન ચુકે; નિરગુણ પુરૂષ તે દેહ ધરે પંચ ભુતનો, સુખ દુઃખ હાણ્ય વૃદ્ધ તેને ન મુકે. પ્રા. ૩ ત્રણ્ય તાપતો વ્યાપે તે શેષ બ્રહ્મ લગે, દેવ દાનવ તે સર્વ દોશે; જ્ઞાનિ તે દેખે દ્રષ્ટિમાં અણઇછતા, ભોગવે ભોગ પણ નવ શોષે. પ્રા. ૪ તત્વ નિષ્ટ પુરૂષ તે

નિરાટ નિરમલ રહે, અવિગત્ય આત્મા દેવ દરશે; ગંગાધર હરિ ગુરૂપદ પુરણ સદા, પ્રગટ પરમાત્મા તેજ પરશે. પ્રા. ૫ પદ ૪૩ પ્રિછચ નિરવાણ્ય પદ નિરખ્ય નીજ રૂપને, જે થકી તારો જંજાળ જાવે; છુ હરિ થા હરિ હેરાન શાંને મળે, કાર્ય કારણ તે તુંજ કાવે. પ્રિ.૧ વિશ્વ વૈરાટ નિરાટ તુ નરો હરિ, સ્થુલ સુક્ષ્મ સર્વ સતા તારિ; અર્કની કીરણ્ય આવિ ભાશી ભાંડ વિશે, ભાણ જોતાં કાંઇ નોય બારિ. પ્રિ. ૨ દયાલ દશમોડા તે કયે જઈ કેહને, ભગવાંન પોતાનું ભુવન ભુલ્યો; વેદ વ્યાકરણ ગ્નાન ગોતિ કરી, આડો અવળો ભટકિને ડુલ્યો. પ્રિ.૩ અંતજની પેરે મુકિત માગતો ફરે, જિવ પરાધિન જોખ્યમ ખાય; ઉરમિયે આપું ખોયું અણ સામર્થ થઈ રહ્યો, ત્રિગુણના ગુણના ગુણ ગાય. પ્રિ. ૪ મુળ વિચારેતો મળે જઈ કેહને, તુંજ સચ્ચિદાનંદકારી; કાનપુરિ કાનપુરિ સ્વામિ શિષ્ણ થયા, માન્ય શિખામણ કહુંજ મારી. પ્રિ. ૫ પદ ૪૪ હરિ હરિ રટણ કર કઠણ કળિકાળમાં, પઠણ પરિબ્રહ્મનું રાખ્ય પ્રાણિ; પરપંચ પરહરો સાચ રૂદયે ધરો, ઓચરો અમ્રીત વિમલ વાણી. હરિ. ૧ માયાના પુરમાં વિશ્વ સઉ વહી ગયું, નિરખવા નવ્ય રહ્યા રંક રાજા; બ્રહ્માના દિવસમાં કિટ ગણતિ કશી, ઉપજે ખપે બહુ જીવ ઝાઝા. હરિ. ૨ અલ્પ સુખ સારૂં શું જીવ ફુલ્યો ફરે, શિર પર કાળ રહ્યો દંત કરડે; પામરા પલકની ખબર નહિ તુજને, મુઢ શું જોઇને મુછ્ય મરડે. હરિ. ૩ કાળનું ચવેણુ કીટ બ્રહ્મા લગે, મોટા મહંત તે મર્મ પ્રાછે; પ્રીતમ પ્રભુનું ભજન નવ્ય ભુલિયે, જો તારા આતમાનું કલ્યાણ ઇછે. હરિ. ૩ પદ ૪૫ અચેત નર તારી ઊંઘ્ર ન ઉડી, કાળ આવીને પોચેરે; એક પલકમાં પકડિ લેશે, જાણે જન્મ્યો નોતોરે. અચેત. ૧ માતને તાત સુત ભ્રાતને ભામની, એ સહુ ઠગની ટોળીરે; સ્નેહ વધારિ તારૂં સરવશ લેશે, દેશે આંખ્યો ચોળીરે. અચેત. ૨ સગાં સંબંધી સઊ સુખનાં બેલિ, અંતે રેશે અળગાંરે; એરે સહુ પુરવનાં રણિયાં, વેરી થઇને વળગ્યાંરે. અચેત. ૩ માયા મોહ નદિમાં ડુબ્યા, અતિશે ડાહાપણ ડાહ્યારે; પ્રિતમ તે પુરૂષ જગ જીત્યા, જેણે હરીના ગુણ ગાયારે. અચેત. ૪ પદ ૪૬ જીભલડી

ગુને હરિગુણ ગાતા આવડો આળસ ક્યાંથીરે, લવરિ કરતાં નવરિ ન મળે, બોલિ ઉઠે સઉ પેલીરે. જિ. ૧ પરનિંદા કરવાને પુરિ, સુરિ ખટરસ ખાવારે; ઝગડો કરવા ઝાહેરચ જુજે, કાયર હરિગુણ ગાવારે. જિ. ૨ હરિ નામ લેતાં દામ ન બેસે, કાંમ બડે નહિ કરવુંરે સેજે પાર પંથનો આવે, ભજન થકિ ભવ તરવુંરે. જિ. ૩ જેહનું નામ જપે જોગેશ્વર, શંકર શેષ વિરંચારે; કહે પ્રિતમ પ્રભુ નામ વિસારચું, તે પ્રાણી પરપંચિરે. જિ. ૪ પદ ૪૭

સેવ્યને સદગુરૂ શુદ્ધ ચિતે કરિ, માંનવિ માંનતું મેલ તારૂં; સદગુરૂ સેવતાં સકલ કારજ સરે, વેદ વચનનું માન્ય મારૂં. સે.૧ સંત સેવ્યા વિના કારજ તે નવ્ય સરે, જગ્નને જપ તપ તીર્થ કરતાં; મોહ માયા તણિ ગાંઠચ ગાઢિ પડિ, અધિક વાધે બહુ વેશ ધરતાં. સે. ૨ શરણ જા સ્વામિને સર્વ સંશે હરે,બંધને મુક્તનિ ભ્રાંતિ ભાગે; દશ આઠ ખટનિ સર્વ ખડભડ ટલે, પરાપારચ જેને લક્ષ લાગે. સે. ૩ સંશે સરપે ગ્રહિ સંસાર છછુંદરિ, ભાગવા તજવા કરે કોટિ કરિયા; ઉલ જણ્યજો મરે સર્વ દુખતો ખ્બે, ડુબકી મારે જઇ બ્રહ્મ દરિયા. સે. ૪ ઉઠતે રાતના અવની આવિ ઉગીયા, ચેતન તરૂવર ચંદનરૂપી; સંગીને સુગંધ્ય દિયે પ્રેમે પાવન કરે, આપે તે થાય પાછા અરૂપિ. સે. ૫ જ્ઞાનીની મુરતિ તે જાણ્ય ગોવિંદનિ,વન્હિને દીપક તે એક તોલિ; ભેદ મુકિ કરી સંતને ભેટજે, વેદને સ્મરતિ તે એમ બોલે. સે. ૬ એક ઉપાય અધિકછે એહનો, આવિ અચાનક જોગ મેલે; નિજ જનનો લિયો બુટિને બળે કરી, સંશે સર્પને સદા ટાલે. સે. ૭ નામને રૂપની ભ્રાંતી ભાસે નહિ, હરિગુરૂ સંત ભજે એક ભાવે; વિષ્નુદાસ કહે બાઇ વિરલો કોઈ વિશ્વમાં, ગુરૂજીનો ભક્ત તે કોઇક કાહાવે. સે. ૮ પદ ૪૮ રાગ કાફિ હોરી. તોકુલા જન આઇરે ખેલેયા, પ્યારી બાજીમનોજકી ભઇયા. ટેક. શ્વાન બકાદીમે ફિરત સદા, દુખિ નહિ શુમેર ઉઢૈયા. પ્યારી. ૧ યાતનકી પશુ કેસ સમજૈયા, ગુરૂ બિન કોન બચૈયા; એગી શરન ગ્રહિ વ્યાપક શાંઈ અન્ય મન લાયે ભજૈયા. પ્યારી. ૨ દેખ્ય જરત દિન રેન દિવાને ભવ ભવકે ભટકૈયા, ચેત મે ગાનેકી દેખ બલા; તેરો બનહિન કાલ ચવૈયા. પ્યારી. ૩

પ્રીતી અખંડ પ્રભુ સન જ્યોરો, ત્યાગહું કામ ઠગૈયા; શાંતિ દમાદિક સાધનસેં, અન્ય હો ચિદ ભેદ મિટૈયા. પ્યારો. ૪ સાક્ષી રહી જગદીશ બિચારી, સુરત સબહિ નચૈયા; સચ્ચિદાનંદ બ્રહ્મમય વાશી, યાજગ બિચ બસૈયા. પ્યારો. ૫ પદ ૧ તુંતો ભજ હોનાથ એક રંગી, મત અન્ય હો બેગાનેકો સંગી. ટેક. ક્યાકે લીયે દુ:ખ નાંહી કહા, નહિ જાય સદા મતજંગી. મત. ૧ ઉઠત બેઠત સાંઇ સંભારહું, બની દીન દન ઉમંગી; પ્રેમ મગન ઉર લગન લગાએકે, ત્રીતઉ કામ અભંગી. મત. ૨ દ્રઢ વૈરાગ વિવેકસે બુઝહુ, વ્યાપક ઇશ અનંગી; શમ દમ આદિક સાધન સેહત, હુતિહુ ભેદ ભુજંગી. મત. ૩ આપ મેટિકે ઇશહી મેટહુ, બેઠહુ જડસેં અસંગી; દુઇ મિટાયકે ચિદઘન નાથમે, શોખહુ દીપ પતંગી. મત. ૪ કામ જરૂરી અકામ બની કરી, રહુ સદા ઉછરંગી; સચ્ચિદાનંદ બ્રહ્મ મય જીવન, પાઇકે તજ્ય દિલ તંગી. મત. ૫ પદ ૨ કાંહાં અકલ ગમાઇર બેજારિ, બાજિ કામકિ લાગત પ્યારી. ટેક. કામ સોહાવત નેન શ્રવનમે, વૃતિ વિષયકિ ક્યારિ. બાજિ. ૧ તાતે રૂપાદિક બહુ રંગકે, ઢુંઢત જિંદગી સારી; ચેતનતાઇ અચેતન પાકે, ભટકત મારી મારી. બાજિ. ૨ માયાકો ઠાઠ સબે જડ જાતી, દેખહુ મનમે બિચારિ; તુંતો કુન સંભારત નર પશુ કહા ગતિ પિછે હોનારો. બાજિ. ૩ ચેત ચેત આચાર્ય શરન ગ્રહિ, જડમતિદાર હુવારો; વૃતિ અખંડ અલૌકિક કરહુ; ચિદઘન નાથ બિચારી. બાજિ. ૪ કામ મદાદિક ચોરકિ સંગતિ છાંડહુ રાખ હોશિયારી; સચ્ચિદાનંદ બ્રહ્મમય હોયકે, બાકિકિ ઉમર બિચારો. બાજિ. ૫ પદ ૩ તોકુ સમઝન આઇરે બેલારી બાલી ઉમર ગમાવત પ્યારી. ટેક. પાંચ ભુતકા ઠાઠ સબેહે, કોઇ વસ્તુ ન ઉનસે ન્યારો. બાલી. ૧ તાતે રંગ રહેકિ સુરત, થાવર જંગમ સારી; તાહિકુ દેખ પ્રિયે કહિ ધાવત, લાલચ દામ ફસારી. બાલી. ૨ વિષય શરિર કરન મન બુઝી, સબ જડરૂપી વિકારિ, તુ અવિકારિ અરૂપિ ચેતન, બેઠહુ આપ બિચારી. બાલી. ૩ તેરિ સંગતી સેસ બજીતે, ભાસત જડ વ્યભિચારિ તાબિન સબહિ અચેતન, તુંતો વ્યાપક ચિદ અવિકારી. બાલી. ૪ સદગુરૂસે લેહિ આપ બિચારી, છાંડહુ જડકિ યારી; એક રંગ સચ્ચિ-

દાનંદ બ્રહ્મકું ભેટહુ મમતા મારી. ખા. ૫ પદ ૪ સંત સમાગમ કીજેરે સોતો હરિકુ મિલાવે. ટેક. ઓર રંગ તનવસ્ત્ર બિગાડત, યા રંગસે મન ભિજેરે; કામ ક્રોધ મિટાવે. સંત. ૧ શ્રુતિકે બચન ગુલાલ ઉડાવત, હરિકે લાલ બની જેરે; ઉર ગ્રંથી છુડાવે. સંત. ૨ જાકે ગુલાલસે અખિયાં દુખત, તાસે દુર નટીજેરે; મેહાશ બનાવે. સંત. ૩ ધામધુમકો ખેલ છાંડિકે, ચેતનમેં ચિત્ત દીજેરે; જાકો રંગ ન જાવે. સંત. ૪ સચ્ચિદાનંદ બ્રહ્મ સમ સંતહો, દિન પ્રતિ જાય ન મિજેરે; ભવ બંધ દુરાવે. સંત. ૫ પદ ૫ દર્શાકૂર. દેખો ખેલત ઈશ અપાર કેસિ બાજી બની. ટેક. બિન ધાગેકા દોર બનાયકે, બાંધત તનબીા સિયાર મુક્ત ન દોરત પિંડ બરાબર; બંધસો દોરન વાર. કેસી. ૧ થાવર જંગમ ચૌદ લોકકા એક તાર ધાર, તાતે સબ જગ આપ લખાવત; સંગ બિના સુત્રધાર. કેસી. ૨ નેનકા નેન શ્રવનકા શ્રવન, પુની મનકા મન નિરધાર; પ્રાનકા પ્રનહે જીવકા જીવ, અલેપહે બાજીકાર. કેસી. ૩ કોઇકુ નચાવત કોઇકુ લડાવત, કોઇકુ કરત બિમાર; કોઇકુ બાગમે કોઇકુ ફાગમે, કોઇકો ઉડાવત છાર. કેસી. ૪ માયા મય બહુ ઠાઠ બતાવત, લખહિ કોઇ લખવાર; બાહેર ભિતર ઓાઇ ખિલાડી, ઓર ન વસ્તુ સાર. કેસી. ૫ કછુ નહી કીયા કીયા કીસબ એસા, અલખ ગતિ દિલદાર; સચ્ચિદાનંદ બ્રહ્મ બિન કોઇ નાંહિ ન કોઇ હોનાર. કેસી. ૬ પદ ૬ એસે બાજીગરકુ બિચારે, બાજીમે કાહે ફિરે. ટેક. જાકો બ્રહ્મા વિષ્ણુ શિવાદિક ધ્યાન ધરત નિરધાર; ઈંદ્ર મુનિંદ્ર શેષ સનકાદિક પલ નહી ભુલન વાર. બાજી. ૧ જાકે પલભર ભજન બરાબર, તુલે ન યજ્ઞ અપાર; એસે નાથહિ ભુલિ ફિરત શઠ, ઘર ઘર હાટ બજાર. બાજી. ૨ મેહો કો। કહાંસે આયા કો પેદા કરનાર; જાના કહાં લે જાના ક્યા, ન બિચારત હે ગુમાર; બાજીમે કાહે. ૩ તું ચેતન મન બુદ્ધિકે પાર, ન જડ કોઇ તેરે આપક નાથ બિના નહિ તેસે, ઓર ઠરનકા ઠાર. બાજીમે. ૪ સાધે મેનાંહિન આપહિ પાવહુ, ઉન્મુનિ કુ દ્રઢધાર; સચ્ચિદાનંદ બ્રહ્મ એક વાકો, ફાનિ સબ સંસાર. બાજીમે. ૫ પદ ૭ એક દમકા ભરોસા નહોય કહા બરસો કિસુને. ટેક. નહિ તન તેરા માન મેરા,

ખુબિ કરત દિન દોય; સુકૃત પૂંજિ ગમાવત આખર, છાર હોત પુનિ સોય; કાહા. ૧ સાહંકાર કર્મમે પુજિ, ગમાયકે એકત રોય; સાત્તિક વૃતિસે સુકૃત હરિકે, નામ ન સુઝત તોય. કહા. ૨ કૃમ બચન આચાર્યસે ઉલટિ જડમતિ સકત ન ધોય બિન બૈરાગ વીવેક સંપત્તી હરિ નહિં પાવત કોય. કાહા. ૩ ચેત ચેત આચાર્ય શરન ગૃહી ઘથમે ચિત પરોય ચૈતનવૃત્તિ એક દ્રઢ કરહૂ જ્યો પ્રવાહ મહા તોય. કાહા. ૪ નીદધ્યાસસે પ્રાપ્તિ હોતહે જો કદી પૂછહુ મોય સચ્ચિદાનંદ બ્રહ્મ બિન જાને નરતન તુજ નાગોય ૫ પદ ૮ એસે એજાયે નાથકે સંગ,રંગ અભેદ માલિ.ટેક. બાહર ભીતર એક હરી લઈ, જડમતી કરોએ ભંગ; ચૈતનવૃતી અખંડ ચલાઈયે, જ્યો પ્રવાહ જલગંગ; રંગ. ૧ રંગપતંગ ગુલાલકા ખુરી, ઉડાવત બહુત કુઢંગ; નાથકો રંગ ન યાકે ઉરમેં, એલત ખરજી મીજંગ. રંગ. ૨ એસે નાચકી પ્રીતી મીટાયકે, કરીયે યેગી સતસંગ; બિન બ્યાપક પ્રભુ બાતન ઉરમેં, આયે કરે જીમાં ભંગ. રંગ. ૩ ફેંકી કે ડારીયે દુર ઉઠાયકે, કાંમક્રોધકા રંગ; દુઈ માટાયકે રંગ હોય, જીતીયેં કાલ અભંગ. રંગ અભેદ માલિ. ૪ આપા માટીકિ ઈશ બીચારીયે, બ્યાપક એક અસંગ; સચ્ચિદાનંદ બ્રહ્મયા બીધીસેં, કરીયેં પ્રીતા ઉછરંગ; રંગ. ૫ પદ ૯ પદ રાગ હોરી. દેખો નાથને ધુમ મચાઈ, મચાઈ મચાઈ; પ્રથમ માયામ ઈક્ષણા કીની,માયાયે માહાતત્વ જાઈ; મહાતત્વતે અહકાર પ્રગટ ભયે સતર જ૧ મતીનું ભાઈ, તીનુંને સૃષ્ટી રચાઈ; દેખો. ૧ તમગુનતેં પંચ વંશે મહા ભુત, રજતે ઇંદ્રી દશ પાઈ; મન બુદ્ધિ ચીત્ત અહંકાર સતોગુન; તત્વ ચોવીશ મીલાઈ, એતો જડ દેહ કહાઈ; દેખો. ૨ અંતરજામી આપ બીરાજે, તબતેં ભઈ સચેતાઈ; કહત કબીર તુમ તેહને જાનો, તાતેં પારંગતી થાઈ કહે સબગ્રંથમે ગાઈ; દેખો ૩ પદ. ૧૦ તુમ માયામે એલત હોરી હોરી, ઉદરમાહી અધો મુખ ઝૂલો, કોઈ સહાઈ ન તોરી; મલમુતર જઠરા માઈ તપીયો,વાત ન માનત મોરી, એસેં ક્યું રાખત ભોરી. તુ. ૧ બાલપનો કાલ એલ ગમાયો, સમઝો નહી બુધ્ધ થોરી; તરૂન ભયોતો ત્રીયારસ ભીનો, ઘડી ન વીસારત ગોરી, બાંધી તબ સ્નેહકી દોરી. તું. ૨ વૃદ્ધ ભયોતબ મોહ બંધાયો,

વરતી-ભઈ ઝકઝોરી; કહત કબીર અબક્યા સમજાવું, વીખતો પીયો અમી ઢોરી. તોરલગી નાવકા ઓરી. તું. ૩ પદ ૧૧ બ્રહ્મ લહે બીન-જન્મ ગમાયો. ટેક. ઉત્તમકુલ ગુલાબસી સુરત, ઓરત ખુબ વીહાયો; ધન્ય જોબન પરીવાર આગરૂ, આપે કીરત ઓહોરાયો. જેસોગજ મદ્દમે છકાયો. બ્ર. ૧ સબજગ બ્યાપક નાથ નીરંજન, અંજન પાગો ન પાયો; કામ ભોગ દેવનપી જાચત, નાચતબી નહી નચાયો. આપકો તોલ વહાયો. બ્ર. ૨ જોપાયો પુની જાચત સો સબ, કાલ ચવેના બનાયો, માલ બીરાના બુઝકે અપની, નાહક મોહ લગાયો. એસે સુખ કોઈ નપાયો. બ્ર. ૩ કામ કલપના તજ ભજ નીજ પદ, જો ચાહત મન ભાયો; સચ્ચિદાનંદ બ્રહ્મબીન કોઈ, નાહીન શકત બચાયો. એસા શ્રુતિ સ્મૃતિમે ગાયો. બ્ર. ૪ પદ ૧૨ રાગ હોરી. મેતો ફાગ એલુ રંગ ફેરીઃ ટેક. બાવંદ સંગે અગોચર એલું, ગોચર વાણી મન ઘેરી; કરતા કરણુ કરીયા વરતી કરકે, તાંન ત્રિપુટીમાં ટેરી. હરી શુદ્ધ લીનો હેરી. મેતો. ૧ જ્ઞાતાજ્ઞાન જ્ઞેયરૂપ ગણુતાં, ચીદા ભાસ બુદ્ધિ હે ચેરી; પરપંચ માહી પરીણામ પામીઃ વીષ આકાર અવેરી; ભઈ બ્રહ્મ આનંદ ભેરી. મેતો. ૨ જડ ચૈતનકો શબ્દ જાણી, નામ રૂપ દેહ નેરીઃ જાગ્રત સુપ્ન શુષોપતી જામે, કીરણુ અનંત સુર કેરી. લક્ષ સિંધુવા ચહે લેહેરી. મેતો. ૩ ખ્યાલ નહી એલ નહીકોય ખ્યાલી, અભેદ અવાચ રૂપ એરી; સદાનંદ અખંડ શુદ્ધ સોઈ, મંછા ચરનમે મેરી. પ્રીત કેવલ શુદ્ધ પ્રેરી. મેતો. ૪ પદ ૧૩ ગત્ય ગુરૂગમ એલે જ્ઞાની. ટેક ઈશ્વર જીવ દોય એલન આયે, માયા અવીદ્યા દોય માની; સાકાર ભુત માયાકે જો સંગે, એલત નામ રૂપ ખાંની. બેદ ચાર કહત હે બાની. ગત્ય. ૧ બેદભેદ કરી બાગ બનાયો, થાવર જંગમ થયાની; વ્રષ્ટી સમષ્ટી બનીહે વંદ્રાવન, ગોપી ગોવાલ ગવાની. જાન નહારે સોઈસત જાની. ગત્ય. ૨ જાનનહાર એક અંતરજામી, પ્રગટ અક્ષર પુરાની; એમાંથી અક્ષર બાવન બનાયે, ધરત અગોચર ધ્યાની. સોઈસત અગમ નીસાંની. ગત્ય. ૩ એલત દ્વિત તીનગુન એલે, કલામાં ઇક કહાની; અકલ એલ અનુભવી આયે, દાતા કેવલ ગુરૂ દાની. સદગુરૂ ચરને સમાની. ગત્ય. ૪ પદ ૧૪ નરબ્રહ્મ અખંડ

અભ્યાસી, ટેક. સ્થુલ સુક્ષ્મ કારણ પાર્થ સ્થાનકું, પાંચ તત્વકે પ્રકાસી; જાગ્રત સ્વપ્ન શુષોપતી જાનત, બ્રહ્મમણી ઉર ભાસી. વાણી ચાર અગમ વીલાસી. નર. ૧ વેદ ચાર કરે મુખ્ય વરણવ, તત્વમસી જો તપાસી. ભાવીક જનને બતાવે બ્રહ્મભેદ; સંતબડે સુખરાસી. દરશનથી ટળેરે ઉદાસી. નર. ૨ કરતા કરણ નહીંજા કલપના, ધધાતા પાર્થ ધાસી; અધ્યાતમ અધી ભુત નહી અજ્ઞ આવ્રણ, ઉરમાં ન વ્યાપે ઉદાસી. વસ્તુ શુદ્ધ ઘટમાં વાસી. નર. ૩ ભાગ્યસાલી કોય સેવે, ભાવે દલમાં રૂપ દેખાસી; સીવાનંદ કહે સતસંગે જગતની, ભ્રાંતી જાસે ઉરમાં ફરી નહી આસી. નર. ૪ પદ ૧૫ નરબ્રહ્મ અલખ નીરધારા. ટેક. વૈરાટ હિરણ્ય ગ્રભ અવ્યાકૃતમાં, સાક્ષી સદા દીત સારા; ઉતપતી સ્થિતી લય થકી અલગા, બલવંત બાવન બારા. નીરંજન ત્રીગુણથી ન્યારા. નર. ૧ જ્ઞાતા જ્ઞાન રેહીત સુદ્ધ ગેબી, પરાપશંતી કેપારા, પરમાતા પરમીતી નહી પાંચ પરપંચ, અજ્ઞાન નહીં જ્યાં આધારા. વાણી ચાર નહીજો વીકારા. નર. ૨ મનોમય આદી પંચ કોશ ઉપર, ઘહન ગગનાકારા; શબ્દાતીત સબદકું ચેતાવે, અનુભવ કરેરે ઉપગારા. ભીતરમાંહી જ્ઞાન ભંડારા. નર. ૩ કેવલબ્રહ્મ કલાતીત કહીયે, જાનેકો જાનનહારા; શીવાનંદ કહે સતસંગે, ઉલટ આનંદ અપારા. અમાચર મોહાત્મ પરંપારા. નર. ૪ પદ ૧૬ અથ પદ રાગ વસંત પ્રારંભ. દેહતો વસંત રિતુ પાઇરે, અબતો કયુ નહી એલે. ટેક. લખચોરાસી ગ્રીષમ રીતુ આગે, દુઃખતો પરે પાર નાવત પેલો. દેહ. ૧ સંત સમાગમ રંગ બનાવો, ગુરૂગમ જ્ઞાને પકરલો ગેલો. દેહ. ૨ નુરત સુરતકી ભરી પીચકારી, ત્રવેણીકે તીર જાંહાં સાયબ મેલો. દેહ. ૩ કહત કબીર ડફ અનહદ બાજે, ફગવા પરમ પદ પાવોગી વેલો. દેહ. ૪ પદ ૧૭ એલતહુ એસી હોરીરે રંગતો સબ પર્થ ડાર્યો. એલ. મનકુ રૂપમેં રસ બસ કીનો, મોહકુંતો બ્રહ્મજલ માંઈ નવાર્યો. એલ. ૧ જ્ઞાન કીચમે કામકું રોળ્યો, ક્ષમયાકી હોજમે ક્રોધકું પાર્યો. એલ. ૨ નીરમાન કેશર મદપર્યે ઢોર્યો, તોષ પીચકારીસેં લોભઇ હાર્યો. એલ. ૩ કહત કબીર સુનો ભાઇસાધુ, એલત એલત આપ ઉગાર્યો. એલ. ૪ પદ ૧૮ લોકમે

ધુંમ મચાઇરે માયા જીવકુ એલાવે. લોક. ચાર ખાન્યકે રંગ બનાઇ, સબ કુંપ કરી કરીયામે ઝોલાવે. લોક. ૧ અહંતાકો રંગ અંગપર ઢોરી, અર મમતાપે ચડાઇ ચલાવે. લોક. ૨ પરિવા ટોળી સંગમેં લિનિ, નારી ત્યાં કૌતક આંન મીલાવે. લોક. ૩ કહત કબિર સુનો ભાઇ સાધુ, ભજન કીયે સબ ઠાઠ લિાવે. લોક. ૪ પદ ૧૯ ભુલ્યા એલત હે ભવમાંરે સાધુ એલત મનમાં. ભુલ્યા. ભુલેકુ ત્રિવિધી તાપ જરાવે, સાધુકુ ન બ્યાપત તાપઇ તનમાં. ભુલ્યા. ૧ ભુલેઇ કરતા આપકુ જાને, સાધુ અ કરતા માનત છીનમાં. ભુલ્યા. ૨ ભુલો માયાકે પશુ કહાવે, સાધુ કહાવતહે હરી જનમાં. ભુલ્યા. ૩ કહત કબીર ભુલે જાત નરકમેં, સાધુ સમાવતહે ચિદઘનમાં. ભુલ્યા. ૪ પદ ૨૦ કોન દેશસેં આયો કોન દેશમાં એલેકો, નીર ગણતું નીરાકાર કહાવે સ્થુલ આકારકુ પાયો. કો. ૧ સર્વકો સાક્ષી અરૂ ઇંદ્રકો પ્રેરક, તીનકો ભોકતા કહાયો. કો. ૨ સરવાતીત સદાહી રહાવે, કરમ નહીંમે બહાયો. કો. ૩ કહત કબિર જબ આપ વિચારે કોન મીલો કો પરાયો. કો. ૪ પદ ૨૧ કાલ નઆવત જાય એસી હોરીકુ એલો. એસી. ૧ વિવેક વૈરાગકુ આગેઇ કીજે, ધરમ ક્ષમા પીછે લાઇ. એસી. ૨ સંગસ આ દયા ધરમકુ લીજે, સત્યકો ચલો તુંમરાઇ. એસી. ૩ કહત કબીર સુનો ભાઇ સાધુ, એસે પરમ પદ પાઇ. એસી. ૪ પદ ૨૨ વિશમારે વગોઇ; નરદેહતે ખોઇ; શબ્દે કરીને એમ મ્રગ મરેછે, પરસ કરીણી કરી મોઇ. નર.૧ રૂપે એ દીપક પતંગ પરેછે, રસતો કરી મીન તોઇ. નર. ૨ ગંધ ભમરકા પ્રાન હરેછે, મનતો નચાયે સબ કોઇ. નર. ૩ કહત કબીર એક એક બંધાયે, કહા ગતી જીન પંચ હોઇ. નરદેહ. ૪ પદ ૨૩ સાચિ બાની નેક ન માને ભૈયા, તેરો કેહિ બિધિ કાજ રેગો. ટેક. જડ ચૈતનકો ભેદ લહે બિનાં, નાહક ભટક મરેગો. સાચી. ૧ ધરજર આદિ સબ જડ કોઇ, હમરાહીન કરેગો; પાપ જમાયકે જમકી આગ્યમે; આપે તુઇ જરેગો. સાચી. ૨ લિંગ લીયે બહુ આ- વન જાવન, ફંદસે નાં ઉબરેગો; નિતસે ભિન્ન બિચારત તુઇ, ચૈતન શુધ ઠરેગો. સાચી. ૩ જ્યો લો નાંહિ વિચારત તોલો, કામ ક્રોધપ કરેગો; દરદ દિલિસેં દિવાનેકિ નાંઇ, ઘર ઘર શીશ ધરેગો. સાચી. ૪

સમજી સત્ય ઇશકી બાની ગુરૂકે પાય પરેગો, ભજત સચ્ચિદાનંદ બ્રહ્મહી દોઇ લોક સુધરેગો. સાચા. ૫ પદ ૨૪ બ્રહ્મરસ અજરે અજરે મારા વાલા જીરવે જવરલા કોઇ, મંદાઅઇ મીષ્ટાન ન જીરવે, વમન કરે તે સોહિ. ટેક. પારો જિરવે તે નર ભોગી, મન જીરવે જોગિ; જ્યાંલગી મન પારો જિરવે નહિ, તાંહાં લગિ ઉભય રોગી. બ્રહ્મ. ૧ પંડિતતે જે સદા સમ દરસિ, વૈદ તે જે આરોગિ; સંભવ નહિ જેને સુપનો, તે નર સાચો જોગિ. બ્રહ્મ. ૨ મેગ વ્રષ્ટી કરે સીરંતર, જલ ઢરી આવે ધામે; સાંઢા સોલ સો વ્રણના પાત્રમાં, સીંહ તણુ પય જામે બ્રહ્મ. ૩ સતિને સાંસો નહિરે કશાનો, પીઉજીની સંગે પલાય; પતિવ્રતાતો તેને કહિયે, પુરણ પદમે સમાય. બ્રહ્મ. ૪ સ્વાતી તણો મેઘ સઘળે વરસે, પણ છીપ ધરે તે મોતી; કષ્ટ કરી કાઢ્યાં તે કોણે, પેરે નારચ સમોતી. બ્રહ્મ. ૫ પસરયું તે પાછું સંકેલી નીરાધાર થઇ રહાયે, કહે નરહરી અચંત આતવતાં; નીજાનંદ સુખ લહાયે. બ્ર. ૬ પદ ૨૫ ભજ્ય મન ભમરારે, રત્ય વસંત જાયે; રત્ય પલટે ફુલ ક્યાંસે પાયે. ભજ. ૧ રત્ય પલટે તબ ન હોય એક ચેન, તેરે મુખસે ન નીકસે એક બેન; પ્રેમ રૂદેધર રામ બાણ, તો નર છુટેગા ચાર ખાંણ. ભજ. ૨ ફુલો ફુલ એક સફલ ફુલરે, તેરો મનષા જન્મ જાય અમુલ; સદ્રુરૂપ ધરલે શિખરે, તો નર તરવેકી એહી રીત્ય. ભજ. ૩ વ્રક્ષ એક ત્રિગાકકે માંઇ, સબમીલો બેઠવાકી છાંઇ; કહત કબીર નર ભજસે સોઇ, વાકે ચરણે પોચેગા વીરલા કોઇ. ભજ. ૪ પદ ૨૬ મેરે રૂદેમેં લાગ્યા સબદ બાણ તાકી મારે સદગુરૂ સુજાણ; મેરેરૂદેમે લાગ્યા સબદ બાણ. ૧ દસો દસાપર કરત દોડ, મેરો ચિતન ચલે મન ભયોહે ઠોર; ચલિ ન સકું મેતો પાવએક; કઠીન કલેજેમે પડ્યોહે છેદ. મેરે રૂ. ૨ ઉપર ઘાવ ન દિસે કોય, નખસીખ બાપે સલકે સોય; કોય ન જાણે મેરે દરદકી પીડ, જોઇ જાણે જાઇ લગ્યોહે તીર. મેરે રૂદેમે લા. ૩ ઉલટ્યો તનમન પલટ્યો રંગ, પાંચ પચીસ મલી એકસંગ; ઉલટી આપ સમાયો સંગ, કહે કબીર વાકી બલબલ જાઇ. મેરે રૂદેમે લગ્યો સબદ બાણ. ૪ પદ ૨૭ દેખોદેખોરે આ નરકી ભુલ, સિંચત સાખા તજત મુલ; દેખો દેખોરે આ નરકી ભુલ. ૧ પ્રગટ

નીરંજન ઘટઘટ સમાન્ય, તાહી છાડ નર પુજે આ્ય; ગયે ચોરા-
સીમે નરસોય, તાકી વારન બુમ કોય. દેખો. ૨ પીવત હે નર વિષે
સોય, આદ્ય અંત જાગ્રત ન હોય; ગુરૂદેવ દયાકરી ચીતબ્યો તોય,તબ
ઘટઘટ બ્ર. પ્રગટ હોય. દે. ૩ જલ થલમે દેખો પ્રગટ રામ, સબહી
જનકે પુરણ કામ; જુગજુગ હમ કીયો પોકાર, સબદ ન માને નર-
કમેં હાંમ. દેખો. ૪ સદ્ગુરૂ શબ્દ ન લાગ્યો અંગ, વિષે ન તજ્યો
અહી મણીકે સંગ; કહે કબીર નર ન કીયો ખોજ, ભટકી મુવે જેસે
વનકે રોઝ. દેખો. ૫ પદ ૨૮ વસંત હોરી બાજીતેં ન્યારા બાજી-
ગરહો, સોઈ દેખત આપની બાજી પસાર. બાજી. ૧ બલક
તમાસા દેખન આઈ, નીરખત નાના ખેલ; છિનછિન માહી અનેક
દિખાવત, ફીર સોઈ લેત સંકેલ. બાજી.૨ બાજીગરકું કોઈ ન જાનત,
બાજીપર લલચાય; જુઠો સો સબ સાચસો દેખત, અચરજ બરન્યો
ન જાય. બાજી.૩ જેવરીકુ કરી સાંપ દીખાવત, હોત સબે ભિભિત;
પીછકો કરત કબુતર છીનમે, સબહી ચરીત્ર બીપરિત. બાજી. ૪
બાજીગરકું મોહ કછુ નાહી, મિથ્યા જાનત આપ; ઓરકી દ્રષ્ટ
ભયો સબનકો ભયો આછાદન, જાત સબે દાર દાર. બાજી.
૫ સાચો દેખત જેવરીમેં સાપ, અપને મંત્ર જડીકે બલ તે સુઝત
ઓરકો ઓર; દ્રષ્ટ સબનકો ભયો, આછાદન જાત સબે દાર. બાજી.
૬ તેસોંહો ઈશ્વર એકસો, આપની ઇછા શકિત પસારે; જીવ જગત
સબહી સરજાયો, સોઈ નીરખન હાર. બાજી. ૭ અપનેં સંકલ્પ-
બીનાં કછુ નાહીં, સુરચંદ પંચ ભુત; જીવ જગત સબ માયાકરી,
કરી ખેલ રચ્યો અદભૂત. બાજી. ૮ વરણાશ્રમ મરજાદ દીખાઈ,
ભોક્તા ભોગ્ય પુન્ય પાપ; પુત્ર પીતા ગુરૂ શિષ્યકે ભેદ કરી, કલપ્યો
ચરાચર આપ. બાજી. ૯ શેષનાગ વૈકુંઠ લોક લો પ્રસર્યો આપનો
ખેલ; વાકો ભેદ નજાનત કોઈ, મિથ્યાકો મિથ્યા મોમેલ. બાજી. ૧૦
બાજીગરકે શરન જબ આવે, બાજી મિથ્યા જણાય; અનુભવાનંદ
કૃપા કરી તાંકું, દેત જથારથ જ્ઞાન. બાજીતેં ન્યારા બાજી. ૧૧
પદ ૨૯ કૈસી મઝાકર ડારીરે હોરીકો ખેલારી, ભારી ભરમકી સારી
કરી માનકી બેસર ડારી; લોભ મોહકે કુંગનાં કરે, પ્રેમકે રંગ ચબો-

રારે. હોરી. ૧ જ્ઞાન ગુલાલ પર્યો નેનનમે, દેખત નહીં જગઝોરી; ત્રિગુનતની આંગિયાકીં દૂટી, સબદ કુમકુમ કારીરે. હોરી. ૨ નિત્યા નિત્ય દેતહે ગારી, લાજ શરમ શબ ટારી; એકહી ભાવ વિલાસ કરતહે, કૌન પુરૂષ કૌન નારી. હોરી. ૨ પુરન એ મન ભુલી ગયોહે, એસીન દેખો ધુમારી; દાસ કબીર પરસ્પર રંગરંગે, એચ્યંક કાનિની ન્યારારે. હોરી. ૪ પદ ૩૦ કાયા નગર પુરકોરે બસયા, કિત ગયો હોરીકો એલૈયા; જારે કહત હમ સંગ ચલેગે, અંતકાલ પછતૈયા. જો તનમે ચંદન ચરચંત થેસો તન ધુર ઉડૈયા. કાયા. ૧ આગેઆગે વાકી માતાજો રોવે, પીછે પીછે વાકો ભઇયા, વલોપ કરવાકી તીરીયા જો રોવે, છાંડ ચલો સુખસૈયા. કાયા. ૨ હાથી ઘોડા મેલ વાહનાં, મોહોત કદર્બંજ થૈયા; લોગ કુટંબ સબ લુટન લાગે, હંસ અકેલા જૈયા. કાયા. ૩ એ જગ સબ હોરી એલન લાગે, કાહુ ના ચેત કરૈયા; પુરન ગુરૂ કબીર ક્રિપા બીન, એ જગ સબ દુખ દૈયા. કાયા. ૪ પદ ૩૧ દેશિફૂર ઓલખરે ઓલખ મારાવાલા, જેણે આ જગત પ્રકાસ્યું, આપણુપે આપણપા માંહે. વાસ્ય સમંગ્ર તે વાશ્યું. ઓલ. ૧ નાના રૂપ નાના ગુણ કર્મ નાના ભાવર્તે; જુક્ત ધર્મ કર્મ પરસે નહીં જેહને, તેસદા સદોદી મુક્ત. ઓલ. ૨ પંચ પંચથકીં પર કહાયે, સર્વ કોહે આદી નેતીનિતો નીગમ ગાવે જેહને. તે પરમ પુરૂષ અનાદી. ઓલ. ૩ પરા તે પર પરીબ્રહ્મ પુરણ શબ્દાતીત, અપાર નિર્મલ નીશ્ચલ અકલ અનોપમ; નીરંજન નિરાકાર. ઓલ. ૪ નીરાલંબ પરપંચ વિવર્જિત, અલખ લખ્યો નવ જાય; અનુભવ કરતાં ગુરૂગમ જ્ઞાને, અદ્રષ્ટ તે દ્રષ્ટ થાય. ઓલ. ૫ સઘળે સરખો નેણે નીરખો, અંતરજામા એક આદાનંદ ચેતન જે ચિંતવે; તહેને કહીયે બડો વીવેક. ઓલ. ૬ હરીમાં વિશ્વ વિશ્વમાં હરી વિશ્વ રૂપ હરી, જાણે તે સદગુરૂ તે પંડીતજ્ઞાની; જે એક ભાવ મન આણે. ઓલ. ૭ સોક ન બાપે સરવસ જાતાં માહા લાભે નવ હરખે, કહે નરહરી તે આતમ દરસી જે તત્વ નિરંતર નીરખે. ઓલ. ૮ પદ ૩૨ નઈ છોડું બાવા રાંમ નાંમ મેરે, ઔર પઢણસે કોન કાંમ જંજાલ જીકરસેં કોન કાંમ, નઈ છોડું બાવા રાંમ. ૧ પ્રેહેલાદ સદારે પઢણસાર તાતે

સંગ સખા લીયે બહુત, બાલ સંગકે બાલક સબ દીયે; બીગાર સબ રામ રામ કહે પોકાર. નઈ છોડું. ૨ ક્યારે પઢાવે પંડે ઓર આંન મેરો પાટીમે લીખ્દે, રામ નામ ઓનો અજહુ ન માને ગુરૂકી આંનમે માંડું વેદ ભજાય. નઈ છોડું. ૩ સાંડાં મુરગા કહ્યોહે જાય પ્રેહેલાદ બંધાયો, વેગે ધાય રાંમ કહનકી છોડ બાંન. તોહે અબહુ છોડાઊં મેરો કહ્યોહી માન. નઈ છોડું. ૪ ક્યાહારે ડરાવે પાંડે બારબાર, જાને જલ સ્થલ ગીરીકો કીયોહે વાસ; તબ ધરતી ઉઠી ધાય ધાય, પ્રભુ અપના જનકી કરીહે સાહ્ય,નઈ છોડું.૫ તબ સાંડાં મુરગા કહ્યો પોકાર, સબ જુધા મિલિ લિયોહે લાર; ભઇયા ગિરી પરબતસે દિયોહે, ડારવા કો રાખન હારો અખંડ રાય. નઇછોડું. ૬ કાઢ ખડગ કાપ્યો રિસાલ, તેરો રાખનહારો મોહિ બતાવ; થંભ ફોડ પ્રગટે અવિનાશ, હરણાકસ મારયો નખ વધાય; કહે કબીર કોહિ લહે ન પાર, પ્રેહેલાદ ઉગારયો અનેકવાર.નઇછોડું.૭ પદ ૩૩ મેરે સદગુરૂવે દિયા રામનામ મોહિ પ્યારા લાગ્યો સકલ કાંમ. ટેક. જગત જાલકે કાટે ફંદ, મેરે દુર કીયે સબ દુખ દંધ; મેતો નીશ દિન સમરૂં આઠ જામ, મેરે મુખ રૂદે રેહે રામ નામ. મેરે સદગુરૂવે.૧ મેતો જનમ મરનકો લહ્યા નપાર, મેરો જનમ સુફલ ભયો; અબકી બાર મેતો ગુરૂ સંગ પાયો, અગમ ભેવ દેખો બ્રહ્મ સદામે સકલ. સેવ મેરે. ૨ એતો સબ ઘટ વ્યાપિક બ્રહ્મ ભાઈ, સોતો સુક્ષ્મ સ્થુલ ભયો એક આઈ; કાંકુ ભજું તજુ કોન જુકો નહિન, મેરિ સુરતિ સબદમે ભઈ લીંન. મેરે. ૩ જપ તપ કરનિ કરોહો કોઈ, એક બ્રહ્મ વિનાં નહિ મુક્ત હોઈ; કબિર દાસ હમ કહિનિ રાખ, જ્યાં અનંતકોટી જન ભરત સાખ. મેરે. ૪ પદ ૩૪ કોઈ હેરે હમારે ગામકા, વાકુ પરેછા પુછુ નીજ ધામકા. કોય. ૧ તરૂવર્ણું એક જો અતી અનુપ, વાકુ સાખાપત્ર નહિ; છાય ધુપઃવીન ફુલ ભમરા કરે ગુજાર, ફળ લાગે વાકે નીરાધાર. કોય. ૨ બીન બાદરે બરસે અખંડધાર, જ્યાં દામની ચમકે અતો ઉદાર; ચંદ સુરજ બીન તેજ પ્રકાસ, કોય. ૩ જ્યાંહાં જાતી પાતી મહો છાય ધુપ, ત્રિગુણ નહિ બ્યાપે સદા સ્વરૂપ; હરખસોક નહી રાગ દ્વેષ, સદાઆનંદ કછુ નહિ કલેશ. કોય ૪ અખંડપુરી વાકો

નગ્ર નામ, સાધુ બસીયા સેહજ ધામ; ઉપજે બીનસે આવે ન જાય, કહે કબીર ગુરૂ ગમસે પાય. કોય. ૫ પદ ૩૫ રાગ ધુમારય બ્રહ્માનંદ સાગર ઝિલિયે, હોહો ઝિલિયેરિ જનમ મર્ણુ મિટિ જાયે; બ્રહ્માનંદ. ટેક. બ્રહ્મા સરોવર મોતી નીપજે, વાકો તોલ અમોલ સાધો સોરે;મોતી કોઈ હંસા ચુગત હેરિ, નાનકી ચંચે ઢંઢોર. બ્રહ્મા. ૨ અનંત કોટિ જ્યાંહાં પક્ષિ ઝિલતહે, દરિયાકી તીર સાધો. કેતે શિવ સનકાદિક ઝિલેરિ; બ્રહ્મકો વારનેં પાર. બ્રહ્મા. ૩ ત્રિપુટિ સગમપર હોત ઉજેરા, અનહદ ઘોરત નિશાંન; સાધો મેરા પિયા સંગરાચિ, પનિરી બિસારેચો ખાન ઓર પાન. બ્રહ્મા. ૪ ઝગમગ ઝગમગ ઝગમગ ઝલકે દિસે, જોત અખંડ સાધો; મે મેરે પ્રિતમજીકુ રિઝાઊરિ, લગ રહિ સેહેજ સમાધ્ય. બ્રહ્મા. ૫ મન પવન દોનો કરૂં મેલા, મુલ ચક્ર ધર દ્વાર સાધો; બસ નિદ કાજ મેરા પિઉ રિઝતહે રોસાઇહે સુરતા સુજાણ.બ્રહ્મા ૬ પિયુમે હમ પિયુ હમ માંહિ મિલિ રહે, આદ્ય અનાદ્ય સાધો સત કબિર; બ્રહ્મ માહિ સમાયેરી, મિટ ગઈ સકલ ઉપાધ્ય. બ્રહ્મા। ૭

પદ ૩૬ માયા બ્રહ્મ હોરિ ખેલિયે હો, હો ખેલાયેરિ; જાકો ન આરનેં પાર; માયા બ્રહ્મ હોરી ખેલીયે હો. ટેક. બ્રહ્મ ચિદાનંદ આનંદ સિંધુ જ્યાંહાં નહી ઉદે ન અસ્ત સાધો એસે હરકે, એક રોમ પર રીવારૂં આવિશ્વ સમસ્ત. માયા. ૧ સાગરે તીર નીલ એક ટબકો, મિથ્યા માયા તેહ સાધો; તામે પેર્યો પ્રતીબીંબ બ્રહ્મ કોરી, ઇશ્વર ચૈતન એહ. માયા.૨ ઇશ્વર માયાયે મળી ઉપજાયો, પ્રગટ્યો પુત્ર મહતત્વ સાધો; મહતત્વતે અહંકાર ઉપાયોરિ, તામસ રાજસ સતવ. માયા. ૩ તામસકે પંચભુત તન માત્રા, રાજસ ઇંદ્રિ દેવ સાધો; સાત્વિકથી અંતઃકર્ણ, ઉસંનરી જાકે ઉરેચ અહંમેવ. માયા. ૪ એ સબ મીલી ખેલ મચાયો, જક્ત ચડાઓ ચાક સાધો; કાહુકો ખેલ હોત નહી પુરોરી, રેત અધુરો અભીલાખ્ય. માયા. ૫ મુકત તાર ગ્રહી ઉલટ ચડે જબ, હીત બહી પાવે નીજ રૂપ સાધો; પ્રિતમ સોઈ પરમ પદ પાવેરી, ફેર ન પડે ભવ કુપ. માયા. ૬

પદ ૩૭ સોહં સંગ હોરી ખેલીયે હો.હો ખેલીયેરી સ્મર્ણ શ્વાસઉસ્વાસ. સોહં સંગ હોરી ખેલીયે હો. ટેક. રેણી કરણી કરકે કેશર કસ્તુરી સોધો. સાધુ સંગ સાધુ ગુરૂગમ ઘોલ લગાયો લગન, સેરી

ચડયો સોઇ ન ટળે રંગ સોહં. ચિત ચંદન શુધ ભાવ અરગજા, ધરમ ધજારે ફેરાયે; સાધો ,વિવેક વિચાર સેવક સંગલિજેરિ, અવિદ્યા જુથ હરાયે. સોહં. ૨ ક્ષમા દયા કર ઝાંઝ મંજિરા, પ્રેમ પખાજ બજાયે; સાધો અંતર છાંડિ નિરંતર એલોરિ, આવાગમન મિટિ જાયે. સોહં. ૩ નુરત સુરતકિ ભરિ પિચકારી, જ્ઞાન ગુલાલ અબિલ સાધો ધ્યાનકી ધુમ મચાયે નીસદીનરી. તત્વ ત્રવેણિ તીર. સોહં. ૪ ચેતન સાગર માંહી ઝીલતાં, શુદ્ધ સ્વરૂપ દેખાયે; સાધો પ્રિતમ બ્રહ્મ ચિદાનંદ ભેટેરિ; ફગવા પરમ પદ પાયે. સોહં. ૫ પદ ૩૮ મન સંગે હોરિ એલિયેહો. હો એલિયેરે, જરા મરન ભય જાય. મન. ૧ જ્ઞાન ગલિમે હોરી એલતહે મચ્યોહે પ્રેમકો કિચ; સાધુ કામ ક્રોધ દોનું કડ કડ ભાગેરિ, સુણ્યોહે શબ્દ અજીત. મન. ૨ પ્રિય પ્રિતમકા ભર પિચકારી, ખેમૈયા એલાવન હાર; સાધુ ભરે ભરે મુષ્ટી લની ત્રપતકિરે, સદગુરૂ મિલગા આય. મન. ૩ કર્મ ધર્મકા ઝંડારે રોપ્યા, કરણિ કેશરલાલ સાધુ; જ્ઞાન ધ્યાન તમાસા દેખત હેરિ, સદગુરૂ એલત ફાગ. મન. ૪ સદગુરૂ મીલિકર ફગવારે દિના, મારગ દિયોહે બતાઇ; સાધુ કહત કબીર સંતનકી સંગે, તેરિ આવાગમન મિટિ જાય. મન. ૫ પદ ૩૯ રાગ શરવડાં અખાજીનાં. સદગુરૂ સંગે લાહો લીજે, તન મન ત્યાં તતક્ષણ દીજે; માહાજન સંગે કારજ સીજેતો, મોટો મહિમા ગુરૂ દેવનોરે. ૧ સદગુરૂ સંગે સાસો ભાગે, અંતર માંહે અનુભવ જાગે; અસિપદમાં જઇને વાગે, તો શુધ સેજાનંદ સંભવેરે. ૨ અહંતા આડિ સરવે જાય, સત ચિદઆનંદજ ગાય; બ્રહ્માકાર વ્રતીયે થાયતો, જાગ્રત સુપન સુષોપ્તિમાંરે. ૩ ભટ પંડિત એ કાંય ન જાણે, સ્વર્ગાદિકના ભોગ વખાણે; તુછ સુખના કર્મને તાણેતો જગદાકારની જાડમાંરે. ૪ અનુભવી નર જો સામુ બાલે, રૂદે સંશે ગ્રંથિ ગાલે; શુધ સેહજાનંદ સઘળે ભાળેતો, સદગુરૂ સંતે દયા કરીરે. ૫ અએપણામાં આનંદ એવો, ભાસે જ્યાં જેહેવો ત્યાં તેહેવો; વરતનહારો વરતી લવાતો, સચરાચર શોભી રહ્યોરે. ૬ પદ ૧ સદગુરૂજીની સંગત કરિયે, મન કમ વચને તનમન ધરિયે; બ્રહ્માનંદ નિજ સુખ અનુસરિયે તો, મોટો મહિમા ગુરૂદેવનો રે. ૧

સદગુરૂજિને શરણે રહિયે, નીત્ય નિજાનંદ નીજ સુખ લહિયે; જિવ-પણું ટાલી શિવ થઈ જઇયેતો, ભય ભાગે ભવ રોગનેરે. ૨ સદગુરૂ શરણે આપુ દાજે, બ્રહ્માનંદ મહારસ પિજે; માહાજન સંગે કારજ સિજેતો, આતમ દ્રષ્ટે અવિલોકતાંરે. ૩ તત્પદ તવંપદ અસિપદ જેવા; જાગ્રત સ્વપ્ન સુષોપતિ તેહેવા; અંતર અનુભવ પ્રગટ્યો એહેવાતો, માહાજન સંગે માળતાંરે. ૪ વિષૈ પાંમરને એ સુખ નવ જામે, પરતક્ષ પરોક્ષને પડયાછે ધામે; છે છતી વસ્તુ ઉધારે વામેતો, જેમ મૃગ કસ્તુરીને ભુલિયોરે. ૫ અધિકારીને એ સુખભાવે. તે ક્રમઉપાસના જ્ઞાનનેદાવે; એ સુખ અપેપણામાંહ ફાવેતો, નિરંકુશપદ નિહાલતાંરે. ૬ પદ ૨ વિષિયામાં મન જાતુરે વારો, કામ ક્રોધ મદ લોભ નીવારો; માહાપુન્યે આવ્યો અવસર સારોતો, શેવિ હ્યો સદગુરૂ દેવનેરે. ૧ સંકલ્પ વિકલ્પ રોગ નિવારો, શુધ નિરંતર મુલ વિચારો; ભવ સાગરનો આવ્યો આરોતો, જોખ્યમ ભાગે જીવનુરે. ૨ વેહેતિ વૃતીને સ્થીર કરિ રાખો, અનુભવ રસ અનોપમ ચાખો; અહરનિશ સદગુરૂ શબ્દને ભાખોતો, આપણપુ અવિલોકતાંરે. ૩ ઉત્તમ અવશર આવ્યોરે એહેવા, બ્રહ્માદિક ઇછે છે જેહેવા; શુધ સેહેજાનંદ સમરસ મેવાતો, લીજે ગુરૂગમ જ્ઞાનમાંરે. ૪ આપોપુ અંતરથીરે ટાલી શુધ નિજાનંદ સ્વયંમેવ ભાલિ; શું સુખ કહૂં વલિ વલિતો, વર્ણવું ન જાયે વેદ વાણીયેરે. ૫ પાંમર પશુ આપે નરે જાણે, અણછતા આરોપે ને વખાણે; માહાસુખ અધિકારી કોયક માણેતો, પોતાપણાને પ્રિછતાંરે. ૬ અપેપણા માંહે આનંદ વાધ્યો, જન્મ મરણ નિ ભાગી આધ્યો; નિરંકુશ સુખનીજ પદે વાધ્યો તો, નિરાભાસ રૂપ નીરખતાંરે. ૭ પદ ૩ આશ મુક્તિને અહંમમ કેરિ, અહંમમે આવર્ણ થાય અંધેરી; પરમાત્મા પદ નવ સક્યો હેરિતો, પેસ્યો માયાના પેનમાંરે. ૧ સદગુરૂ સંતને સરણે ઠરિયે, બ્રહ્મ્યાયા ભિતરથી વિષે પરહરિયે; પરમાત્મા પૂરષોતમ વરિયેતો, હરિયે સંશે શોકનેરે. ૨ અહંવૃતિ અંતરથિ ટાલો, નિરાભાસ નીરંકુશ નીહાલો; હરખ શોકની ટલિ જાયે જાલોતો, વાલો વેહેતિ વાશનારે. ૩ મનશા દેહ ફરી નહિ આવે, મોહોટા મુનિ જન મુધિરે કહાવે; સંત સંગે સ્વયંનીજ

રૂપ ફાવેતો, ભાવે વર્તે માલમારે. ૪ માલે વર્તે મરજિવારે, જોગિ અજરામર મહા પદનારે ભોગિ; તત્પદ ત્વંપદના હોય સંગી તો અસિપદના અનુભવીરે. ૫ અપેપણું લેહ બોલ જેહેવું, વેદે વર્ણવ્યું નેતિયે તેવું; પરમાનંદ રૂપ પ્રગટ્યું એહવુંતો, જે મહાપદ કેરૂં માનુરે. ૬ પદ ૪ સાંભળને તું સજની મારી, રસના રીત્ય કહું એક સારી; સુખતણિ સોભા ઘણી ભારીતો, સદગુરૂનો સંગ કીજીયેરે. ૧ સદગુરૂ સંગે રમિયે રંગે, આનંદ અનુભવ વાધે અંગે; દેહ બુદ્ધિ કેરા હોય ભંગતો, જન્મ મર્ણ બંધન ટલેરે. ૨ સદગુરૂ સંગે લાહો લિજે, બ્રહ્માનંદ માહા રસ પિજે; તન મન ધન તાંહાં અરપણ કિજેતો, આતમ લાભને કારણેરે. ૩ આતમ લાભ એ કોયક જાણે, સુર બ્રહ્માદિક પાર ન આણે; તે સુખમાંહાંરે નિસ દિન માણે તો, સંત સાગરમાંહે ઝીલતારે. ૪ ભટ પંડિત એ કાંયે ન જાણે સરગ તણાં બહુ સુખ વખાણે; તુછ સુખના કર્મને તાણેતો; અણછતા ભવને માંગવારે. ૫ અપેપણામાં આનંદ એહેવો, ભાસે જાંહાં જેવો ત્યાં તેવો; અજરામર માહા પદનો મેવોતો, સદગુરૂ સાને સામજિરેલ્યોરે. ૬ પદ ૫ કજનજિનાં સરવડાં, સાચા ગુરૂજિનો સંગ ન કીધો આપ આપનો અનુભવ સમઝિ ન લિધો; બ્રહ્માનંદ મહા રસ ન પિધો તો, છતે અણછતો થૈ રડવડ્યોરે. ૧ આસંકા કેમ થાય નૈ અલગી, સચ્ચિદાનંદ જોયા નઈ સલંગી; વાસના લિંગ સરિરે વલગી તો, આપ ન સક્યો છાંડવિરે. ૨ સુક્ષ્મ શરીરની વાસના બાંધિ, સંસે કરમના સાકલે સાંધિ; અજ્ઞાનની આવિ ગઇ આંધિતા, જીવપણું લૈ ઝગડતોરે. ૩ આંધિ માંય અંજાઇ ગઇ આંખ્યો, મલિનપણે માયા રસ ચાખ્યો; વાયક જાલમાં ઘુર્ચાન નાખ્યોતો, કબુદ્ધિયે ગડબડ ગોડબ્યોરે. ૪ સાચા ગુરૂજિ સરવસ આપે, સંકલ્પ વિકલ્પ રોગ ન વ્યાપે; પાછલા ભવને પુન્ય પરતાપે તો, પરમારથ ગુરૂ પામીયેરે. ૫ માનુ ભાવજીની સંગત્ય કરિયે, વચન કહે તે મસ્તક ધરિયે; શબ્દના મારેચા જિવતા મરિયેતો, આવરણ વિક્ષેપને વામિયેરે. ૬ થા સુખિયો નિજ લાભને પામિ, સલંગ સુત્ર જોયા અનુભવે સ્વામી; જ્યાં ત્યાં ભરપુર અંતરજામિ તો, અવર નહિ કોય આતમારે. ૭ અણછતો

એસ આ કૃષ્નજિ ઉભા, આપુપણાની લાલચ લોભ્યા; સ્વેપદમાં સ્વેમેવ સોભ્યાતો, પરમ પુરષ પરમાત્મારે. ૮ પદ ૬ ઉપનિષદનાં સરવડાં વરશે, અનુભવનિ માંઈ વિજલિ પરશે; કૈવલ્યમાં શુદ્ધ ચૈતન દરશેતો, સાતમી ભોમીકા માલતારે. ૧ જીવન મુક્ત દશાછે સારી, આતમરામ સદા સુખકારી; ભાંમણાં લૈને હું જાઉં બલિહારિતો, મરજિવા એના ભોગિયારે. ૨ ઘેધાતાનો ગર્ભ જગ લિયો, ત્વંપદ તત્વપદ અસિપદ મલિયો; વિધિ નાષેધનો કંપારો ટલિયોતો, નીરગુણ મારગ ચાલતારે. ૩ સંસેરૂપિ સરપ ના ડશિયા, મનવાણિથિ અગોચર વશીયા; સહજ સંત સમાધીના રસીયાતો, અણલંગી અબધુત જોગિયારે. ૪ વાયક જાલનાં સાધનસમ તે, અર્ક ઉદે થયો રજનિ આથમતે; વેદના મુસ્તક ઉપરેય રમતેતો, સાક્ષાતકારમાં શોભીયારે. ૫ સકલ બ્રહ્માંડ ચૈતનમય જોતે, સાક્ષાતકાર સદોદિત હોતે; સચ્ચિદાનંદ થયાછે પોતેતો, સ્વેપદના એ લોભિયારે. ૬ નેતિ નેતિ વિચાર વિશેષે, શાખા ચંદ્ર જોયો પેણે લખે; મુક્તિનો એલછે અબધુત વેષેતો; દેહનો અધ્યાસ ટાલવારે. ૭ હંસનિ ગતિ બગ શુંરે જાણે, આપોપુ લઈ અનુમાનમાં આણે; કૃષ્નજિ અનુભવિ હોયતે જાણે, વિદેહીની વારતારે. ૮ પદ ૭ જાનવી ત્રટે કુપ ખોદાવે, આપે ભુલ્યો ને ઓરનકુ ભુલાવે; જિવપણે ઘણું જોર જણાવેતો, કરમ ભણાવે કારેયમુરે. ૧ એટલે થયો જડનો અધિકારી. રાજ નિતિનિ જુક્તિ વિસારી; કેસરી ઘાસ તણો થયો અહારી તો, હિંડે અજાની હારમારે. ૨ સંત મલેતો મુલ સંભાલે, જ્ઞાન કસોટિમાં આપુરે ગાલે; પ્રેમ ભક્તીની પલવટ વાળેતો, ટાળે અંતરની આપદારે. ૩ સદગુરૂ વચને ટળે અવતારા, દેહિતણા સર્વે જાય વીકારા; સમજીને ભજશો તો પાંમશો પારા, વણ સમજે જાશો વયારે. ૪ બ્રહ્મવેતા જો મલે ગુરૂદાતા, નિર વિષયિ કરે સુખસાતા; આ ભવમાંથિ રાખે ભ્રમતાતો, જીવપણું જાએ ટળીરે. ૫ માન્ય શિખામણય હે મન પાજિ, સાચ વિના રામને થાય રાજી; જુઠે પેજારૂં પડશે ઝાઝીતો, લાગિછે પણ નથી જાણતોરે. ૬ મનુસા જનમ ધરિને શું ખાંટ્યો, શું મુખ લૈને બોલછે ફાટ્યો; દૈવના ચોર તું રેને ડાટ્યોતો, દુરમતિ ડાપણ ડોળતોરે.

૭ જિવ થયો તેતો કરમ સંજોગે, ભુલિ ગયો માયારસ ભોગે; આવિને ડસિયો દારૂણ રોગેતો, ઝેરનિ લેહેર ચઢિ વળીરે. ૮ સંતનુ પદ વિચારિને જોતાં, ઉડિ ગયા અહંકૃતનાં થોથાં; કૃષ્ણજિ ધ્યાનમાં ચિત પરોતાંતો, બાલ તે બીજો નહીરે. ૯ પદ ૮ સંસે રૂપિ વળગ્યુંછે રિછું, આપ આપણિ બુદ્ધિનું ઇછું; પામરે પરગટ પોત ન પ્રીછુંતો, ભાત્ય ચિત્રામણમાં ભુલિયોરે. ૧ પોત ન પ્રીછુંને ભ્રમીયો ભાત્યે, જીવપણાનિ જુજવિ જાત્યે; વ્યાજ વધિ ગયું વાતનિ વાતેતો, મુલમાંમાંથિ ડુલીયોરે. ૨ આપ આપણા અનુમાનમાં આણિ, પરતંતર કરચા તાણિ તાણિ; વસ્તુ વિચારીને વાત ન જાણિતો, ઉરમિયે લિધો ડોટમાંરે. ૩ જીવપણાની જાડ્યમાં જડિયો, પ્રોક્ષ ભાવની આડ્યમાં અડિયો; વૈખરિના વિશ્વાસમાં પડિયોતો, વાચક જાળની ઓટમાંરે. ૪ અચરજ વાત તે કોયક માને, જેને ગુરૂ લાગ્યા હોય કાને; અમુગ્રહ્ય ભાગે કેવળ જ્ઞાનેતો, સમજણ્ય આવે સુનમાંરે. ૫ વૈરાગવડે ગુરૂરે જણાયેતે, સદગુરૂ સરણ્યે જાયે; માયા મોહથિ તે મુકાયેતો, પ્રીછે તે તેહેમાં સમેરે. ૬ અર્ક ઉદે રજની જ્યમ જાયે, જ્ઞાન ઉદે અજ્ઞાન પળાય; થાવર જંગમ સમરસ થાયેતો, પ્રતક્ષ બ્રહ્મને જાણતાંરે. ૭ લોભાયને સર્વે રસનેરે ચટકે, અવરાય ન ઉરમીને લટકે; કૃષ્ણજિ તત્વ દરશિને અટકેતો, પાધરો મારગ પ્રીછતારે. ૮ પદ ૯ માહા વાણિનો મરમ જણાતાં, જિવ ઇશ્વરની એકતા થાતા; અંતરનો જ્યારે બ્રહ્મ ઓળખાતાં તો, અહંમેવ ઉઠી ગયોરે. ૧ અંતરમાં જ્યારે જોયોરે જાગિ, તેણે ત્રષ્ના તારે ત્યાગિ; લક્ષ જાઇ અલેખમાં લાગિતો, આત્મા અર્ક ઉદે થયોરે. ૨ જહદ લક્ષ જોવાનેરે ધાયો, અજહદ લક્ષ તે ત્યાં ઓળખાયો; જહદા જહદનો અનુભવ પાયોતો, નિજપદનિ નિશાં કરીરે. ૩ દુરમતિ દુર રહિને નાઠિ, કરમનિ ફાંસિ નાખીછે કાપિ; કામવાસના સરવે નાઠિતો, સમઝીને ઠેકાણે ઠરીરે. ૪ શબ્દ સુતરનિ જ્વાલારે છુટિ, અવિગતની તે ઉઘડિરે મુઠિ; પુરણ બ્રહ્મ સકલ ઘટ વ્યાપિતો, પુઠ દઇ પ્રકૃતિ ભણિરે. ૫ શબ્દનિ સાન જહાં નવ્ય લાગે, વ્રેહેનિ વાત હૈયે નવ્ય લાગે; સમજાઇ સુન્ય મંડલમાં જાગેતો, બ્રહ્માનંદમાં જઇ ભળિરે. ૬ હંસનિ ગતિ બગ શું જાણે, આપોપું લઇ

અનુમાનમાં આણે; કંઈનજિ અનુભવિ હોય તે જાણતો, વિદેહીની વારતારે. ૭ પદ ૧૦ પ્રથમ ગુરૂ ગોવિંદ કરી જાણો, ભીન્ન ભાવ રૂદે નવ્ય આણો; પુજે પ્રસન થાયછે પાણોતો, બોલણહારાને જાણવોરે. ૧ બોલતા પુરૂષની બુઝવી વાણી, સમશામાં સંત બતાવે નીશાની; પલમાં પરસાવે પુરષ પુરાણિતો, તન મન તેહને સોંપિયેરે. ૨ ઘટ ભિતર એક જડીછે બેડિ, સુર્ત નીસરણી ને ગુરૂગમે ચડિ; લાલચ મુકીને લાલશું લડિતો, તરવેણીના ત્રઠમારે. ૩ ગગન ગુફામાં ગુરૂજી બેઠા, સોહં શબ્દ બોલેછે મિઠા; દશમે દ્વાર સ્વપરી બ્રહ્મને દિઠાતો, જાત જડી જિવ શીવ થયારે. ૪ જીવતાણું ગુરૂ જોખમ ટાળે, ખટ ચક્ર વેંધી ચડાવે માળે; ત્રિવિધી તાપ આતમના ટાળેતો, બાળે સાતમી ભોમીકારે. ૫ રવિશસિ વિના વાયુંછે વાંણું, નિરભે નાણાનું ઉઘડિયુંછે પાનું; ધનવંત પ્રભુજીને શુંરે વખાણું, તો જેરે જોધતે વાલા વરૂરે. ૬ થાવર જંગમ બ્યાપીક વાલો, ઠામ ન દીસે એકે ઠાલો; પાંચ પચીસ પ્રક્રતિને વારોતો, વાલો નથી કાંય વેગળોરે. ૭ ઘટ ભિતર ઘર જડિયુંછે મારૂં, ઉદિયો અર્કને ટળ્યુરે અંધારૂં; પુરૂષ શિવજી સાયબો સંભારૂંતો, અણછતો લાધો ઓચરેરે. ૮ પદ ૧૧ અથ પ્રીતમના મહીના, રાગ ગરબાની ચાલ્ય. કારતકે કર્મ નિવાર કર્યું તે માટ્યેરે; આવ્યો લક્ષ ચોરાસિવાર આણી વાટેરે. ૧ તું જન્મ મરણ અવતાર બહુ અવતરિયોરે; તોય નાવ્યો પંથની પાર ફેરા બહુ ફરિયોરે. ૨ તારો જન્મ અવર્થા જાય જીવ અભાગીરે; તારૂં આયુષ ઓછું થાય જોને જાગીરે. ૩ તેં ભજન ઉપરેચ ભાવ કેદિ ન કિધોરે; તેં સંત સમાગમ લાવ કાંઈ ન લીધોરે. ૪ તુને રામનામની રંગ અંગ ન આવ્યોરે; તેં સુપનામાં સતસંગ દાસ ન કાવ્યોરે. ૫ તેં અવનીમાં અવતાર એળે ખોયોરે; કહે પ્રીતમ ચેત ગુમાર જન્મ વગોવ્યોરે. ૬ માસ. ૧ માગસરે મુરખ ચેત હેમત રાખીરે; તારો અવસર જાય અચેત જોને જાંખીરે. ૧ તારા પંડમાં કરેચો પ્રવેશ જરા દુઃખ લાવિરે; તારા કાળા તજીને કેશ સપેતી આવીરે. ૨ તારાં ગળે નાશિકા નેણ, લાઠી કરમાંરે; તારૂં બોલ્યું ન માને વેણ, ગણે નહી ઘરમાંરે. ૩ તારે ઘરથકી નવલો નેહ ઉતમ નારીરે; તુને

તજવા બુદ્ધિ તેહ વ્રેહ વિસારિરે. ૪ તારો બોલતાં ફુગેછે બોલ સુણે
નહીં કાનેરે; તારો ભાગી પડ્યો સૌ તોલ કોઈ ન માનેરે. ૫ તું હવે
કરિલે હેત હરિની સાથ્યેરે; કહે પ્રીતમ ચીતમાં ચેત આવે ધાત્યેરે.
૬ માસ. ૨ પોશે ઓષડ એક અંગ ન લાગેરે; જો ઉપાય કરે અનેક
પિડ્ય ન ભાગેરે. ૧ તારે વિષે થયું વિપરીત ભીતર ભેદ્યુંરે; તોય પિ-
ંના વધારી પ્રીત મુલ ન છેદ્યૂંરે. ૨ તુને જે આવે તે જોઇ ઓષડ આપેરે;
એવો વેદ મળ્યો નહીં કોઇ રોગને કાપેરે. ૩ કોઇ સાચા મળે સુખ
થાય, ભવ દુખ ભાગેરે; તારો રોગ જન્મનો જાય, વાર ન લાગેરે. ૪
તારૂં સુખ સમુલુ જાય વેદના વલતારે; જેમ પિએ તેમ રસ પાય
સુખની સુરતેરે. ૫ તારી હોયે ભરમના ભંગ, કર્મને કાપેરે; કહે પ્રી-
તમ સાધુ સંગ સદા સુખ આપેરે. ૬ માસ. ૩ માહા વાયકનું ગ્નાન
જેને જડીયુંરે; તેને જીવ ઇશ્વરનું ભાન પાછું પડીયુરે. ૧ તેને ભાગી
ભીન્ના ભાન્ન વસ્તુ વિચારારે; રસ રૂપ હરિમાં લાન, દાસે દેહ ધા-
રીરે. ૨ ચીત્રામણ તરૂ છાંય જેવાં દાસેરે; એક અહીલખ્યો તે માંયે
પયે કેમ પાંસેરે. ૩ એ જડ નહીં ચેતન સેજ સરૂપરે; એમ તત્વ
દરસિનું તંન અમલ અરૂપેરે. ૪ એને કરે કલ્પના કોણ પ્રગટ પોતેરે;
જેમ ગલુ ઉદકમાં લુણ જડે નહીં જોતરે. ૫ તેને નાહ સંરો લવ-
લેશ, આપા પરનોરે; કહે પ્રીતમ એ ઉપદેશ ગુરૂના ઘરનોરે. ૬ માસ.
૪ ફાગણ ફુલ્યો ફુલ કેવલ કેરોરે; રમે લેહેરચ તો રંગિ લાલ રંગ
ઘણેરોરે. ૧ આજા જોઉ ત્યાં તેમ થઇને વિલસોરે; તેને કળી સકે
કોહો કોણ આપે ઉલસોરે. ૨ પશુ પક્ષી નર નારેચછે બહુ નામિરે;
એવા આદ્ય પુરૂષ અપાર અંતરજામિ રે. ૩ તેને જાણે કોઈ વીરલા
જંન ત્રીગુણ ત્યાગીરે; એનુ દિસે રૂપ અખંડ સમાધી લાગીરે. ૪
અરસ પરસ થયો એક સાગર લેહેરીરે; એના દીસે ઘાટ અનંત ન
પડે ન્યારીરે. ૫ પટ તંતુ નહિ હોય દુગધા એ ટાળોરે, કહે પ્રીતમ અવર
નહિ કોય વસ્તુ ન્યાલોરે. ૬ માસ. ૫ ચૈતરે ચીત્ર વચિત્ર વાલો બી-
રાજેરે, ભરચો બાહ્યાભીંતર બ્રહ્મ ઘટ ઘટ ગાજેરે. ૧ કોઈ ધરે એકાંતે
ધ્યાન, આસન વાલેરે તેમાં ચઢે ચોગણુ માન ગરવ ન ગાલેરે. ૨
કોઇ કુંભ કરેછે વાસ પવન ચડાવેરે; કોઇ અમ્રત પિવાની આશ

જીભ વઢાવેરે. ૩ કોઈ ધોતિ ધ્યાન સાધન સાધેરે; તોય ટળે નહિ અભિમાન વાસના વાધેરે. ૪ કોઈ દમે રાત્યને દીન કસોટી કરવીરે, જો બાલે વાસના બીજ ટળે દેહ ધરવીરે. ૫ રહે ભજનમાં સોઇ સેજ સમાધીરે, કહે પ્રીતમ કરે નહિ કોઇ એમ ઉપાધીરે. ૬ માસ. ૬ વૈશાકે વીચાર આદ્ય અનાદેરે, કહિ પતિત પામ્યા પાર સંત પ્રસાદેરે. ૧ તુ સંત ચરણ રજલે જીવન જાણીરે, તું તનમન અરપી દે ઉલટ આણીરે. ૨ તુ એક મેક ગુલતાન મતામાં રહેનેરે, એવિ સેજ દશાની સંત સમઝો લેનેરે. ૩ તારા તનના તાપ ટળે ન પિડ હૃદામારે, તારા તનમાં એમ મલે માહા પદમાંરે. ૪ એક બ્રહ્મ ભર્યો ભરપુર, સચરાસચરમાંરે; તેનુ નીરખી જોજે નુર નારી નરમાંરે. તેને રૂપરંગ નૈ કાંઇ નીરાલંબ ભરીયોરે, કહે પ્રીતમ એ ઉનમાન અખંડ બ્રહ્મ દરિયોરે. ૬ માસ ૭ જેષ્ટપદાર્થ જોઇ રંગ લાગ્યોરે, મારી બળ બુદ્ધિ સૌ ખોઇ સંસે ભાગ્યોરે. ૧ આદ્ય સનાતન એક સઘળે સરખોરે, તુ નિસંક થઇને શેષ નિજપદ નિરખોરે. ૨ એને જનક શનક સુખદેવ તેને જાણેરે, તેના અંતર ટળ્યા અહંમેવ માહારસ માણેરે. ૩ જેણે પ્રીછ્યુ પરાને પાર તેનુ વપુ કેવુંરે, જેવું શ્રીફલ સાકર સાર સમઝી લેવુંરે. ૪ તેની ગોટલી સોટલિ સહિત સર્વે મેઠુરે, એક દેહાતીત વિદેહ દ્વૈત ન દિઠુરે. ૫ એવા અકલ પુરૂષ અવિનાશ, બલવંત બલીયોરે; કહે પ્રીતમ પ્રગટ્યો પાસ અંતર ટલિયોરે. ૬ માસ. ૮ આવ્યો માસ અસાડ અમૃત વરસેરે, તુ અનુભવિ આંખ્ય ઉઘાડ આતમ દરસેરે. ૧ એક સનમુખ સભર ભર્યો, સાગર મોટોરે તે મધ્યે જીવ કર્યા જુગ પરપોટોરે. ૨ તેહનિ ઉઠે લહેરય અનંત અનંત ઠેકાણેરે; તે સુખમાં ઝીલે સંત જક્ત ન જાણેરે. ૩ તે જીવન મુક્તા જેહ જક્તથી ન્યારારે, તેને તપે નહિ ત્રિવિધિ તાપ સિતલ અંગ સારારે. ૪ આ બ્રહ્માનંદ ભરપુર સુખમાં ભરીયોરે, જેમ રવિને તેજે જરૂર તપે નહિ દરિયોરે. ૫ એવા માહા દશાનો મર્મ, અનુભવ આવ્યોરે; કહે પ્રિતમ તે પરિબ્રહ્મ બંધનમાં નાવ્યોરે. ૬ માસ. ૯ શ્રાવણ સુરતનો એલ નુરતમાં આણોરે, હવે થૈ રઈ રસનિ રેલ્ય જથાર્થ જાણોરે. ૧ ઠરી રહ્યો નિજ ઠોર ઘટમાં ગાજેરે, એ

ઉન મુનિ આઠે પોહોર અલખ વિરાજેરે. ૨ નિરાલંબ નિરાધાર કર્મ ન લાગેરે, આ સૌ પ્રોઈ રહ્યો સંસાર સોહંગ બ્રહ્મ ધાગેરે. ૩ જેણે જાણી પોતાની જાત્ય પાંચ પચીસેરે, જેમ દગધ પટોલિ ભાત એવી દીસેરે. ૪ તે વરતાય નૈ પેરાય જોયા જેવિરે, તે દૂરથકિ દેખાય મોહ્યા જેવીરે. ૫ તેહના દેહિના દોસ વિકાર દહ્યા બ્રહ્મ અગનેરે; કહે પ્રીતમ મલે એક તાર ગાજે ગગનેરે. માસ. ૧૦ ભાદ્રપદ બ્રહ્મરૂપ જેને ભાસેરે, તેને કોણ પડે ભવકુપ તત્વ તપાશ્યારે. ૧ ઇછાથકિ અવતાર કૈવલ કિધોરે, એવા મનકલપીત સંસાર માનિ લીધોરે. ૨ જેમ અમાસે આકાશ ચંદ્ર કેવાનોરે, એમ નિશ્ચે જગતનો નાશ નથી રહેવાનોરે. ૩ આ મ્રગજળ લેહેરિ થાય દિનકર દાઝેરે તેમાં પશુ પછાડે પાવ પિવા કાજેરે. ૪ તુ રામ જગતને જાણ્ય મિથ્યા ભાનેરે, જેમ નિર અડે હોય હાણ્ય કાગળ પાનેરે. ૫ આ બન્યો બાજીગરનો ખેલ ખુબ સ્વરૂપેરે, જન પ્રીતમ મમતા મેલ રેહો નિજરૂપેરે. ૬ માસ. ૧૧ આ સોહંબ્રહ્મ રમે સકળ ઘટ સ્વામિરે, પોતે પોતાને મન અંતર જામીરે. ૧ જ્ઞાન ઉજાગર જેહ અનભે જોગીરે, તે વસ્તુ રૂપવી દેહ બ્રહ્મરસ ભોગીરે. ૨ એવા સુખના સાગર સંત આનંદકારીરે, તે વીક્ષાતા વેદાંત પર ઉપકારીરે. ૩ ત્યાં વાગે અનહદ્ય નાદ આઠે પોહોરેરે, તે શ્રુતિ તણું સિદ્ધાંત ચાલિ જોનેરે. ૪ કોઇ શીખે સુણેને ગાય ગુરૂ ગમ આણુંરે, તે નર તદરૂપે થાય એ એધાણુંરે. ૫ આ સદગુરૂ સંતનો પ્રસાદ સમર્થ સ્વામિરે, જન પ્રીતમ અણછતો આય ચરણ ચીત નામીરે. ૬ માસ. ૧૨ **અથ સોરઠ રાગના મહીના લિખ્યતે.**

દોહા. સદગુરૂને ચરણે નમુ માગુ પ્રેમ પ્રસાદ, દયા કરીને દીજીયે; હરિ રસ અમ્રત સ્વાદ. ૧ વાણિ શકે નહિ વર્ણવી, સદગુરૂ કેરૂં સ્વરૂપ; મન બુદ્ધિ પોચે નહિ, ઓપમા રહિત અનુપ. ૨ પ્રથમ પુરણ પ્રેમસું, વંદુ સદગુરૂ ચરણ; તાપ ટલે સંસારના, મટે જન્મને મરણ. ૩ સાંભળ શુદ્ધ ચીતે કરિ, હરિના ગુણ જ્ઞાન; પ્રીત સહીત નીત્ય નાથનું, રૂદીયે ધરેરે ધ્યાન. સાંભ. ૧ ગુરૂ પદ પંકજ પુજતાં, ચૌદ લોક પુજાય; શીવ વિરંચીને સારદા, ગુરૂના જસ ગાય. સાંભ. ૨ હોય અંતઃકરણ ઉજલાં, તિમર ટલિ જાય; સર્વે તે લાગે સુજવા, પદ ૨.

જનો મહિમાય. સાંભ. ૩ જપતપ તીરથ જોગનું, ફળ જેરે કેવાય; પ્રિતમ સદગુરૂ સેવતાં, સર્વે સુખ થાય. સાંભ. ૪ દોહા. સદગુરૂ સંત કૃપા થકી, ઉપજે નિરમળ જ્ઞાન; શુદ્ધ ચૈતન્ય તુરિયાપદ, રેહે નિરંતર ધ્યાન. ૧ કારતકે ચિત્ત ચેત્યો નહિ, ઘડિ લાખેણી જાય; વળતિ વિચારિશ જિવડા, પછે કાં પસ્તાય. સાંભ. ૧ જોરે જાણું તો બાંધજે, પાણિ પેહેલાંરે પાલ; નીર ગયે નહિ નિપજે, સોર તાકેછે કાળ. સાંભ. ૨ કાયા કુસમછે કારમી, વેગે વણસીરે જાય; અમર થાય જેમ આત્મા, એવો કરજે ઉપાય. સાંભ. ૩ સંત સમાગમ કિજિયે, મુકી મનનારે તાણ; કહે પ્રિતમ તું પ્રિછજે, ઇછજે કલ્યાણ. સાંભ. ૪ દોહા. મનના પરપંચ મુકજે, કરજે તત્વ વિચાર; રેત્ન પદાર્થ જન્મછે, નૈ આવે વરંવાર. ૧ માગસરે માથા ઉપરે, મોટો મરણનું સાલ; મારગ વેહેછે ઉતાવળો, કોઇ આજને કાલ. સાંભ. ૧ અંતે નઇ કોઇ કામનું, રામનું લેને નામ; એક ઘડિ ન વિસારિયે, સુખ સાગર શ્યામ. સાંભ. ૨ જુઠિ બાજિ જોઇને, આવિ મનમાંરે ભુલ; રૂડાં રંગ રળિયામણા; સિમલાના ફુલ. સાંભ. ૩ સુત વિતમંદિર સુંદરી, સુખ સ્વપન વિચાર; કહે પ્રિતમ સહુ કારચમું; દિસે દીન ચારેચ. સાંભ. ૪ દોહા. મોતિ ઉસ ઉદકનાં, તેના હાર નથાય; મિથ્યા મન મોદક કરે તેણે ભુખ નજાય. ૧ પોસે પ્રાણિ પ્રિછશે, જેને ગુરૂ ગમ થાય; પરમારથ પાકુ રેત્નછે, જાણિ કરશે ઉપાય. સાંભ ૧ અણછતુ આપુ માનીને, દુખ પામે અપાર; શ્વાન સમાન આ જિવછે, વહે સકટનો ભાર. સાંભ. ૨ સામગ્રી સૌ હરી તણી, ભોગવે સંસાર; મારૂ મારૂ કરિ રહ્યો, તેણે ખાયેછે માર. સાંભ. ૩ તનમન જેણે સોપિયું, સદગુરૂજિને હાથ; કહે પ્રીતમ તે પામિયા, સ્વંપદનો સાથ. સાંભ. ૪ દોહા. તજશે આપુ આપદા, ભજશે પુર્ણ બ્રહ્મ; એક પલકમાં પ્રલે થશે, કોટિ જન્મના કર્મ. ૧ મહા મહિને માયા તણો મર્મ જાણશે જેહ; ભુલવણીમાં ભમે નહિ તરે ભવજળ તેહ. સાંભ. ૧ બાજિગરનો બાલકો, ગ્રહે હાથ ભુજંગ; ઓખદ બુટિને ઓળખે, વિષ વ્યાપે ન અંગ. સાંભ. ૨ નામ અમિરસ જે પિયે, તેતો અમર થાય; જન્મ મર્ણની આપદા, તેનો તતક્ષણ જાય. સાંભ. ૩

અજ ઉમયા પતિ અહિ પતિ, જપે નિસ દિન જેહ; અનંત કોટિ ગ્રહી ઉધરચા, પ્રિતમ પ્રિછે તેહ. સાંભ. ૪ દોહા. સદગુરૂ શબ્દ વિચારતાં; પ્રગટે જ્ઞાન પ્રકાશ; રવિ ઉગે રજનિ ટળે, હોય અવિદ્યા નાશ. ૧ ફાગણ ફુલ્યો સોયામણો, ફુલ્યો જુજવિ ભાત; જોયાની રચના ઘણી, રંગ જુજવિ જાત. સાંભ. ૧ વિવિધ પેરચની વાસના, ઉઠે અનંત અપાર; મન ભમરો ભોગી થયો, રહ્યો વાસના મોઝાર. સાંભ. ૨ ઠોર ઠોર ધુમ ઢાંકીયા, આશા અમરવેલ; નવ પલવ નૌતમ સદા, કોકિલા કરે કલોલ. સાંભ. ૩ લિલા લલિત સોહામણિ, સોભાનો ને પાર; જન પ્રીતમ એવું જોઇને, રિઝ્યો રૂદીયા મોઝાર. સાંભ. ૪ દોહા. નિર્મલ નેણે નિરખતાં, દરસે નિજ દેદાર; સાગરથિ સહુ ઉપજે, લેહેરિ લોઢ અપાર. ૧ ચૈતરે ચિત ચિદરૂપમાં, થઇ રહ્યું તદલિન; સિંધુમાં ઝીલતાં, થયું નિમિશ માત્ર ન્યારૂં નહીં, જેવું જળમાં મીન. સાંભ. ૧ ચૈતન શુદ્ધ શરિર; સર્વેશ્વર સહુને વિષે, જ્યમ મણકામાં હિર. સાંભ. ૨ જેહેને આધારે સહુ રહ્યું, પીંડને બ્રહ્માંડ; સચરાચર શોભિ રહ્યો, અવિનાશી અખંડ. સાંભ. ૩ બ્રહ્મ જથારથ ભાળતાં, ભાગી મનની ભ્રાંત; પ્રીતમ પ્રીછે પાધરૂં, થાય સમજે શાંત. સાંભ. ૪ દોહા. સદ ચિદ આનંદ સર્વમાં ભરી રહ્યો ભરપુર; દિન રજનિ રહે રંગમાં વરસે નિર્મળ નુર. ૧ વૈશાકે જોતાં વેદમાં, માહા વાયકનું જ્ઞાન; તત્વ મસિતે તુંજ છો અળગો નહીં અન્ય, સાંભ. ૧ જ્યમ વાયુને ખોળે વણટોળીયો, એમ ઇશ્વરને જિવ; વસ્તુ વિચ્યારે એકછે, સમ સુત્ર સદૈવ. સાંભ. ૨ અરસ પરસ રહે એકમાં, જ્યમ તરણિમાં તેજ, ભિન્ન નહિ એમ બ્રહ્મથિ, ઓળખે પદ એજ. ૩ સલીતા સાગરમાં રહે, સાકર માંહિ મીઠાઇ; પ્રીતમ પુષ્પમાં વાસના, એવિ ગુરૂગમ પાઇ. સાંભ. ૪ દોહા. પટતંતુ ન્યારો નહિ, જ્યમ હાટકનો હાર; જડચૈતન જુગદીશમાં, તેજ પુંજ એક તાર. ૧ જેઠે જન્મ સુફલ થયો, જાણ્યા શ્રી જુગદિસ; અખિલ ભુવનનો આતમા, ગુણ માયાનો ધિષ. સાંભ. ૧ વિશ્વ વિચિત્રછે જે વડે, કરે રંગ કલોલ; થંભ વિના થભાવિયું બ્રહ્માંડનું ગોળ. સાંભ. ૨ રમવાને બાજી રચી, ધરિ નવ નવાં રૂપ; સંસે શોક સ્વભાવથિ થયો જિવ સરૂપ. સાંભ. ૩ વિષે વૃતિને અંતરે,

અવરાયો અનંત; પ્રિતમ પોતાને વિસરિ, કરિ પરસું પ્રીત. સાંભ. ૪ દોહા. અંતરજામી આત્મા, મીથ્યા માન્યો ગર્વ, માયાને પડદે રહિ, મોહ પમાડ્યું સર્વ. ૧ અષાડ અમ્રત તણો, વરસ્યો વરસાત; હરિ હરિ સઘળે થઇ રહ્યો, સ્થાવર જંગમ જાત. સાંભ. ૧ ચિત ચાત્રુક રંગે રટે, બોલે મન મોર, જ્યાં ત્યાં ચૈતન્ય બ્રહ્મના, ઉલટ્યા અંકોર. સાંભ. ૨ સુખ સાગર સેજે છલ્યો, સરિતા સુભ સાર, બ્રહ્મ નીરંતર જળ ભર્યો, કોણ પામે પાર. સાંભ. ૩ માણે મછ મગર થઇ, મરજીવા સંત, પ્રીતમ પળ ન્યારા નહિ, રસીયા રસવંત. સાંભ. ૪ દોહા. મહા મુક્ત જાણે જુક્તને, જે આપે અદ્વૈત, અણલ્લંગી આકાશ વત, સ્વેપદ શબ્દાતિત. ૧ શ્રાવણ સાધન શું કરૂં, સમરણને ધ્યાન, અહંકરતા રે ઉઠી ગઇ, થયું સર્વે સમાન. સાંભ. ૧ પંચ કોશ પીંડ હું નહિ,નહિ અંતસ્કર્ણ, ઇંદ્રિ અવસ્થા ઉરમી નહી,નહીં વેશને વર્ણ. સાંભ. ૨ જીવ નહિ ઇશ્વર નહિ, નહિ માયાને માન, ત્રિધા નહિ ત્રિગુણ નહિ, નહિ જ્ઞાતાને જ્ઞાન. સાંભ. ૩ સોહં પ્રકાસિક સર્વનો સાક્ષાત સુદ્ધ સ્વરૂપ, પ્રિતમતે પરમાત્મા, એછે અકલ અરૂપ. સાભ. ૪ દોહા. ચેહેન ચરીત્ર જેને નહિ, સહુનો પ્રેરક સોય, પ્રીતમ તેને પ્રીછતાં, આવાગમન નહોય. ૧ ભાદરવો એક રસ ભર્યો, સચરાચર માંહિ, પ્રલે સમે પાણિ વિના, દીસે નહિ કાંઇ. સાંભ. ૧ કોર કનારો પાળિ નહિ, નહિ આવર્ણ આડ, એક ચિદાનંદ જોઇને,છળ વિદ્યા છાંડ. સાંભ. ૨ સ્વતંતર અંતરે નહિ,બાહ્ય ભિંતરે બ્રહ્મ, એમ જાણે જે ઉપાસના,એછે મોટો મર્મ. સાંભ. ૩ બ્રહ્મ નિષ્ટા પળ નવ્ય ચળે, અનિનતા એહ, પ્રીતમ પુરણ બ્રહ્મશું, જેને સાચો સનેહ. સાંભ. ૪ દોહા. દ્રષ્ટ પદાર્થ જેટલું, તેનો થયો અભાવ,મન મળ્યું તુરિયાપદે તે શું બન્યો બનાવ. ૧ આ સોહંગલોલા અખંડછે, નિરખી નિરધાર, બોધ વળ્યારે આનંદના, સુખ સિંધુ અપાર. સાંભ. ૧ ઇછા ટળી ઇંદ્ર લોકની, અજ પદને કૈલાશ, નહિ વૈકુંઠની વાસના, ભાળ્યો બ્રહ્મ વિલાસ. સાંભ. ૨ અધિકારીને આવશે, સમજણની સાન, મુક્ત થૈ સુખ માણશે, મુકી દેહ અભિમાન. સાંભ. ૩ સદગુરૂની કિ્રપા થકિ, ઉપન્યો આનંદ, પ્રીતમ તે પદ પામીયા,જ્યાં નહિ સુર્યને ચંદ્ર. સાંભ.

૪ દોહા. જાણવું હતુ તે જાણીયું, હવે નથી જાણવું કાંઇ; પોતે પોતામાં ભળ્યો, જ્યમ પાલો પાણિ માંહિ. ૧૨ ઉત્તર સંડે આદર કરેચો, રચિયા બારે માસ; ખુંટજમાં પુરા કરેચા, આણી અંગ ઉલાસ. ૧ સોરઠ રાગ સોહામણો, સુંદરછે સુભ સાર; અક્ષર અક્ષર અતિ ઘણો, અનુભવનો ભંડાર. ૨ સંવત અઢાર આડત્રિશમાં, કીધો એહ વિચાર; ચેતર વદિ તિથિ સપ્તમી ઉત્તમછે ગુરૂવાર. ૩ ગાએ શિએને સાંભળે, કરે રૂદિયે વિચાર, કહે પ્રિતમ તે પામશે, સંશય નહિ લગાર. ૪ અથ રામદાસની બાર માસિ, હરિ ગુરૂગમશું તાળી લાગીરે; સંતો મારી સુરતા અગમં જઇ જાગિરે હરિ ગુરૂગમશુ તાળી લાગિરે. ટેક. કારતકે તે કાંતિ દેખિરે, દેખિને તે દ્વૈત ઉવેખિરે; વિધિ નાથ લખ્યા અંક છેકિ. હરિગુરૂ. ૧ માગસરે તે મારગ ઝીણોરે, ત્રીગુણ ઘાટ ઉતરી રસ પિળોરે; પારચ ગયો રહ્યો નહિ વિણો. હરિગુરૂ. ૨ પોશે પોતપોતાનો પ્રકાશ્યોરે, જનમ્યા પેલો હતો તેવો ભાસ્યોરે; મધ્યે અહંકૃતિનો ભ્રમ નાશ્યો. હરિગુરૂ. માહે માતમ ગુરૂનો પીછાણ્યોરે, તેનો જ્ઞાન રૂદે મહિ આણ્યોરે; શબ્દાતિત શબ્દ કરિ જાણ્યો. હરિગુરૂ. ૪ ફાગણ ફાગ ખેલે સંત ટોળિરે, કરિ મુળ અવિદ્યાની હોળિરે; જેરે રમતાંમાં રામ લિધા ખોળિ, હરિગુરૂ. ૫ ચૈતરે ચિતવન ચિદનું કરિયેરે, ચિદ રૂપ થઇને ફરિયેરે; બ્રહ્માનંદના સુખમાં ઠરિયેરે. હરિગુરૂ. ૬ વૈશાકે વેશ આવ્રણ મુકિરે, ઇંદ્રિ વિશે વિકારથિ રોકિરે; લિધા બ્રહ્મ અંતર અવલોકી. હરિગુરૂ. ૭ જેઠે જઠરા ગરભ દુઃખ ટાળ્યોરે, તત્વ સતરનો લિંગ ગાળ્યોરે; સચરાચરમાં બ્રહ્મ ભાળ્યોરે. હરિગુરૂ. ૮ અશાડેતે આવ્રણ આડેગે, તેના હિરણ્ય ગર્ભને વૈરાટરે; અવ્યાકૃતના સાક્ષિનો ઠાઠ. હરિગુરૂ. ૯ શ્રાવણ સોહં સહુથિ ન્યારોરે, સ્વાસો સ્વાસમાં દેછે હુંકારોરે; તાહારા હાહુંનો ધારણહારો. હરિગુરૂ. ૧૦ ભાદરવે ભવનો આણ્યો અંતરે, મળ્યા બ્રહ્મવેત્તા ગુરૂ સંતરે; તેણે હસ્તામલ ભગવંત. હરિગુરૂ. ૧૧ આસો આશા મુકી ત્યારે ફળનિરે, અધ્યાસને પરવરતુ કળનિરે; ગુરૂયે સાન આપિતે થળનિ. હરિગુરૂ. ૧૨ રામદાસના સદગુરૂ એવારે, મન વાણિમાં નાવે તેવારે; એછે લક્ષ ગુંગાના મેવા. હરિગુરૂ. ૧૩ અથ પરાગદાસના

મૈના. કારતકે મળશે સંગ સદગુરૂ કેરોરે, મારા જનમ મર્ણ મિટજાય ફાવે ફેરોરે; મારૂ શરિર સિતળ થાય ભવ દુઃખ વાંમેરે, વણ કર્મે પંથનો પાર આ રેખામેરે. ૧ માહારા તનમાં ત્રિવિધિ તાપ અગનિ ધિખેરે, તેમાં અધ્યાતમ નિજ નિર લાવી સીંચેરે; મને હરિ હસ્તામલ થાય નજરે નિરખુરે; મુને અધ્યાસન હોય અન્ય ભાસે સરખુરે. ૨ માગસરે માહંત મુજને મલિયારે, અતિ ક્રિપા સાગર પુર અટલક ટલિયારે; માહારા ટળિયા અઘના ઓઘ માહા સુખ દિધાંરે, મારે સત સંગત પરસાદ કારજ સિધાંરે. ૩ આ મુખડે કયેમ કેહેવાય સુખનિ સિમારે, જેને નિગમ નિરંતર ગાય હારનો મહિમારે માહારાં નયણા ત્રપત ન થાય નિજ પદ નિરખીરે, અતિ આનંદ અંગ નમાય હડે હરખ્યાંરે. ૪ પોસે પુરણાનંદ પ્રગટ પામાંરે, હુંતો ભવસાગરનાં દુઃખ સર્વે વામિરે; મુને મેહેર કરિ માહારાજ માહા પદ આપિરે, દુઃખ જનમ મરણ અવતાર નાંખ્યા કાપીરે. ૫ મે ખરિ કરિ નહિ જેપ બહુ દિન ખોયારે, હવે મનના માન્યા માવ નજરે જોયારે; મે પ્રેમ શુધા રસ પાંન પુરણ કિધાંરે, માહારા હરિગુરૂ દિન દયાલ મહા સુખ દિધાંરે. ૬ માહા માસે માહારાજ બ્રહ્મનિધ ભરિયોરે, પિંડ બ્રહ્માંડ અખંડ સનરસ દરિયોરે; લેહેરી લેહ અનંત જગદાકાંરરે, વળિ ઉપજે ને સમાય બ્રહ્મના ધારેરે. ૭ મિથ્યા સારવે ભુત નજરે નીરખ્યુંરે; આ ઉપન્યું તે અલપાય સપના સરખુંરે, આત્રગ જળવત સંસાર અણછતો દિસેરે, પડછાયો પિંડ સમાય સવિતા સિસેરે. ૮ આ ફાગણ માસે ફાગ ઘટ ઘટ ખેલેરે, આ ભાતભાતના વેશ ભાવના મેલેરે; આ ફુલ્યો ચિદ પલાશ વિસ્વે ફુલેરે માંહે સોહં ભરમર ગુંજાર કુસુમે જુલેરે. ૯ અનહદ વાગે તુર રેમણરેટ લાગિરે એવી મહદાનંદનિ મોજરંગ વિભાગિરે; પિચકારિ પંચ ભુત સ્થુલતા કેરિરે, તે સુરત સખિને હાથ ખેલે હોરિરે. ૧૦ આ ચૈતરે ચેતન એક સચરાચરમાંરે, આ ખેલે આપ અલેખ નારિ નરમાંરે; આ એક થયા અનેક આપે માણેરે, કોઇ પટતંતુ નહિ ભેદ તાણે વાણેરે. ૧૧ સુત મણિવતરામ પુર્ણ પોતેરે, આ સ્થાવર જંગમ એક જોયો જાંતેરે; માહા કારણ મહારાજ કારણ થઇનેરે; સ્થુલ સુક્ષ્મનો પ્રકાશ

અળગો રહિનેરે. ૧૨ આ વૈસાકે વિલાશ સચ્ચિદાનંદનોરે, આલોક ચતુર દશ ભાસ બ્રહ્માનંદનોરે; અજર અમર અછેદ વચને નાવેરે, આ નાના વિધના વેષ તે હરિ લાવેરે.૧૩ જેના સંત સદા જશ ગાય વેદ વખ્યાણેરે, તેને દયા કરે ગુરૂદેવ તે જન જાણેરે;આરામ સુધારસ પાન જે જને કિધુરે, તેને વિષયાવત સંસાર ચિત નચ્ય દિધુરે. ૧૪ જેઠે ડેઠજ જાય પુર્ણ પદ પામેરે, તેહેને સમરસ ભોગ વિલાસ નાવે હદમાંરે; વિહુંગમ કેરિ વાટ વણ ક્રમે જાણેરે, તેરૂપ વહુણુ રૂપ કર વિના ખાવુંરે. ૧૫ મુખ વિના રસ પાન પુર્ણ કરવુંરે, આ નેત્ર-વહોણુ ધ્યાન નિસદિન ધરવુંરે; એ અનુભવતાં અદ્વૈત આપે થૈયેરે, છે સદગુરૂ કેરિ સાંન સમજિને રહિયેરે. ૧૬ અશાડે અખંડ ચિદ ઘન ચડિયોરે, આ વિસ્વ વાદળિયો વ્યોમ માંહ દરવડિયોરે; ગાજે ઘોર અભિર અખંડ ઝડ લાગિરે, ક્રોધ તરવેણીને તિર પિયે ભડ ભાગીરે. ૧૭ જેહેના સંત સલુણા મોર વચન પ્રકાશેરે, આ વિજલી સદગુરૂ સાન તિમર નાસેરે; આ સ્થુલ અવનિ અંકુર અનુભવ જાગેરે, આ હરી હરી હરીયાં હોય ગ્રિષમ ભાગેરે. ૧૮ આ શ્રાવણ શ્રવડાં જોર આનંદ ઉઠેરે, આ પવન ચકર નરૂ લોભ સાખા તુટેરે; તું ઉઠ ઉઠ અચેત જનને જાગીરે, આ તરવેણિને તિર તાળિ લાગિરે. ૧૯ આ વરસે અનહદ નુર અંબર ગાજેરે, આ ગંગા જમનાં પુર નિરે નિરે બિરાજેરે; તે તિર્થમાં જો જન નિત્ય નિત્ય નાશેરે, તેહેને સુખ આનંદના ઓઘ એ અભ્યાસેરે. ૨૦ આ ભાદરવે ભરપુર સહુ ઘટ સ્વામિરે અખીલ ભોવનમાં એક અંતરજામિરે; આ અરધ ઉરધને મધ્ય સ્થુળ નચ્ય થાયરે, અસ્થિર પુરણ અવીનાશ આવેન જાયરે. ૨૧ આસભર ભર્યો ભરપુર ઠામન ઠાલોરે, તે ઓળખિલ્યો અખંડ માહા નિશ્ચ્ય માહાલોરે; એ ઉપનીસદનો અર્થ જે જન આસેરે, તેહેને બ્રહ્માંડ કેરો ભાવ અણુ નચ્ય ભાસેરે ૨૨ આ આસો માસ અખંડ રાસ વિલાસેરે, આ રમવા સરવે પિંડ રહ્યા પ્રકાશેરે; આ અંગ અદંગ ઉપંગ મોરલિ વાગેરે, સહુ સખિયું કેરે સંગ બ્રહ્મ વિરાજેરે. ૨૩ હરિગુરૂ સંતનિ સેવ જે જન કરશેરે, શ્રવણ મનન નિધ્યાસ તે જન તરસેરે; એ નિત્ય કરજો અભ્યાસ મહીના ગાજોરે,

કહે પ્રાગો ગુરૂ પ્રસાદ નિરમળ થાજોરે. ૨૪ અથ પ્રિતમના મૈના. કારતકે કાં ચેત્યો નહિ મુઢ ગમારરે, આ અવસરમાં; જનમ ધરિ ન જાણ્યા જુગદાધારરે. આ. ૧ સામાટે તે ભુમી ભારે મારીરે, આ. અમુલખ હરી હિરો તું બેઠો હારીરે. આ. ૨ દસ મસવાડા માતાને દુખ દિધુંરે, આ જનમ ધરિને સાધન કાંઇ નવ કિધુરે. ૩ ગમાઉ જેને ગિરધરલાલ ન ગાયારે, આ. કહે પ્રિતમ વસ્તીમાં લુટાયારે. આ. ૪. ૧ માગસરે માહા દુખ વેઠિ કિધી મેરરે, આ. તે પ્રભુને તેં ન સંભારેચા ઘેરરે. ૧ જઠરામાં તુને જતન કરિને રાખ્યોરે. આ. અચેત નર તારી શે ન ઉઘડી આંખ્યોરે. આ.૨ નેન નાસિકા શ્રવણ અંગે આંકારરે, આ. મનુષા દેહનું મુળ નહિ નિરધારરે. આ. ૩ તે પ્રભુનો તું ગુણઓસીગણ નથયોરે, આ. કહે પ્રીતમ તેનો જનમ અકારજ ગયોરે. આ. ૪. ૨ પોસે પાંમર પ્રાણી કાંઇ ન પ્રીછેરે, આ. હરીપદ મુકી માયા સુખને ઇછેરે. આ. ૧ કાંમ ધાંમને ધનને કાજે ધાયોરે, આ હરી નવ જાણ્યા પરથમ ખોટો પાયોરે. આ. ૨ તેમ તેમ ત્રષ્ના વાધી ગઇ વિપરીતરે, આ. ન કરેચો સત સંગ રાખિ કુલના રીતરે. આ. ૩ સત સંગત દુર્લભછે હરિ હર અજનેરે આ. પ્રીતમના સ્વામિને ભાવે ભજનેરે. આ. ૪. ૩ માહા મહિને માયા રસ ચાખ્યો મુઢ ગુમારરે, આ. ગર્વ તજી નવ ગાયા અખિલાધારરે.આ.૧ જેને હરિ માર્ગનો મર્મ ન લાધોરે, આ. તે પ્રાણીએ ફોગટ ફેરો ખાધોરે.આ.૨ અપરાધી અહંકારે ઊંધું વાળ્યુંરે,આ. હરિપથઇને હાથે હારદ ખોળુરે. આ. ૩ સદગુરૂ સંગે સરવાળો નસાધોરે, આ. પ્રિતમ પોતાનો મન ન પરમોદરે. આ. ૪. ૪ ફાગણ મહિને ફુલ્યા નવરંગ ફાગરે, આ. કોઇક લાભ કમાસે હરિના લાલરે. આ. ૧ સંસાર સોદો સમજે તેને સારરે, આ. નિકર અંતે ઉગરવાની છારરે. આ. ૨ તે જેમ આયુંતે તેમ જાશ સહુ કોયરે, આ. કોઇક કમાશે કોઇક જાશે ખોઇરે. આ. ૩ હરિને ભજતાં આવે ભવનો પારરે, આ. કહે પ્રિતમ એવું ઉર અંતરમાં ધારરે. આ. ૪. ૫ ચેતર ચંચળ ચપળ ચિતના ચાળારે, આ. રૂદિયે રાખો રામરટણની માળારે. આ. ૧ કામક્રોધ મદ લોભનિ લહેર ન લાગેરે, આ.

જેનું મન પ્રોયું પુરણ ધાગેરે. આ. ૨ મુલ પ્રણવ ધુન્ય સનેહ ધરિ સાંભળિયેરે, આ. ભજન કરિને બ્રહ્માનંદમાં ભળિયેરે. આ. ૩ અખંડ સુરનિ સેજ સમાધિ લાગેરે, આ. પ્રીતમ પ્રભુને ભજતાં ભવ દુખ ભાગેરે. આ. ૪. ૬ વૈશાકેતો વસમિછે એની વાટરે, આ. અગ્રી આંટી ઓડા ઓઘટ ઘાટરે. આ. ૧ કાચા પોચાનુંતો નથી ત્યાં કામરે, આ. સુરા પુરાનો એછે સંગ્રામરે. આ. ૨ પુરા હોયતે પુરણ પદને પરસેરે, આ. મરજીવા થઇને બ્રહ્મરંદ્રે હરિ દરસેરે. આ. ૩ દસે નાદનાં ગડગડિયાં નીશાનરે, આ. કહે પ્રિતમ પદ પામેછે નિરવાણરે. આ. ૪. ૭ જેઠે ઠેઠ ઠરી બેઠા ઠેકાણેરે, આ. જે જન જિવ ઇશ્વરના પરિયા જાણેરે. આ. ૧ દેહાતિત પણ દિસંતા દેહધારીરે, આ. ચડિન ઉતરે લાગિ બ્રહ્મ ખુમારીરે. આ. ૨ તેને અવતરવાનિ શાંની આશરે, આ. સાક્ષાતરૂપિ સઘળે તેનો વ્યાપેરે. આ. ૩ સહુના પ્રેરક સહુના મનની જાણેરે, આ. કહે પ્રિતમ ત્યાં ઓપમા કેહેની આંણેરે. આ. ૪. ૮ અશાડ માસે પુનરપિ નાવે તેહરે, આ. જેને નિરભે નારાયણ શું સ્નેહરે. આ. ૧ રવીના કીરણ સરિખી તેહનિ કાયરે, આ. દેહ દમણનાં દુખડાં ફરિ ન થાયરે. આ. ૨ ગતિ કરે તે સપ્તદ્વિપ નવખંડરે, આ. લોક ચતુર દસ એકવિસમો બ્રહ્માંડરે. આ. ૩ જળ સ્થળ જંગમ સઘળે તેહેનો વ્યાપરે, આ. કહે પ્રીતમ એ કરતા હરતા આપરે. આ. ૪. ૯ શ્રાવણ શ્રવણ મનનનીદ ધ્યાસન કરિયેરે, આ. બાકી સરવે પરપંચને પરહરિએરે. આ. ૧ સતસંગ કરતાં તરિયે ભવ સંસારરે, આ. વિષ ન વ્યાપે કાપે કોટિક પાપરે. આ. ૨ હરીકથા કીરતન કલજુગમાં કરિયેરે, આ. ધીરા રહોને ધાન ધારણા ધરિયેરે. આ. ૩ જોગ જુતીસે સદા સમરણમાં રહીએરે, આ. પ્રિતમ પ્રભુને ભજતાં પાવન થૈયેરે. આ. ૪. ૧૦ ભાદરવે ભરપુર હરિને ભાળોરે, આ. હું મારૂં અહંકાર રૂદેથી ટાળોરે. આ. ૧ ત્રણ માત્રતો હરિ વિના નવ હાલેરે, આ. કિડિ કુંજર ચૈતનતાયે ચાલેરે. આ. ૨ કિટ ઇંદ્રતો આતમ દ્રષ્ટે એકરે, આ. ગુરૂગમ જોઇ એ જ્ઞાન વિવેકરે. આ. ૩ ગુરૂ ગોવીંદના ઘરની જેહેને ગમરે. આ. કહે પ્રિતમ એછે બ્યમનું

ત્મમરે. આ. ૪ ૧૧ આસોહંગ બ્રહ્મ ભજો રૂદીયા મોઝારરે. આ. ઉઠે અજંપા ષટ એકવીસ હજારરે. આ. ૧ તે ઉપરછે અખંડ બ્રહ્મનો ખેલરે, આ૦ ઓંકાર માંહે થીઇ રહી રંગની રેલરે. આ૦ ૨ કોઈક જાણે રસોયાતે રસ પીવારે, આ૦ જેમ ડુબકિ મારે દરિયામાં મરજીવારે. આ૦ ૩ દિનદિન પરતે ચડે ચોગણો રંગરે, આ૦ કહે પ્રિતમ કરો સતગુરૂ સંતનો સંગરે. આ૦ ૪ ૧૨ તીથી. આમાં વસ્તુ અનોપછે, જાણે વીરલા જન કોય; ભવ વિષેરે ભટકે નહી, જેને ગુરૂગમ હોય, સતસંગ કીજેરે સ્નેહશું.૧ પડવાની આ સહુ સૃષ્ટિછે, માટે હરીનિતું જાણ્ય; જેજન હરીને ભજ્યા નહી, વાંઝ પયોધરરે જાણ્ય. સત. ૨ બિજેશું મોહ્યો બાપડા, મિથ્યા માયા વેહેવાર; તેદેખી રખે રીજતો, સુપના સરખો સંસાર. સત. ૩ ત્રિજે સદગુરૂના શબ્દથી, ભવજળ પેલેરે પાર; આવો દાવ આવે નહી, મોંઘો મનુષા અવતાર. સત. ૪ ચોથા પદનીરે સાંન્ના, સદગુરૂ શબ્દે સમજાય; જનમ મરણનીરે આપદા, તેતો તતક્ષણરે જાય. સત. ૫ પંચમ સાર શિરોમણી, જેણે જાણ્યા જુગદીશ; સર્વસ રાયરે તેહને, વંદે વિભુ અજ ઈશ. સત. ૬ છઠે સમજ્યો નહી, નીજ આત્મા કીધો અવર ઉપાય; બીજ ખોયાં બંબોલનાં, આંબ ફ્લ ક્યાંથીરે થાય. ૭ સાતમી ભોમીકા જ્ઞાનની, સદગુરૂ ચોજે ચડાય; સંશે શોક ભવ સોચના. સર્વ સમુલીરે જાય. સત. ૮ આઠે અંગરે જોગનાં, સાધન કઠણ કહેવાય; સદગુરૂ કેરારે શબ્દથી, સેહેજે સુલભ થાય. સત. ૯ નવ પલ્લવ દેહ દ્રુમમાં, પક્ષિ બેઠાંછે બેય; કોય કોયને દેખે નહી, આપ આપણા રંગમાં રેય. સત. ૧૦ દશદલ પુષ્પની પાંખડી, મધુકર બેઠો છે માંઈ; સુખનો ભોગી ભાવે થયો, જોખ્યમ જાણ્યું નહી કાંઈ. સત. ૧૧ એક દશામાં તુંઆવીને, સદગુરૂ ભક્તિરે માણ્ય; શિવ વીરંચીને સારદા, તચે જોડીકર પાણ્ય. સત. ૧૨ દ્વાદશ કુંદમાં જેકહ્યું, શ્રીમુખ શુકજીની વાંણ્ય; તેને તપાશી તુંદેખજે, ઉઘડે અનુભવ નીવાણ્ય. સત. ૧૩ તેરસ પીતાં કૈંતરિ ગયા, ઉધર્યા અનંત કોડ્ય; સદગુરૂ હરીની ઉપાસના, બિજા બંધન ત્રોડ્ય. સત. ૧૪ ચૌદ ભોવનમાં તુંચીનજે, કરજે તત્વ વીચાર; પરપંચ મુકેતુ પરહરી, સમજે સારમાં સાર. સત. ૧૫ પૂર્વ પુન્યે તુ પામીયો, સદગુરૂ કેરોરે

સંગ; પ્રીતમ પ્રેમે પાવન થયો, રૂદે લાગ્યો હરી રંગ. સત. ૧૬ તીથો ૨ પડવાનો પ્રથમ જાણિને, ભજ ભાવે સૂરંગ પ્રાણીને; સુંએઠો આળસ આણીને અજ્ઞાની અચેત. આજ કાલ કરતામાં અવસર વીતો, કર હરીસું હેત, મનમાં મર્ણ થકી મુર્ખ નથી બીતો. ૧ બીજે મન બાંધ્યુંછે તારૂં, તું સમજ્યો નૈનરેનું સારૂં; જેમ સેમણ તેલે અંધારૂં. અજ્ઞાની. ૨ તરીજાતાં વાર કસિ તારે, તું ફરીફરી આયો આપે; તું જીતી બાજી કાં હારે. અજ્ઞાની. ૩ ચોથો દેહ ચેતન વુરીવાનો, નૈ પાર જડે હરી દરીયાનો; રખે ગરવ કરે ગુણ કિયાનો. અજ્ઞાની. ૪ પંચ તત્વ મળી આપીંડ રચ્યો, નખશિખ સુધી મળમુત્ર મચ્યો; હરી વિસારી માયામાં પચ્યો. અજ્ઞાની. ૫ ષડ વિકાર એદાંને નાખે, તું જાગે અનુભવની આંખે; એક રામ રટણ રૂદીયે રાખે. અજ્ઞાની. ૬ સ્વાંત આવેતો તું સમજ પેર, રખે અમૃત તજીને પીયે ઝેર; ચિત નેણ એણતું રાખ્ય ઠેર. અજ્ઞાની. ૭ અષ્ટાંગ જોગજે સાધેછે, તોય ક્રોધ વિરોધ મન વાધેછે; ભવ તરવા હરીને આરાધેછે. અજ્ઞાની. ૮ નવધ્યામેં એકે આચરશે, સંસાર સાગર સેહેજ તરશે; તેગરેભવાસ સાંને ફરશે. અજ્ઞાની. ૯ દશ લક્ષણ દાસાતણ ધરશે ગુરૂ ઇશ્વરના ભક્તિ કરશે; ચડ્યો ચોલ રંગ ક્યમ ઉતરશે. અજ્ઞાની. ૧૦ એકદશા અવિલોકન કરજે, કાંઈ હરી વચન ચિતમાં ધરજે; પરમારથ પંથે પરવરજે. અજ્ઞાની. ૧૧ દ્વાદશ અક્ષર ધ્રુ જાપ જપ્યો, તે અચળ થઈ આકાશે તપ્યો; હરી ગુણ ગાયાતે કુણ છપ્યો. અજ્ઞાની. ૧૨ તેરસનું તત્વ જયુ જેને, બ્રહ્માનંદ બ્રહ્માંડ થયું તેને; તે રાગ દ્વેષ કરશે કેને. અજ્ઞાની. ૧૩ જુવો ચૌદલોક સચરાચરમાં, વ્યાપિક બ્રહ્મ નારી નરમાં; તરૂ ફળમાંહી ફળ તરૂવરમાં. અજ્ઞાની. ૧૪ પુરણ પદ પામ્યા તેસાચું, એના ક્રતબ્યમાં નમળે કાચું; કહે પ્રિતમ પ્રેમ ભક્તિ જાચું. અજ્ઞાની. ૧૫ તથો ત્રીજી ૩ પડવે એ પીડછે કાચોરે, પરમારથ પ્રિછો; હરી ગુરૂ સંતોને સંગેરે. આતમ લાભ પ્રછો. ૧ બિજે બિજી વાતોરે, સહુ મનથી મેલો; ચિતમાં ચેતી ચાલોરે, આઅવસર છે છેલો. ૨ ત્રિજે ત્રણ ગુણનીરે, આવીછે આંટી; આળછે મહા અઘરીરે, માયાની ઘાંટી. ૩ ચોથે ચાર દિવશનોરે,

દનિયાની લટકો; તેસુખને સત્ય માનિરે, કાં ભવમાં ભટકો. ૪ પાંચમે પંચ વિષેનુંરે, પરી બળછે મોટું; શુધ વિચારે વરતોરે, એલોમાં ખોટું. ૫ છઠે છકયો ખટ રસમાંરે, સઠ સમઝોને કાંઇ: આઠપોર એમ ઝીલરે, માયા જળ માંઈ. ૬ સાતમે સુરત નુરતસુરે, સાપ વસું એલો; મન ઇંદ્રિનિ માયારે, સહુ મનથી મેલો. ૭ આઠમે અખંડ વર વરિયેરે ફરિયે નહિ ફેરા, ધ્યાન હરિનું ધરિયેરે; ટળે તાપ અનેરા. ૮ નોમે નથિ હરિ અળગારે, જુવો ગુરૂગમ જડશે; અંતરમાં અનુભવ નિરે આંખ્યો ઉઘડશે. ૯ દશમે દશા પરવરિયેરે વિહંગમ વાટે. ગગન મંડલ ઘર કરિયેરે; માહા સુખછે માટે. ૧૦ એક દશામાં આવોરે, અમૃત રસ પિવા; તિમર ટળિ જાય તારારે, પ્રગટે બહુ દિવા. ૧૧ દ્વાદશ આંગુલ દરશેરે, પરશે કોય પુરા; અણિ અગર પર એલરે, સાચા સંત સુરા. ૧૨ તેરસે તારન તુટેરે, લાગી તેશું તાળી; ભલા ભલા માહા મુનીવરરે, રહ્યા ભાવે ભાળી. ૧૩ ચૌદશે એક ચરાચરરે, અખંડ અવિનાશી; બાહ્યા ભિતર ભરિયારે, જુવો તનમાં તપાશી. ૧૪ પુનમે પરમાતમારે, પુરણ કરી પેખ્યો; એમ વશે હરિ સહુમાંરે, હસ્તામલ દેખો. ૧૫ પંદર તથ્યું થૈ પુરિરે, સિખે જે ગાય; કહે પ્રિતમ તેના પિંડમાંરે, પ્રભુ પ્રગટ થાય. ૧૬ તીથો. ૪ આમાંતે વાસો વશો રહ્યો, તેનો તું કરને તપાસ; દેવમ જાણિ દુરેચછે પ્રભુ પોતાની પાસ; ગુરૂગમ કરિને ગોત જે સોધિને ગ્રહજે સાર. કે હરિ એમ ખાંતે કરી, પ્રીછે તો પામિશ પાર. ૧ પડશેતે પીંડ પરપોટડો, ઉપન્યોતે અળપાય; તેમાટે કહું તુજને, હેતે હરિગુણ ગાય. સંત સમાગમ કિજીયે, લિજીયે વિવેક વિચાર. કે હરિ. ૨ બિજે અંકુર બહુ ફુલ્યો, વૈરાટ રુપિયું વ્રક્ષ; સ્થાવર જંગમ જળ સ્થળ, જિવ ચોરાશી લક્ષ. હરતાંને ફરતાં આવિયો, ઉત્તમ મનુશ અવતાર. કે હરિ. ૩ ત્રિજે અવસ્તા તાહરી, કંપવા લાગી કાય; જોબન જુઠુ સનેહ ઘણો, મોહ મમતાને વાય. કાયાને માયા કારમી, વણસતા નૈલાગે વાર. કે હરિ. ૪ ચોથે ચારે વેદનું, હારદ આવ્યુંછે હાથ; કેહેવાને ગ્રેહવા કાંઇ નથી; નથિ જાત અજાત. એક અખંડિત આત્મા, નિશ્ચે જાણો નિરધાર. કે હરિ. ૫ પંચ મળી પિંડ ઉપન્યો, જેમ જમાવ્યુ બરાસ; આદ્ય અંતે નામ

રૂપ નહિ, તેમાં રહ્યુંરે સમાય; જ્યેમ જળ મધ્યેતો રંગડા, ઉઠે અનંત અપાર. કે હરિ. ૬ સઠમ જાણીસ માયરૂં તાયરૂં નથિ લગાર, સંજોગે સહુ આવી મળયું; વળતું વજોગે જાય, અનેક જનમ એમ વૈગયા વણસતાં વારંવાર. કેહરી. ૭ સાત્વીક જ્ઞાને ગોતીયે આત્મા એક અખંડ, પ્રકૃતિ બુદ્ધિને પરહરો વ્યાપીક પિંડ બ્રહ્માંડ; સુત્રમણી એક આતમા, છે સિદ્ધાંતનું સાર. કેહરી. ૮ આઠામે કોઈ થિર નહી સર્વે વટાઉ જાણ, મારૂંને તારૂં શુકરો મેલો મનની તાંણ; ધરથકી ધાયે ધર્મને, કર્મ કલેશ નિવાર. કેહરી. ૯ નમીયે આતમ દેવને સેવા સિરોમણી સાર, અનુભવી ગુરૂને આરાધીયે વાણિ રહીત વિચાર; મત પાખંડ મેલી કરી; ગુરૂ ચરણે ચિત્ત ધાર. કેહરી. ૧૦ દશમે દશેદિશા પુરી રહ્યો પોતેછે પૂર્ણ બ્રહ્મ, ઠામ નહી ઠાલો હરી વિના મહાજન જાંણે મર્મ; જ્યાં જેવો ત્યાં તેવો થૈરહ્યો, આપે અનંત અપાર. કેહરી. ૧૧ એક દિશા એમ વર્ત્તવું શબ્દ વેંધે સોઈ, જીવ શિવનો સંશે ટળ્યો ભીન ન ભાસે કોઈ; વાણિ ન પોચે વૈખરી, બુઝવું બાવન બારેચ. કેહરી. ૧૨ દ્વાદશ આંગુલ આપમાં સોધી જુવે કોઈ સંત, ખટ ચક્ર વેંધી ચડે ત્યારે પામે તંત; જલહલ જ્યોતિ જગમગે, ટળે તિમર અંધકાર. કેહરી. ૧૩ તેરસ પીવે પ્રેમસું સૂરા સંતસુ ધીર, ગંગા જુમનાં સરસ્વતિ હંસ ત્રવેણી તીર; ગગને ગાજે વિજ ચમકે વરષે અખંડા ધાર. કેહરી. ૧૪ ચૌદશે ચંચળ મન ફરે તેનેતું સ્થિરકરી જોય, ગગન ઝરૂખે મોહોલમાં બેઠા સદગુરૂ સોય; નામ રૂપ તેને નથી વાણી રહીત વિચાર. કેહરી. ૧૫ પૂર્ણદશા હોય જેહને રૂદે રઘુનાથ, મનક્રમ વચને વિલસી રહ્યો; ચિત સદગુરૂજીને પાસ, અનન્યભાવે હરીને ભજશે તજશે દ્વૈત વિકાર. કેહરી. ૧૬ સોળ તીથેંજે સમજસે ગાયને ગ્રેસે સાર, કહે હરી એમતે એકશલે ઉતરે ભવજળ પાર; ગેબીનાથ ગુરૂ ભેટીયા મન ઉપન્યો આનંદ, સકળ સભા સહુ ઓચરો જેજે સચ્ચિદાનંદ. ૧૭ પદ રાગ કેદારો.

સંતોરે શાંશાં રૂપ વખાણું, વિનાર ચંદારે સુરજ વિના વાયુંછે વાંણું. સંતો. ૧ નેજા રોપ્યા નીજ ધામમાં, વાજાં અનહદ વાજે; ત્યાં હરી જન બેઠા અમ્રત પિયે, માથે છત્ર બીરાજે. સંતો. ૨ નુરત્ય સુરત્ય

ની શેરીયે, અનભે ઘર જોયું; જલમળ જોત્ય અપારછે, ત્યાં મારૂં મન મોયું. સંતો. ૩ વણરે વાદળ વણ વિજળી જળ સાગર ભરીયું, ત્યાં હંસ રાજા ક્રિડાકરે; ચાંચે મોતી ગ્રયું. સંતો. ૪ માનસરોવર ઝિલતાં, ત્રુ તારૂં તપાશે; તેને કાંઠે વસે એક નાગણી, જાળવે નીકે ખાશે, સંતો. ૫ તાંહાં જળમળ જોત્ય અપારછે. સુંન્યમાં ધુંન્ય લાગી; અખો આનંદશું ત્યાં મળ્યા, ભવ ભ્રાંત્યજ ભાગી. સંતો. ૬ પદ ૧ સંતોરે સોહં પદતે સાચું, સેજ્ન્ય શુન્ય સમાધી વીના; જાણો સર્વે કાચું. સંતો. ૧ કાચું મન એવું જાણવું, જ્યમ કાચો પારો; શુદ્ધ નીરાશ થયા વીના, નવ્ય હોય નિસ્તારો. સંતો. ૨ જોગ જગ્ન તપ તીરથ, એકતછે મનનું; મન ઉભે સર્વે ખરૂં. મન બીજછે તનનું. સંતો. ૩ ભાઈ બીજ બળયું નહી જ્યાંલગે, થાયને થીરતા નહીં; ફરે જુગે જુગે. સંતો. ૪ અનુભવ એવો કીજીયે, મનની જડ જાયે; મન મુવા પછે માનવી, વસ્તુ રૂપે થાય. સંતો. ૫ ખગાકાર વિના ખેવીએ, ભાઈ ન રેવાય લીંગ ચતુષ્ટે; જોગ લેતો અંવત થાય. સંતો. ૬ સમજીને સાધન સાધવું, અણુલીંગીની આસે; મહા પુરૂષ ગોટા હવા, તેતો એજ ઉપાસે. સંતો. ૭ તત્વ દરશી તેતત્વને, એની પેરયે જાણે; અખો એમ સમજી રહ્યો, જેને વેદ વખાણે. સંતોરે શાંશાં રૂપ વખાણું. ૮ પદ ૨ સંતોરે દેવ ડંકા દીધા, મનરે પવન પોચે નહીં; સોઘર સેજે લીધાં. સંતો. ૧ ઘેન ધુઘટમાં ઘેરી રહ્યો, કાયા માયાને ધાવે; ઘટરે ધુઘટ અળગો કરે, સાંયાં આપ બોલાવે. સંતો. ૨ ચીંતામણી એક વૃક્ષછે, જેને ગગનમે મોરયો; ફળ લાગ્યાં ફુળ વિસ્તરચાં, ત્રણ્યે ભવનમે ફોર્યો. સંતો. ૩ રસલ જપવો રામને, ગળવો પાનનો બિડલો; રંગ સોરંગ જાણ્યા વીના, ખાધો નવ્ય ગણવો. સંતો. ૩ પ્રથવી વિના પગ પ્રઠવો, વણ વાટે દીવો; જે ઘેર જાવું મુવા પછે, તે ઘર જીવતાં જુવો. સંતો. ૫ કાયા કાષ્ટને હુતાસણી, મિથ્યા વિના નવ્ય સુજે; અક્ષર અક્ષરને ઓળખ્યો, એપદ અખોજી બુજે. સંતો. ૬ પદ ૩ જાવુંતે સદગુરૂજીને શરણે, જેપ્રત્યક્ષ પ્રમાણે પ્રિછવે; બોલે નહી આવરણે. જાવું. ૧ ભાઈ હુંતુંજો હમણા ટળે, તો આગલ્ય એવું; જીવતે જથાર્થ ઉપજ્યું, કાંઇ નહતુ તેવું. જાવું. ૨ ભાઈ વસ્તુવિષે

કહેવા નથી, જોતાં ગુરૂ દ્રષ્ટે; નામ રૂપ ગુણ કરમ, જેતે થયું નથી અષ્ટે. જાવું. ૩ ભાઈ મિથ્યાનું મિથ્યાપણુ, સત ભાશુ સરવે; જેહને ઉપજે કાંમના, તેતો લાગ્યા કરવે. જાવું. ૪ ભાઈ અણલીંગી ઉપદેશતે, અણલીંગી આપે; બિજાતે બિજુ વદે, જીવ જાડેરો થાપે. જાવું. ૫ એક મેવ અદ્વૈતજે, ત્યાહા વચન લાગે; મનનાં કૃત તાહાં નવ ખપે, એક અનુભવ જાગે. જાવું ૬ એ મહા કલાછે મહા પુરૂષને, જો આપોપુ ઉગે સુખમ વેદ; શ્રીગુરૂ કહે કોય કને પુગે. જાવું. ૭ સમઝતાં સ્વામિ મળે, જોલક્ષ લેવાયે; એઉગ્ર બુદ્ધયે લેઅખા, અણચવ્યું ગાયે. જાવું. ૮ પદ ૪ સંતોરે સચ્ચિદાનંદ સ્વામી, પુર્ણબ્રહ્મ પુરી રહ્યો એકલો બહુનામી. સંતો. ૧ ગીરી ગુહાવન વાટીકા, પુર્ણ રૂપે પોતે; સાગર સલીતા શ્રીહરી, ભાગ્યો ભર્મ જોતે. સંતો. ૨ દેવ દાનવ માનવ મુની, દશો દિશાયે દેખો; અન્યનહીં કોઈ એથકી, એમ દ્વૈત ઉવેખો. સંતો. ૩ જકતતે જગદિશછે, આતમ નથી અળગો; ત્યાં ઊંચ નીચજે દેખવું; તેતો ભર્મજ વળગ્યો. સંતો. ૪ આપે આપજ ઉલશું, બ્રહ્મ પોતે ભાઈ; વટબીજ જેમ બીલસીયું, જેમ રેહયુંતું સમાઈ. સંતો. ૫ સગુણ ધરાવું શોભવા, નિર્ગુણછે શમશા; આદ્ય અંત વિચારતાં, આવે રાજ દશા. સંતો. ૬ તેજ ભક્ત તેજ જ્ઞાતવા, તેતો પંડિત સાચા; તે જોગેશ્વર મહામુની, જેહની બ્રહ્મમય વાચા. સંતો. ૭ વેધાતા એક ધામમાં. જાણો બ્રહ્મ કલોલ; આતમ સીંધુમાં અખા કરો, ઝાકમ ઝોલ. સંતો. ૮ પદ ૫ સંતોરે લેજો વસ્તુ વિચારી, આકાશથિ આઘેરકું ચાલવું; સુંએઠાછો હારી. સંતો. ૧ ડુંગર ઉપરચ્ચ ડુંગરી, તેઉપરચ્ચ એક દેરિ; તેમધ્યે એક દેવછે, સંતો લેજો હેરી. સંતો. ૨ પવન તેજને પ્રથમી, અંબરને અંબુ; પાંચે શુંન્ય સમાવતાં, સેસરે એતો સંભુ. સંતો. ૩ ગુણાતિત ગોવિંદછે, તે ગુણ કયમ પામે; સહ્યા સહિત તરી, જાવું આરે સામે. સંતો. ૪ વાદ વિવાદ ન કિજીયે, આદરમાં રેયે; જો ચાકરિયેથી ચુકિયે, તો પદ મુલગેથિ જૈયે. ૫ સંતો. અણછતુ તે છતુ થાતા, છતિલે થાશે; અજ્ઞાન આ જિવનું, જાણ્યા પછિ જાશે. સંતો. ૬ આપ સમાવોરે બાપમાં, બાપ જાપમાં ગાળો શબ્દાતિત ઓળખો, અખા બોલે બોલણહારો. સંતો. ૭ પદ ૬

ભાઈયોરે બ્રહ્મભાવતે આણો,થિર પુર્ણ એક આત્મા સઘળે પરમાણો ભા. ૧ બ્રહ્મભાવ જાણ્યાવિના, અનુભવ નવ્ય વાધે; અનુભવ ત્યાં હુંતું ટલે, એમજ વસ્તુ લાધે. ભા. ૨ ભાઇ વસ્તે વસ્તજ પાંમિયે, એ સાધન સાચું; લેહે લાગ્યા વિના જાણજો, એતો સરવે કાચું. ભા. ૩ શુન્ય મંડળમાં સ્વામિને જુવો તમો સબલો, નાથ નિરખતાં નેત્રથી જાય દ્વિતનો કમલો. ભા. ૪ દ્વિત સહિત અદ્વિતનો અનુભવ નહિ આવે, વસ્તુ વિચારી જેના મન સેહેજે સમાવે. ભા. ૫ જનક સનક શિવ સેષના અંતરનો આસે, રામ ક્રષ્ન વસીષ્ટ જે તેમાં રહે વાસે. ભા. ૬ તન તપાસિ દેખિયે, સદગુરૂજિને નેણે, જડતા જીવની તારે ટલે, મહા પુરૂષને વેણે. ભા. ૭ ભાઈ મુક્તિતે જે માનવી, જે હોય આ લોકે; અખોતે ઉરમાં ધરે, જે કહિ ચતુર સ્લોકે. ભા. ૮ પદ ૭ જોતા રે જેમછે ત્યમ દિઠું, વાચક સઘળુ હુતુ મિઠું. જોતા. ૧ આપ થકિ આશા થતાં, ફલ સઘળુ સુઝે; એમ આપોપુ ઓળખે, એકલા કોઈક બુઝે. જોતા. ૨ મનના તાણ્યા માનવી, હીંડેછે ભમતા; વિદ્યા અવિદ્યા મત લાગે, મનના માનિતા. જોતા. ૩ મન ન જાણ્યું મુરેચએ, તેતો બોલે બંધાણો; શબ્દ કલણમાં તે કળ્યો, કાલ કેડુ વેચાણો. જોતા. ૪ પોતે ન પ્રિછ્યું પાંમરે, તેતો ભાલ્યે ભુલ્યો વાતે વ્યાજ વધિગયુ; પદ મુલગેથિ ડુબ્યો. જોતા. ૫ શબ્દે સાચું પામિયે, શબ્દ વહિ જેયે; વિચારો વિખ ખાઇયે તો અરોગી થૈયે. જોતા. ૬ ગડબડ બોલા ગ્રંથની, જેમ ડોહ્યું પાણી; અહંતા મલ છેદન કરે, એવિ જ્ઞાતાની વાણિ. જોતા. ૭ જ્ઞાની તેહજ જાણવો જે અણલીંગી બોલે; આપ મુવે આપે રહે, અખા તેને સહુ તોલે. જોતા. ૮ પદ ૮ ધન્ય ધન્ય વાલા તારે ઘુંઘટે,કોય પારન પામે; કોયક જોઈ વિસ્યમે થયા.કોયક લાગ્યા ભામે.ધન્ય.૧ શા સરખો તુજને કહું,નહિ રૂપને રેખ;ઉપમા દેવા કોય નથી નહિ વરણને વેશ. ધન્ય. ૨ વાલા ચુજ કહુંતો ક્યાં લગે, મન વાણિ નવ્ય જાયે; સુક્ષ્મથિ સુક્ષ્મ ઘણું, પરમાણ નથાયે. ધન્ય. ૩ દીર્ઘ નહિ લઘુ નહિ, અર્ધ ઉર્ધ ન કેવાય; દેશ કાલ વિષે નહિ, એમ વેદજ ગાય. ધન્ય ૪ અજર અમર અછેદતું, વાલો વચને ન આવે; સદા સદોદિત ઝળહળે, અવિગત કહાવે. ધન્ય. ૫ તુતો અકરતા વાલિડા તારૂં સા-

મર્થ મોટું, જો જોતા પુરૂં પડે; જો હોય વિરચ મુખ્ય થોડું. ધન્ય. ૬ વાલા ક્યાંહા નિરમલતા તાહેરી, ક્યાંહા કરામત્ય કેરિ; તોરો વેષ વેહેવાર જો વાધસે, તેહનિ બુધ્ય જાય હેરિ. ધન્ય. ૭ એમ વિચારી જોયું અમે, આપ હરિમાં ખોયું; સમ વિષમતા રહિગઇ, ધામ મુલગુ જોયું. ધન્ય. ૮ પદ ૯ હુંપેરેહું કાઢ્યો ખોળિ, અહંતા ઓટ મધ્યેથિ ટળિ; સુક્ષ્મને ઓહોળી. હું. ૧ જારે આપોપુ ઉલસે તારે અમ્રત વરસે પોતે પૂર્ણતા દશોદીસ, એમ આપજ દરસે. હું. ૨ હુંતો વાયુ અંબર અવની નહિ, નહિતે જેને તોય; શબ્દ સ્પર્સ રૂપ રસ ગંધજે તેવડે સર્વેકાય. હું. ૩ મન ચિત બુદ્ધિ અહંકાર જે ઈંદ્રિ દસમાયા, એ ત્રણ્યે ગુણને ચોદ દેવતા એકારણ કાયા. હું ૪ ભાઈ ભત કલોલ કહિ કાલનો, ચાલે ચૈતન માટે; એતો નામ રૂપે ઉપજે ખપે વગુ ન ફુલે ને ફાલે. હું. ૫ એમ પરપંચ પેખો પેરચશું, આપુ મુકે માંહિ; વળતું બધન જન જુવે નવ દિસે કાંઇ. હું ૬ એછે પ્રેચ પ્રીછા તણિ હેતે હામજ ધાસો, જે સમજ્યો તે સત્ય થયો; નહિતો ગયો ઠાલો. હું. ૭ ભાઇ આપ સંભાળ્યે આપણું સાચું નથિ ગ્રેહેવા, નિશ પ્રેહિ અખો કહે; નહિતો રેહેસો એહેવા. હું. ૮ પદ ૧૦ ભાયોરે વેહેતામાં નવ્ય વહિયે; આત્મ શું અવલંબી એ લેહેમાં લિન થૈયે. ભા. ૧ અધિષ્ટાનને ઓળખ્યા વિના, સહુ પંથે પળાયે ધાતા ધસતા દેખીયે; ઘરના ઘરમાયે. ભા. ૨ માયાનું મહંતપણું અટપટુ એવું, સુક્ષ્મથી અતિ સાકડું; વિસ્તારણ તેવું. ભા. ૩ જ્યમ ધાયો ધાંણીતણો નિસદિન બહુ હિંડે, તે જાણે હું અતિશે આધો ગયો; માયા મિડુની મિડે. ભા. ૪ એ અજાણ્યો ઓલખિ, ધાતા ધ્યાન આવે; એમ અંધારૂં ઉલેચતાં નવતિમીર ત્રસાવે. ભા. ૫ જેમ વેહેતે વેહેતુ દેખિયે, એઠાં જળ કોઠે રૂ-રાણે તે ઠામછે; મણિ પામ્યો કોઠે. ભા. ૬ ઉચો અનુભવ આણિયે, દસા દેવની લિજે; રાંક રોલા ક્રત કામના, મહાજન નવ્ય રિઝે. ભા. ૭ જો જાણોતો જાણજો, થોડે ઘણું ભાખ્યું; લે સકોતો લ્યો અખાં અજમાયલ નાખ્યું. ભા. ૮ પદ ૧૧ સંતોરે અચબો રસ ચાખો, ચાવુતે ચિત નવ્ય ધરો; વિચારીને નાખો. સંતો. ૧ જે વણસે તે ઉપજે, ઉપજે તે વણસે; જે પચિસથી પર રહે, તેહમાં સિદ બળશે.

સંતો. ૨ બાહ્ય માપ અમાપમાં શાને ગણો, આપ અલગુ જાણો; જેમ દર્પણ સંપુટ ભીડ, તે જુવો તન બંધાણો. સંતો. ૩ લીલા વિગ્રહ વિશ્વનું, વિશ્વ માંડિ મુકો; તો અણ આસે આત્મા, જોતા નવ ચુકો. સંતો. ૪ પિંડ બ્રહ્માંડછે જેવડે, તે નહિ કોય માટે; એવું ભરયું ભાનું મુકિને, જમ્યું ચપણ કુંણ ચાટે. સંતો. ૫ જો પેલું થાય આપને, તો સામો થપાયે; થાપ્યું તે થિર નવ્ય રહે, ઘેને ધાતા જાયે. સંતો. ૬ જેમ તેજે ત્રીલોક દેખિયે, તેજ તેજને રૂપે; એતો ચક્ષુડોળા નિર્મલા, તેજ સરખુ રંક ભુપે. સંતો. ૭ એ દિવ્ય દરસીનું દેખવું, અખે કહી મેલ્યું; જેમ ખેચર ગત્ય ખેચર લહે, ભુચરને દોહલું. સંતો. ૮ પદ ૧૨ સાધુતે સાધન શું કરે, જેને માહા ધન લાધુ; દલની દુબધ્યા મટી મન નિશ્ચલ બાધુ. ૧ પુરણ બ્રહ્મ પોતે થયા, બીજે મન ન લાગે; રાજકુંવર હસ્તિ ચડો, તે કોડી નવ્ય માગે. ૨ ચીંતામણી સેજે જડી, ઉદ્યમ સર્વે વામ્યો; કુપ ખણાવિને શું કરે, જળ જાંનવી પામ્યો. ૩ મેઘ નથછે નિરને, શે શીતલતાય; દિનકરને દિપક કસો, જોતે જોત્ય સમાય. ૪ નવનિધિ નિરમાલ્યછે, સંત સાંમુ ન પેખે; ચૌદ ભુવન વૈકુંઠ લાગી, તરણાવત લેખે. ૫ નવધાર્થી ન્યારા રહે, ત્રષ્નાના ત્યાગી; કહે ગોપાલ હરી પ્રગટ્યા, જ્યારે જોયું જાગી. ૬ પદ ૧૩ રાગ વેરાડી. એવા કોય અનુભવિરે, કરે ભાઈ દૈતનો સંધાર અગ્ની બાલે જેમ કાષ્ટને, ટાળે જાત્ય વરણ વ્યવહાર. એવા. ૧ ધુવો ત્યાંલગી નિસરે, જ્યાંલગી કઠણ હોયે આપ; ઘટત ઘટત ઘટી ગયું. પછે નહિ પુન્યને પાપ. એવા. ૨ માંખી ત્યાહાં બેસે નહી, તેને તાપે ટળી જાય; એકમેક અંતર નહી, તેહને રૂપે નવ્ય રેવાય. એવા. ૩ સમજીને સમિ રહ્યા, કોઈ અનુભવી આતમ જ્ઞાન; સત્ય અસત્ય નઈ બુટીયા, એતો સમજ્યાનીછે સાંન. એવા. ૪ પદ ૧ એવું જેને ઉપન્યુંરે, તેહને નરહ્યું કહ્યાનું કાંઈ; કથવું બકવું સુણવું સાંભળવું. સરવે આવ્યું માંઈ. એવું. ૧ સાકર કેરી પુતળી, વેરાટ રૂપે થાય; સધળે સુંસરી રસ ભરી, એતો ગોઠે ત્યાંથી ખાય. એવું. ૨ એકાએકી જાનવી, જેના જુજવાછે ઘાટ; પાતક ટાળે પંડ્યનું, જાહા નાય તાંહાં નીરાટ. એવું. ૩ ગોરીકેરો ગરબો, તેને બહુ બારાં થાય; માંહી

દિપક એકછે, પણ દ્વારેદ્વારે દેખાય. એવું. ૪ ભકત ભગવંત એકછે, સમજેતો સંસે જાય; કહેવુટો જેમનું તેમછે, પછે ઘણુ કહેશું થાય. એવું, ૫ પદ ૨ જીવ શીવ એકછે, જોજડે જીવની જાત; પોતને રંગપાશ લાગ્યો, ભિખે પાડી ભાત. જીવ. ૧ આપનાહી અપવાદ-નાહી, નાહી હરખ શોકને કાંમ, સેહેરનાહી તેને ચોરસાના, અખંડ બ્રહ્મનું ધાંમ. જીવ. ૨ અનેક મુખ એક માણયને, એને મુખેમુખે અવીકાશ; તેમધ્યે દીવો એકછે, તને રોમરોમ પ્રકાશ. જીવ. ૩ બીબામાં જેમ બીબ દરસે, તેમ તમારો બાપ: બોલીતે બોલે નહી, સાંમેતે દેછે જબાપ. જીવ. ૪ સ્વપ્નામાં જેમ દેહ દરસે, જાગી જોતે જાય; નહીં તેનેશું નંદીયે, રે અનુભવ માંય. જીવ. ૫ ભકત ભગવાંન એકછે, જેનિ વેદપુરાણે સાખ્ય; કહે અખો એમ આપ ટાળી, નિ-શાં હરીભણે નાખ્ય. જીવ. ૬ પદ ૩ અવિચળ કોય નહિરે મનતુ મકર કેહેની આશ, સ્વપ્ન તુલ્ય સંસાર દિસે; સમજ્ય પદ અવિનાશ. અવી. ૧ આદ્ય મુળને સ્થુલ સુક્ષ્મ, વૈરાટ ચૌદલોક; બ્રહ્માંડ દીસે વણસતું, માંડણી માંડીતે ફોક. અવી. ૨ કલપનાયે કલપીયેરે, વા-ણીયે કેયે જેહ; કાલ કરતબ્ય જેટલુ, ભાઈ અંતે વણસે તેહ. અવિ. ૩ સનેપાત શરીરનો, સમેને પ્રગટ થાય; ભુવનના ભુપતિ, ઘર મુકીને વન જાય. અવી. ૪ ચાર વરણને ચાર આશ્રમ, અવસ્થાછે ચાર; તેને અધિકારે ઉપદેશ દેવો, એ ગ્રંથનોરે વિચાર. અવિ. ૫ વૈરાગ અંજન સદગુરૂ આંજે, તારે ઉઘાડે આંખ્ય; પડલ સઘળાં પરાં થયાં, એ વેદ પુરાણે સાખ્ય. અવિ. ૬ અવિદ્યાને ઓળખ્યેરે, વિદ્યાવડે કર નાશ; પછે વિદ્યા મુકે વાચમાં, ઉપજે પરમ સન્યાસ. અવિ. ૭ દ્વૈત સઘળુ ટળી જાતાં, અદ્વૈત થઈ રેવાય; એ માહામંત્ર માહા પુરૂષનો, હંસ થકી ગ્રહેવાય. અવિ. ૮ થાતાંતે થાય નહીરે, જાતાતે સંઘન જાય; પીંડયપર પરમાત્મા, તેજ્યમનો તેમ સદાય. અવિ. ૯ દેહ-ભાવે નદેખીયેરે, આત્મ ભાવે નીત્ય; એછે સમઝણ બુદ્ધિયારે, અનુ-ભવ કેરી રીત્ય. અવિ. ૧૦ પદ ૪ બ્રહ્મ રસ જે પિયેરે, જેકોય આપ ત્યાગી હોય; ભ્રમણાયે ભુલે નહી, એવાતે વિરલા કોય. બ્રહ્મ. ૧ સુરાતે રણમાં સંચરે, જેહના ધડપર નહોય શીશ; ધાર અણિથી

ખડકે નહી, જેને રોમરોમ જુગદીશ. બ્રહ્મ. ૨ કેશરી વનમાં સંચરે, તેને હુંકારે મહાવિર; જેનિ ગ્રજનાયે ગજરાજ ત્રાસે, સીંધ ન છંડે ધીર. બ્રહ્મ. ૩ સીંયુણ્યનું દુધતે જીરવે, જેહોય સીંયણ્યનું બાળ; સાડા સોળવલા સોનાના પાત્રવિના. ફુટી નીસરે તતકાળ. બ્રહ્મ. ૪ સાત સાહેર સેજે તરે, જેને એક અંજલી નિરખુડે નહીતે બરદ બાંધી; ત્રવેણુંને તીર, બ્રહ્મ. ૫ મહા પરમારથ જેહને, જે સમ દરશી હોય સંત; કહે અખો મહા તેજમાં, કોઈ પોચી ગયા મહંત. બ્રહ્મ. ૬ પદ ૫ ભાગસી ભ્રમનીરે, માંઈ પડયો સર્વ સંસા; વણગને આ વિશ્વ બંધાણું, કો'ક્યમ નિસરે બાર. ભાગ. ૧ કમાડ આડાં કપટનાં, અજ્ઞાને ઠાંશાં યેમ; તાલુ એને ત્રિગુણ તણું, તેકુંચિ વિના ઉઘડે કેમ. ભાગ. ૨ જોગ લિધોને જુગત્ય ન જાણી, પડી તે જાણજો પેડય; અંતે ભાગતો ભાગસી, હવે પગમાં તે પડીછે હેડય. ભાગ. ૩ અડસઠ તિરથ કરી વળ્યો, ને સાચવે ઊંચ આચાર; સ્નાન અપવાસ અટકે કરે, તોયે નથી નિકળ્યો બાર. ભાગ. ૪ જીવ થઈ જપ તપ કરે, રૂડી જાણે જગતની રીત્ય; તોય નથી બાર નિસર્યો, આડિ આવી પડીછે ભીંત્ય. ભાગ. ૫ કલા કુંચિ સદગુરૂ તણી. જેને લાગીહોય લગાર; કમાડ ખોલી ખડકી તણું, એતો ઠેકીને નિકળ્યો બાર. ભાગ, ૬ બારેચ નિસરયો તારે બુધ્ય આવી, છુટયો કરમના પાશ; કહે અખો રાને પાંખ આવી, ઉડી ચડયો આકાશ. ભાગ. ૭ પદ ૬ તેગુરૂ સેવીયેરે, ભાઈ જેનું મુલ તોલ નૈમાપ; આદ્યંત મધ્ય ગુરૂને નહી, થાય નહી કેહેવો થાય. તેગુરૂ. ૧ પરપંચથી પરે ગુરૂ, લોહ ચંબુકને ન્યાય; જડ હતુંતે ગુરૂવડે, સંજોગે ચૈતન્ય થાય. તેગુરૂ. ૨ ગામ ઠામને નામ નહી, સઉકોનો વીશરામ, ઉત્પતિ સ્થિતિ લય ગુરૂ વિષે, કહાવે સદા અકામ. તેગુરૂ. ૩ મરેનહી અવતરે નહી, નઅધરે ગર્ભવાસ; જેવણુંરો તેઉપજે, તેમાયાનો આભાસ. તેગુરૂ. ૪ ગુરૂ મહિમા માહાદેવ લહે, કે સનકાદીક શેષ નાગ; શુદ્ધ વિચારે સ્વે અખા, જારે ગુરૂકહે ગુરૂભાગ. તેગુરૂ. ૫ પદ ૭ ગરવા ગુરૂ મલ્યારે, ભાઈ સત્ય નિરંજન દેવ; મીષ્ટ વચન ગુરૂદેવનાં, તેનો વિરલા તે જાણે ભેવ. ગુરૂવો. ૧ જાત્ય વર્ણાશ્રમ નહી, સેહેજપણે અખંડીત; ગુણ આયે નહી

પ્રયોજન, પરસે નહી પંચ ભુત. ગરવો. ૨ અખિલ જગત ગુરૂમાં રમે, અને ગુરૂ રહે નિરધાર; આસ્તી નાસ્તી નહી ગુરૂતણાં તે રહે પરાની પાર. ગરવો. ૩ એ આશ્ચર્યે ગુરૂનુ ધાર્યું, જે અરૂપી અણુલીંગ; ભાવે સાક્ષિ સદા, પ્રતિબિંબે પંચરંગ. ગરૂવો. ૪ સામર્થે સધરો રહે, સ્વે રહે સંનુપાસ; તાંહાં મેલાવો માહ્યરો, અખો મળ્યો અવિનાશ. ગરૂવો. ૫ પદ ૮ સદગુરૂ શું કરેરે, ભાઈ કહ્યું ન માને જંત; વચન વિડારેરે આવતાં, સામા દેખાડે દંત. સદગુરૂ. ૧ પ્રભુ પુરાતન કહી ગયા, હરજીએ કહ્યું અદ્યાપ; આદિ મધ્યે અંતહૂં, સત્ય વચનજ થાય. સદગુરૂ. ૨ નરમાંહી નારાયણજી, ભાંખે બ્રહ્મ જ્ઞાન; ત્યાં દેહના કૃત્ય જુવે દુરમતિ, જેમ કરકું કરડે સ્વાંન સદગુરૂ. ૩ શિદ્ય ગત્ય સાધ્યનિ તે, નરએ નરખણ હાર; ચેતનને ચિતમાં ધરે, તેપાંમે બ્રહ્મ વિચાર. સદગુરૂ. ૪ નિસ્પ્રેહિ નરે નબ્યકરે, બેસતણો વેહેવાર; તેસેજ શું યે સમી રહે, લોક જુવે આકાર. સદગુરૂ. ૫ કેસરી તાજુ ભખે, જંબુક જુનુ ખાય; તેમ બ્રહ્મજ્ઞાની જ્ઞેમાં રહે, અને જીવ જીરણ થાય. સદગુરૂ. ૬ પ્રત્યક્ષ પ્રભુને જે વદે, તે શું માંડે રાડ્ય; તેકહ્યુંન માને ક્યાંહાં થકાં, કરે અનુભવ આગલ્ય વાડ્ય. સદગુરૂ. ૭ જેજેહના તેતેહવા અખા, કોઇ હીરા કોણ પાષાણ; તે સંગથી સુધરે નહી, હોયે નિપજ એકે ખાણ્ય. સદગુરૂ. ૮ પદ ૯ સંગત્ય તેને શું કરેરે, ભાઇ ષઠ ન સમજે સાંન; અનન્ય પદને નબ્ય આચરે, જૈ કબુધિયે માંડે કાંન. સં. ૧ પનંગને પયે પાન કરાવે, અમ્રતની અતિઆરે; ગુણ ગયો એગ્રનોરે; તેમાં વાધ્યા તે કોટી વિકાર. સં. ૨ દાદુર વસતો વાડીમાં, પેડ કમળની પાસ; કલોલ કરે જૈ કિચમાં, એને નાવે કમળની વાસ. સં. ૩ શ્રીમંતની સંગે સદા, રળતો અહોનિશ ભિલો રંક; તોય અપરાદિ અમથો રહ્યો, એમાં શો શ્રીમંતનો શો વાંક. સં. ૪ રાણિને સંગે સદા, રેતી દાસીશું પુર્ણપ્રિત; તોય સમજી નહિ સાહેલડી, એને નઆવિ રાજ કુલનિ રિત. સં. ૫ મરી કપુર બે ભેલાં વસતાં, એકઠાં બારે માસ; તોય તિખાસ તેનિ નવ ટળીરે, એની બુદ્ધિમાં ન આવ્યું બરાસ, સં. ૬ વિધાસિને જ્ઞાન આવે, દ્રઢ લાગે રંગ; કહે અખો મુમુક્ષિનરે. તેને સદાફળે સતસંગ.

સંગ. ૭ પદ ૧૦ આતમા એકછેરે, ભાઈ એક ઉદ્યક એક પાણ્ય; બાહેર આવિ ઉત્તમ મધ્યમ, થઇછે એચા તાણ્ય. આતમા. ૧ બ્રા- હ્મણ ક્ષત્રિ વૈષ શુદ્ર, વિધિવિધિનારે વિચાર; સરે જોતાં સોનુ એકછે, એના ઘાટ ઘડ્યા બેચાર. આતમા. ૨ જ્ઞાનદ્રષ્ટિ ગોતીને જુવો, તમે પાખંડ મકરો માંડ; સરે જોતાં સેલરી, તેનાં ગોળ સાકરને ખાંડ. આતમા. ૩ હાથે હસ્તીનું હાડપેરી, નિત્ય સુવાગણ નાય; નવીણ ચોકી નિત્ય કરે; પેમો પ્રગટ એ અન્યાય. આતમા. ૪ અનેક નદિયે ઉદ્યક વહે, તેને જુજુવું મત જાણ્ય; સાયરે જાતાં સર્વ ભેલી, તેનું નિર થયું નિરવાણ્ય. આતમા. ૫ આચારિને સદા અવગત્ય, મુલ જોતાં મર્મ; કહે અખો આતમ ચિન્યાવિના, એના કેદિ ન છુટે કર્મ. આતમા. ૬ પદ ૧૧ સમઝો સંતનારે, ભાઈ પરોબ્રહ્મ પદનું દ્વાર; સમજતાંમાં સેજથાયે, એવો બ્રહ્મ વિચાર. સમ. ૧ પરતાપ દેખિ પુર્વની, ઓળખાબ્યોછે ઇશ; જ્યાંહાં જેવો ત્યાંહાં તેવો, ચૈતન બ્રહ્મ જગદિશ. સમ. ૨ જેમ ધેનુ કાળી કાબરી, ધુષલિ ધોલે વાન્ય, ક- પીલા વરણી કાલપુંછી, રાતડી ચાલી રાન્ય. સમ. ૩ સ્થાવર જંગમ લક્ષચોરાસિ, દેવ નરને નાગ; એ ત્રિગુણ કેરા ઘાટ નાના, માંહી માયાકેરો ભાગ. સમ. ૪ ચેષ્ટા ચપળતા ચરીત્ર તેહનાં, જોતાં ભુલ્યા તે જંત; કાર્ય જોતાં કારણ ભુલ્યા, જેમ માલાનેવિષે તંત. સમ. ૫ ભાઈ નામ રૂપ ચેતન વિષે, જેમ ધાતુ ઉપરચ મોહોર; નાના નામ રાજમુદ્રા માંહી, નાના નામે પોર. સમ. ૬ તેહને દ્રવ્યદ્રષ્ટે નિહાલતાં, અધિકુ નુન્ય નવ્ય થાય; પણ ગુણવાદિ ગામ નામ ઠામે, દ્વૈતજોઈ ઉહેકાય, સમ. ૭ ભાઈ વગત્ય નામ બે વસ્તુ માંહી, કોઈ જાણે વિ- રલા સંત; તે ભક્તિ વૈરાગને આસને, બેઠા શોભે મહંત. સમ. ૮ રાજાની આણ્ય સહુને વિષે, પણ રાયને નહી આણ્ય; અખા સમ- જતાં અથાર્થ થાય, પોહોચે પદ નીરવાણ્ય. સમ. ૯ પદ ૧૨ સોહં સાંભરચુંરે ભાઈ જેને, ધાતાતો કરી એધ્યેય; મુળ મહીમામાં મન ધરતે, છતે વેસ્થાણો દેહ.સોહં.૧ ભાઈ આપ સંભાળે આપણુ, તેહને ઉર્મિતે ભાગે આંન્ય; જેમ ત્રષાન બ્યાપે તોયને, અને સિતન બ્યાપેવહન્ય.સોહં.૨ દીનકરને દીપ ન જોઇયે, નહિસુરમા ને સહાય; પોતેતો પ્રાપે સદા;

ભાત્યવડે રહે જાય. સોહં. ૩ ભાઇ વસ્તુજછે ત્યાં કાંઇક, દ્રવ્ય ન મળે કર્મ; જ્યારે પાવક પ્રગટે પાણુથા, તારે નોહે ધુવા ધર્મ. સોહં. ૪ તેહને કાષ્ટ મળિયાં, કામનાનાં ત્યારે ધુમ્ર વાધિ જ્વાલા; ઇંધણુા વળતાં વિસમ્યાં, છે અગ્ની ગયું નિજ આલ. સોહં. ૫ ભાઇ કેવલ્યમાં કેહેવા નથિ કાંઇ, ઇશ્વર પદમાંછે આપ; તેથિ જિવ પદ જાડું ઘણું જેહને ખટ ઉરમી પુન્ય પાપ. સોહં. ૬ તત્વ મસીપદ વેદનું, વધિ વસોતે વિર, તેણે વૈકુંઠ મુક્યું વાટમહાં; નિજ ધામ પામ્યો સો ધિર. સોહં. ૭ અણછતો ઉભો થયો; તે જન્મ મરણ જિવ, તે દલિદ્ર દાખવતો, ફુઅલો આદ્ય અંત શદૈવ. સોહં. ૮ તે અટાટ કરતો એકલો, ભમતો તે ભવમાં ભુર; તેહને આકસ્માત ઉદ્યોત હવો, ઉગ્યો અનુભવ સુર. સોહં ૯ જારે સરદ કાલનો શશિ ઉગે, તારે નિરમલ થાય નભવારેચ; ત્યમ વસ્તુ વિચાર કરતાં, આતમ તત્વ અપાર. સોહં. ૧૦ આરોપિને ઓલિયે પણ, ઉચરવા નહિ એક; અખો કહે સમજી સમે, રહે નેતી નેતીનો શેષ. સોહં. ૧૧ પદ ૧૩

વચન વાન્ના તણારે ભાઇ જિવતડાં રસ રૂપ, જેણે ભ્રમ ભોરંગી ઉતરે; એહવાં સજિવીક સત્ય સ્વરૂપ. વચ. ૧ જેમ વિદ્યા પામે મરણ સજિવની, તે શબ્દે કરે પરવેશ; ત્યમ વચન ધારા અદ્વૈત બ્રહ્મમાં વસ્યા, હવે દ્વૈત નહિ લવલેશ. વચ. ૨ જે બાહ્ય અભ્યંતરે રહ્યો, ને જિવ કલ્પ્યો નહિ જાય; ઘટમટ પટ સભરે ભરેચો, તેણે શરિર વિના સર્વ થાય. વચ. ૩ કહિ બોલે નિજ ઘેરચ રહ્યો, કહિ બોલે પરપંચ; શબ્દ પ્રીછે ગુરૂ તણે; તેહને ન લાગે માયા આંચ. વચ. ૪ મનમાંહિ આવિ માનિયો, જે કહ્યો પોતે ગુરૂ ભાગ; અખે સાગર ઉલટ્યો, જ્યાંહાં નહિ રાગ વિરાગ. વચ. ૫ પદ ૧૪

એહેવું પ્રિછીયારે, ભાઇ અનુભવિ પુરૂષ પ્રસાન; તે અકલ દેશ જૈ વશા, જેહનુ હાથ્ય ન આવે ચિન્હ. એહેવુ. ૧ જકત જેજે પરહરે તેને કરે પરીહાર, જેમ સકલ જિવ વન્હિ પરહરે, પણ ચકોરને તેહનો હાર. એહેવુ. ૨ જ્યમ ઉખર ભુમ્યે ન ઉપજે, ફુમવેલી ફળ ફુલ; ત્યમ કર્મના ફળ ત્યાંહાં નહિ, અનુભવે ક્ષેત્ર અમુલ. એહેવુ. ૩ જ્યમ કેશરિયા મિષ નવ ભખે, અતકનુ કાંઇ કાલ; ત્યમ અનુભવિ પુરષ નવ ઓચરે,

ભુત ભવિષ્યનુ જાલ. એહેવુ. ૪ કરડી ચાલ હોય તેહની, જેહ વસે તે દેશ; અંગ દીશે પણ લિંગ નહિ, અખા ન કાચે વેશ. એહેવુ. ૫ પદ ૧૫ રાગ કાફી. સદગુરૂ સેવોરે, ત્રિવિધિના તાપ ટલે; જનમ દુખ જાયરે, આધના ઓઘટલે. ટેક. ક્રમ ગ્રંથીનો ટલે કુટારો અહંગ્રંથી ગ્નાને ગલે, સંસે ગ્રંથી તે સરવે સલુજે; પચાસ પાર મલે, પરાતીત પરસેરે પુરણુ પદમાં મલે. સદ. ૧ સંચીત સરવે જાયે સુકાઇ, પ્રારબ્ધ પીંડ પલે; ક્રિયમાણુતે કઇ ન બેઉ દયા નીધિ સરવે દલે, અંકુરે ન ઉગેરે સુખ દુખ બીજસલે. સદ. ૨ ધર્મ અર્થ કાંમ કલપના, મોક્ષે ચિત ન ચલે; કળા કુંચી જો આપે ઉર અંતર ખટપટ સઘળિ ખલે, ન ઉતરે અવનિરે અનલ આકાસે હલે. સદ. ૩ જિવ શીવનો ઝગડો મટે, ત્રિગુણ આવે તલે; ચોથા પદમાં ચિત જૈ ચોટે, રંગના ઢગમાં ઢલે સુરજ જેમ સાક્ષિરે એક અખંડ સઘલે. સદ. ૪ દેહાતિત અકલ ગતિ આપે. તે ગતી કોણ કળે; સદગુરૂજિની કૃપા કટાક્ષે અંત જાડ જલે, એવા ગુરૂદેવનેરે વિષ્ણુદાસ ચરણે લલે. સદ. ૫ પદ ૧ વાલા ના વિજોગિરે, ક્રમની ક્રિયે કલ્યાં; દુખધાના દાધેલરે; ત્રિવિધિ ન તાપે બલ્યા. ટેક. અનુભવિ પુરૂષથી આવી આથડે, સમજ્યા વિના ભરડે સલ્યા; જાણ થઇને જક્ત પ્રમોદે, ભક્તમાં આવી ભલ્યા; વિષિયાના વાહેલરે, મનમુખી આવિ મલ્યા. વાલા. ૧ ચીંતા ચેહ બલે ઉર અંતરે, ચાહે ચીતડા ચલ્યાં; આસા ત્રશ્ના ઊંડિ ઇરિક્ષા પ્રપંચ પેટ પલ્યાં, કામનાનાં કુટેલરે; હલાવ્યાં ઠાલાં હલ્યાં. વાલા. ૨ નમણ ઠમણને ચાતુરી, લોકમાં આવેલા; પરને પ્રમોદે આપ ન બોધે, ધારણ વિના ઢલ્યાં વેષને વિકારરે; માયાને દરણે દલ્યાં. વાલા. ૩ વસ્તુ દરસની કરે વારતા, દેહ દ્રશ્ય નથી ટલ્યા; ક્રત કલંક છપ્પો ઉર અંતર ઉપર ગ્નાને ગળ્યાં, ફોગટ ફરે ફુલ્યારે; સિમલ ફુલે ફલ્યાં. વાલા. ૪ અનિષ્ટ આરાધક મુદ્રા સાધન, પરવસ્તુમાં ખલ્યા; અનુભવિ ગુરૂને આરાધ્યા વિનાતે, અંતે રાખ રહ્યા; વિષ્નુદાસ કેછેરે, છાયા જોઇ સરવે છલ્યા. વાલા. ૫ પદ ૨ વાડો વાલી બેઠારે પોતાનો પંથ કરવાને. નિત્ય નવાખેલ ઉઠાવેરે, ઉપાય ઉદર ભરવાને. ટેક. અજાનો વાડો કુકડીનો વાડો, ગાયોનો વાડો વલી વાડો; અબંધ સ્વામી બં-

ધમાં નાવે મને વાધમી વાડો દેખાડો; દિવસને દાડેરે, અગમ ઠામ ઠરવાને. વાડો. ૧ રામ નંદીને નિમાનંદી વલ્લભ સેહેજાનંદ સમજાવે, કબીર પંથીને તારજ તુંબી; ભણી ભણીને ભુલાવે, ગુરૂ થઈને ગાજે રે પારકુ ધન હરવાને. વાડો. ૨ પ્રીત કરીને પ્રેત પુજાવે પિતળને પાષાણ, વસ્ત્ર સેવાને કબર પુજાવે; એમાં કોણ કરશે કલ્યાણ, તિર્થ વ્રતે ડોલેરે, અફળાઇ મરવાને. વાડો. ૩ સિંહ રાયથિ ડરે સહુ દુનિ-યાં, સિંહને ડર નહિં કોનો; સોહં શબ્દ સચ્ચિદાનંદ સ્વામી, એવા અખંડ આત્મ બ્રહ્મચિનો ધીર સુરવીરરે; આત્મ ધ્યાન ધરવાને. વાડો. ૪ પદ ૩. દુનિયાતો દિવાનીરે બ્રહ્માંડ પાખંડ પુજે, કરતા વસે પાસેરે; બુચટ કાંઈ નવ બુજે. ટેક. જિવ નહિ તેહને શીવકરી માને, પુજે કાષ્ટ પાષાણ; ચેતન પુરષને પુઠે મુકે, એવી અંધી દુનિયા અ-જાણ, અર્કને અજવાળેરે પારસ મણી નવ સુજે. દુનિ. ૧ અંતર મેલ ભરયો અતિ ઊંડો નિરમળ જળમાં નાહ્ય, સરપ કરડીને દરમાં પેઠો; પછે રાફડો કુટે શું થાય, ઘાયલ ગતિ ઘાયલરે જાણે કોઇ જ્ઞાની રૂદે. દુનિ. ૨ પાષાણનું નાવ જળમાં મુકે સોવાર પટકે શીશ, કોટિ ઉપાયે તરે નઇ એતો બુડે વિશવાવિશ વેલુમાં તેલ ક્યાંથીરે; ધાતુની ધેનુ નવ દુઝે. દુનિ. ૩ સદગુરૂ શબ્દનુ ગ્રહણ કરીલે, પ્રગટ પંડ્યમાં પેખ્ય; દુરેચ નથી નાથછે નિગટ નિરંજન, દલ સુધી દેદાર તેના દે ખ્ય; ધણિ ધીરાનોરે જકતમાં ઝાયર જુજે. દુનિ. ૪ પદ ૪. પચરંગી બંગલોરે, સોભા તેનિ સરસ બની; તેમાંતો બિરાજેરે, આપે અલખ ધણી. ટેક. એ બંગલાને દસ દરવાજા, દસ દરવાજે નિશાણ; બ્રહ્મા વિષ્ણુ અરજ કરેછે, શેશ ન પામે પાર; અકલિત એવારે, સી કહું વાત એહ તણી. પંચ. ૧ સાચા દેવ દેવલમાં બેઠા, સદગુરૂશું નિશાન; અજંપા દોરિ ખેંચ પકડે લેચડો અસમાન, દેખો તમાસોરે ઘટમાં રચના ઘણી. પંચ. ૨ માલા તીલકનો પાખંડ રચિયો, આપ ચિન્યો નહિ કોય; જ્યાંલગી ત્રવિધી તાપ ટળ્યા નહિ, ભુલ્યા ભમેછે સોય, ભુલ તારી ભાગેરે; શુધ લેને આપ તણી. પંચ. ૩ મનકુ મુઝ્યા ત-નકુ મુઝ્યા તેને પાયા ભેદ, દાસ ધિરો દલમાં પેખે; આપ નિરંજન દેવ પાષાણ કોણ પુજેરે, મને મળ્યા તમો ધણી. પંચ. ૪ પદ ૫.

ખબડદાર મનસુખાજી, ખાંડાની ધારે ચડવુંછે; હેમત હથિયાર બાંધિરે, સતની લડાઇયે લડવુંછે; પાંચ પચિસ પ્યાદલ દલ તારો પુઠે ફરે, દૂશ પરપંચ પ્રતોબોધ; કામ ક્રોધને મોહ મમતા, જનમિયા રાય જોધ; અતિ બળ અસવારીરે, એની સંગ આથડવુછે. ખબ. ૧ એક ઉમરાવ જેને બાર પટાવત, એક એક પાસે ત્રોશ ત્રોશ; એક ધણિને બટ ધણિયાણિ, એવા સુરા સાતસે ને છવાસ; સો સરદારે ઘટ પેરયાંરે, જુતિ પારેખ પડવુંછે. ખબ. ૨ પ્રેમ પલાણ ગ્નાન ઘોડે ચડ્યો, દોડો પકડ્યા સદગુરૂ શબ્દનિ લગામ; એમ ખડગને સીલ સંતોષ બંધુક કરો, ભજનના ભડાકા આતમારામ; ધરમ દયા ઢાલ ઝાલોરે, નિરભે નિશાણે ચડવુછે. ખબ. ૩ સુરત નુરતને ત્રટ ત્રવેણી, તીરે ઓર ન કિજે; તનમન ધન શુંન મંડલ ઉપર, દાસ ધીરા સુધા રસ પીજે; રાય ધણુ રિઝેરે, ભજન વડે ભડવુછે. ખબ. ૪ પદ ૬. કરતાનો પંથ કરડોરે, ઉલટી અટપટી આંટી; સિર સાટાનો સોદોરે, ઓઘટ ઘાટ ઘાડી ઘટાં; હાસિ ખેલનો કામ ન હોયે હેમત વાલાનુ, એ સુરાનો સંગરામ; સુરત નુરત સત્ય ગતિ વાલા ગ્નાન, એમાં નોય કાયરનું કામ; અગમ પાખે ઉડેરે, અલક્ષમાં લક્ષ ચોટી. કરતા. ૧ દેખાદેખી જોગ આરાધે, તાન વિના મેળવે તાલ; કઠણ દુધ એ સિંઘણ કેરૂં, પિયે સિંઘણનું બાળ; બીજો પીવા ઈછેરે, મિથ્યા એ વાત ખોટી. કરતા. ૨ કાચના મંદિરમાં જેમ સ્વાનજ પેઠું, દીઠો પોતાનો દેદાર; પ્રતિબિંબ દેખીને કરી ગરજના, ભસ્યાં સ્વાન હજારે, અભ્યાસે અકલાણોરે, મદમાં કુટી કુટી. કરતા. ૩ મન બુધિ વાણિએ મનમાંરે નાવે, ગુરૂગમ જડે એ ધામ; અખડ અજર અમર અવિનાશી, એ ઠરવાનો છે ઠામ; ધિરાનો સુખ સિંધુરે, રહ્યોછે ઘટ ઘટ ગોઠી. કરતા. ૪ પદ ૭. ત્રણા ઓથે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહિ; અજા જુથમાંહિરે, સમરથ ગરજે સહીં. ટેક. સીંહ રાજમાંહિ ગરજના કરેછે, કસ્તુરી મ્રગ રાજન; તલને ઓથે જેમ તેલ રહ્યુંછે, જેમ કાષ્ટમાં હુતાસન; દધિ ઓથે ગ્રથજરે, વસ્તુ એમ છુપિ રહિ. ત્રણા. ૧ કોહાને કહિયે કુણ સાંભળે અગમ ખેલ અપાર; અગમ નિગમને ગમ નહિ ઘરની, એતો વાણિનો વિસ્તાર; એક દેશ એનારે, બુધિ

જનની બુધિ થકી રહિ. ત્રણા. ૨ મન પવન ગ્નાન ગતિ ન પોચે, ત્યાં અવિનાશી અખંડ; સચરાચર ભરચો ભરપુરણ, રચેછે કોટિ બ્રહ્માંડ; ઠામ નહિ ઠાલોરે, ક્ષણુ એક માત્ર કહી. ત્રણા. ૩ ગુરૂ દેવની ક્રિપા પ્રગટે, પોતે કરેરે પ્રકાશ; શ્વાસો દોરિ સાધન સાધે, પોતે પોતાની પાશ; દાસ ધિરો કહેછેરે, જ્યાં ત્યાં તુહિ તુહિ. ત્રણા. ૪ પદ ૮.

ગુરૂ વિના ગ્નાનિરે, સોતો નર અંધ ઠરચો; દીપકછે ઘટમાંરે, જોતો પર દ્વારે ફરચો. ટેક. ભેખ લિયો પણ ભેદ ન પાયો, મનમાં મેલ ભરચો; માલા તીલકનો પાખંડ રચિને, ફોકટ ફેરો ફરચો; ગાયો ગબ્યો સ્વાદેરે, ભોજન ભક્ત ઠરચો. ગુરૂ વિના. ૧ પુજા કરે તેનિ પુંઠ નમુકે, આવ્રણમાં આવસ્યો; પર નારીશું પ્રિત્ય કરીને, આપે અધમ ઠરચો; નંદ્યા કરીનેરે, ઘટ કુંભ પુરે ભરચો. ગુરૂ વિના. ૨ સદગુરૂનિ સેવા તજીને, દુષ્ટનો સંગ કરચો; મોક્ષ અમ્રત પાન તજીને, વિશે રસ માંહ ભરચો; ભમેને ભટકેરે, પાષાણુ રૂપ ઠરચો. ગુરૂ વિના. ૩ માહારૂ માહારૂ કરીને માયા મેલી, દામ લેખ ન કરે; અણજાણ્યુ અણચિંતવ્યું આવશે, તેહેનો ભે ન ગણ્યો; લાલ કહે લુટાણોરે, વલાવો સંતન કર્યો. ગુરૂ વિના. ૪ પદ ૯

ફુલ્યો શું ફરેછે રે, ભુલ્યો ભુડા ભવમાં પડ્યો; મનુષા દેહરૂપીરે, ખોયો મણિ હાથે ચઢ્યો. ટેક. ડાહ્યો થઈ દુનિયામાં ફરેછે, તેમાં શું સરશે તાહારૂ કાજ; સે નવ જાણે જાવું પલકમાં, ત્યાં કયમ રહેશે તારી લાજ; તાહારૂ ડાપણ તારેરે, જ્યારે જમ કર ન ચઢે. ફુલ્યો શું. ૧ વર્ણાગીમાં વાટજ ઉઠી, નરક નિવાસી ઠર્યા; મિથ્યા જનુનિ ભારે મારી, જન્મ ધરચો ન ધરચો; માટે જોને જાગીરે, અવશર આવિ અડ્યો. ફુલ્યોશું. ૨ શું થયું ઘણી સંપતી મેળવે, શું થયું મોટાં ઘર દ્વાર; નિશ્ચીંત થૈને બ્રહ્મ ભજ્યા નહિ તારે, ધિક પડ્યો અવતારે; ધિકજીવીત તારૂંરે, દેવે તુને શાંનો ઘડ્યો. ફુલ્યો શું. ૩ સમઝ શિખામણ્ય માહારી, મમતા મેહેલ પરિ; સમરણ કરચ પરિબ્રહ્મ પુરશોતમ કેરૂં, સચ્ચિદાનંદ હરિ; તારે દયો જાણેરે, સર્વમાંથી સરસ નિવડ્યો. ફુલ્યો શું. ૪ પદ ૧૦.

જંજાળી જીવડુ મુક્તિની જુકતી ન જાણી, મિથ્યા માયા મ્રઘ જળ સરખી મોહ ધરીને માણીરે. જંજાળી. ટેક. ધામધુમ ધંધામાં ધાયો, ગોરીધરલાલ ન આયો;

આવ્યો તો પરમારથ કરવા, ઉલટો કરમ કમાયોરે. જં. ૧ વીશે વાસના માંહે વીંટાયો, જ્યમ વીંટાયો જાળે; મરતા સુધી કામ ન છુટે, મન બહુ લોચા વાળેરે. જં. ૨ ધાસી તીર ગડે તન માંહી, એમ મનમાની માયા; છેદે પણ છેટે નવ્ય થાયે, ક્યમ કાયાની છાયારે. જં. ૩ શ્રવણ દગ્ધ થયાં નંદ્યા સાંભળી, નેત્ર દગ્ધ થયાં નીહારી; જીભ્યા દગ્ધ થઈ જુઠું બોલી, સરવસ દીંડ્યો હારીરે. જં. ૪ પાણ દગ્ધ થયાં કરી પ્રતી ગ્રહ, પાય પદ્મ પર ચાલી; સુકીત બીજ બળી ગયું સરવે, ખેતર પડી રહ્યું ખાલીરે. જં. ૫ રાગ દ્વેષ ભરેચા રુદીયામાં, અનેક દોષ ઉપજાવે; કલપ દ્રુમ ચીંતામણી સરખી, એવી પ્રભુની ભક્તિ નવ્ય ભાવેરે. જં. ૬ રામ નામનું દામ ન બેસે, કામ આપણું થાય; પ્રીતમ મન પરમોદ કરેતો, કોટી કલપના જાયેરે. જં. ૭ પદ ૧૧. સંસારી જીવે હરિ સાથે હેત ન આણ્યું, મરતાં સુધી લોભ ન મુક્યો; ઝેરનું તરીલું તાણ્યુંરે. સં. ટેક. પાંચ પચીસ પચાસ થયાં, તોહે હૃદે જ્ઞાન ન આવ્યું; અંગો અંગ સૌ સીથીલ થયું, તોહે પ્રભુનું ભજન નવ ભાવ્યુંરે. સં. ૧ અંત સમે જે સાથે કારજ, તે શું હેત ન કીધું; અમ્રત રસને ઢોળી દેઈને, ઝેર હલાહલ પીધુંરે. સં. ૨ માયા છાયા એક બરાબર, કાયા કાચની કુપો; કરવુંને કારવવું સરવે, સામલીયાને સુપોરે. સં. ૩ જીવન મરણ હાથછે જેને, તેને ભાવે ભજીએ; પ્રીતમના સ્વામીને સેવો, અન્ય પદારથ તજીએરે. સં. ૪ પદ ૧૨. સંસાર માંહી સોક મોહની માયા, ફરવુંને અવતરવું મરવું; કરમ સંજોગ કમાયોરે, સં. ટેક. અલપ જીવવું જંપ મળે નહિ, જીવ જંજાળે વાહ્યા; પુન્ય પરમારથ કાંઈ નવ્ય પ્રીછ્યું, લાલચમાં લપટાયારે. સં. ૧ આશા ત્રશ્ના તાપ ટળે નહિ, ઘણું ઘણાને ધાયા; માથા ઉપર મરણ ભમેછે, તેનિ ખંબર નવ પાયારે. સં. ૨ જેઉગ્યાતે આથમ્યા, ને ફુલ્યાતે કરમાયા; જે જનમ્યા તે જાવું જાણો, ભવમાં કાં ભરમાયારે. સં. ૩ મ્રત્યુ લોક આવ્યો તેને મરવુ, દલમાં વિચારો ડાહ્યા; કાળ ચક્ર કોને નવ્ય મુકે, કુણ રંકને રાયારે. સં. ૪ શુદ્ધ ચિતે જે ભક્તિ કરશે, તે નર લાભ કમાયા; કહેછે પ્રિતમ કોઈક ઉગરશે, જેણે ગોવીંદના ગુણ ગાયારે. સં. ૫ પદ ૧૩. હરી સમરણ કરીલો, જ્યાંલગી જુગમાં જીવો; દેહતણો વિશ્વાસ ન કરશો, વાયે

હોલાય જેમ દિવારે. હરી. ટેક. મારૂં તારૂં એ અંધારૂં, જ્ઞાનવિના કેમ ટળશે; પ્રેમ જ્ઞાન પ્રકાશ થશેતો, અંતરજામી મળશેરે. હરી. ૧ થોડા-સા જીવ્યાને કાજે, ઘેલા ગરવ ન કરીયે; લોહતણે ત્રાપે વળગીને, કેમ ભવસાગર તરીયેરે. હરી. ૨ ધનદારા સુત કુટંબ કબીલો, મીથ્યા મોહ ચઢાવો; મારગ વચ્ચે મલેછ મળ્યા, જેણે વેઠ્યે ધાસ વઢાવોરે. હરી. ૩ સુરત સુતજી સેમલો, સેવે તેતો ભુત્રોભામે; તજી જાન્હવિ ઝીલ ઝાઝવાં, તે ક્યાંથી સુખ પામેરે. હરી. ૪ અરક ઉછેરી અંબ-તણું, ફળ કુણ પામ્યાછે પ્રાણી; બ્રહ્મકથા વિના કથનીતેતો, સૌ કહે-વાનિ કાણીરે. હરી. ૫ આઇસ તાર નાર અંજલી, ઘડી ઘડી ઘટી જાય; અચેત પ્રાણીશું ઉંઘેછે, કાળ નીરંતર આયરે. હરી. ૬ કાંણો કુંભ કરી જલ ભરીયે, ક્ષણમાં ખાલી થાયરે; સરીતા પુર વહે જેમ વેગે, એમ આવરદા જાયરે. હરી. ૭ માટે હરીહરી કરજો સત્ય ઉ-ચરજો, અધરમથી ઓસરજો; કહે પ્રીતમ સતસંગ કરીને, સંસાર સાગર તરજોરે. હરી. ૮ પદ ૧૪. હરીજન નથી થયો તુરે, સીદને ગુ-માનમાં ગુમેછે; વૈશ્નવ નથી થયોતુંરે, સીદને ગરવ કરેછે ઘેલા. ટેક. હરીજન જોઈ હૈયું નવ હરખ્યું, નાદ્રવે હરી ગુણ ગાતાં; કામ દામ ચટકી નથી છટકી, ક્રોધે લોચન રાતાં. હરી. ૧ તુસંગે કોઈ હરીજન થયો હોયતો, તુ હરીજન સાચો; તારા સંગનો રંગ ન લાગ્યો, ત્યાંસુધી તું કાચો. હરી. ૨ પર ઉપગાર પ્રીતી નહી તુજને, પરનંદ્યા નથી ડરતો; વાહાલ નથી સચ્ચિદાનંદ સાથે, હીંડેછે હુંહું કરતો. હરી. ૩ ભજના રઢ નહી મન નિશ્ચે, નહી હરીની વિશ્વાસ; જકત તણી આસાછે જ્યાં લગી, જકત ગુરૂને તું દાસ. હરી. ૪ પરમારથથી પાછો ભાગે, સ્વા-રથ માંહાછે સુરો; કેણી તેવી રેણી ન મળે, ત્યાંલગી તું અધુરો. હરી. ૫ આ કરવું આ ન કરવું, એમ સૌને સીક્ષા દેછે; એમાંનું તું નથી આચરતો, અનુચિત કરમ કરેછે. હરી. ૬ માટે મનતણો ગુરૂ મન કરશે, તો સાચિ વસ્તુ જડશે; દયો કહે તુને દુખ લાગો પણ, સાચું કહેવું પડશે. હરી. ૭ પદ ૧૫. અથ રાગ સામેરી. હરીભજ હેતેરે અંધ અભાગીયારે, શુરે મોહ્યો અણછતા ભવનેરે નાટ; દિન અમુલકરે એળે વહી જાયછેરે, શું મુનષા દેહનિ ઉડાડે વાટ. હરી. ૧

મોટપણું માન્યુંરે ક્ષણ ભંગુર દેહનુંરે, એતો કાંય પલકમાં થાશે ભંગ; સંસાર જેવોરે રંગ પતંગનોરે, એળે કાં ખુવો ઉતમ અંગ. હરી. ૨ સ્વપ્નાનિ સંપતિરે જોતાં સમિઈ જશેરે, દારા સુત બંધવ ઊંચાં ધામ; અંતની વેળાએરે કોઈ નઈ કામનુંરે, ભવમાં ન જડે કોઈ ઠામ. હરી. ૩ નાચ જાત્ય મેલીનેરે મન્ય માલે ઘણુંરે, ચડી ગયું અહં મમતાનું માન; સંતનિ સેવાનેરે જંતે જાણી નહીરે, તેણે થયું આત્મ કેરૂં જાગ. હરી. ૪ મારૂં મારૂં કરીનેરે મનખો હારિયોરે, ચડી ગયું સંચત ક્રીયમાણ વ્યાજ; હટવાડામાંરે સર્વે વગ્તુ હારીયોરે, જ્ઞાનવીના એક ન સર્યું કાજ. હરી. ૫ કહે અખોરે હરી ભજ પ્રીત્યશુંરે, કરીએ સદગુરૂ કેરો સંગ; આનંદ સાગરે અંતર પ્રગટેરે, થાયે અવિદ્યા કેરો ભંગ. હરી. ૬ પદ ૧. આવો રૂડો અવસરરે પ્રાણી તુને નહી મલેરે, પામ્યો મનષા જનમ અમુલ્ય; આતમ જ્ઞાન વિનારે એળે આયુષ નિરગમ્યુંરે, મુઢમતિ શિ કરે ફુલ્યારે ફુલ્ય. આવો. ૧ બાળને ડાપણરે બુડ્યો ભવ કુપમાંરે, કરી ઘણું અન્યા અધર્મ અપાર; મુક્તિનો મારગરે શુદ્ધો સમઝ્યો નહીરે, મંદમતિ ઘણો થયોરે ખુવાર. આ. ૨ અમુલખ હીરોરે મુકી વેરચ્યો કાચનેરે, ચડી ગયો પ્રોક્ષ સ્વભાવની ગાડ્ય; નિચપણું માનિરે પડ્યો નરક ખાણ્યમાંરે, જડી ગયો જીવપણાની જાડ્ય. આવો. ૩ સંતની સંગત્યરે ઘડીએ કરી નહીરે, ચડી ગયો દેહાભિમાનનો ગર્વ; હરી હસ્તામલરે પાસે પ્રીછ્યા નહીરે, હાર્યો કાંઈ મનખો મહા ધન્ય સર્વ. આવો. ૪ મારૂંમારૂં કરીરે મુવા ઘણુ મેહમાંરે, અંત્યેરે કોઈ નઆવે કામ; મર્ણુંનિ વેળાયેરે કોઈ કોનુ નથીરે, ન ભજ્યા હેતે આતમરામ. આવો. ૫ કહુંછુ પોકારીરે સેજે સાનમાંરે, એકે મહાપદ મોટો વાટ; કહે અખોરે હરી અંતર પ્રગટેરે, ટળી જાયે દૂરઘટ માયા નાટ. આવો. ૬ પદ ૨. જાગાને જોતાંરે સપનું સમે ગયુંરે, પ્રગટયોછે પરમાત્મા પ્રકાશ; સદગુરૂ દ્રષ્ટેરે હરીવિના અન્ય નથીરે, દિસે આ મિથ્યા માયા જાળ. જાગો. ૧ ઉલઝણ ભાગીરે સુલઝી સેહેજમાંરે, મટી ગયા વાયક જાલના ફંદ; સોહં સનાતનરે સભ ઘટ ભરી રહ્યોરે, વરત્યો અક્ષરાતિત આનંદ, જાગી. ૨ મોહોંચિ ન સકેરે બુદ્ધિ ત્યાંહાં બાપડીરે, મન વાણીથી વર્જિત વસ્તુ;

-થુળને સુક્ષ્મથીરે પર પરમાત્મારે, નિરાધાર નિર્ગુણ નિરમાહી તંત. જાગી. ૩ સુન્યાતિતરે સુન્યમાં સોહ્યામણોરે, ઝળકે તે તેજ પુંજ ભરપુર; બાહ્યને ભિતરરે સમરસ રામમારે, રવિદાસ ઝિલે બ્રહ્મ સીંધુ નુર. જાગી. ૪ પદ ૩ સદગુરૂ બોલ્યારે મુસ્તક કર ધરીરે, સેવક સાચિ માનજે સાખ્ય; પ્રગટ રહુંછુંરે તારા પંડમાંરે, દલમાંથી દુબધ્યા કાઢી નાખ્ય. સદ. ૧ આનંદ આણીરે અનુભવી આચરચારે, પાળો તમે પ્રેમિ જનસું પ્રીત્ય; જ્ઞાન વૈરાગેરે ભક્તિ રસ ભિંજિયેરે, અંતર રાખો નરમલ રિત્ય. સદ. ૨ સીલને સંતોષરે ખમયા બહુ રાખવીરે, સાધુ જનસું આધિનતા બહુ હેત; બાળકને સમજાવીરે રેવું તારે રેણીયેરે, વસ રાખો જીભાઈંદ્રી સમેત. સદ. ૩ જ્ઞાન ગંભિરીરે મનમાં અતાઘણીરે, જો મન ગંભીરછે દરીયાવ; ઉલટાને લેરૂંરે ઘટમાં સમાવીયેરે, માન ગાલિ ટાળવો દેહનો સભાવ. સદ. ૪ દિઠિને અણદિઠિરે કરે કોય અનુભવીરે, સમજીને સમાવ કરે કોઇક સંત; તરવેણિમાંરે જૈને આગન કરરે, અનહદ સાંભળે નાદ અખંડ. સદ. ૫ કઠણ વચનરે હેડે હરકત ઘણીરે, મોના મીઠા દલના જુડા જાણ્ય; હરીજન હંસરે તેથી અળગા રહેરે. આગણ કેના ન ધરે કાંન. સદ. ૬ તત્વના દરસિર આગે બહુ થયારે, તેતો કાંઈ નાણિ હૈયામાં દોસ; મનક્રમ વચનરે કોયને દુભે નહીંરે, તેતો નર જીવતા પામ્યા મોક્ષ. સદ. ૭ હરીરૂપ થાયેરે હરા હંસ નીહાલતારે, જો હાવ પુર્ણપદ પ્રકાશ; સાસોને મટેરે સાધુની સંગતેરે, ભાણ ચરણે ભણે રવિદાસ. સદ. ૮ પદ ૪. ઓળખિને લેજોરે અનુભવી આત્મારે, રખે તુનો છલબલ કરતો કાંયે; મોટપણુ મેલીરે વહેતું તાહી એ વાટમાંરે. હરજીને ધરજે હેડા માંયે. ઓલ. ૧ ફરીફરીનેરે મુનસા દેહ મલવો નથીરે, નરતું તો માનજે નિરધાર; દિનદિન પ્રત્યેરે આયુષ્ય ઓછો થાયછેરે, પછે તુને મરતા નૈ લાગે વાર. ઓલ. ૨ મગન થઇનેરે ગગનમાં ગાજજેરે, એમાં નથી કાયર થયાનું કામ; તનમન ધન લેઈ જાયેરે તેને તું રોકજેરે, એતો સુરાપુરાનો સંગ્રામ. ઓલ. ૩ ટલવું તો આપુંરે ગલવુંતો જ્ઞાનમાંરે, મળવુંતો મુકાવેરે મનનું માન; રણછોડ કહેછેરે પર ઉપગારનેરે, કોઈ કોઈ કિર્તન ધરજો કાન. ઓલ. ૪ પદ ૫. કૈજુગ વિસારે ભુતળ ભટકતાંરે, હવેગુરૂ

દયાકરો દુઃખ જાય; અનેકને વારેરે અવનીમાં અવતર્યોરે, પશુ પંખી કિટ પતંગ કહેવાય. કેજુ. ૧ મેઘના બીંદુનીરે કોય સંખ્યા કરેરે; ધરતીની રેણુ કદિક ગણાય; નવખંડ તરૂરે તણાં લખવેરે, મારા કાંઈ જનમ ગણ્યા નવ્ય જાય. કેજુ. ૨ સાત સિંધુ જેટલુંરે પયમેં પિધું હસેરે, માતા પયોધરનાં તન પાન; જલચર થલચરે ખેચર થૈ ફરયોરે, ક્ષણુ એક ઠરી નવ બેઠો ઠાંમ. કેજુ. ૩ ચાર ખાણયમાંરે જઈને અવતર્યોરે, હવે પામ્યો મોઘો મનુષા દેહ; ભમતાંને ભમતારે સદગુરૂ ભેટિયારે, તેને ઉપજાવ્યું આતમ તત્વ સનેહ. કેજુ. ૪ તરછોડ્યો તારે ચરણ કમળથીરે, દેહપડે પણ નેહ નવ્ય જાય; પ્રિતમ ચર્ણેરે પ્રભુને આવિયોરે, સનમુખ ભાલ્યા સદગુરૂરાય. કેજુ. ૫ પદ ૬. આળસ આણીરે ઊંઘય માં અભાગિયારે, જાગીને જોને અવસર વિતી જાય; તુંતો નથી લેતોરે તારા મોહ પ્રમાદમાંરે; કાયાનેતો કાલ નિરંતર ખાય. આલસ. ૧ બાલાપણ ગયુંરે ગયું જોબન જથારે. વલ્યો તારા રહ્યા તે દિન જાય; નજરે દેખેછેરે જાતાં જીવ આવતારે, તોય તારા ચિતમાં ચિંતા નવ્ય થાય. આલસ. ૨ રેવાને રચેછેરે મંદિર માળીયાંરે, એ સહુ દેખત ભુલ્ય ઉપાય; સુરતરૂ મુકીરે સેવતુ શિમળોરે, તેમાં ફલ સું સર્વાળેરે થાય. આલસ. ૩ ઘણેઘણે દાડેરે પામ્યા મુનષા દેહનેરે, હવેકાંઈ હેત હરીસું આણ્ય; બારાંને વેપારે લાભ મળ્યો બારનોરે, પ્રિતમ જો પરમારથ જાણ્ય. આલસ. ૪ પદ ૭. બ્રહ્મરસ પિતાંરે વિલમ ન કીજીયેરે, સમરણ કરને સ્વાસો સ્વાસ; આવીને સમયોરે ફરિફરિ નહી મળેરે, રૂદયે રાખજે દ્રઢ વિશવાસ. બ્રહ્મ. ૧ આજ કાલ કરતાંરે ચોપે તારે ચાલવુંરે, જઈને નવખંડમાં કરવા વાસ; કાયા કિટિનેરે થાશે ઢેરી ધુડ્યનિરે, કોય પ્રાણિ નઇ આવે તારી પાસ. બ્રહ્મ. ૨ શરીર સમીનેરે ઝાડિ થશેરે, ઉપરચ ઢોરાં ચરશે ઘાસ; ગગન પવનરે પાક જળ પ્રથ્વીરે, જાં જેનો ત્યાં તેનો સમાસ. બ્રહ્મ. ૩ કપટ તજીનેરે ભજે બ્રહ્મનેરે, ટાળિ અનિત્ય વિષેની આશ; પરપંચ ટાળેરે પ્રભુ દરસન થશેરે, પ્રીતમ પ્રગટે જ્ઞાન પ્રકાશ. બ્રહ્મ. ૪ પદ ૮. ફરિફરિનેરે સીદપડે ફંદમાંરે, નિર્લજ નાક વિના નર નીચ; સદગુરૂ શાસ્ત્રનુંરે કહ્યું નથી માનતોરે, કબુદ્ધિ તું કહ્યો કર્મને કીચ. ફરી. ૧

જુઠા જક્ત તણારે ખેલને જોઇનેરે, મુરખ શું મનમાં મકલાય; છાંડ્યા છગદ્યારે ઉલટ્યા અન્નનેરે, ગર્ધવ સ્વાન સ્વાદે ખાય. ફરિ. ૨ ગોરખ ગોપિચંદ ભરથરીરે, ક્ષણુંમાં સર્વે સુખ કીધું ત્યાગ; કોહોને તેનારે રૂદે કેવાં હશેરે, ધન્ય ધન્ય એ ધીરજ વૈરાગ. ફરિ. ૩ નાગરવેલ થકીરે જે નિપજે, તે પાન ચડે દેશ વિદેશ; જડ રહે નિર્લરે ત્યાં લગી નીલાં રહેરે, પ્રીતમ પ્રીછજો એ ઉપદેશ. ફરી. ૪ પદ ૯. સદગુરૂ સાથે રે બાઇ મારે પ્રીતડીરે, સમજાવી સાન પુરણ બ્રહ્મ ભેદ; કારજને કારણરે બાઇ મારે સમ થયુંરે, કરમ ભરમનો કર્યો ઉછેદ. સદ. ૧ તનમન સોપ્યુંરે સદગુરૂ ચરણુમાંરે, પ્રેમે પીઉજીને કીધા હાથ; બાહ્ય ભીતરરે રસીક વર રમી રહ્યારે, નજર આગળથી નવ જાય નાથ. સદ. ૨ અજાણ હતી તે અનંત આવરણમાંરે, સદગુરૂવે પડલ કિધાં દુર; અહોનિશ ઝિલુંરે પ્રેમ આનંદમાંરે, જ્યાંહાં જોઉ ત્યાં હરિ ભરપુર. સદ. ૩ આપુ ભુલીરે વસ્તુ વિદેહીમાંરે, પ્રગટીરે પુરણ બ્રહ્મ દસાય; શુદ્ધ વિચારતાં જેહુનું તે રહુરે, અણછતા રવિદાસ નિરંતરે ગાય. સદ. ૪ પદ ૧૦. મનુષા દેહનું ટાણુંરે કાલે તારૂં મટી જશેરે, ગરધવ થઇનેરે ગલીયુંમે ભટકશેરે; સાંજ પડે કોઇ નઇ લેરે સંભાળ, ઉકરડે ચડીનેરે ભું ભું ભુંકશેરે, શીર ધરશે વણ તોલોરે ભાર. મનુષા. ૧ ઊંટ થઇનેરે બોજા બહુ ઉઠાવશેરે, ચરવિ પડશે કાંકોલને કંથારચ; હાથી થઇનેરે ધડનેતો ભેળશેરે, લોઢા કેરા ભલકા પડશેરે પાભ્ય. મનુષા. ૨ ગૌ સુત થઇનેરે ઘણા ચાબા ચાંપશેરે, પંથીડો જોતાં નૈ આવે પાર; અંધારી બાંધિરે ઘાંણિમાં ઘાલશેરે, ઉપર બેઠો મુરખ દેશેરે માર. મનુષા. ૩ સ્થાવર થઇનેરે ઊંધે મુસ્તક જુરશો, થાશો થાશો ભિન્ય ભિન્ય બહુ ઝાડ; ડાલેને ડાલેરે પંખી માળા ઘાલશેરે, કાયા ઉપર બહુ પડશે કોહોવાડ. મનુષા. ૪ દાસ થોભણ કેહેશેરે રૂડી વિનતીરે, હરિગુણ ગાજોરે નરને નારચ; અવસર આવોરે ફરિ ફરિ નહીં મળેરે, ઘેલા પ્રાણી જ્યમ ચેતાય ત્યમ ચેત. મનુષા. ૫ પદ ૧૧. સદગુરૂ સાક્ષિરે અનંત કલપ તણારે, સદા સરવદા રહે સંગ અસંગ; ઉપજેને ખપેરે વણસે નહિ વાલમોરે, લભીતા લાલ અમુલખ નંગ. સદ. ૧ હિંડુતી હિંડરે નૈણાંનિ આગલેરે, હેરૂંતો હેરેરે સન-

મુખ્ય હોય; એલુંતો એલરે ઉરધ એલમાંહે, અકલ કલિત એને ન સકે કોય. સદ. ૨ બેસુંતો બેસેરે સ્થિર આસન કરીરે, હસુ તો હરજી હસ મુકલાય; જમુતો જમેરે હરિ આગળ થકીરે, અહોનિશ અડંગ અડ નવ્ય થાય. સદ. ૩ સુતી સોડ્ય તાણીરે સુન્ય મંડલમાંરે, ઝલાબીંગ ઝલકે અપ્રમિત તેજ; અમ્રત વરસેરે અનહદ્ય ગડગડેરે, સુંદિર સોહામણી સુખ્ય સેજ. સદ. ૪ બ્રહ્મરસ ભેદરે નિજ પ્રેમિ લહેરે, તત્વ દરસિ લહે સ્વે સુખ્ય; રવિદાસ હેતેરે પિયુમાંહે રહી રામિરે, મુંગો શું કહી દાખવે મુખ્ય. સદ. ૫ પદ ૧૨. સુરિનર વંદેરે સીતલ સંતનેરે, જેને અભ્યાંતર નહિ અભિમાન; સિલને સંતોષારે ગુરૂવા ગુરૂગમિરે, અડગ અખંડ નિરંતર ધ્યાન. સુરિન. ૧ શબ્દ રસાલારે નયણાં અમ્રત ભરેયાંરે, કરયો જેણે રાગ દ્વેષનો નાશ; કરૂણાના સિંધુરે નિરમલ નેહ ભરયારે, સમ દ્રષ્ટી સમ પુરણ સમાસ. સુરિન. ૨ પાપ પુન્ય રહિતરે, બ્રહ્મરસે ભરયોરે, પાંચ પચિસને કિધાં ઝેર; માહા સુખ્ય આપેરે સરવે જંતનેરે, નિર સંસય સંતને નહિ કહીં વેર. સુરિન. ૩ લક્ષરૂપિરે આતમીક સંતનેરે, પિછ્યું જેણે પોતે પોતાનું પોત; જીવપણું જાલુરે આતમીક થઈ રમેરે, સ્વેપરકાસિક અદ્વૈત ઉદ્યોત. સુરિન. ૪ તત્વ દરશિરે વસ્તુ સ્વતંતરેરે, જ્યેમ ભાંડ માંહી મ્રતિકા ભાસ; રવિદાસ સંત સેવેરે કોઈ અદ્વૈતપણેરે, પુનરપી ફરિ ન આવે ગ્રભવાસ. સુરિન. ૫ પદ ૧૩. હુંનહિ જીવરે હુંઇશ્વર નહીરે, હુંનહિ પંચતત્વની ભાત્ય; હુંનહી ગુણરે નિર્ગુણ નેહરારે, માહારૂં રૂપ સદા સાક્ષાત. હુંનહિ. ૧ હુંનહી પરાપસ્યંતિ મધ્યમાંરે, હું નહી વેદ વૈખરી વાણ્ય; ચારેને દેહરે નહિ માહારે વિષેરે; માહારૂં તે પદ અચળ નિરવાણ્ય. હુંનહી. ૨ હું નહી શબ્દ સ્પર્શ રૂપ રસ ગધમાંરે, હુંનહી મન બુધી ચીત અહંકાર, હુંનહી જાગ્રતરે સ્વપ્ન સુષોપતીરે; હુંનહી તુરિયા આદ્યેચાર. હુંનહી. ૩ હુંનહી કરણિમાંરે રેણી કેહેણિ કરૂંરે, સહુનો પ્રકાસિક પ્રમાતમ રામ; સ્વર્ગ મ્રત્યુ પાતાળેરે વ્યાપિક સર્વમાંરે, હુંવિના ઠાલો નહી કોઈ ઠામ. હુંનહી. ૪ ધાતાવે વરતેરે વિતરિક ધામમાંરે, સોહંગ નિરાલંબ તુરિયાતિત; અણછતો રવિદાસ ગેબિ ગેબ ઓચરેરે, માહારે સ્વરૂપે દ્વૈત ન અદ્વૈત. હુંનહી. ૫ પદ ૧૪. પ્રભુને ભજી-

સેરે પુરણ પ્રેમશુંરે. ટેક. જે ચૈતન ઘનરૂપ અપાર, સરવેને કાલિરે
સઘળે જાગતોરે; સાક્ષિ શુભા શુભ ફલ દાતાર. પ્રભુ. ૧ જેનેતું
વિચારીરે જગ કરનારનેરે, જાંહાં ત્યાંહાં અંધકાં માથાં મારય; વેલોને
ઝાલિરે જે સકતો નર્થારે. તે ક્યમ વહે બ્રહ્માંડનો ભાર. પ્રભુ. ૨ પ્રભુની
પુજાતોરે તે નરથી બનેરે. જે જીવત મૃતક થઈ રેહેનાર; કોકને સાટેરે
પુજેછે કોકનેરે, તુંતો અંબર નગર સરદાર. પ્રભુ. ૩ છે પ્રભુ તુંથિરે
તુજને ઢુકડોરે. તુછે અવળે મુખે જોનાર; મુખ નવ દિસેરે અવળે
મુખે આરસીરે, ફોગટ ફોણ સાંમો પોકારચ. પ્રભુ. ૪ સદગુરૂ સરણેરે
જઈ જાણે તું ખરૂરે, તોમન સંશય રેહે ન લગાર; સમજે સાચોરે
કરતા આતડરે, જે સચ્ચિદાનંદ બ્રહ્મ વિચાર. પ્રભુ. ૫ પદ ૧૫
આ તન કેનુંરે સંગે ચાલીયુંરે, મનમાં તુ જોને વિચારીને વિર; ભુપતિ
કોટિરે ભુ ભેલા થયારે, અવતરિ ન ટક્યાં હરિ ધિર. આતન. ૧ ક્ષણ
ભગુરનીરે પ્રતિમા પુજતારે, કયમ પતિ પામિશ તું આ શરિર; અ-
કરણ ખોદેરે કોહોર્ણાયે કુપનેરે, તેનબ ભાળે નજરેરે નીર. આ.૨
જગત પતિનેરે જુવે તુ ખોલીનેરે, તોતું ધુતારાને ક્યાં ધિર; સાબન
પામેરે સેવ્યે આકનેરે, કલપ લગે ભેળા થઇ ફિરે. આતન. ૩ સદગુરૂ
કેરીરે સત્ય વાણી શુણિનેરે, તજ્ય કામાદિક કુડામિર; ઘરોઘર ગોથાંરે
આતો આલસિરે, ભજને તું ચિદઘન નાથ ગંભિરે. આ તન. ૪
જેને ત્રાસેરે સમવર્ત્તે સદારે, રવિ શશિ અનલય માદિ સમિર; તે પતિ
સાચોરે સકલ લોકનોરે, છે સચ્ચિદાનદ બ્રહ્મ અતીર. આ તન. ૫
પદ ૧૬ ભાગતી ભવૈયેરે ભુંડા તુંશું મોહી રહ્યારે, પેહલા તારૂં ઘર
ઘરેલુ વિચાર; નાચિ નાચિનેરે નાયક થાકીયોરે, તોય નવ રીજેરે
આ સંસાર. ભાગ. ૧ સગાંને કુટંબિરે મળ્યું સહુ કારમુંરે, પેરયાં
તેણે સ્વારથ રૂપીયાં ચિર; અંગેને આભુષણરે પેરયાં અતિ ઓપતારે,
નીકળ્યાં છે કાચને કથીર. ભાગ. ૨ સરસ જોનારારે જોને ઉઠી
ગયારે, દિધા તેણે સાથીડાને સાદ; ક્ષણક્ષણ વાગેરે માહાદલ ખો-
ખરૂંરે, ભાગ્યા જોને ભુંગલ કેરા નાદ. ભાગ. ૩ સાજન સંકેલાંરે
સૌવે આપ આપણાંરે, ભેરૂડાતો પડાવેછે ભાગ; ખેળોને ખલકાવેરે
કંકણ કર તાણુંરે, જીવ જુવે નિકળવાનોરે લાગ. ભાગ. ૪ સુખડુંને

તારૂંરે સુપનંતર થયુંરે, રહી એક કેહેવા સરખી વાત; રામકૃષ્ણ પ્રભુરે જપો જુગતે કરીરે, હવે હુવો મુનષા દેહ પરભાત્ય. બાગતી. ૫ પદ ૧૭ સદગુરૂવે કહ્યુંરે સંગ લે શ્રીહરીરે, એવું એવું વચન ચડાવ્યું શીશ; ભ્રમની ભિંત્યરે ટળીવિચ્ચ માંહથીરે, સલંગ દિઠા જગમાં જુગદિશ. સદ. ૧ પરપંચ ટળતાંરે પિછ્યું જ્યારે પાધરૂંરે, સઘળે બાપક મારોરે રામ; નેતિનેતિ શ્રુતિરે જેહેને અસ્તવેરે, તે પ્રગટ્યું સુખનું સુખધામ. સદ. ૨ તુન્યતા ગઈરે જે મારે હતિરે, હવે કોઈ નથી નંદવાને જોગ; લેહેરને સમુદ્રરે એકરૂપ થઈ રમેરે, વગ્તુ વિશ્વમાં ભાળ્યું લોક. સદ. ૩ સુત્ર મણિરે જેમછે સુત્રમાંરે, તેમછે આતમા પંડ્ય બ્રહ્માંડ; ઠામ ન ઠાલોરે કોઈ હરીવિનારે, વેદ ભેદ બતાયો અખંડ. સદ. ૪ ચરાચર ચૈતનરે બ્રહ્મ પુરી રહ્યોરે, અકલ અખંડ અદ્વૈત અનંત; દેવા સાહેબરે એણિ રીતે સમજતાંરે, ભ્રાંત ટળી હવેછે ભગવંત. સદ. ૫ પદ ૧૮ પદ રાગ ગોડી. અગમ ભોમ ગત ન્યારી, સંતોભાઈ અગમ ભોમ ગત ન્યારી; અસન માર જુગતસેં બેઠે; સો લગિ ગગનસેં તાલિ. સંતો. ૧ અજંપા જાપ જપે સુખ પાવે, સો બ્રહ્મ અગનિ પરજારી; મન પવન સેહેજે ઘર આયા, ભયાહે અચંબા. સંતો. ૨ ઉદિત ભાંણ બ્રહ્મકોટી સિંધુનિ, સુખમણ સેજ મારિ; ભઈ દેખ મગન તુરિયાપદ, નિરમલ જોત વિચારી. સંતો. ૩ નાત ભાંત કુળ વર્ણભેદ, નાહિં સત સુક્રિત યતસારી; કહત કબિર સતગુરૂ ક્રિપા તે, ભઈ અલખસે યારી. સંતો. ૪ પદ ૧. સંતો ભાઈરે સદગુરૂ ભક્તિ જાંણી, જાણી તેનેરે વખાંણિ સંતો; ફુટગયા પથરા પ્રગટ ભઈ ગંગા, હો ગયા નવખંડ પાંણિ. સંતો. ૧ એ પાંણિમેં દો પરવત ડુબે, સાગર લેર સમાંણિ; જલકી મછલિ ત્રોવર ચઢિ બેઠી, બોલત અમૃત વાણિ. સંતો. ૨ મછલી હતી ત્યાંહાં નીતા મછલા, ગર્ભ રહ્યો વપાંણિ; એક નારીયેં દો પુરૂષ જાયા, એક સિલ દુજો જ્ઞાનિ. સંતો. ૩ એકી નારીયેં સબ જુગ ખાયા, તાસેં ફિરૂંમેં અકેલા; કહે કબિર સોઈ પદ બુજે; સોઈ ગુરૂ મેં ચેલા. સંતો. ૪ પદ ૨. અવસર બોહોત ભલો મેરે ભાઈ, મુનષા દેહ દેવતાકું દુલભ; સોઈ તન તેજો પાઈ. અવ. ૧ છાંડ કપટ વિદ્યા પરપંચ, મેલિ દેને માંન બડાઈ, માત પિતા

સ્વારથકે લોભિ, માયા, જાલ બંધાય. અવ. ૨ જબલગ જરા નિકટ નહિં તેરે, લે ગુરૂ જ્ઞાન ભલાઈ; સાધ સંગત મિલિ ભજો ભગવંતકું, સોઈ સકલ સુખદાઈ. અવ. ૩ કેત પોકારી ચેત નરે બહેરે, સોય તનતે જોગ માઈ; કહત કબિર કાયા કાચકો કુંપો, વિનસતાં વેરન લાઈ. અવસર. ૪ પદ ૩ તન ખોજો મેરે ભાઈ, સુરત ધરી તન ખોજો મેરે ભાય; તન ખોજ્યા વિના પરલે હોવેગી, જીવ જમરા સે જાઈ. સુરત. ૧ સાચિ કહુંતો સબ જુગમારે, જુઠ જગત તિયાઈ; કોટિક વૈદ મિલેજુ સ્વાનકું; પુંછ ન તજે ટેડાઈ. સુરત. ૨ આગે આગે પંડિત પિછે, પિછે દુનિયાં બડીબડી ઔર ચલાઈ; સબજુગ ગયા મોહી બડારે, અંદેસા ખબર કાહું કિન પાઈ. સુરત. ૩ એક દો હોયતો કઈ સમજાવું, જુગસેં કહી નહી જાઈ; કહત કબિર સમજ મન અપના, બકબક કરેરે બલાઈ. સુરત. ૪ પદ ૪

સંતો ભાઇ રામ રમે જુગ સારા, ગુરૂગમ જ્ઞાને સુરતામાં ભારિ; સો ઉતરેચા ભવ પાર. સંતો. ૧ નાદિ બાદિ ગુણિ ગવૈયા, કવિ કળા રસ કેતા; વંચક પુજક સેવક સાધક, કોય નહિ બ્રહ્મવેતા. સંતો. ૨ જગત જગતકા કૃત્ય ન દેખે, બ્રહ્મવેતા સત સોઈ; ઔર સકલ વાતનકે રસિયા, ટળે નહિ દુજા દોય. સંતો. ૩ પુરણ બ્રહ્મ સકલ પરિપુર્ણ સકલ ભાવ હરિ રાયા; વેતા જુગમાં કોયક આધા, વિરલા જનુનિને જાયા. સંતો. ૪ જેસે અગ્નીકાષ્ટકે સંગે, નિકસત ધુવા સોય; ફિટ્યા ધુવા ફેર અગ્નિ ન પાવે, કથિ કથિ ગયે સબ કોય. સંતો. ૫ દેહકે કૃત કલજલ તીરે, ડુબ રહ્યા જુગસારા; બ્રહ્મ દરિયામે વિરલા ઝિલે, સોય અખારે સો નરા. સંતો. ૬ પદ. ૫ તું તારી જાત જાણેતો, વારૂ જાત જાણ્યા વિના; જેજે કરવુ નઈ ઉગરે તે સારૂ. તુ તારિ. ૧ ધુતારાથી નવ ગ્રહે, નિચ નક્ષત્ર માલ સર્વેહેઠા; ફરેસિ સુમાર ચક્ર પાંખડિયાં, તે પદ દિસે ધર બેઠા. તુ તારિ. ૨ જોગ જગન જપતપ તિર્થ કરતાં; ભલો બાવિષ આ ભવમાં; પુર્ણ પદનિ પ્રાપ્તિ પાંખે, વયો પનરને નવમાં. તુ તારી. ૩ રાજ ભ્રષ્ટ થયો કોય રાજા, પારકી વરતે વર્તે; કુળ ક્રિયાથી પાછો પડિયો, અનપદને આચરતે. તુ તારી. ૪ જો જાણુતો જાણે મનવા, સકલ અર્થનો એ છેડો; અખા અંત

એણિપેરે આવે, કાલ જાલ નિમેડો. તુ તારી. ૫ પદ ૬ સંત સમાગમ કિજે સંતો ભાઈ, સંત સમાગમ કિજે; મનક્રમ વચને શુદ્ધા જુગમે, પ્રેમે માહા રસ પિજે. સંતો ભાઈ. ૧ સંત સમાગમ સંસે ભાગે, જીવપણું ટળી જાય; માહા સુખ નિર્મળ નિજરૂપ પ્રગટે, હરી હસ્તામલ થાય. ૨ સકલ તિર્થ સદગુરૂને ચરણે, પાપ તાપ ટળી જાય; ભય ભાગે ભવ રોગનો ભારી, જો સંત સાગરમાં નાય. ૩ જો યજ્ઞ તપ નહી આવે, સદગુરૂ કેરા ચર્ણ મોહોત્રગ જળમાં ઘણું વેતો, પામ્યો જનમને મર્ણ. ૪ કહે અખો સદગુરૂ સંગ મોટો, કોઈ અધિકારી સંત પામે; જીવપણાનું જોખમ ભાગે, લક્ષચોરાશિ દુઃખ વામે. ૫ પદ ૭ પુર્ણબ્રહ્મ અવીનાસી, નરે તુ પુર્ણબ્રહ્મ અવિનાસી. ટેક. ષટ ઉરમાંને વિકારાદિ ષટતે, એ થકી રહેજે ઉદાસી. નરેતુ. ૧ કોટિ બ્રહ્માંડાધીશ નિરાકૃતી, તે તુ સ્વયંપ્રકાસી; અક્ષરાતિત અક્ષરનો સાક્ષી, દ્વંદપણે નવ લગાસી. નરે તુ. ૨ મુળ માયા ચિદશકિત, એ કારણ તે તારી છે દાસી; એવા રૂપ સનાતન વિસારી, માનિ તેં જમની ફાંસી. નરે તુ. ૩ ચારખાણ કુંડ નર્ક અઠાવિશ, ધર્મરાય ભિભાસી; માત બાલ કેને હાઉ બતાવતી, છાંનો રાખે કરી હાસી. નરે તુ. ૪ એવાતે સ્વર્ગ નર્ક સુખ દુઃખ છે. એવી તુ જાણ ચોરાસી; તારો ભાસ ફુટયો તુંજ માંહી, તુ સચ્ચિદાનંદ વિલાસી. નરે તુ. ૫ ત્રિગુણ ત્રણ ગ્રંથિ સંગ બંધ્યો, થયો ભુતલનો વાસી; માત પિતા કુલ કુટંબ સનેહી, માનીનતામાં સામી. નરે તુ. ૬ ન્યાંલગ નામ રૂપાદિક ભાશે, બારરાસી નામરાસી; રામદાસ નહી એના તુ સંગી, સદા અસંગ નિરાસી. નરે તુ. ૭ પદ ૮ રાગ બેહાગ. સોઈ પદ કોન બતાવે ગુરૂજી વિના, સોઈ પદ કોન બતાવે; પદ પહીચાંને મગન ભયે, જેનર સો ફરી ભવજલ નાવે. ગુરૂજી. ૧ ગ્રાહે નહી જપ તપ તેંસો પદ, તિર્થ વરથ નહી આવે; શુદ્ધ વિચાર સાંન સંતનકી, આપાપર બિસરાવે. ગુરૂજી. ૨ સોપદ ચાહત હરી હર, અજસો સેસ સદા જસ ગાવે; સિધ સાધક સાધે પુનિ કાયા, ગુનકે પાર નજાવે. ગુરૂજી. ૩ ચિતવત ચિત અચેત હોઈ જાવે, ચર અચર ધર કાવે; હલા બોલ પદ મધ્ય સોનારા સસ્વરૂપ દરસાવે. ગુરૂજી. ૪ પદ ૧ જ્ઞાન

કલા અતિન્યારી, સબનતે ગ્નાન કલા અતિન્યારી; જાકું નેતિનેતિ કહતહે, સુરતિ સોધર લિના વિચારી. સબનતે. ૧ ચારૂ વેદ ચતુરદસ વિદ્યા, સોસબ રહીરે કુંવારી; ગુનકે ઓઠ રહી ઉરઉરે, અહંતા પરી મ'ધ્ય યારી. સબનતે. ૨ પેઢ પઢાવત વેદ વ્યાકરેના ધર્મ કર્મ અ. ધિકારી; તામે ઉરઝ રહે ઉર અંતર, નાં કોઈ તોલ હમારી. સબનતે. ૩ એહીઅવાચ્ય અણુલિંગિ અનુભવ, જાગ્રત નિંદ્રા ટાળી; સાક્ષિ સો નારા પંચ પંચનકો, સર્વાતિત નિરધારી. સબનતે. ૪ પદ ૨ મો સરપે જુગ ડસિયો, સંતો મો સરપે જુગ ડસીયો; ગ્નાનિ પંડિતકું પેહેલેરે ખાયા, ઝેર ઉતારણ ઘસિયા. સંતોમો. ૧ ગારડીકું આવે વિષકિ લેહેરયું, સબ દનીયાકું રિઝાવે; ઘેન ભયો નર ભરમે ભુલ્યો, સબ મિલિ એક અખાડે. સંતોમો. ૨ વાપ્યો ઝેર નખસિખ માંહી, નાડ સબનકી ટુટી; ભાવ ભરોસો નૈ સદગુરૂકોતો, પકડી નસક્યે નિ- જબુટી. સંતોમો. ૩ સોહં બુટી સકલ સિરોમણ, સબકા ઝેર ઉતારે; જનક સનક સુખ દેવે પાઇ, જગત દ્રષ્ટમાં નાવે. સંતોમો. ૪ આ- તમ ગ્નાન વિના સબ ચોલે, જતી સતી તપસિ સંન્યાસી; કહે અખો તમે રામને સમરો, પદ જુવોને તપાસી. સંતોમો. ૫ પદ ૩. આનંદ કો ઘર પાયો, અબ મોય આનંદકો ઘર પાયો; જળતેં ક્રિપા ભઇ સદગુરૂકિ, નિરભે નીસાન બજાયો. અબ. ૧ કાંમ ક્રોધકિ ફુટી ગાગરીયાં, ત્રષ્ણાકો નિર બહાયો; તજી પરપંચ સકલ જુગ જીત્યો, ગુરૂ ચરણે ચિત લાયો. અબ. ૨ પંચ તત્વકી આતન ગોદડી, સુ- મતાકો ટોપ બનાયો; હદ ઘર છોડી બેહદ ઘર આયા; ગગન મંડલ મઠ છાયો. અબ. ૩ એત દિવસ નહી જાં રજનિ, ત્યાંહાં મોય લા- ડ લડાયો; કહત કબીર પીયાજીકે પ્યારે, પ્યારે પિયા મન ભાયો. અબ. ૪ પદ ૪. હોત આનંદા આનંદ ભજનમે, હોત આનંદા આનંદ; બ્રષત બુંદ અમિકે બદલા, ભિંજેગા કોઈ સંત. ભજન. ૧ અગ્રભા સંત તકી નદિયા, માનુ અઢારે ગંગ; કરી અસ્નાન મગન હોઇ બેઠે, ચડત સબદકો રંગ. ભજન. ૨ પિવત સુધા રસ રેત નામ રસ. સુવત અમિકે બુંદ;રોમ હીરોમ અમૃતમે ભિંજે,પારસ પરસેઅંગ.ભજન. ૩ સ્વાસા સાર રચ્યો મેરે સાયબ,જાંહાં નઈ માયા મોહંગ; કહત કબિર સુનો

બાઈ સાંત્રે, જપોને સોહંગ સોહંગ. ભજન. ૪ પદ ૫. અગમ તિરથકું ચલનાં, હે મન અગમ તિરથકું ચલના; કાયકુ દોડ કરે મન મેરા, ઓર તિરથ સબ ભ્રમના. હેમન. ૧ ગાજ બિજ પવન નહીં પાણી, વના વાદલ નિરે ઝરનાં; નિરમલ બુંદ વરસે અખંડ ધારા, સોલ જલ ધરણી નહી ગલના. હેમન. ૨ શંકરદત ગોરખનાથ સરખે, સોઇ સરોવર ઝિલનાં; ઓવર પાળ વિનાઇ નેં પાણિ વિનાઇ, બ્રહ્મ ધાટસે મિલના. હેમન. ૩ સાધોકિ સંગતે ગુરૂ પરતાપે; રેના સાચબજીકે સરને; કહત કબીર વિવેક વિચાર વિના, અસંખ જુગ અવતરેનાં. હેમન. ૪ પદ ૬. નિરગુન જરી લક્ષ આવે, જીનકુ નિરગુન જરી લક્ષ આવે; પોયણ પેડ વસે એક દાદુર, વાકો મરમ નપાવે; કમલ ફુલકો મધુકર ભોગી, સો જોજન ચલી આવે. જીન. ૧ કાજી હાથ કુરાન નવાચે, મુલા બાંગ નલાવે; વેદ છાંડકર જાય વિપ્ર, જન રાજાકું રાજ નભાવે. જીન. ૨ સમ દમ સજા ચતુષ્ટે સાધન, સપ્ત ભોમિકા જુકાવે; સ્વર્ગ લોક પાતાલ વૈકુંઠ પદ, સો સુખ જરી નહી પાવે. જીન. ૩ અડલ આસન જોગ વૃત સંજમ, સુન્નમાં ધ્યાન લગાવે; ખટ ઉરમિ પાખંડ છાંડકે, જોતમે જોત મીલાવે. જીન. ૪ કરવિન તાલ પખાજ વાજે, વિન રસના ગુન ગાવે; કહત કબિર એ શબ્દ અનહદહે. સમરથ ગુરૂ સમજાવે. જીન. ૫ પદ ૭. ગુરૂજી મિલે બ્રહ્મ ગ્નાની, અબ મોય ગુરૂજી મિલે બ્રહ્મ ગ્નાની; જબતેં કિ્રપા ભઈ સદગુરૂકી, ગગનમાં સુરતાં ઠેરાની. અબ. ૧ કબુદ્ધિ જરાય કરૂંમેં કજરા, ભઇ પ્રેમ રસ સ્યાની; એસો વ્રેહે જગાયો એહેની, તબ પિયાકે મન માનિ. અબ. ૨ સેજ સંધારે સમતાકો ચુરો, નરત સરત ભઈ રાનિ; શિલ સંતોષકે કુંગનાં પેરે, હોરહી મસ્ત દિવાની. અબ. ૩ એસા પીયા હમ કબહુ ન દેખ્યા, સુરત દેખકે લોભાનિ; કહત કબિર પાયા ગુરૂ પુરા, તનકી તપત બુઝાનિ. અબ. ૪ પદ ૮. ઘર કર્યું દરીયા માંહી, માંછલી ઘર કર્યું દરિયા માંહી; છિલર જળ દો દિનકા વાસા, અંતે તું કાંહાં જાઈ. માંછલી. ૧ જાલ નહી ત્યાં ઢિમર નાંહી, નહી ધુપ અરૂ છાંઈ; અમર ઠોર મરણા નાંહીં કબહુ, ત્યાંહાં ઉતપતી પરલે નાંહી. માં-

છલી. ૨ ઘેરા જળ અતી શોભન લાગે, અંતે તાતા નાંહી; અંતકિ એરીયાં ફેર પીછતાયોગે, જેસિ દુફેરી છાય. માંછલી. ૩ સબસેં બડા સબડકા ટિકા, સર્વ સુખ હેતા માંહી; કહત કબીર સુનો ભાઇ સાધુ, અહો સમૃતકી બાંઇ. માંછલી. ૪ પદ ૯. મોહન લાગત પ્યારો રાણાજી, મોહન લાગત પ્યારો; જીનકી સતાયે હાલત ચાલત, બોલત પ્રાન આધારો; જીનકી માયામેં સબ જુગ મોયો, સો નિજ પુરૂષ હે ન્યારો. રાણાજી. ૧ તુમજો કહો અરધંગા મેરિ, સોહી લગાયો મોહીકારો; કોટ્રી બ્રહ્માંડમેં બાપિ રહ્યોહે, સોઇ નિજ પુરૂષ હમારો. રાણાજી. ૨ પાટ પિતાંબર મોતનકી માલા, વાપર આગહી જારો; તિલક છાપ તુલસીકી માલા, સાધુ સંગત નિસ્તારો. રાણાજી. ૩ તુમહી જુઠે અમહીં જુઠે; જુઠો રાજ પસારો; સ્રિ પુરૂસકો સમંદ જુઠો, ફુટયોહે હૈયો તિહારો. રાણાજી. ૪ મિરાબાઇ કહે પ્રભુ ગિરધર નાગર, બાનાકો બરજ તિયાંરો; હરીકિ ભક્તિ વિના પલ એક વિતે, ધિક મનખા અવતારો. રાણાજી. ૫ પદ ૧૦ રાગ જંગલો. જનુની જીવોરે ગોપિ ચંદનિ, પુત્રને પેરાવ્યો વેરાગજી; ઉપદેશ આપ્યો એણી પેર્યનો; લાગ્યો સંસાર આગજી. જનુની. ૧ ધન્ય ધન્ય માતા ધ્રુતણી, કહ્યાં કઠણ વચનજી; રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલ્યા વનજી. જનુની. ૨ ભલોરે ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોલસેં નાર્યજી; મંદીર ઝરૂખાં મેલિકરી, આસન કીધાં બાહારજી. જનુની. ૩ ઉઠી ન સકે એક ઊટીયો, બહુ બોલાવ્યો બાજનજી; તેનેરે દખિને ત્રાસ ઉપન્યો,બિધી ફકીરી છોડ્યા ફંદજી. જનુની. ૪ એવા વેરાગવંતને જાઉ વારણે, બિજા ગયા અનેકજી; ભલારે ભુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી. જનુની. ૫ ક્યાંહાં ગયુ કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી; નરેહુું નાણુંરે રાજા નંદનું, સરવે સુપના વેવારજી. જનુની. ૬ એવા છત્રપતી કંઇરે ચાલી ગયા, રાજ મુકાંને રાજનજી; દેવરે દાનવ માનવ મુની, સરવે જાણો સુપનજી. જનુની. ૭ સમજીને મુકોતો સારૂં ઘણું, જરૂર મુકાવશે જમજી; નિસ્કુલાનંદ કહે નહીં મટે, સાચુ કહું સમ ખાઇજી. જનુની. ૮ પદ ૧ જંગલ વસાયોરે જોગીયે, તજી જેણે તનડાની આશજી, વાત નથ ગમેરે આ વિશ્વની; આ-

ઉપાર ઉદાસજી. જંગલ ૧ સેજ પલંગમાં પોઢતા, મંદીર ઝરૂખાં માંયજી; તેને નહીરે ત્રણ સાથરો, બેઠા તરૂ તળે છાંયજી. જંગલ. ૨ સાલ દોસાલા ઓઢતા, જીણા જરકશિ જામાજી; તેણે રાખી કંથા ગોદડી, સહે સિર સીતને ઘામજી. જંગલ. ૩ ભાવતાં ભોજન જમતા, અનેક વિધીનાં અન્નજી; તેરે માગણ લાગ્યા ટુકડા, ભિક્ષા ભુવન ભોવનજી. જંગલ. ૪ હાંજી કેહેતાં હજાર ઉઠતા, ચાલતા લશકર લાવજી; તે નરે ચાલ્યા એકલા; નહી પેંજારાં પાવજી. જંગલ. ૫ રેહોતો રાંજા રસોઇ કરૂં, જમતા જાવો જોગી રાજજી; ખિર નિપાવું ક્ષણ એકમાં, તેતો ભિક્ષાને કાજજી. જંગલ, ૬ અંન કારણ ઉભા રહે, કરિ એકની આશજી; તેરે જોગી નહી ભોગી જાણવા, અંતે થાય વિનાશજી. જંગલ. ૭ રાજ સાજ સુખ પરહરી, જેજન લેશે જોગજી; ધન્ય દારામાં તે નહી ધસે, રોગ સમ જાણે ભોગજી. જંગલ. ૮ ધન એ ત્યાગ વૈરાગને, તજી જેણે તનડાની આશજી; કુલરે તજી નીસ્કુલ થયા, તેનું કુલ અવિનાશજી. જંગલ. ૯ પદ ૨ ત્યાગ નટકેરે વૈરાગ વિના, કરે કોટી ઉપાયજી; અંતર ઊંડી ઇછા રહે, તેતો કયમે ન તજાયજી. ત્યાગ. ૧ વેસરે લીધો વૈરાગનો, દેશ રહી ગયો દુરજી; ઉપરતોરે આછો બન્યો, માંહી મોહ ભરપુરજી. ત્યાગ. ૨ કામ ક્રોધ મદ લોભનું, જ્યાંલગી મુળ નજાયજી; સંગ પ્રસંગે ઉપજે, ઈંદ્રિવિષે આકારજી. ત્યાગ. ૩ ઉઅરતે અવની મધ્યે, બિજ નચ્ય દિસે બાર્યજી; ઘન વરસે વન પાગરે, ઇમ ઈંદ્રિવિષે વિકારજી. ત્યાગ ૪ ચમક દેખિ લોહ ચળે, ઈંદ્રિવિષે સંજોગજી; અણ ભેટનો અભાવછે, ભેટયે ભોગવશે ભોગજી. ત્યાગ. ૫ ઉપરત જેને અંતર ભજે. એમ નવ સરે અર્થજી; વંઠયો વણા શ્રમથી, અંતે કરશે અનર્થજી. ત્યાગ. ૬ ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જ્યેમ વણસ્યુ દુધજી; ગયુંરે ધ્રત માંખણથી, આપે થયુંરે અશુદ્ધજી. ત્યાગ. ૭ પલમાં જોગી પલમાં ભોગીયો, પલમાં ગ્રહસ્થને ત્યાગજી; નિરકુલાનંદ કહે એનરનો, વણ સમજ્યો વૈરાગજી. ત્યાગ. ૮ પદ ૩ હું બલીહારીરે એ વૈરાગને, ઉપન્યો જેને અંગજી; ચાદ લોકજે ચતુરધા, નગમે કોયનો સંગજી. હું બ. ૧ સુખ નઈ છેરે

સંસારનું, સમજે સુપ્ન સમાનજી; વાત ગમેરે વૈરાગની, તન સુખનો ત્યાગજી. હુંબ. ૨ દુખિ દેખિ આ દેહને, રહે રાજી મંનજી; અન-રથનુંરે આ ઘરછે, જાણિ નકરે જતનજી. હુંબ. ૩ રાત દિવસ રૂદિયા માંહી, વરતે એમ વિચારજી; આહું કુંણને કહાં જાઇશ, કરૂં તેહનો નિરધારજી. હુંબ. ૪ કરૂંરે ઉપાય હવે તેહની, ડોલિ દેસ વિદેશજી; કોયરે ઉગારે મુને કાળથી, સોપું તેને સીસજી. હુંબ. ૫ રહે આતુરતા અંતર ઘણી, દેખી દેહ અનિત્યજી; સુખ નમાને સંસારનુ, નકરે કોઇશું પ્રિતજી. હુંબ. ૬ એવા વિચાર આવ્યા વિના, નહોય તન સુખ ત્યાગજી, ઉપરનો લાગેરે લજામણો, વગુણા સ-રખો વૈરાગજી. હુંબ. ૭ હરી ગુરૂ દેવે દયા કરી, આપ્યો એજ વિચારજી; નિશ્કુલાનંદ કે નીસંખ થૈને, સેજે તરીયા સંસારજી. હુંબ. ૮ પદ ૪ રાગ પરજીયો. ગોવીંદ ગોવીંદ ગાઇ લેરે, જબ લગ ઘટમાં પ્રાણ; આ જુગ જુઠો જાણજે, જેવા સપન વિલાસ. ગોવીંદ. ૧ અમરત પીતાં ન કીજીયેરે, કાંઈ આળસ અંગ; કોય સમે આવી મલે, મગ હરેમાં ગંગ. ગોવીંદ. ૨ આકડે અંબ ફળ ઉતરેરે, કાંઇયે રૂડે અનાર; ઉસર સુર તરૂ જામિયું, મહા ભાગ અનુસાર. ગોવીંદ. ૩ લક્ષચોરાસી જાતનાંરે, ધર્યા બહુ અવતાર; દુર્લભ દેહ પામ્યો માનસી, માહા મુક્તિનુ દ્વાર. ગોવીંદ. ૪ તોહે તુ સમજ્યો નહીંરે, મન મુઢ ગુમાર; પ્રિતમ પ્રભુને સંભારજે, નીત્ય વારમ વાર. ગોવીંદ. ૫ પદ ૧ રામ સુધારસ પીજીયેરે, આ અવસર સાર; ઝબકે મોતી પરોઇ લે, પછે ઘોર અંધાર. રામ. ૧ જે વાતે ઝાકલ ઝાંઝવારે, તેવા આ સંસાર; દિસેછે તે કાર્યમુ, નહી વણસતાં વાર. રામ. ૨ કાયાજ કુંપો કાચનોરે, ઠબકે ઢળી જાય; જગત ચવેણુ કાલનું, નિસવા સુર આય. રામ. ૩ માયાજ મિઠી મોહનારે, જેસી મિસરી ખાણ; જોતાં વગોયો જીવને, કીધો જુગમા ભાંડ. રામ. ૪ અંતરજામી ન ઓ-ળખ્યોરે, સચરાચર સોય; પ્રિતમ રાખ હરી ભાવના, આવાગવન ન હોય. રામ. ૫ પદ ૨ જોને વિચારી તું જીવડારે, માથે મરણનો માર; આજ કાલ ઉઠી ચાલવું, મુકી સહુ સંસાર. જોને. ૧ સુંકરવાને આવિયોરે, સો કીધો ઉચાર; સુંસરવાલે ઉગર્યું, મન કરને વિચાર.

જોને. ૨ જેમેં ખરચ કરી દેખતારે, પડ્યા મહા જલ પાપ; કરમ કરોળિયાની જાળમાં, બંધ્યો આપે આપ. જોને. ૩ જા સરણે ગુરૂ સંતનેરે, તેથી ટળસે તાપ; ક્ષણુમાં તે ખોદી નાખશે, પરવત સમ પાપ. જોને. ૪ જેમ જાણો તેમ રાખજોરે, હરી બાંનાની લાજ; પ્રિતમ પતીતને તારવા, થાવો સાવધાન આજ. જોને. ૫ પદ ૩ હરી સમરણ કર હેતમાંરે, ચિતમાં ચેત ચેત; આ અવસર ચેત્યો નહી, મુખમાં પડી રેત. હરી. ૧ કાયાનું કાંઈ ન નીપજેરે, મુકી મિથ્યા હંકાર; તનનાં તે ત્રણ વાંનાં થશે, કિટ વિટકે છાર. હરી. ૨ રહ્યા નકોય રેસે નહીરે, સશિ સુરજ વંસ; ખડ ખડ કરતાં ખપી ગયા, કહી કૌરવને કંસ. હરી. ૩ જેનો તે સુજસ સંસારમાંરે, તે નરે અમર જાણ; પ્રીતમ એમ પરમાણજે, હરી હૈયામાં આણ. હરી. ૪ પદ ૪ હેતે હરી રસ પીજીયેરે, ઉર આણિ આનંદરે; ત્રિવોધી તાપ નીવારીયે, ગુણ ગાઇયે ગોવીંદરે. હેતે. ૧ કઠણ ચોટછે કાળનીરે, મરણ મોટેરી ઘાત; એમાંથી કોઇ નવ ઉગરે, મોટા છત્રપતિ રાવરે. હેતે. ૨ જેવા ધુમાડા બાચકારે, હાથ આવે નકાંઇ; મારૂંમારૂં મિથ્યા કરે, સમજી જુવો ઘટ માંઇ. હેતે. ૩ માલિ વેડે ફુલ વાડિયોરે, કળીયો કરે વીચારરે; આજતો વારો એહનો, કાલ આપણે સીર માররે. હેતે. ૪ મરનારાને શું રૂવોરે, રોનારા નથી રેહેનાર; જનમાતે સરવે જસે, જાસે જડ નારી સોત. હેતે. ૫ ધોરો ફરે રંગ રેલમાંરે, ફરે દિવસને રાત; હું મારૂં મુકો પરૂં. ઝાલો સાધુની સાથરે. હેતે. પદ ૫ રામ સુધારસ પીજીયેરે, આવો અવસર જાય; મનષા દેહી મુધા મુલની, જેને સુરીનર ચાય. સમર સમર રૂડા રામને. ૧ કહી ડાટયા કહી બાળીયારે, દીઠા આંખે અપાર; કહિ ખાધા કાગ કુતરે, ગયો સહુ સંસાર. સમર. ૨ આજ કાલ દિન પાંચમાંરે, નહી રહે નીરધાર; ખોટો કલેવર કારમું, તેનોતે સો હંકાર. સમર. ૩ માત તાત સુત કામનીરે, પશુ ધનને ધાંમ; રેણુ સંબંધે આવી મલ્યું, તારે નહી આવે કામ. સમર. ૪ સ્વારથનું સર્વે કોયછેરે, તારાં ભગની ભ્રાત; સાચુ નથી ત્રણ કાલમાં, તારૂં જુઠુંછે નાત. સમર. ૫ પતિત પાવન નાંમછેરે; જાણે શંકર શેષ; આસારામ

રાખ ઉરમાં, તારો સોભસે વેસ, સમર. ૬ પદ ૬ અચેત સું ઉંઘી-રહ્યોરે, ભુંડા જાગીને જોય; ધારણ પડયું મોહ જાળનું, તેમાં સુખે સું સોય. સમર બ્રહ્માંડ પતી રામને. ૧ કરમ કરોલીયાની જાળમાં બાંધ્યો બેવડ બંધ; છલ વિદ્યા છુટે નહી, રચે કોટીક ફંડ. સમર. ૨ જોબન એળે વહી ગયુંરે, થયું જરાનું જોર; ફાંસો છુટી જમ દુતની, તેનિ ઘાતછે ઘોર. સમર. ૩ મારૂં મારૂં કરતાં મુવારે, રહ્યું માયામાં મન; ભુત થયા ભુલોકમાં, સોષે પારકાં તંન. સમર. ૪ રાત દિવસ રહ્યા કુટતારે, તોયે ભાગી ન ભુખ; વહ્યા ગયા દુખ પુરમાં, કદિ પામ્યા ન સુખ. સમર. ૫ કાયા અવેજ્ઞુ કાળનુંરે, આધા કાઢયા ન કોટ; આસારામ ત્રિલોકમાં; માથે મરણની ચોટ. સમર. ૬ પદ ૭ જોને વિચારી તું જીવડારે, તારી કાયા અનિત્ય; નિત્ય હરી રસ પીજીયે, થાસે જુગમાં જીત્ય. સમર અખિલ પતિ ઇસને. ૧ માના ઉદરમાં સુ બોલીયોરે, ફટ મુઢ ગમાર; ધિખ જનેતાની કુખને, સાંને મારોતે ભાર. સમર. ૨ જાણ્યા નહીં જુગદિસનેરે, પુજે ભૈરવ ભુત; જનમ વગોયો જીવમાં, થયા પુત્ર કપુત. સમર. ૩ મારાં ભોવન મારી ભાંમનીરે, મારા સુત્ર પરીવાર; પુંઠે ફરે મુખ જોઇને, ધિકધીક અવતાર. સમર. ૪ સેઠ પટેલ સોભા ધણીરે, મોટા મણીધર ભુપ, સંચી કરમની કોઠીયો, પડયો ભવ અંધ કુપ. સમર. ૫ કાલ ચકર માથે ફરેરે, તારો આવ્યો છે અંત; આસારામ શુદ્ધ ભાવસું, સેવો હરી ગુરૂ સંત. સમર. ૬ રાગ ગરબી. તમે ભજોને પુરણ બ્રહ્મ, તમે રેજો રૂડી રીતમારે; એવા ગાવા હરીના ગુણ, ગુરૂને સેવજ્યો પુરણ પ્રિતમારે. ૧ આ જુઠું બોલછે જીભ, તેને વશ કરીને રાખ-જોરે; આગળ પડશે જેનું કામ, તેને સવેલા સંભારજોરે. ૨ આ ભવમાં એવા ભોગ ભાલા, નોપતે તમો ભાલજોરે; તમે જાગજ્યો માઝમ રાત્ય, પુરણ વ્રત હરીનાં પાળજ્યોરે. ૩ તમે રાખજ્યો ભક્તિ ભાવ, તારે પામશો પુરણ બ્રહ્મનેરે; તમે તજજ્યો મોહ વિકાર, ક-રજ્યો નાશ નીશ્ચે કર્મનોરે. ૪ તમે કાં દેતા નથી દાન, પછે કેને કાજે કામશોરે; એવો માયાનો મોહ જાળ, પ્રભુને કેમ કરીને પામશોરે. ૫ આ સ્વપ્ન છે સંસાર, તેતો જાગ્યા પછે જાણશોરે; તારા હૈયામાં

रेहेशे हाम, आतम रुप रुडेमां आणुजोरे. ६ तारा घटमां छेरे गुमान, तेना जोरमां नथी जाणतोरे; तारे वागशे ढोला ढोल, हरीने हय्ये नथी आणतोरे, ७
तुं मान्य कह्युं माहामुढ, पछे आणीश हैये ओरतोरे; तु करेछे कु-डांकाम, रुडि वस्तु कां नथी वोरतोरे. ८ तारे जावुं एका एक, साथे वोळावो लेजो शिवनेरे. तमे जपो अजंपाजाप, आगळ जोखो न थाय जीवनेरे.९ ज्यारे टाळ्या त्रीगुणना ताप,टाढुं थयुं मारा तनमांरे. मुळदास कहे परीब्रह्म अखंड, रेजो मारा मनमांरे. १०
पद १ एवो करवो शुद्ध विचार, जाय जीवपणुं एवुरे, आभजवा पुरणब्रह्म नित्ये उरमां एवुं आणवुंरे. १ आ मेलवुं मिथ्या मा-न बेठो घेन मायाना घटमांरे, तारे जावुंछेरे जरुर आगळ विघन छे बाहु वाटयमांरे. २ तारे अंगेछे आवरण एह, वचे भाव वा-ध्योछे वेपनोरे. एतो समजवीछे सान, माथे भार चड्योछे भेख-नोरे. ३ आजीव मायाने वश पड्यो करमचोराशि काळमांरे, प्रभु भजवानो परवार. न आवे जुठा ते जंजाळमांरे. ४ जेनांछे पाछ ळां पुरण पाप, तेने भक्तिते नथी भावतीरे. तेने आडुंछे अज्ञान उत्तम बुधि नथी आवतीरे. ५ मनमां हरखने वळी शोक, एतो सहुने हैये ए शुळछेरे, उठे वीषेत्रशाना तरंग, तेतो अनर्थ केरुं मुळछेरे. ६ पडो प्रकृतीना पंड्यमांय नथी जडतो मारग जोगनो रे. तेने वाध्यो कोटी विकार तारा रुदया मांहि रोगनोरे. ७ तुने भेटे ब्रह्म वेतासंत तारे तार भवे वारथीरे. बीजो अन्य नथी उपाय छुटवानो ते आ संसारथीरे. ८ तुंतो करजे संतनी सेव अनुभवी गुरुने आराधजेरे. तुने दलमां मलशे देव, गुरु शब्दे साधन साध-जेरे. ९ तमे पामशो पुरण धाम, मिथ्या परपंच मनना मेटतारे. मुलदास कहे महा रोग, हवे भाग्यो सदगुरु भेटतांरे. १० पद २
तमे जपोनथी जुगदीश, तारुं धन्यने जोबन जायछेरे. तमे ओळ-खो आतम ईश, माया वारेवारे वायछेरे. १ त्यारे थायछे मोटी हा-ण, प्रभु भजा विना पांपलांरे. तारे पुत्रने परीवार, एतो लाग्या सर्वे टांपलांरे. २ तुं जाय तेने शुं जोश रोतां दख्खिने ए रानमांरे.

તું જગીને જોએ જીવ ઘેલા, શું રે રહ્યો ગુમાનમાંરે. ૩ આજ કાલ્ય કરંતાં જાય એતો, વાતુનોછે વાયદોરે. તુને કાસ્યમો લેશે કાળતારે, ફોગટમાં શો ફાયદોરે. ૪ તુને હરિ ભજતાં લાગે લાજ, તેંતો ધારણ મેલી ધર્મનીરે. તારે પ્રગટ્યાં પુરણ પાપ, તેણે કાય ચડીછે કર્મનીરે. ૫ તુંને કામ ક્રોધને લોભ, એતો લુંટે વેરિ વાટમાંરે. તુંને વિત્યાં વરશ પચાસ, તારૂ નિમિત ગયું નિશરિરે. તારે ત્રિવિધી ઉદરેચ તાપ તેણે, વાત ગયોછું વિસરિરે. ૭ તારે કાળા ટળિને કેશ ઉપરેચ ધોળા બિજા આવશેરે; તુંને જરા દેશે દુખ, તેદિ ભોજન તે કયમ ભાવશેરે. ૮ તમે જપોને નરે નારચ, હેતે હરિને હુલાવજોરે: મુલદાસ કહે માહારાજ ભુદર ભલા મુને ભાવજોરે. ૯ પદ ૩ તુંતો આપેછું આતમરામ, હીંડેછે ખબરેચ વિના ખોળતોરે; મૃગ ભુલ્યો માયાની જાળ,હીંડે ઝાંઝવાનાં નીર ઝીલતોરે. ૧ તેમાં કેની ન છીપે તર્પ, એવી અવીદ્યા રૂપી રાત્યછેરે; તેમાં જાગશે જન કોય, એવી ભુલવણીની ભાત્યછેરે. ૨ તારે મોહ રૂપી મંદિર માંઈ. પાખંડ પલંગ પોઢતારે; તારે અવિદ્યા સ્ત્રીનો સંગ, ઉપરેચ લોભ પછેડી ઓઢતારે. ૩ ભીડ્યાં કબુદ્ધિનાં કમાડ, આડી ભોગલ ભીડી ભ્રમનારે; જેને વાલી વિષેની વાત તેનાં ચક્ષુ ન ટળે ચર્મનાંરે. ૪ તારે પંચશું ઝાઝી પ્રીત, એતો પાણીનો પરપોટડોરે; તેતો ક્ષણુંમાં જાશે છુટી; જાણી ગોલાં હેદો ગોઠડોરે. ૫ તારે વીધી નિષે ધમે વાર, તેમાં મનહેરાણું માનમારે; કેડે કુડ રૂપી કુટંબ તુને ગળવા નેદે જ્ઞાન માંરે. ૬ જેણે સોધ્યો મુળવિચાર,તેને દ્વૈત ટળ્યુંછે ધ્યાનમાંરે; મુરખને માથા કુટ્ય, ચતુર હોયતે સમજે સાનમારે. ૭ આદ્ય અંત્યને મધ્ય એક, જોતાં જાત્ય ન જડે જીવનિરે; મુલદાસ કહે મહામર્મ, સમશ્યા સમઝી લેજો શીવનીરે. ૮

પદ ૪ પુરણ પદ પરમાતમા જગદેવ હરિ, અવિચલ સત્ય સ્વરૂપ વ્યાપિક વસ્તુખરી. ૧ જડ ચેતન કેહેને કહુ જગદેવ હરી, સ્થુલ સુક્ષ્મ કહેવા માત્ર વ્યાપિક વસ્તુ ખરી. ૨ કારજ કારણ બે કલપના જગદેવ હરિ, સર્વે વસ્તુ એક નિરમત; વ્યાપિક. ૩ પંચ ભુત પ્રગટ દિસે જગદેવ હરિ, જેમ જલ સિંધુ તરંગ; વ્યાપિ. ૪ તોલન માપ પુ-

રણ પોતે જગદેવ હરિ, તે ઘટે ન વધે રંચ; બાપિ. ૫ આ રૂપ સર્વે રામના જગદેવ હરિ,પિંડ બ્રહ્માંડ ત્રણ સમાન, બાપિ. ૭ સચરાચર સમરસ પોતે હરિ, એતો અખંડ મંડલ અદ્વૈત. બાપિ. ૮ ચોદ ભોવનતો ઝળ હળ જગદેવ હરિ, એતો અદ્વૈત અખલિદ બ્રહ્મ. બાપિ. ૯ અણુ ઠામ ઠાલો નહિં જગદેવ હરિ, ત્યાંહાં કર્મ ન લાગે કાલ. બાપિ. ૧૦ વ્રજ બાપિક વસુધા જાણજો જગદેવ હરિ, વંદ્રાવન બાર અઢાર. બાપિ. ૧૧ દેહ દેહ રાધામાધવ જગદેવ હરિ, ગોપિ ગોવાલ નરને નાર. બાપિ. ૧૨ દશો દશા ગોકુલ થયું જગદેવ હરિ, સર્વેગિરો ગોવરધન. બાપિ. ૧૩ જ્યાંહાં જોવું ત્યાં દ્વારકા જગદેવ હરિ, સર્વે સ્થુલ કાસિ કેદાર. બાપિ. ૧૪ ગયા શ્રાધ કેહેનુ કરૂં જગદેવ હરિ, સર્વે પુર્વજ પામ્યા પાર. બાપિ. ૧૫ ઘર આંગણ ગંગા વહે જગદેવ હરિ, ત્યાં પ્રગટ પસરયો પ્રાગ. બાપિ. ૧૬ નિત ત્રવેણી ઘરમાં વહે જગદેવ હરિ, ત્યાં નિસદીન નાનેમાઘ. બાપિ. ૧૭ સાધન તે હવે સું કરૂં જગદેવ હરિ, મન ઉપનો દ્રઢ વિસવાસ, બાપિ. ૧૮ બુધ્ય વાણિ સમી વાસના જગદેવ હરિ, મન પામ્યું અતિ ઉલ્હાશ. બાપિ. ૧૯ કલ્પિત કાશલ ટલિ ગઈ જગદેવ હરિ, મન ઉપન્યો દ્રઢ વૈરાગ. બાપિ. ૨૦ જેને મહાવાયકનિ ગતિ લહિ જગદેવ હરિ, તે કેનું કહ્યું ન સુંણસે કાન. બાપિ. ૨૧ માહાદસા અબધુત તણિ જગદેવ હરિ, માહારંગ તણો અતિરંગ. બાપિ. ૨૨ એ અનુભવ એહ થકિ જગદેવ હરિ, તેનું મોહ ન પામે મન. બાપિ. ૨૩ જન ગોપાલ ઘેલો થયો જગદેવ હરિ,માહાવાયક વેદ વચન. બાપિ. ૨૪ પદ ૫ વારી જાવુંરે રંગ બજાણિયારે, ભલો ભજાયો બ્રહ્મ ભેખ; સ્થાવર જંગમ જોતા જુજવારે; માંઈ વરતુ ગતે એક વારીજાવુંરે રંગ બજાણિયારે. ટેક. પ્રથમા પડદો માયાનો કર્યોરે, માંઈ ભેલવ્યા ત્રિપંચ ભુત; આઠે આભ્રણ પેર્યાં ઓપતાં, ધર્યું લક્ષ ચોરાસિ રૂપ. વારિ. ૧ ચારખાણથિ પુતલા પ્રગટ્યાંરે, પછે થઈ રહ્યા અહંમેવ; આપુ ભુલિ કહે હૂં જીવછુરે, પછે પુજવાં દેરાંદેવ. વારિ. ૨ સાત સિંધુક જેના નિરનારે, મોટા રેંટ ફરે વાયુંવેગ; નવસેં નવાણુંનિ કુંકરિરે, માંઈ વિલશ્યો માલિમેઘ. વારિ. ૩ સંસાર સરદર

ધુસોયામણિરે, એમ અજ્ઞાનિને કુપ; હુંને મારૂં કહે જેમ જાચના-રે, એમ ભરમે ભુલ્યાં ભુપ. વારિ. ૪ આકાશ ધર રચ્યું વણ થંભનુંરે, માંઈ ચીતર્યા ચૌદ માળ; વિશ્વરૂપે થયોહું વિઠલારે, તારી ભણ્યા ન જાણે ભાગ. વારી. ૫ માનુ ભાવતે બ્રહ્મા ઠેરાવીયારે, વેદ સાસ્ત્ર પુરવા સાખ્ય; બોલતાં બિક જણાવે બહુનીરે, એમ જીવ પડયા જમ પાસ. વારી. ૬ ચારે જુગની રૂડી રજનીરે, માંહી દીવા સસીને સુર; ખટ માર્ગ ખેલ મચાવિયોરે,જોતા જુગલ તુ ભરપુર. વારી. ૭ તારા રંગના ઢંગ ત્રિ લોકમાંરે. નથી નંદવા ઠાલો ઠામ; અખો હારીને લવતો રહ્યોરે, હવે જ્યાં જોવું ત્યાં રામ. વારી. ૮ પદ ૬ હે અણભાગી માયા ઘેન તજીને જોને જાગી, મમતા ત્યાગી સહજ આનંદ લગનમાં રેને લાગી. ટેક. હરે ધન્ય ધામને યા ઘરની નારીરે, તે અશત પણું ઉરમાં ધારી; જેમ રવી કરણે કલપ્યું વારી. હે અણ. ૧ હરે કર્ય પ્રિત કરી પાલણ જેનુ, નવ્ય દિઠું દેહ અમર કેહેનું; હરે તુ સ્થુલ ગમાન કરે તેનું. હે અણ. ૨ હરે ખોટા સંસારના સુખમાં મોયો, નીજ ધર્મ વિચારી નવ જોયો; નર દેહ ધરીને એળે ખોસો. હે અણ. ૩ હરે સત સંગત્ય માહા નિધ માં નૈયે, ગુણ રૂપ વિશ્વમાં નવ્ય ધૈયે; રઘુનંદન ગુરૂ ચરણે રૈયે. હે અણ. ૪ પદ ૭ ગુરૂ સરણે ધરી, સાધન સાર વિચાર કરો મન ધારો; અભીમાન ધરી, મનસા જનમ હીરો શામાટે હાર્યો. ટેક. દેહાદિક સકલ અસત કૈયે, સચ્ચિદાનંદ સત પણે ગ્રહીયે; એમ વસ્તુ વિવેક કરીને લૈયે. ગુરૂ. ૧ ખોટુ સુખ વિષે તણું જેવું, પણ બ્રહ્માદિકને છે તેવું; તેમાટે આતમ સુખ લેવું. ગુરૂ. ૨ મનમાં મો-રલી ધરને ધરીયે, રસનાયે રામ રટણ કરીયે; શુભ કર્મ કરી ફળ પરહરીયે. ગુરૂ. ૩ ગુરૂ જ્ઞાન થકી સંસે નાસે, સાધનથી ચપળપણું જાસે; રઘુનંદન રૂપ પ્રગટ થાશે. ગુરૂ. ૪ પદ ૮ હવે પ્રગટ થયું રૂપ અખંડાનંદ નીજ આતમ કેરૂં, નવ્ય જાય કહ્યું લક્ષ કરીને લેવું કારણ મેરૂં. ટેક. અંતરનું મલીનપણું ધોયું, અતિ નીર્મલ નીજ પદમાં જોયું; તારે સેહેજે જીવપણું ખોયું. હવે, ૧ જોયું અનુભવ ઉદ્યોત ધરી, અંગ જ્ઞાન તિમરનો નાશ કરી; તારે નીરખ્યા નીજ-

પદ માંય હરી. હવે. ૨ કારજમાં અનવે રૂપ થયું, કારણ તેથિ વિત્રે કર્યું; તારે તત્વઅસી પદથી જે લહ્યું. ૩ સે નિર્ગુણ પણ નિગમે કળીયો, અણ સંગીને જુગમાં મળીયો; રઘુનંદ જોતા હું ટળીયો. હવે. ૪ **પદ ૯** હુંપદ ગલતા કારજને કારણ નવ્ય દિસે કાંઈ, ત્વંપદ ટલતા તત્ પદને ભુલીને અસીપદ જોઈ. ટેક. નૈ નામ રૂપને રંગપાણું, નૈ લાભ ખોટને અલ્પ ઘણું; નૈ ઘાતક તિમરને તેજપાણું હુંપદ. ૧ નૈ ગ્નાન ગ્નેયને બુદ્ધ મદા, નૈ વરણ આશ્રમને જાત ફંદા; નૈ ઉડગણું દિનકરને ચંદા. હુંપદ. ૨ નૈ પાપ પુન્ય ન વિશ્વ મતા, નૈ સ્વર્ગની વાશના નર્ક ગતી; નૈ નીર્ગુણ સિર્ગુણ વેવાદ રતી. હુંપદ. ૩ ઉપનિષદ લક્ષ અવાચ્ય કહે, પદ ગુરૂ ક્રિપાયે શિસ લહે; એમ સમજી રઘુનંદન મુન રહે. હુંપદ. ૪ **પદ ૧૦** ફુદડી ચિત ચોટામાં રમીયે કે, ચિતના ચિતવન ત્યાં શમીયેકે; તન કષ્ટ ઠાલો સીદ દમીયેરે. ટેક. ૧ અષાડે આશ થઈ જુઠીકે, વૃહે મારા અંગો અંગમાં ઉઠીકે; પેઉજી જોઉ આગળ તે પુઠેરે. ફુદ. ૨ શ્રાવણ સમણામાં પેઉ ખોવુકે, તેહની કલપના કરીને રોઉકે; ઉભો ઘેર જાગીને જોવુંરે. ફુદ. ૩ ભાદરવે ભવ વ્રક્ષાં લુખી, ગયો રસ વિશે ઈંદ્રનો સુકી; હુંતો બ્રહ્માનંદ વરની ભુખીરે. ફુદ. ૪ આસોયે આશ પૂરી ઘરમાંકે, કર મારો પેઉજીના કરમાંકે; કર મુકી પ્રગટ થયો ઉરમાંરે. ફુદ. ૫ કારતકે કતવ થયાં જુડાંકે, સાધન કરવા સર્વ બુડ્યાંકે; આનંદ અનુભવ જલ ઉઠ્યારે. ફુદ. ૬ માગશરે મારગ ભવ ટલીયોકે, કંથ મને પુરણ બ્રહ્મ મલીયોકે; મલતાંમાં વાસના લીંગ ગલીયોરે. ફુદ. ૭ પોશે પોત પેઉનો દીઠોકે, એ રસ અમૃત થકી મિઠોકે; સમ રસ સરખો ઉપરચ હેઠોરે. ફુદ. ૮ માહે માત્યમ એનો પામીકે, મલ્યો બહુ નામ તણો નામીકે; વિશ્વમાં વ્યાપિક મારો સ્વામીરે. ફુદ. ૯ ફાગણે ફાગ પીઉથી ખેલુકે, બ્રહ્માનંદ સુખ નહીં મેલુકે; અવસર આવ્યો આ છેલોરે. ફુદ. ૧૦ ચૈતરે ચીદ ઠામો ઠામીકે, ભાસો મને ઉર અંતરજામીકે; પીયા તુને જોતામાં હુ વામીરે. ફુદ. ૧૧ વૈશાકે વેસ ધર્યા માયાકે, માયામાં સચરાચર કાયાકે; બહુ મારા સ્વામીની છાયારે. ફુદ. ૧૨ જેઠે જ્યેષ્ટપણો એનોકે, એથકી ઉપજે તે નાનોકે;

આજ મને અનુભવ થયો તેનોરે. ફુદ. ૧૩ ફુંદડી બુધીબાઇ રમતીકે, રમીરમી નીજ સુખમાં સમતીકે; મોટામોટા મુનીવરને ગમતીરે. ફુદ. ૧૪ ફુદડીનો બાર માસ રમીયેકે, રામદાસના સ્વામીને નમીયેકે; નમી તેના સ્વરૂપમાં સમાયેરે. ફુદડી ચિદ ચૌટામાં રમીયે. ૧૫ પદ ૧૧ અગનાની જન અનકોશ માંહે શું કરવા હું માને, તું નહીં એ તન મનનો પેરે કશા માટે નવ્ય જાણે. અગ. ૧ તારો અનમય કોશ પંચ પડી જાશે, ફરી પડીને અગ્નિમાં બળી જાશે; તુ પડે નામળે અવત્યાસી. અગ. ૨ તારા નાસપણે તું નવ્ય નાસે, તું આરતી નાસ્તીનો પ્રકાશી; એહેવો હાણ્યા લેને તપાસી. અગ. ૩ તને મન બુધિ ચિત અહંકાર મળ્યો, તે મેં ત્વંપદ થઇ માયામાં કલ્યો; તારો જીવપણો કદી ન ટલ્યો, અગ. ૪ તુ ત્રીધા ભાસે જીવ રહે, માહી વિશ્વ તે જસ પ્રાપ્ત થયો; તે કુટસ્થ સાક્ષીને નવ્ય લહ્યો. અગ. ૫ તુ ચૈતન જડ સરખો ભાસે, ચિદાભાસ બુધીને અધ્યાસે; સૌ પરપંચને તુ પરકાસે. અગ. ૬ તારી જાગ્રત ભાસ નીસે ફુરતી, માંહે કરતા ક્રિયા કમ વ્રતી; એ જગદાકારનો રૂપ ધરતી. અગ. ૭ તુ મહ માયનો છે સાક્ષી, તારે આધારે સૃષ્ટી આખી; એહેવો ઉપનીસદ કેહેછે ભાખી. અગ. ૮ તારા જોયા સરખો રામ નથી, એનો અનુભવમાં ઉમાન કથી; રામદાસની તે માંહેથી થાકી મતી. અગ. ૯ પદ ૧૨ અગનાની જીવ સીવ સનાતન રૂપ થૈ જો ન તારો, શાને ભમે સદૈવ દેવ દયા નીધ તુજમાં દે હુંકારો. ટેક. ૧ જોને સંઘાતનો પ્રકાશી હરી. એ સંગાત તનમાં અવિદ્યા ભરી; થયો જીવ મલીન અહંકાર કરી. અગ. ૨ તુ અહં મમતા લિયે અહંકારી, પછે ભોગભોક્તા થયો સંસારી; થયો વાસ્ત્ર અજાં સંગ ત્રણ અહારી. અગ. ૩ જોને ત્રીગુણમાં સહુ તન ધારો, માને અંત કોશમાં નરે નારી; એ અનંત જુગ ભુલવણી તારી, અગ. ૪ ક્યાં રાગી ત્યાગી બ્રહ્મચારી, એ કલપીત ભરમ વીના બિચારી; તું શામાટે મનખો હારી. અગ. ૫ જેણે વિન ઇછા જુગ વિસ્તારી, તેની પરાત પરછે પથારી; એને ઓળખો આપે નિસ્તારી. અગ. ૬ તું બ્રહ્મ સનાતન સુખકારી, થા જાણવાજોગ અધીકારી; ચડે મહારસનો તને ખુમારી, અગ. ૭ તારો મહિમા નીગમ કહે ભારી,

પણ તુ તુજને ગયો વિસારી; થયો ભુપ સપનવસ ભિખારી. અગ. ૮ હરી નાવે જંતર તંતરમાં, છે સાક્ષી ગુરૂના મંતરમાં; રામદાસનો સદગુરૂ અંતરમાં અ. ૯ પદ ૧૩ કરજ્ય પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડીજો, મરી જાવું મેલી ધન માલ અંતકાળે સગું નહીં કોયનુંજો; સંસ્કારે સંબંધિ સૌ મહ્યુંજો, એતો જુઠું માયાકેરૂં જાળ. અંત. ૧ મારૂં મારૂં કરી ધન મેળવ્યુંજો, તેમાં તારૂં નથી તલભાર. અંત. સુખસ્વપ્ના જેવું સંસારનુંજો, તેને જાતાં નહીં લાગે વાર. અંત. ૨ રેહેવું મોટા પુરૂષને આસરેજો, તારા ટળશે ત્રિવિધીના તાપ. અં. માટે સરણે જા સાચા સંતનેજો, બળે પુરવ જનમ કેરાં પાપ. અંત. ૩ એવું સમજીને ભગવંતનેજો, સુખકારી સદા ઘનસ્યામ. અંત. દેવાનંદનો વાલો દુઃખ કાપશેજો, મનવાંછિત પુરણ કામ. અંત. ૪ પદ ૧૪ મળ્યો માણસનો દેહ ચીંતામણીજો, તારા મનમાંછે રોગ અસાધ, નથી લેતો નારાયણ નામનેજો; માથે મરણ જનમ મોટું દુખછેજો, તારા અંતરમાં પ્રભુને આરાધ્ય. નથી. ૧ ઘણો રાખેછે વેહેવાર સંસારમાંજો, કરે સગાં કુટુંબીનું કામ. નથી. હેત કરતો નથી હરીદાસથીજો, હૈયાફુટા તું લુણ હરામ. નથી. ૨ પરનારી સંગાથે કરી પ્રીતડીજો, તારો એળે ગયો અવતાર. નથી. બહુ નામીની બીક નથી રાખતોજો, આરેખાતે થઈશ તું ખવાર. નથી. ૩ અતિ કઠણ વેળાછે અંતકાળનાજો, પછે થાશે તુને પસ્તાવ. નથી. દેવાનંદની સીખામણ માનજેજો, તારા અંતરમાં આણીને ઉછાવ. નથી ૪ પદ ૧૫ તારા મનમાં જાણે જે મરવું નથી, એવું નિશ્ચે કર્યું નિરધાર; તેમાં ભુલી ગયો ભગવાનનેજો. ધન દોલત નારીને ઘણા દિકરાજો, એતીવાડી ઘોડાને અસવાર. તેમાં. ૧ મેહેલ મંદીર ઝરૂખાને જાળીયાંજો, સુખકારી સોનેરી સેજ. તેમાં. ગાદિ તકીયાને ગાલમસુરીયાંજો, અતિ આડ્ય કરેછે તુને એજ. તેમાં. ૨ નીચું કાંધ કરીને નમતો નથીજો, એવું સાધુ સંગાથે અભિમાન. તેમાં. મરમાલી મોહનજીની મુરતીજો, તેની સાથે ન લાગેલ તાન. તેમાં. ૩ પાપ પુરવજનમનાં પ્રગટ્યાં, તારી મતી મલિન થઈ મંદ. તેમાં. દેવા નંદનોવાહાલો ગયા વીસરીજો, તારે પડ્યો ગળે જમફંદ. તેમાં. ૪ પદ ૧૬ તારે માથે નગારાં વાગે

મોતનાંજો, નથી એક ઘડીનો નિરધાર; તોય જાણ્યા નહીં જુગદીશ-નેજો. મોટા મેલીને માલ મરી ગયાજો, તેને ન લાગી વાર. તોય. ૧ તારૂં જોબન ગયું જખમારતુંજો, માથે કાળા મટી ગયા કેશ. તોય. અંતકાળે લેવા જમ આવીયાજો, તેનો ભાળ્યો ભયંકર વેશ. તોય. ૨ એમ કોટિ વીંછી કેરી વેદનાજો, દુઃખ પામ્યો તું દેવના ચોર. તોય. સગુંસ્વારથી મળ્યું સૌ લુંટવાજો; તેનું જરા ન ચાલ્યું જોર. તોય, ૩ જીભ ટુંકી થઈને ટુટી નાડીયોજો, થયું દેહ તજ્યાનું તતકાળ. તોય. દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથનેજો, મળ્યો મનુષનો દેહ વિસાળ. તોય. ૪ પદ ૧૭ ગરબી. હો પ્રાણીરે ચેતીને ચાલોતો અવસર છે ભલો; હે પ્રાણીરે કાયાને માયાનો મુકી દે તલો. ૧ હો પ્રાણિરે પરપંચ મુકી સાચપાણું ઉર આણજો, હો પ્રાણિરે જગત તમાસો જુઠો ક-રિને જાણજો. ૨ હો પ્રાણિરે માયાની ભુલવણીમાં ભુલેશમાં; હો પ્રાણિરે મિથ્યા સુખ દેખિને મન ફુલેશમાં. ૩ હો પ્રાણિરે રખે વ-ળગતો સુપ્નતણા વેહેવારમાં; હો પ્રાણિરે લુંટાઈશમાં લોકડીયાંની લાજમાં. ૪ હો પ્રાણિરે રસીયાજીનું રૂપ રૂદેમાં રાખજે, હો પ્રાણિરે પ્રેમ સુધારસ પ્રેમશું કરીને ચાખજે. ૫ હો પ્રાણીરે પ્રીત-મના સ્વામિને પલ ન વિસારીયે, હો પ્રાણિરે ભજન કરીને આ-પણો જનમ સુધારીએ, ૬ પદ ૧૮ ચિત ચેતોરે દેહ ધરીને નામ હરીનું લીજીયે, ચિત ચેતોરે પ્રેમસુ પરમારથ કોઈ એક કિજીયે. ૧ ચીત ચેતોરે આવો અવસર ફરી ફરીને નહી મળે, ચીત ચેતોરે જોજાણોતો જનમ મરણ દુખડાં ટળે. ૨ ચીત ચેતોરે ઈંદ્ર જાળમાં સુઢ રહ્યો શું મોઈને, ચિત ચતોરે બાજીગર બહુ નામી લેજો જોઈને. ૩ ચિત ચેતોરે એક કળે કરી બાંધ્યો સહુ સંસારને, ચીત ચેતોરે ઉર અંતરમાં ઓળખો જુગદાધારને. ૪ ચિત ચેતોરે રાગ દ્વેષ કાંઈ રૂદિયામાં નવ લાવિયે, ચિત ચેતોરે કોઈ પ્રાણીને પીડા નવ ઉપજાવીયે. ૫ ચિત ચેતોરે મિથ્યા મૃગજળ લહેર તણી તૃષ્ના તજો, ચિત ચેતોરે પ્રિતમના સ્વામીને શુદ્ધ ભાવે ભજો. પદ ૧૯ દુખ ટળશેરે દયા દિનતા કાંઈક રૂદેમાંરે રાખજે, દુખ ટળશેરે કલેશનો કુટારો કાઢી નાંખજે. ૧ દુખ ટળશેરે સ્વાસો સ્વાસ સમરણ કરજે

સામનું, દુખ ટળશેરે રસણાયે રટણ કરજે આતમરામનું. ૨ દુખ ટળશેરે આશા તૃષ્ના લોભ ઇરષા ત્યાગજે, દુખ ટળશેરે પરમેશ્વરની ભક્તિ ભવોભવ માગજે. ૩ દુખ ટળશેરે જીભ્યાએ જાણી જુઠું ન બોલીયે, દુખ ટળશેરે દુરીજન વચન સુણી દલમાં નવ ડોલીયે. ૪ દુખ ટળશેરે દિન રજની રહીયે રસીયાના રંગમાં, દુખ ટળશેરે આવરદા પુરી કરીયે સત સંગમાં. ૫ દુખ ટળશેરે એક હરીવિના અન્ય પદારથ સહુ તજો, દુખ ટળશેરે પ્રિતમના સ્વામીને સુદ્ધ ભાવે ભજો. ૬ પદ ૨૦ પુન્ય કરજોરે પુન્યવિના પ્રભુ પ્રેમ સનેહી કેમ પાંમીયે, પુન્ય કરજોરે પુન્યવિના સંસાર સંકટ કેમ વાંમીયે. ૧ પુન્ય કરજોરે શિલવિના અશનાન કરે હરી નહી મળે, પુન્ય કરજોરે આકું ઉછેરી આંબ કોહો ક્યાંથી ફળે. ૨ પુન્ય કરજોરે મન મોદક ખાધે ક્ષુધા ભાગે નહી, પુન્ય કરજોરે બાવળીયે બિજોરાં કાંઇ લાગે નહી. ૩ પુન્ય કરજોરે વાવ્યાવિના લણવાના લાલચ શિ કરે, પુન્ય કરજોરે કથીરથી કંચનનું કારજ નહી સરે. ૪ પુન્ય કરજોરે સ્વર્ગ તણું સુખ આવીને સેહેજે મળે, પુન્ય કરજોરે દેવતણી પંક્તિમાં તો જઇને ભળે. ૫ પુન્ય કરજોરે દત્તવિના વિત્ત કોઇ પ્રાણી પામ્યો નથી, પુન્ય કરજોરે કહે પ્રિતમ કહીએ તે શું ઝાઝું કથી. ૬ પદ ૨૧ ગરબી રાગ ફેર કાયા બનીછે તારી કારમીરે, હરી નું ધ્યાન ધરીને; તારો અમર નથી અવતારરે. હ. ૧ કાચો તે કુંભ જળે ભર્યોરે, હરી. તેને ભાગતા કેટલીક વારરે. હરી. ૨ તરૂવરથી ફળ ટુટીયુંરે, હરી. તેતો ફરી ન ચોટે ડાળરે. હરી. ૩ ગયા અવસર આવે નહીરે, હરી. બાંધ્ય પાણી પેલી પારરે. હરી. ૪ નદીયો ઘેરીને નાવ જર્જરીરે, હરી. માંહી બેઠોછે મુઢ ગુમારરે. હરી. ૫ ખોટો બન્યોછે માંહી ખારવોરે, હરી. તેતો હુડીનો હાકણ હારરે. હરી. ૬ કર્મ કવાય માંહી આફળેરે, હરી. માંહી મોહના મોજા થાયરે. હરી. ૭ તેડ ન સુજે તેહનેરે, હરી. તેનો કરવો તે કુણ ઉપાયરે. હરી. ૮ સદગુરૂ શબ્દ વિચારીયેરે, હરી. જો કરીયે સદા સતસંગરે. હરી. ૯ તોસેજે પારજ પામીયેરે, હરી. કહે પ્રિતમ પ્રગટે રંગરે. હરી. ૧૦ પદ ૨૨ મનમાં જાણે મરવું નથીરે, દેહને અભીમાને; બહુ ગોઠવણી કરતો ગુમારરે. દેહ. ૧ મારા મંદિર માલીયાંરે,

દેહ. કહે મારા પુત્ર પરીવારરે. દેહ.૨ મારી જગાને મારી સુંદરીરે, દેહ. કહે મારા કુટંબ પરીવારરે. દેહ. ૩ જમદુત ભરાતી આવશેરે, હરી. ઉઠી ચાલવુંછે આજ ને કાલરે. હરી. ૪ કાલ ગ્રેહેશે કેશ તાહેરારે, દેહ. તેતો કરશે ઘડીમાં ઘાતરે. દેહ. ૫ વલનો વિચારીશ જીવડારે, દેહ. ઘણા ઘસવા પડશે હાથરે. દેહ. ૬ વાત પીત કફ કંઠ રૂંધશેરે, દેહ. નહીં આવે ઉતર લવલેશરે. દેહ. ૭ મનનું ધાર્યું તે રેશે મનમારે, દેહ. પ્રાણી પામસો કષ્ટ કલેશરે. દેહ. ૮ કર્મ પ્રધાન છે જીવનેરે, દેહ. ફલ શુભા શુભદે નારરે. દેહ. ૯ જેવાં કરો તેવાં ભોગવોરે, દેહ. ધરી ઉચ્ય નીચ્ય અવતારરે. દેહ. ૧૦ પડશો પશુ પક્ષિના જાતમારે, દેહ. ચાર ખાંણ ચોરાશિ લક્ષરે. દેહ. ૧૧ દુખનો અંત આવે નહીંરે, દેહ. કહે નિગમ પુરાણ પ્રત્યક્ષરે. દેહ. ૧૨ ગુરૂ ગોવીંદ સેવ્યાવિનારે, દેહ. કેઇપેરે કરમનો નાશરે. દેહ. ૧૩ વાસના બિજ બલ્યાવિનારે, દેહ. ત્યાંહાંલગી ઉગવાની આશરે. દેહ. ૧૪ મોહ માયાના મોટા મોરચારે, દેહ. જાત વરણ જુવતીનું જોરરે. દેહ. ૧૫ કહે પ્રિતમ કોઈ એક જિતશેરે, દેહને સદગુરૂ શબ્દ અંકોરરે, દેહ. ૧૬ પદ ૨૩ જતન કરે જીવવું નથીરે, ચિતમાં ચેત ચોપે; તજે દેહતણું અભિમાનરે. ચિત્ત. ૧ શો વર્ષ જીવ્યો તો શુંથયુંરે, ચિત્ત. હોય સર્વાલે મર્ણ નીદાનરે.ચિત્ત ૨ આયુષ નીર જેમ અંજલીરે. ચિત. તેતો ખુટે શ્વાસો શ્વાસરે.ચિત્ત. ૩ દુરમતી સે નથી દેખતોરે, ચિત્ત. આંખ્યો આગલ થયા નર નાશરે. ચિત. ૪ દિન દશ પંચ મુકામછેરે, ચિત્ત. પછે કુચનાં નગારાં કેવાયરે. ચિત્ત. ૫ સેનાપતી ચડી ચાલશેરે, ચિત્ત. તે પાણી પીવા ન રેવાયરે. ચિત્ત. ૬ પુન્ય કર્યું તે પલે બાંધિયુંરે, ચિત્ત. પાસે ખરચિ વિના સું ખેશરે. ચિત્ત. ૭ સુરાને શિ શોચનારે, ચિત્ત. સતિને કેનો સંગાતરે. ચિત્ત. ૮ એક ધણીસું ધ્યાંન રાખીયેરે, ચિત્ત, કહે પ્રિતમ પ્રગટે રંગરે. ચિત્ત. ૯ પદ ૨૪ લંપટ શે નથી લાજતોરે, કબુધિ સું કૈયે; તુને સમજાયો સોવારરે. કબુ. ૧ તોહે તુ સમજ્યો નહીરે, કબુ. ધિક પામર પશુ અવતારરે. કબુ. ૨ તારૂં ચતુરપણું પડયું ચુલમારે, કબુ. તે પ્રિછા નહીં પ્રભુની પેરરે. કબુ. ૩ તારી જનુની સે ન રહી વાંઝણીરે, કબુ. સે જણતાં ન દિધુ ઝેરરે. કબુ. ૪ તેને નાલ વધેરતાં ન આવડ્યોરે,

કબ્બુ સેં પ્રથમ ન છેદ્યુ શિષરે. કબ્બુ ૫ તુ કતઘ્નિ કોટી પાતકીરે, કબ્બુ. જોને વિસાર્યા જુગદિશરે. કબ્બુ. ૬ તુ સિદ અપરાધી અવતર્યોરે, કબ્બુ. ઘણો કરવા ભામી ને ભારરે. કબ્બુ. ૭ તેં શુભ કારજ કીધુ નહીરે, કબ્બુ. તેં ભોગવ્યા બહુ સંસારરે. કબ્બુ. ૮ ધર્મરાય લેખુ માગસેરે, કબ્બુ. શો દસો તેને જુવાપરે. કબ્બુ. ૯ બાંધી રૂંધીને નર્કે નાંખશેરે, કબ્બુ. આવી વલગસે પ્રૌડાં પાપરે. કબ્બુ. ૧૦ હરીવિના બીજો બોલે નહીરે, કબ્બુ. મુને વાસે કુટંબ પરીવારરે. કબ્બુ. ૧૧ કહે પ્રિતમ મતિમાં ચેતજોરે, કબ્બુ. જેથી જાય જનમનો માર. કબ્બુ ૧૨

પદ ૨૫ રાગ દેશી ફેર જોબન સસલો જરા કુતરે યે ઘેરાયો, તોય સાધન કરવા મન ના માને મુઢજો; કાલ આહેર રડી પુઠે આવે મલપતો, જમરા ભમરા વેરી તારા પ્રૌડજો. જોબન. ૧ આવી પોચે અચેત લાગ્યો ચેતવા, દવ લાગ્યો તારે કુપ ખણુવા જાયજો; ચોર ચોરીને ધન સર્વ લેઈ ગયા, જાગીને પછે દિપક કરે શું થાયજો. જોબન. ૨ સાજે પાલનાં બાંધી પછમ બુધિયે, અવસર ચુકે હાથ ઘશે શું થાયજો; ઝાઝુવે તરશનાં છિપે બેઠા તું ઝરવા, ઉશના મોતી કામ ન આવે કાંયજો. જોબન. ૩ ત્રિવિધીતાપ લક્ષચોરાશી પરજલો, હરી ભજ્યા વિના જાય નહી દારૂણુ રોગજો; કૃષ્ણજી કેવલરામને ભજીયે ભાવશું. ફરીના આવે મનશા દેહીનો જોગજો. જોબન. ૪

પદ ૨૬ જનમ ધરીને વિશાર્યા જુગદિશને, એલે ખોયો માનવનો અવતારજો; સગુ નથી કોઈ જોને તારા જીવનું, સ્વપ્ના સરીખો જાણો આ સંસારજો. જનમ. ૧ ડાહ્યો થૈને દોલે નિર્લજ નાત્યમાં, મરમ કરીને બોલે મિથ્યા વેણુજો; સેરડાયે મરડાતો હિંડે માનમાં, રોશ ભરેલા રાતા દિસે નેનજો. જનમ. ૨ નારી આગલ એક રતી નવ્ય ઉપજે, ડાપણ મુકી જાં દોરે ત્યાંહાં જાયજો; નિર્લજ થૈને નાચે કબુધિ આનમાં, વિશે ભરેલો ગરજે ગોથાં ખાયજો. જનમ. ૩ અંતરમાં ઊંડારે મોટી ઇરશા, સાધુ જનનો લેશ ન કીધો સંગજો; કહે કૃષ્ણજી જમ જોરાવર આવશે, ભાગી ભુકો કરશે તારા અંગનો. જનમ. ૪

પદ ૨૭ દેખી દુરથકીરે મનમાં હરખી સૌ વૃજનારી, આરત્ય ઓલખીરે આવ્યા મથુરાથી મોરારી; આવી એ જાણીરે સર્વે સ્વાસ

ભરાણી ગોપી, નયણે નરખીનેરે પછે બોલી લજા લોપી; આતે કુણ હસેરે કોઇક અકરૂર સરખો આવ્યો. આભ્રણ રથ જોડીરે સણગાર સામલીયાનો લાયો, પેહેલે આયોતોરે તેણે સરવસ મારૂ લીધુ; પ્રાણ હરવાનેરે આતો કારણ બીજુ કીધુ, આવ્યા વણ તેડ્યારે મારે આગણીયે સીદ આવ્યા. સ્વામી હીમાનારે ચિતમાં ચહી તે સે નાવ્યા. પદ ૨૮ સાઇયર રેહે છાનીરે આવડા કઠણ સીદ બોલે, એતો હરીજન છેરે એમને ગણો હરીને તોલે; અકરૂર કોણ હસેરે બાળી બળતી દાઝે બોલે, આવ્યો વેશ ધરીરે કામરૂ તે દરદ ડોલે. ઇછા પ્રભુતણીરે દોસ સાધુને કેમ દીજે, કરણી આપતણીરે લીહો લખ્યા પ્રમાણે લીજે; પાતર પુજનારે એમને પ્રેમે કરીને પુજો, સ્વામી હીમાનારે આપણ ક્ષેમ કુસળ બુજો. પદ ૨૯ ઓધવ આવેલારે અમને કોહોને ક્યાંથી આવ્યા, ઓધવ આવેલારે કોહોને સો સંદેસો લાવ્યા; આવો મથુરાથીરે મુજને મોકલીયો માહારાજે, માટે હુ આવ્યોરે માત જસોદાનંદને કાજે; સુખીયાછે સ્વામીરે હરી હલધરજી કેરો ભાઇ, પુછુતે તમનેરે અમને કહો સાચુ સમ ખાઇ. સુખીયા સદાયછેરે માહા સુખ મથુરાં કેરે સંગે, કુબજા કામનારે સેવા બાંધી અડીઅલ અંગે; ઓધવજી અમનેરે વીસાર્યાં તે નંદને લાલે, સ્વામી હીમાનારે તેની સંગે મોહન માલે. પદ ૩૦ ઓધવજી અમનેરે કોઇ દીન સામલીયા સંભારે, નિસદીન નાથજીરે તમને એ દક્ષણુ ના વીસારે; કોઇદિન એકાંતેરે બેઠા સ્વામી સેવક વાડી, વાતો વ્રજતણીરે વાહાલે મારે બાલપણાની કાડી હઇયે હેત ધરીરે ઉલટ આવી આંખ્ય ભરાણી, આંસુ મેં લોહ્યારે ચાલ્યા ચોધારે કાંઇ પાણી; પ્રેમની વારતારે તમારી સગલી તે દીન જાણી, સ્વામી હીમાનારે હેવુ બોલ્યા સારંગ પાણી. પદ ૩૧ ઓધવ આવીનેરે અમારા સાં સબલા તમે કીધા, ઓધવ આવીનેરે અમને અવળાં દુઃખ દિધાં; ઓધવ આવીનેરે અમને મરતાને સું માર્યા, ઓધવ આવીનેરે અમને બલતાને સું બાલ્યાં. ઓધવ આવીનેરે દાઝા ઉપર લુણ ડાર્યા, ઓધવ આવીનેરે અમને વિસરીયાં સંભાર્યા; ઓધવ આવીનેરે વાતો વિજોગની સું લાવ્યા, સ્વામી હીમાનારે ચિતમાં ચહીયે તે સે નાવ્યા. પદ ૩૨ પદ રાગ તીલંગ રેક્તા લીખ્યતે બેરી તેરે જમહે જાદા, લેઇ

ગયા બાપને દાદા; છોડેગા સોઈ તુજે કેસે, સમજી લે વાત હે એ-
સે. ૧ લોભસો જમજો વળતા, ધનવંત કાહીકું મરતા; તેતરકું
બાજ જ્યું હેરે, અડોત્યું કાલ સિર તેરે. ૨ પકડલે સંતકા ઓરા,
જહાં નહી કાલકા જોરા; કરી લે બનગી સાચી, અવર સબ વાત
હે કાચી. ૩ નાવત જમદુત હીનેરા, મીટે ભવ વારીધી ફેરા; સકલ
ભય દુર લે કીના, દેવા ગુરૂ જ્ઞાની સુખ દીના. ૪ પદ ૧ અવસર
તેરો પલપલ જાવે, સુતાં તુજે નીંદ કયું આવે; તેરે સીર કાલ હે
વેરી, ભજન વિના કોન ગતી તેરી. ૧ બડેબડે રાવનસે રાજન, જાકે
આગે નોબતો બાજા; જીતે સબ લોક દે ડંકા, સોઇ ખાલી કર ગયે
લંકા. ૨ પુષ્પકી સેજમાં સુતા, સલામી દ્રષ્ટસેં લેતા; કંચન જેસી
દેહીકી કાંતી, જરે તીન અગ્નિમેં છાતી. ૩ કીતહી ગયે ચક્રવ્રતી
ભુપા, સો મીલ ગયે એહમે રૂપા; અંતેહી જંગલકા બાસા, જુઠી
એક જકતી આસા. ૪ અષ્ટાંગહી જોગકું સાધે, તાહી જો આયુષ
બળ વાધે; અમર કરે આપકા અંગા, સોઇ કાલે કર દીયા ભંગા.
૫ અમૃતકે પાનકું કરતા, વૈમાને બેઠકે ફરતા; સુરપતી કાલ લે
ઢાયા, તાહીતે જુઠી હે કાયા. ૬ જેસા હે પાણી પરપોટા, ભરૂસા
દેહીકા ખોટા; તાહી તેં વીલંબ ન કીજે, સતસંગ બ્રહ્મ રસ પીજે.
૭ મેરેતો રામસેં મોલના, જહાં નહી કાલકા કલના; એસી નિશ્ચે
હમ જો જાની, મીલે દેવા આપ ગુરૂ જ્ઞાની. ૮ પદ ૨ જગતસુ કા-
મ કયા તેરે, પ્રભુ ભજ મન તુ મેરે; સમજી લે બાત હે સાચી, એહી
બીનુ આરે સબ કાચી. ૧ લોકનકી પ્રીત સબ જુઠી, ઠાલી જ્યું
વાયુકી મુઠી; જાતાં કછુ બેર ન લાગે, તીમર રવી ઉગતે ભાગે ૨
મુરખ જુગ ભ્રમતે ભુલે, દેખી કુલ સંપતી ફુલે; સબી હે ઉસકી
બરષા, સોઇ કેસે મીટહી તરષા. ૩ વીષયનકા નેહ સબ એસા,
બીજોના વારીકા જેસા; ઇનમે કછુ હાથ નહી આવે, ભજન બીનુ
જન્મહી જાવે. ૪ આત્મધ્યાન ચીત્તમે ધરીયે, જકતકો આસા કયા
કરીયે; લીજે ગુરૂ જ્ઞાનીકા ચરના, દેવા ફીરી હોઇ નહેં મરના. ૫
પદ ૩ ભજન કર ભજન કર ભાઇ, ભલા તુમ મનષા પાઇ; જનમારો
જાતહે તેરા, પીછોડે કાલકા હેરા. ૧ તે રેહે પગ પગહી જોખા,

માંટે નહી મરનકા ધોખા; એક દીન હોયગા એસા, માટી મીલી માટીમાં જેસા. ૨ પ્રથ્વી પર પાય જબ ધરતે, દીસીકે દીગપાલ ડરતે; મહ બલી બીર ભયે કેતે, અંતલક્ષ પહોાઈ ગયે તેતે. ૩ ગ્રહી લે તું સંતકા ચરના, જગત અભિલાશ નહીં કરના; બંધન તેરે પાસ સબ તુટે, નીરભે હોઇ કાળતેં છુટે. ૪ મહીમા ગુરૂ ભક્તીકી ભારી, લીજે સોઇ ચિત્તમેં ધારી; સુફલ તીન જનમહી કીયો, દેવા હરી નામ જીન લીયો. ૫ પદ ૪ હરી ભજ મન તું મેરા, માટેહી તુજે જગતકા ફેરા; દુઃખ તેરે દુખ હોઇ જાવે, તાહી તે પરમ સુખ પાવે. ૧ હરી ધ્યાન રૂદેમાં ધરહી, કાલકે જાલનાં પડહ; સુની હમ સંત મુખ બાની, વચન એહ વેદકી જાની. ૨ પાપ કોઇ નીકટ નહીં આવે, તાપ સબત નહી કો જાવે; કોટી કરી નાશહી જેસે, સુની ધુની સીંધકી તેસે. ૩ પર મનજી તત્વ કો પરસે, સીતલ બુદ્ધિ સકલ સમ દરસે; મુદીત ઉર જ્ઞાન પરકાશે, અંધેરા મેહકા નાસે. ૪ દેખી એહ જગતકી રચના, ઉનહીમે કબહુના પચના; અખંડ બ્રહ્મ ધ્યાનકું ધરના. દેવા કહે હોવે નહી મરના. ૫ પદ ૫ મુરખ મતી જાન કછુ મેરા, શરીર એહ અંત નહી તેરા; દીન એક છોડી સબ જાના, સમજ ઉર એસે એહ જ્ઞાના. ૧ જીવહો જીનવ દેહીકું ધરીયા, કાલ બસ અંતસો મરીયા; સીસા જલ પારહી પરહી, ફુટે તેહી બારના કરહી. ૨ બુદ બુદા હોત જ્યું જલમે, ફુટી સબ જાવેહી પલમેં; અનીત્ય દેહી એસેહી લખો, ભુલે જીને અમર કરી પેખો. ૩ બ્રહ્માદીક દેવહે જીતને, અનંત ધારીહે તીતને; શરીર સબ છોડીકે જાવે, કીત તુલ જન્મહી પાવે. ૪ બલવંતી માહા બલી માયા, જીવનકુ જીન ભ્રમાયા; ભજન વિના જીવ જન ભુલે, જુઠાકુ દેખી કયા ફુલે. ૫ સંગ નીત્ય સંતકી કરીયે, રૂદે નીજ જ્ઞાનકું ધરીયે; ફેરી ભવ ફેરના ફરીયે, દેવા ગુરૂ ગમસુ તરીયે. ૬ પદ ૬ એસી યેહ જગતકી બાજી, એસીમે હોત કયું રાજી; લતા જેસી પુષ્પકી ઉભી, દીના એક ચારકી ખુબી. ૧ ઉપજત જોઇ કહાવે, પદારથ અંતસો જાવે; અમર નહીં દેવ કોઇ દાના, એક દીન છોડ સબ જાના. ૨ ઉતમ એક લાભ એહ લીજે, હરી રસ પ્રેમસુ પીજે; સોઇ ભવ ફેર નહી

જનમે, જીનકુ નીજ ગ્નાન વસે મનમે. ૩ પ્રાણી કછુ સમજી જબ ક્રોધ, કરન સતસંગ હે સબકો; સાચતે સાચકો પાવે, કુડ કોઇ જન કામ ન આવે. ૪ પરમ ઉર ગ્નાન પરકાસે, ચીદઘન સકલ તન ભાસે; રવી જેહી ઉગતે જેસે, તીમર સબ દુર હોય તેસે. ૫ સંતકો મર્મ એહ સુજે, અના કોઇ ભેદ નહીં બુજે; દેવા કહે બચન એહો સાચા, ગ્નાન બીના ઓર સબ કાચા. ૬ પદ ૭ લગી મેરી રામસે લગના, ભયો મન પ્રેમસું મગનાં; જકતમે ક્યા કીજીયે પચકે, રહું ગુરૂ ચરણમે રચકે. ૧ ગુરૂજી મેરે નેન તેં નેરે. મંગલ ભયો આજ ગ્રહ મેરે; ઉદધી ઉર પ્રગટે સુખકો, દુર ભયો તાપ સબ દુખકો. ૨ નિગમ જાકો નિત્ય જસ બોલે. જોગી ધરી ધ્યાન નહીં ડોલે; સેષ સહસ્ત્ર મુખહી ગાવે, અંનતકો અંત નહી આવે. ૩ પાવે કોઇ પારહી તીનકો, દુર્લભ દરશન ભવમે ઇનકો; સોઇ ગુરૂમે શિરપર્ય દ્રઢહે. ૪ મેરા, મન રામસે માના, ભય સબ કાલકા ભાંના; દેવા વૃતી વિષય કીની, રામ સદા વૃતીમે રતીહે. ૫ પદ ૮ સદગુરૂ કર ગ્રહે જાકો, તારે ભવ શીંધુ તે તાકો; ભેદ નહી જાંનવો ઇનમે, મિલાવત રામસું છિનમે. ૧ જંતજો ચરનહી કો જાવે, તેહાંકો પરમ પદ પાવે; ગુરૂકે ચરનમે સુખહે, ઓર સબ ઠોરહી દુખહે. ૨ બ્રહ્માદીક દેવતા જોઇ, ગુરૂ તુલ આવે નહી કોઇ; અભેપદ મુક્તિકે દાતા, સોઇ હે સકલકે ત્રાતા. ૩ મહીમા માહા દેવ મુખ ગાઇ, અથાહકી થાહ નહી પાઇ; ગુરૂપદ પંકજકી સેવા, દાસ મન ઇછતહે દેવા. ૪ પદ ૯ ક્રિપા ગુરૂ ગ્નાનીકી ચહીયે, જાતે પદ પરમકું લહીયે; પડે નહી કાલકી પાસી, મિલે બ્રહ્મ સુખકે રાસી. ૧ જન કોહી ગ્નાનીકું બુજે, ભક્તિકો ભેદહી સુજે; જાતે જુગ વારીકો તરહી, ફરી અવતારના ધરહી. ૨ જગતમે બહુતહી તરલહી, ક્રીપા બીનુ મુક્તિ ના મલહી; જંત સબ લોકમે ભટકે, માયાકી દોરીમેં અટકે. ૩ જાતે અગ્નાન સબ નાસે, નિરમલ હોતહે આસે; જાતે યેહ સકલ ભય ભાંને, આપને નીજ રૂપકું જાને. ૪ કરૂણા હોતહે ગુરૂકી, સુજે સબ બાત હરદમકી; ક્રિપા નિત્ય માગહો દેવા, કર ગુરૂ સંતકી સેવા. ૫ પદ ૧૦ સદગુરૂહે સાયબ મેરા, ભરોસા સાચાહે તેરા; ભવ અગાધીહે ભારી,

તિનતે લેતહો તારી. ૧ તવપદ પોટહે જાકો,અભય કરી કોટહે તાકો; અહે તબ ચરનકી ચરનાં, મિટિ જાય જન્મને મરનાં. ૨ નમુ તવ ચરન પદ સીશા, સત્યં તવ રૂપ જગદીસા; ભયાજી મન પ્રસનહી મેરા, પ્રભુ પ્રસાદ ભયા તેરા. ૩ તુમહીકુ માલમ હે મનકી, તુમહી સબ જાનહુ જનકી; દેવા કહે દિનકે બંધુ, તુમારી ચરનં રજ વંદુ. ૪ પદ ૧૧ કરેચ તુમ સતસંગહી પ્યારે, નહીતો જાયગા હારે; મનુષ તન કેસે કરી પાવે, અવસર એસા નહી આવે. ૧ અનેકહી જોનીકુ ધરીયા, ચોરાસી લાખમે ફરીયા; કોટી ઉપાય જો કરીયા, સતસંગ પાઇ સો તરીયા. ૨ પારસ લોહકુ પરસે, લોહ તબ કંચન હોઇ દરસે; ચંદન બિ ભયે ચંદન રૂપા, ટાલે ગુરૂ જ્ઞાની દુખ કુપા. ૩ ચરનહે સંતકી જાકુ, તાપ નહી લાગતહે તાકુ; મિલાવત હરીજન હરખે, દેવા સેવો સંત ચિત્ત ધરકે. ૪ પદ ૧૨ ફુલે મન બાહોત ક્યા ગાવે, બાતનસે પંથ નહી આવે; વાહી ઘર સકલસે દુરા, પોહોચે કોઈ સંત જન સુરા. ૧ ઇંદ્રાદીક દેવતા સારે, બ્રહ્માદિક ખોજતે હારે; દરશન ખટ સકત નહી જાની, થકી ત્યાંહાં ભેદકી બાની. ૨ નિરંજન સકલ તે ન્યારા, પાર બ્રહ્મ પરકે પારા; એહીકો ભેદ નહી બુજે, અનુભવી સંતકુ સુજે. ૩ અગમ જો કોટકી સેરી, દેખાવત સંત સો નેરી; દેવા ગુરૂ જ્ઞાનકું માને, તબહી નિજ બ્રહ્મકુ જાને. ૪ પદ ૧૩ આનંદ ભયો આજ મન મેરે, દુરહી તે દેખીયે નેરે; તાકો નેતિ વેદહી ગાયા, સોહી પીયા આપમાં પાયા. ૧ જેહો પ્રભુ અંતરકે જામી, તેહી પ્રભુ સકલકે સ્વામી; સબહી વાધી જાનનહારા, સોઇ પલ એક નહિ ન્યારા. ૨ સકલ ભય મનતે ભાગા, સાચા જબ લક્ષહી લાગા; દેવા ગુરૂ મીલાહે પુરા, ભરમ સબ ભાજી ગયા દુરા. ૩ પદ ૧૪ જગત સબ રેનકા સુપના, સમજ દેખો કોઈ નહી અપના; કઠિનહે લોભકી ધારા, બહી સબ જાત સંસારા. ટેક. પાત જ્યુ ડારસે તુટ્યા, ઘડા જ્યૌ નિરકા ફુટ્યા; એસી નર જાહાન જીનગાની, મુરખ નહી ચેત્યો અભીમાની. જગત. ૧ ફુલ મતી દેખ તન ગોરા, જગમે જીવના થોરા; તજો મદ મોહ ચતુરાઈ, રહ્યો નિસંક જુગ માંહી. જગત. ૨ કુટમ પરીવાર સુત દારા, એક

દિન હોયગા ન્યારા; નિકસ જબ પ્રાણ જાવેગા, કોઇ તેરે સંગ ના આવેગા. જગત. ૩ જીનકુ લક્ષોહે ઘોડે, તિનુકુ મોહોત નહી છોડે; દાંતનમેં પાનકી બિડી, એક દિન તાણેગા કોડિ. જગત. ૪ સદા મત જાન આ દેહાં, લગાવો નામસે નેહા; કરે જમ કાલકા ઘેરા, કહે કબીર જન તેરા. જગત. ૫ પદ ૧૫ પદ રાગ લાવણી. બ્રહ્મ વાહં મન બુધિ નાહં નહી ચિત અહંકારરે, અજ અખંડ અવિન્યાશિ એક રસ; નિરંજન નિરાકારરે; બ્યાન સમાન ઉદાન પ્રાણ નહી નહી અપાન આકારરે, શ્રોત્રત્વ ચાર ચક્ષુ ધ્રાણ નહી નહી રસના નિરધારરે. બ્ર. ૧ વાક પાણી પાદ ગુદા નહી, સિશુ લીંગ દેહસે પારરે; સુક્ષ્મ નહીતો સ્થુલહી ક્યાંસે, કુણ ધરે અવતારરે. બ્ર. ૨ ક્ષીતી જલ તેજ વાયુ સો નાહં, નાહં નભ વિસ્તારરે; શબ્દ સપર સરૂપરસ ગંધ નહી, નહી કારણ સંસારરે. બ્ર. ૩ જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુરીયા, રહીત અવસ્થા ચારરે; સદ ચિદ આનંદ રૂપ સદા, એક ચૈતન્ય શુદ્ધ વિચારરે. ૪ સુરા હોકે સનમુખ હોજા, પાવો મુક્તિ દ્વારરે; કરચ સતસંગ વેદ સદગુરૂકો, મીટે જન્મ જંજાલરે. બ્ર. ૫ એ અનુભવ મુક્તિકો દાતા, જે ગાવે નિજ પ્યારરે; અનુભવ આવે માહા સુખ પાવે, ઉપજે શુદ્ધ વિચારરે. બ્ર. ૬ સદગુર રામ મિલ્યા બ્રહ્મ વેત્તા, નિનો બોજ ઉઠાઇરે; હરખ શોક હરી સીંગ રહીત, મન સોહંગ બ્રહ્મ વિચારરે. બ્ર. ૭ પદ ૧ લાવણી સદગુર મોહી મિલા બ્રહ્મવેતા, પુરન પ્રિતસે મે પાયા; તન મન ધનસો વારીયા પર, નિજાનંદ મોહી બતલાયા. સદ. ૧ સતચિદ આનંદ રૂપ આતમા, એસા મોહી અનુભવ આયા; જાગ્રત સુપન સુષોપતીકે, સંગ સોઇ સત વેદે ગાયા. સદ. ૨ જાગ્રત સ્થુલ અરૂ સુપન સુક્ષ્મ, સુષોપતી સો કારન માયા; તાકું ચિનત સોહી ચિદહે, એસા દ્રઢ મનમ લાયા. સદ. ૩ આપ અપ્રીયે નહી કદાચિત, સોહી આનંદ સુખ સમુજાયા; ભાગ ત્યાગ કરીકે પૈચાના, તબ જાની જુઠી કાયા. સદ. ૪ ચાવિસ તત્વ એ પ્રકૃતિ પ્રગટ ભઇ, તીન ગુન તાસે જાયા; પંચભૂત તન માત્રા પાંચુ, તામસ ગુન સે ઉપજાયા. સદ. ૫ રાજસકી દસ ઈંદ્રિ કહીયે, સો જાનત પંડિત ડાયા; ચૌદ દેવ

અંતઃસકર્ણ ચ્યાર, સાત્વીક ગુનસે પ્રગટાયા. સદ. ૬ ત્રિધા રૂપસે ભઈ ચિદ શકિત, ત્રિપુટી જગત સો દરમાયા; નામ રૂપ એ જાનો જગત સબ, જ્યું મૃગજલ બાદલ છાયા. સદ. ૭ દ્વૈતભાવ સબ દુર કીયા, નિજ આત્મ નિશ્ચે ઠેરાયા; હું હરી સંગ સકલસે ન્યારા, ધ્યેધ્યાતા સો નહી ધાયા. સદ. ૮ પદ ૨ કાંહાંસે આયે કાંહાં જાયગા, ખોજ કરો અગલે ઘરકી; સદગુરૂ મીલેતો સાંન બતાવે, ખોલ દેવે અંતર ખડકી. કાંહાં. ૧ તિલક છાપ ધરે માળા મુદ્રા, તિરથ વૃત મરે ભટકી; ગાવે બજાવે લોક રિજાવે. ખબર નહી અપને ઘરકી. કાંહાં. ૨ બાહીર બગ ધ્યાનિ હોકર બેઠે, અંતર સુરત ચલી ચટકી; ઉપર બંદા ભીતર ગંધા, મન મેલા મછલી ગટકી. કાંહાં. ૩ કાજી કુરાન કીતાબ બખાને, જીવ જબે કરે ઝટકી; હરદમકી હકમત નહી બુજે, પકડ મુરગીકું પટકી. કાંહાં. ૪ હીંદુ તુરકા દોનો ભુલે, ખટપટ નહિ ટરી ખડકી; જોગી જંગમ સેષ સંન્યાસી, લાલચ માંહી રહે લટકી. કાંહાં. ૫ વિના સમજ સબ જીત તિત દોરે, ચાનકોન ન લહે ચટકી; વિશ્નુદાસ બેહદકે બાસી, આવ્રણમાં ન રહે અટકી. કાંહાં. ૬ **પદ ૩ લાવણી દેશી ફેર** કર ભજન સદારે મગન જગતમેં એહી નફાહે પ્યારે. કર ભજન. ટેક. તું આયા કરકે કવલ કરૂંગા બંદગી, તું આયા ઇયાં આકર હુવા બેમાન ખોઇ સબ જીંદગી; ઇયાં આકર બાલાપન ખેલ ગમાયો, જુવાનિ મેં ઇસક કમાયો અબ ઇશ્વર તુજે બોલાયો કહેગા ક્યારે. કર ભજન. ૧ થા પુરાન સીવા તેરા કે નર દેહ પાયી, થા પુરા ક્યોં ભુલા દિવાના; દેખ જુઠી માયા ક્યોં, ભુલા તેરા કુટંબ કબીલા. સબી તેરે કામ ન આવે કબિ, તું અંતઃકાળકા અબિ સોઈ મતો જ્યારે. કર ભજન. ૨ ઇસ દુનિયાંકે અંદર પાખંડ બોતેરા, ઈસ દુનિયાંમેં સચા હે એક નામ પ્રભુકા લેરે; સચા હે જુઠા જગ સંસારા તુમ દેખોજી આંખ પસારા, તુમ મત ચિત ઉસે બિસારા પ્રેમ લગારે. કર ભજન. ૩ તેરે શિરપર કાયમ કાલ કરે નિત્ય ફેરિ, તેરે શિરપર તુંમ કર ભરોસા કલકા પલે નહિ તેરિ; તુમ કર જિનને નિશ્ચે કરિ ધાયાસો ફેરિ જુગમેં નહિ આયા, એહી ખ્યાલ શિવાનંદ ગાયા એહિ તું થા

ચારે. કરભજન. ૪ **પદ ૪. રાગ ઠુમરિ.** પંચભુતકા પંજરતામેં, સોહં તોતા બોલેરે; ઉસ તોતેકિ ક્યા તારીફ કહું, ના કોઈ યાકે તોલેરે. પંચ. ૧ સોહં જ્ઞાન સમજ બિન મુરખ્ખ, બુદ્ધિ ઈતઉત ડોલેરે; સદ ગુરૂ વૈદ મિલે બ્રહ્મવેત્તા, વસ્તુ દ્વાર તબ ખોલેરે. પંચ. ૨ સદગુરૂ જ્ઞાન કરિ સમઝાવે, માંરે વચનકે ગોલેરે; એક આત્મા વેદ બચન ચુંકે, તબ જાઈ ઢોલેરે. પંચ. ૩ આનંદ બ્રહ્મ અમુલખ વસ્તુ, અજ અનંત અણમૂલેરે; હું હરિ સંગ સકલ સે ન્યારા, યુ સુધ વસ્તું હે સોલેરે. પંચ. ૪ **પદ ૧. ઠુમરિ.** સાધન સાર બિચાર જ્ઞાનકો સાધન સાર વિચારંરે, એસો કોન જગતસોં કિનસેં અહો નિશ્ચે એહ ઉર- ધારરે, સાધન સાર વિચાર જ્ઞાનકો સાધન સાર વિચારરે. ૧ પંચ ભુત તન સુખ દુઃખ આ લય, સ્થુલ ઉપાધિ અસારરે, મેરે યાસુ કીન સગાઈ અસત જડ દુઃખ છારરે. સાધન. ૨ ઈંદ્રી પ્રાણ બુદ્ધિ મન સબ મિલિ સોઈ દ્રશ્ય દેદારરે, લિંગ દેહ સોઉમેં નાંહિ સતર તત્વ કિટારરે. સાધન. ૩ કારણ મૂલ ઉપાધિ સકલકો દેહ ત્રિજો નિરધારચરે, હું દૃષ્ટાએ દ્રસ્યવાચ્ય સબયું સમજે હોય પારચરે. સાધન. ૪ મોમે ત્રિધા ઉપાધિ નાંહિ હું વરજિત સબ થારરે, કાન્હરામ મેં નામ રૂપ બિન નિર્ગુણ નિરાકારરે. સાધન. ૫ **પદ ૨** તિન અવસ્થા તિત આત્મા, તિન અવસ્થા તિતરે; દ્રષ્ટા તિત દ્વૈત બિન સમરસ, આપ સદા અદ્વૈતરે. તિન અવસ્થા. ૧ જાગ્રત વિશ્વ ભોગતા કહીયે, સ્થુલ ભોગ બહુ રીતરે; વૈખરી વાચા રજોગુણ બ્રહ્મા, દેવજો કહીયે મિતરે. તીન. ૨ સ્વપ્ન ભોગતા તૈજસ જાણો, સુક્ષ્મ ભોગ કુજીતરે; મધ્યમા વાચા સત્વ ગુણ વિષ્ણુ, દેવ કહતહે ગિતરે. તીન. ૩ સુસોપ્તિ પ્રાજ્ઞ ભોક્તા હોઈ, આનંદ ભોગ ઘટિતરે; રૂદ્ર દેવતા પશ્યંતી વાણી, તમ અજ્ઞાન અનિતરે. તીન. ૪ તુરીયા સાક્ષી કાહું રામ હું, એક અખંડ અદ્વૈતરે; સર્વકે માંહિ સકલ તે ન્યારો, મોમે હાર ન જીતરે. તીન. ૫ **પદ ૩.** પંચ કોશપર જાન આત્મા, પંચ કોશપર જાનરે; પંચ કોશકું જો પરમાણે, સોકયું કોશ નિદાનરે. પંચ. ૧ અન્નર ચિત તન ખટ વિકાર મય, અન કોશ પહિચાનરે; રજ વિરજકો ભયો, વિકાર સ્થુલ દેહસો માંનરે. પંચ. ૨

લીંગ દેહેમે તીન કોશહે, પ્રાણ મનો વિજ્ઞાનરે; પ્રાન અપાન ઉદાન બ્યાન, સમાન કોશહે પ્રાનરે. પંચ ૩ પંચ કર્મ ઇંદ્રિ મન મિલિકે, મનો મય કોશ બખાનરે; મન દ્રષ્ટાનું મનતે ન્યારો, સમજ દેખ સોઇ સાનરે. પંચ. ૪ પંચ જ્ઞાન ઇંદ્રિ બુદ્ધિ, ખટકો ભયો કોશ વિજ્ઞાનરે; આનંદ કોસ કહુ અબતો, શું કારણ દેહ અજ્ઞાનરે. પંચ. ૫ તે અન્ન પ્રાન મનોમય નાંહી, વિજ્ઞાનાનંદ મહાનરે; કાન્હ રામતું ભિન્ન સકલ તે, કહત વેદચું વાણરે. પંચ. ૬ પદ ૪ અનુભવ આપ વિચારી દેખ તું, અનુભવ આપ વિચ્યારી; અનુભવ વિન ઓધારે નહો, નકી લાગત નહી કોઇ કારીરે. અનુભવ. ૧ વેદ નિરૂપણ કરત બ્રહ્મકો, સતગુરૂ કહત ઉચારીરે; સતચિદ આનંદ બ્રહ્મ તુઇહે, યહ નિશ્ચે ઉર ધારીરે. અનુભવ. ૨ સતસો કોન ચિદસો કયાહે, આનંદ કોન અપારીરે; યાકો અર્થ આપમેં લહીયે, યું સમજો મે વારીરે. અનુ. ૩ તીન કાલમેં સોઇ સત જાનત, સોઇ ચિદ ભારીરે; આપ અપ્રિયે નાંહી કદાચિત, સો આનંદ દુઃખ હારીરે. અનુ. ૪ તીન વિશેષણ ઘટે આપમેં, તો કહો બ્રહ્મ પોકારીરે; કાન્હરામ દુજા કોઉ નાંહી, સોહં સંસે ટારીરે. અનુ. ૫ કરચ સતસંગ બ્રહ્મવિદ સત ગુરૂકો, સો કરહી ભવ પારરે; સાધન ઓર અનેક કીયે તે, નહી છુટે સંસારરે. કરચ. ૧ બ્રહ્મવિદ અર્થ વેદકો, જાને તત્વ અસીપદ સારરે; તત્પદ ઇશ જીવત્વં પદહે, અસિપદ બ્રહ્મ વિચારરે. કરચ. ૨ તત્વં વાચ્ય લક્ષ નિશ્ચે કરે, વાચ્ય ઉપાધિ ડારરે; સત્ય સ્વરૂપ જ્ઞાન મય પુરણ, લક્ષાર્થ સોઇ ધારરે. કરચ. ૩ તત્પદ વાચ્ય સકલ બ્રહ્માડ, ત્વંપદ દેહ ત્રય ટારરે; પીંડ બ્રહ્માંડ ત્યાગ કરચ મનશું, ભાસે બ્રહ્માકારરે. કર. ૪ સાક્ષી દ્રષ્ટા કાન્હરામ હું, સોઇ સાક્ષાત્ કારરે; ભાગ ત્યાગ કરીકે પહીચાંનો, નિજ સ્વરૂપ નિરાકારરે. કરચ. ૫ પદ ૬ દોહા. રામ પચિસિ પંચપદ, પંચ ચરન પચિશ; ઇતપ કરી અટક્યો જબ, પુંનિ આજ્ઞા ગુરૂ ઇશ. ઉભેપ્ર ક્રિયા ઓર કહો, સામાન્ય વિશેષકી એક; દુજી ભામીકા સમકી, સોઅબ કહો વિવેક. ૨ રાગ સમે અનુંસાર. સામાન્ય રૂપ સ્વે જાન્ય, સોઇ સામાન્ય રૂપ સ્વે જાનરે; અસ્તિ ભાતી પ્રિયે રૂપ સદા સ્વે, સકલ વસ્તુ મેં માન્યરે. સા. ૧

પ્રશ્ન. સામાન્ય બ્રહ્મ સર્વાંત રહે, તબ ઘટ પટક્યો નહી જ્ઞાનરે; દેહ મધ્ય રહી જાનત જ્યું ત્યું, નહીં ઘટ પટ પહીચાનરે. સા. ૨ ઉત્તર. દેહમાંજ વિશેષ બુધિ કરે, ઘટ પટમેં સામાન્યરે; અંતકરણ ઉપાધિ વિના, ઘટ નાહી વિશેષકો ભાનરે. સા. ૩ તાપર રવિ દ્રષ્ટાંત કહતહું, મન ચિતદે સનકાનરે; રવિ પ્રકાશ સબ ઠોર નિરંતર, ઉશ્ન અગ્નિ આદાનરે. સા. ૪ સો રવિ ધુપ તુલ ત્રણપર રહે, નહી જારે ત્રણ પાનરે; સિધ્ર જરાવત સોઇ સુત પટ, તાપર સમા ડાનરે. સા. ૫ જ્યુ રવિ ધુપ સામાન્ય બ્રહ્મ, ત્યું ચસમા બુહી મલાનરે; દહન સમાન વિશેષ જાનવો, સમજી કરચ સમાધાનરે. સા. ૬ સામાન્ય વિશેષ એ પરમ પ્રક્રિયા, ગુરૂ મુખ સુન યહ બાનરે; સતચિદ આનંદ અનુભવ અપના, સર્વાંતર મેં સાનરે. સા. ૭ આકાશ આદી સબ નામ રૂપસો, મિથ્યા વેદ બખાનરે; નાંહી નાંહી કરત હું હે, સોનિઃ પ્રપંચ નિરવાનરે. સા. ૮ નિર ઉપાધિ સામાન્ય બ્રહ્મકો, અનુભવ સુષોપતી સ્થાનરે; નિશ્ચે તીન અવસ્થામે, સામાન્ય સદા વિન તાનરે. સા. ૯ મોવિન નહી દીસે કહું ખાલી, કોઇ પદારથ આનરે; કાહુ રામ સામાન્ય બ્રહ્મ હું, વેધાતા નહી ધ્યાનરે. પદ ૭ દોહા. સામાન્ય રૂપ સોહંમ લહ્યો, જીવન મુક્તા જાંન; રાગી ત્યાગી લીંન શાંત વૃત્તિ, ભોમીકા ભેદ વખાન. ૧ રાગ સમે અનુસાર, સપ્ત ભોમીકા સોઇ; જ્ઞાનકી સપ્ત ભોમીકા સોઇરે, શુભ ઇછાસુ વિચાર તનુમાન, સાતી સરી હોઇરે. સપ્ત. ૧ સત્વાપતી ચતુરથી કહીયે, અસ શક્તિ પંચ મોઇરે; પદાર્થ ભાવની જાંન ષષ્ટમી, સપ્તમી તુરીયા હોઇરે. સપ્ત. ૨ જડ દુખ જાન વિષે સબ તજીયે, ગુરૂ ચરણ ચિત પ્રોઇરે; સત્ય વાક્ય વેદાંત શ્રવણ કરી, શુભ ઇછા સોઇરે. સપ્ત. ૩ દુજી કહી વિચારે ભોમીકા, તત્વ વિચારે કોઇરે; મેસો કોન જગતસો કાહી, શુભ વિચાર સો લોઇરે. સપ્ત. ૪ તનુમાનસા સો જાન તીસરી, મનકો વિક્ષેપ ખોઇરે; અંતર સુખી વૃત્તિ આતમ મે, રાખે અહોનિશ ગોઇરે. સપ્ત. ૫ સત્વાપતી ચતુર્થિ, જાનો અનુભવ એક ન દોઇરે; અહંબ્રહ્મ સચ્ચિદાનંદ વિદ્વત, દ્વૈત ભાવના ધોઇરે. સપ્ત. ૬ નહી આશક્તિ અસં શક્તિસો,

પંચમ કહીયે સોઇરે; જ્ઞાન વૈરાગ સહીત વિદ વત્વર, શિષ્ય સંબોધિ તોઇરે. સમ. ૭ કિયે પદાર્થ સકલ બુદ્ધિકે, તાકો અભાવ કરોઇરે; પદાર્થા ભાવની એહ જ નઉમી, વરીયા વૃત્તી કુબોધરે.સમ. ૮ ભાવા ભાવ ત્યાંહાં કછુ નાહી, તુરીયા વૃત્તિ બઢોઇરે; વર વરીષ્ટ સંબોધનયાકો, સદા બ્રહ્મ નિષ્ટોઇરે. સમ. ૯ સમ ભોમીસે તિન અવસ્થા, દિત્રય જાગ્રત ભોઇરે; સમ ચતુર્થિ અંત તીનસો, સુષોપમિમાં ઝગી નોઇરે. સમ. ૧૦ સમ ભોમીકા સોઇ વૃતીકી, ધ્યાતા ધ્યાન ન ધ્યેઇરે; કાનરામ ભોમીં ભોમ નહીં, જ્ઞાતા જ્ઞાન ન જ્ઞેઇરે. સમ. ૧૧ પદ ૮ રાગ ઠુમરી ચૈતનકે આધાર, જગત્ સબ ચૈતનકે આધારરે; બોલે ચૈતન ચાલે ચૈતન, ચૈતન દેખનહારારે. ચૈતનકે આધાર જગત્. સબ. ૧ ખાવે ચૈતન પીવે ચૈતન, ચૈતન કરત વિહારરે; ચૈતન વારક ચૈતન પ્રેરક, ચૈતન સબ વિસ્તારરે. ચૈતનકે. ૨ રિજે ચૈતન ખિજે ચૈતન, ચૈતન સકલ પ્રકારરે; ચૈતન સ્વામી ચૈતન સેવક, ચૈતન ભિતર બાહારરે. ચૈતનકે. ૩ પંચભુતન જગત સબ ચૈતન, જો દીસત સંસારરે; જનદેવા સબ ચૈતન દેખો, ચૈતન શુધ અપારરે. ચૈતન, ૪ પદ ૯ સબ ઘટ વિષ્નુ મહરાજ, દેખો તુમ સબ ઘટ વિષ્નુ મહરાજરે. ટેક. પીંડ બ્રહ્માંડ રહ્યા એક પુરી, સુધુન્યો સરીતા વારીરે. સબ ઘટ વિષ્નુ મહરાજ દે. ૧ અપમે તપ મે તોય ભોમીમે, ઘનમાં રહ્યો સોઈ ગાજરે;. વિષ્નુ વિના નહી અન્ય પદારથ, વિષ્નુ સકલ સમાજરે. સબ ઘટ વિષ્નુ મહરાજ દે. ૨ ધુનમે શુનમે દીન પુનમમે, દશો દશ માંહી અપારરે; વન વાટીકા ગીરિ ગહવરમે, સમચિત રહ્યો ગજરાજરે. સબ ઘટ. ૩ જબ જાંને નિજ વિષ્નુ રૂપકું, ભરમ જાવે સબ ભાજરે; કહે દેવા એક સ્વામીં નીરંતર, સરખો અંતર બાઝ્યરે. સબ. ૪ પદ ૧૦ એ સબ બ્રહ્મ વિલાસ ચરાચર, એ સબ બ્રહ્મ વિલાસરે. ટેક. વારી વસુધા આપહી વાયુ, આપહી અનલ આકાશરે. એસબ. ૧ કારણ તે ભયો જબ કારજ, તરૂજ્યું બિજ પ્રકાશરે નહીં; આતમ પરમાતમ ન્યારા, દેખો રૂદય સમાસરે. એ સબ. ૨ જ્ઞાન નેતર કરી ભિતર દેખો, આતમ હે અવિનાશરે; પરાપાર ચિદાનંદ ચૈતન, એહ તાકો

બાષરે. એસબ. ૩ બ્રહ્મ કલ્લોલ એ વેધાતા સબ, આપહી સ્વામી દાસરે; જન દેવા એ આપ પેચાંન્યો, પરમાનંદ સુખરાસરે. એસબ. ૪ પદ ૧૧ આનંદરૂપ અપાર ઉરમાં સોઇ, આનંદરૂપ અપારરે. ટેક. પરાપાર્ય રહ્યો કહે ઉપનિશદ,સોઇ ભયો સંસારરે. આનંદ. ૧ જાકો રંગ રૂપ કછુવ ન દીસે, તાકો સબ આકારરે; જાકું વચન વાણી નહી પોચત, સોઇ પાલનહારરે. આનંદ. ૨ ભયે સુભાવે તત્વ ચારો વિસ્તરે, પ્રકૃતિકો પરીવારરે; અંબુ તે જો લવણુહી નિપજે, આદ્ય અંત્ય તે વારરે. આનંદ. ૩ એહ સબ લીલા અપાર બ્રહ્મકી, દેખો રૂદય વિચારરે; જન દેવા ઉગ્ર બુધી સમજે, તાકા મન ઉદારરે. આનંદ. ૪ પદ ૧૨ રાગ ઠુમરી પંચભુતકા પંજર તામે સોહં તોતા બોલેરે, ઉસ તોતેકી ક્યા તારીફહે; નરી કોઇ યાકે તોલેરે. પંચ. ૧ સોહં સાન સમજ બિન મુરખ, યુહિ ઇત ઉત ડોલેરે; સદગુરૂ વૈદ મિલે બ્રહ્મ વેતા, વસ્તુ દ્વાર તબ ખોલેરે. પંચ. ૨ સદગુરૂ સાન કરી સમજાવે, મારે બચનકે ગોલેરે; એક આત્મા વેદ વચનયુ, કહત બજાઈ ઢોલેરે. પંચ. ૩ આનંદ બ્રહ્મ અમુલખ વસ્તુ, અજ અનંત અણ મુલેરે, હું હરી સંગ સકલસે ન્યારા, યુ શુદ્ધ વસ્તુહે સોલેરે. પંચ. ૪ પદ ૧૩ સારા સાર વિચાર એક તુ, નિજ-આતમ નિરધારારે; ન્યારા ભીંતર આપ નિરંતર, પીંડ બ્રહ્માંડસે પારારે. સારા. ૧ લખચોરાશી ઘુમ ઘુમકે, પાયો મુક્તિ દ્વારારે; તામે જો હરી જાન્યો નહીતો, ફેરહી જનમ જંજાલારે. સારા. ૨ કિડિ કુંજર રંક રાય સબ, દેવ દાનવ દિગપાલરે; બ્રહ્મા વિશ્નુ શિવ શેષતુહે. ઓરહી દશુ અવતારારે. સારા. ૩ એક આત્મા સબ ઘટ જામકે, દ્વૈત વચનકું ટારા; એસા અર્થ વિચારી આપમાં, તા છુટેગો સંસારારે. સારા. ૪ અત્યાસી અદ્વૈત આત્મા, કેતેઇ વેદ પોકારારે; હું હરી સંગ સકલતે ન્યારા, સોહંબ્રહ્મ અપારારે. સારા. ૫ પદ ૧૪ સતસંગ સાર જગમાંહી, મંદ ભાગ્ય સો જાનત નહીંરે; ટેક. સતસંગત સુખ એક પલકકો,સુખસે કહ્યો ન જાઇરે. સત. ૧ સતસંગે કરી પરમ પદ પાવે, ભવ દુઃખ દેત મટાઇરે; તાસુ કરો સતસંગ નિરંતર, ગુરૂકે સરણે જાઇરે. સત. ૨ જાકું વેદ રટતહે નિરંતર, સોઇ

તેરા રૂપહે ભાઇરે; સો સતસંગ વિના નહી પાવે, યુ સમજો ઉરમાઇરે. સત. ૩ સદગુરૂ રામ મિલે બ્રહ્મ વેતા, નિજ સુખ દીનો બતાઇરે; હરખ સોક હરી સંગ રહીત, મન સોહં બ્રહ્મ સદાઇરે. સત. ૪ પદ ૧૫ સોહંબ્રહ્મ સદા સુખરાસી, નામ રૂપસેં ન્યારારે; આપ પ્રકાશ અખંડ અનાદી, સરવા ધાર નીરધારારે. સોહં. ૧ શબ્દાતિત અલેપ અજન્મા, આનંદઘન અપારારે, બોધ સ્વરૂપ સનાતન ચૈતન, પીંડ બ્રહ્માંડસેં પારારે. સોહં. ૨ અસ્તિ ભાતી પ્રિયેરૂપ સદાઇ, બાવન અક્ષર બારારે; નિરાવેવ કુટસ્થ નિરંતર, નિરંજન નિરાકારારે. સોહં. ૩ નેતી નેતી નિગમ સો કરીકે, આપહી આપ વિચારારે; હું હરી સંગ સદા એક રસ, નિરગુન રૂપ હમારારે. સોહં. ૪ પદ ૧૬ દાસોહં દાસોહં કરતાં, દદો વિસરી જૈયેરે. દાસોહં દાસોહં કરતાં. ટેક. ગયું દાલિદ્ર અનાદી કાળનુ, માહા ધન્ય લાધ્યુ તૈયેરે. દાસો. ૧ ઘરનુ ઘરમાં ધન્ય હતુપણ, ભોગ ન પડીયું કૈયેરે; દદા છંલાત લેઉ ટાણુ, સમજા વિના દુઃખ સૈયેરે. દાસો. ૨ પણ પરીપક્વ મનથી રખાય, નવ રખાય કોય છંયેરે; અક્ષ ધન્ય એ ગુરૂવે બતાવ્યું, હવે કેમ દુઃખીયા થૈયેરે. દાસો. ૩ સમજા વિના સોક મોહ ન જાય, મિથ્યા ભારે ન વૈયેરે; એરે અનુભવાનંદ આત્મા, સમજી કતકત થૈયેરે. દાસો. ૪ પદ ૧૭ રાગ પ્રભાત કુમરી. ગાફલ હોય ક્યાહા મુરખ, અબ તું રામ સમરેચ મનુવા; મધ્ય પડયોતો કુ નહિ સુઝત, યો સંસાર હે અંધ કુવા. ૧ સુખ સહત કે ટબકે લાગ્યો, અજ હુતે નહિ તૃપતિ હુવા; અંધ સુઝત નહિ શિરપર તેરે આયુ એલી લાગ્યો કાલ સુવા. ગા. ૨ કામ અગ્નિમેં વિશે ધૃત, ડારત નેક સંતોષકુ નાહિ છુવા; તાતે દુખ પાવતહે દુની, જુ દાઝે પરલાયે કુવા. ગા. ૩ સુખકે કાજ્ય વિષે સંગ ખેલત, મુરખ હાર્યો જન્મ જુવા; માણક અબતો ચેત અભાગી, બોહોત બેરતુ ઉપજી મુવા. ગા. ૪ પદ ૧૮ નેન ખોલકે દેખો આબતો, મોહ નિંદસેં જાગોરે; આળસ ઓર પ્રમાદ તજીકે, હરી સ્મરણમાં લાગોરે. નેન. ૧ રેહણ દીવસ ઘડી ઘડી, હરી ગીતવા ક્ષણું મત ખોવા નાગોરે; રામ રતનમાં મનકુ પ્રોવા, જેસે સુઝમાં ધાગોરે.

નેન. કુસંગ કુકર્મ કુલક્ષણ કુમતી, તાહિ સર્વથા ત્યાગોરે; માહા દુઃખ ગ્રહ અંધ કુપસેં, ભાગી સકોતો ભાગોરે. નેન. ૩ જેસે બણે તેસે જ્યું ત્યું કરી, હરીસેં હેત અનુરાગોરે; માણ્યક અવસર આય હરિકું, ન ભજે સોઇ અભાગોરે. નેન. ૪ પદ ૧૯ દેખો નટવર ખેલત ઘટમાં, ઘટ ઘુઘટ પટ ઓટ કરી; ખેલત આપ ખેલાવે સબનકું, સાજ સબે રહ્યો આપ ધરી. દેખો. ૧ દેહ ઇંદ્રિ મન પ્રાણ સબનકું, હેરત પ્રેરત આપ હરી; ક્ષણ ક્ષણ આલીંગન કરત સબનકું, બિન આલીંગન જાત મરી. દેખો. ૨ હિલમિલકે હરી ખેલત સબસું, સહુ સસીયનકી બાંહ ધરી; જબહિ ઉપેક્ષા કરત સબનકી, જાત ખ્યાલ તબ સબ વિખરી. દેખો. ૩ દેખે વિહાર માંણ્યક યો હરીકો, ક્ષણ ક્ષણ પલ પલ ઘરી હો ઘરી; આપનપો સબ બારી ડારયો,હરીકો ધડ અવલંબ કરી. દેખો. ૪ પદ ૨૦ દેખોરે દુરમતિયા જનકી, હરી હરી નબ્બ બોલેરે; વરથા અલાપ કરતહે નીસદીનકે, લછાલત છોલેરે. દેખો.૧ હરી રસ અમૃત સંધુ ભરયો હે, તામાં ચાંચ ન બોળેરે; વિષે રસ વિસિઆ પાંન કરનકું, રાખિ તેલમાં ધોરેરે. દેખો. ૨ વિષે રસ વિષયા પાન કરનકું, જગ સંધરો ઢંઢોરેરે; અતિ યેન આદર કરીકેં મૂરચખ, અમ્રત ઉકરડે ઢોળેરે. દેખો. ૩ પ્રમાદ નિંદમાં સોયો પામર, ગ્નાન દ્રષ્ટિ ન ખોલેરે; માણ્યક મોહ મદિરાકો માતો, મસ્ત ભયો યં બોલેરે. દેખો. ૪ પદ ૨૧ પદ રાગ નટ. હરીસુ દ્રષ્ટી ચોટી જીનનકી, હરી શું દ્રષ્ટિ ચોટીરે, જન્મકે બીજ કર્મ સબ વિખરે, અવિદ્યા મટકીરે ફુટીરે. હરિશું. જીનન. ટેક. ૧ ઉડ ગયે સંસે ભવરવિ હંગમ, સબ ગાંઠ અહંતા છુટીરે; ઇંદ્રિ વિષય પ્રાણ મન દેહકે, બંધન સબ ગયે તુટીરે. જીનન. ૨ હરી વિના નામ રૂપ સોભા સત, સો સબ માયા જુઠીરે; સચ્ચિદાનંદ રૂપ રામ સુખમાં, બાધીહે કાઠી મુઠીરે. જીનન. ૩ પરમાનંદ સમુદ્ર જબ ઉમગ્યો, તુછ આસા ગઇ છુટીરે; માંણ્યક મહા રોગ નહી ભાસત, પાઇસ જીવની બુટીરે. જીનનકી. ૪ પદ ૧ હરીમેં દ્રષ્ટિ ઠેહેરાંણી જીનનકી, હરિમેં દ્રષ્ટિ હેરાંનીરે; સંસે ભ્રમ સબ મિટે મનકો, અગ્નાન નીંદ વીહાંનીરે,હરિમેં દ્રષ્ટિ ઠેહેરાંણી. જીનન. ટેક. ૧ સદચિદ આનંદ રૂપ રામકો, દેખકે

બુદ્ધી લોભાનીરે; રામ રસાયન સુખકે માંહી, રહત સદાગર કાંનીરે. જીનન. ૨ દુઃખ આયે ઉદ વેગન જાકે, સુખકી ચાહન શાંનીરે; હરી સુખ ત્રપ્ત ભયો મન જાકો મિટ ગઈ ત્રશ્ના દુઃખ ખાનીરે. જીનન. ૩ કછુ કરતવ્ય રહ્યો નહીં વાકો, ભઈ કામનાકી હાંનિરે; માણ્યક દાસ એસો જન જો હે, સો ગ્નાની ગલતાંનારે. જીનન. ૪ પદ ૨ હરી રૂપ ચંદ્ર ચકોર ભયોહે, ચીતરે હરી રૂપ ચંદ્ર ચકોરરે; બડ ભાગી સોઈ જન જગમેં, ઇન સમજો ગુમેંન ઓરરે ભયોહે. ૧ સદા નીરંતર ચીતવત,હરીકું સાંઝ ગણુત નહીં, ભોરરે; બુદ્ધી નદી વહત હે જ્યાકી, હરી સાગરકી ઓરરે. ભયોહે. ૨ કબહુક નીરત કરત હરી, દેખ્યાં ઘનકું દેખે જ્યું મોરરે; માણ્યક નીત્ય રમત સો હરી, મેં હરી વિન અવર ન ઠોરરે. ભયોહે. ૩ પદ ૩ એસે હે હરીકે ગુન ભાઈ, રૂદય મુખ કાંન નખુરે લાગેરે; જતન કીયે છોડે નહીં જાઈ. એસે હે. ૧ હરીગુન સુનત રાજ તજી ભાગે, ભુપતિ ભિખ માગી કે ખાઈરે; જડ ઉનમત પીસાચકી નાઈ, વિચરત જગમે આયછી પાઈરે. એસે હે. ૨ આતમરામ મુની નાર ગ્રંથો રહત સદા, બ્રહ્મમે લય લાઈરે; ઉનકે પાસ કરાવત કીરતન, એસે હરીકે ગુણ સમુદાઈરે. એસે હે. ૩ એસે જનકુ એસે કરતહે, ગોબપરકી કોન ચ- લાઇ; માણ્ય કહ્યો હરી ગુણકોરે, નહીં માલાજ કાન સબ ઉદેત છોડાઈએ. ૪ રાગ શબ્દ પદ પ્રારંભ. બ્રહ્મવેતા નર ભવમાં નાવેરે, વેદ પુરાણ જો વિચારીરે; પર ઉપગારી એવા પ્રેમ સનેહિ, કાલકી ચોટ જેણે દુર ટારીરે. ૧ ભવનો ભુખ મારે સતગુરૂવે ભાગીરે, કા- પ્યુ કષ્ટ ઉપર કર ધારીરે; કરી ઉપદેશ મુને શબ્દ સુણાવો, પુર્વના ગુરૂવે પ્રિત પાલીરે. ૨ સિલ સંતોષની મેં સરગ લગાવીરે, અવિદ્યાનો કોટ દિવો ઉડાઈરે; આત્મ ગ્નાન રવી ઉદે મારા ઉરમાં, મન મર- જીવે મોજ પાઈરે. ૩ સોહું પ્રકાસી સઉમાં સરખોરે, ક્ષણુમાત્ર ક્યા- યે ખાલી નાઈરે; હું અવિનાસી નાસ નઇ મારો, બ્રહ્માકાર વૃતી વરતાઈરે. ૪ ગ્નાન હે મારે જે સંત ગળીયારે, અવતરેચાની તેને આસ નાઈરે; કહે રાઘવ સુનો ભાઈ સાધુ, જ્યું સલીતા સિંધુ મા- ઈરે. ૫ પદ ૧ સોહં બ્રહ્મમાં સુ ભર ભરીયોરે, જોવો તમે કોય જન

જાગીરે; આદ અનાદી એકજ આત્મા, જનમ મરણની બ્રાંત ભાગીરે. ૧ શુદ્ધ અંતઃકરણ વન્યા શબ્દ ન લાગેરે, કોટ કરે કોય ચતુરાઇરે; બ્રહ્મજી આવી એને ભેદ બતાવે, મુરખ માન મુક્ત નાઇરે. ૨ ભાગ ત્યાગ કરી લક્ષણા બતાવેરે, વેદ વેદાંતની જુક્ત લાઇરે; શબ્દનો રંગ એને અંગે ન લાગ્યો, લક્ષ ચોરાસી ફરી પાઇરે. ૨ યાવૃને વૈરાગ જેના પંડમાં પ્રગટ્યોરે, અજ્ઞાન અંધકાર ઉડાઇરે; ઉટે નેણે તેણે આત્મ દેખા, શબ્દાતીતના સંનધ પાઇરે. ૪ સદા આનંદઇ આપમાં રેવું, ભેદા ભેદનો ભાવ નાઇરે; સો સન્યાસી સમજો દલ ભીતર, આવાગમણ એને નાઇરે. ૫ જીવન મુક્ત જગમાં રમેરે, જ્યું અનડ આકાશ માંઇરે; કહે રાઘવએનાં પ્રગટ પ્રમાણ. અનુભવમાં તમે જોવા આઇરે. ૬ પદ ૨ નરભય જ્ઞાન સતગુરૂ સમઝાયારે, બારમીત મન હવે નઇ ડોલેરે; નુરત પતપર નરખ્યા નિરંજન, જ્યુંમ કરી તાર તોલેરે. ૧ નુરત સુરતકી ચડી નિસરણીરે, નરભે પદમાં તમે જોવા જાઇરે; સદા ઉદિત ત્યાં આપ અજવારો, રેન દિવસકી ગમ નાઇરે. ૨ ચાર અવસ્થાકી મટી ગઇ ચંત્યારે,તનના તમર ગયાં ત્રસાઇરે; દેવ ચક્ષુવે દેખ્યા દલ ભીત્તર, સચ્ચિદાનંદએ આપ સાઇરે. ૩ વાચ્ય જ્ઞાન કથિ તુરીયા ઠેરાવેરે,બેહદ મારા મુઝાઇરે; હદ બે હદસે ન્યારા અનુભવી, સો બ્રહ્મ દર્શી હે ભાઇરે. ૪ શબ્દાતીત સુ ભર ભરીયોરે, ખજક માંય કછુ ખાલી નાઇરે;કહે રાઘવ સુનો ભાઇ સાધુ, ઉત્પતિ પ્રલયમાં આવે નાઇરે. ૫ પદ ૩ લાગી લગન જેણે લેષ મટાયારે, કટમ કબીલાની કાણ નાઇરે; દ્રઢ અનુભવ જ્ઞાન ઉદે જેના ઉરમાં, જનનીની જ્યુંનમાં આવે નાઇરે. ૧ જાગ્રતમાં ઉજાગ્રત રેવેરે, સ્વપ્ન સુષોપતી દોય નાઇરે;તુરીયા અનુસ્તુ સાક્ષી હું સઉનો, દ્વૈત ઉપાધિ કછુવે નાઇરે. ૨ ધાતાધ્યે કોય નજરે નાવેરે, જમ પારો પાણી માંઇરે; ચિદઘન રૂપ સદા પરીપુર્ણ, લપે છપે નહી લય માંઇરે. ૩ બ્રહ્મ દર્શિ એક બ્રહ્મજ દેખેરે, જીવ ઇશ્વર જગ ભેદ નાઇરે; આપ ઉદાસી આસ નઇ કાયોકી, જિવન મુક્ત તે જગમાંઇરે. ૪ ભાવે સુવે એ ભાવે જાગેરે, ભાવે રહે એ ગુફા માંઇરે; કહે રાઘવ એની સેજ સમાધી, કરી આજ્ઞાનું કાંમ

નાઇરે. ૫ પદ ૪ દેખો દુનિયા ભાઇરે દિવાનારે, ચેતન મુકી જડ જાઇ પુજેરે; મનરે મુખીડાંએ ફરે મસતાના, સતગુરૂ વિનાએ નઇ સુજેરે. ૧ કેવાયે મારગીને ચાલે કુમારગેરે, કનક કામનીસુ પ્રીત પારેરે; ભગત થયા પણ ભેદ ન પાયો, જિતી બાજી એમ હારેરે. ૨ સિખી સાંભરીને આંઉ બ્રહ્મ કેવુંરે, જેમ અંધા આરસી માઇરે; પડલ ઉઘડ્યા વિના પ્રેમ નહીં પ્રગટે, ભરમ ભવ ચોરાશી માઇરે. ૩ શબ્દ જ્ઞાનમાં સઉ કોય અટક્યારે, લક્ષ વના લે નઇ આવેરે; ભણીયા વેદ પણ ભ્રમના ન ભાગી, ગુરૂગમ વિના એમ ઉગાવેરે. ૪ ઉલટા ચચડીઆ તેણે આતમ દેખ્યારે, ઉગ્યા સુર અનુભવ આંઇરે; કહે રાઘવ સુનો ભાઇ સાધુ, કાયા કલેશ નહી કુસ કાંઇરે. ૫ પદ ૫ દુનિયા દિવાની તેમ મેંભી દિવાનારે, મેંતે મેરી મમતા મારીરે; આદ્ય નિરંજન આતમ નરખ્યા, અંતરથી દુબધા ટારીરે. ૧ મટી ગઇ સંકા યારો રાયો નહીરંકારે, હદ બે હદ અનહદ નાઇરે; નઇ વાર પારા એ સોહં બ્રહ્મ સારા, ભેદ ભાંન તમ તરસાઇરે. ૨ પાયા પુરા અબ નાઇ અધુરારે, શુદ્ધ ચેતનઇ ચિત લાઇરે; બાહેર ભીતર ભિતર બાહેર, ઠીક કરીને ઠેરાઇરે. ૩ ધ્યાનહિ ધરતા યોગ નહિ કરતારે, ગુરૂ શિષ્યકી તો ગમ નાઇરે; શબ્દ ઉચારા નહિ વેદ વિચારા, એસા અનુભવ દ્રઢાઇરે. ૪ સબ કછુ કરતા તોય અકરતારે, જલ લહેરો જલ દ્વૈનાઇરે; કહે રાઘવ સમશા સત ગુરાંકી,સમજે મહા સુખ હોઇરે.૫ પદ ૬ લગા શબ્દ જેને સ્ય સત, ગુરાંકારે, ભવતો નાવે એ બ્રહ્મ જ્ઞાનીરે; શબ્દાતીત અતીત અનુભવે હરખ શોક નઇ તેને હાંનીરે. ૧ છુટા આપા તારે ખુલ્લા કપાટારે, ભાગા આવર્ણ અચલ જાંનીરે; વાગા અનહદ હદ નહિ જામાં, પરસ્ય પરિબ્રહ્મ પેંચાનારે. ૨ ગઇ મન મમતા આવી સદા સમતારે, સુરતા સેજમાં સમાનીરે; નરખ્યા નિરારા સબ ઘટ સારા, અદ્વૈત દ્રષ્ટીએ કો આનીરે.૩ લાલય પોત નીલ સ્યામ સ્વત, ધરા અમર નહિ અસમાનારે; આદ એ અંત મધ્યે નહિ માયા,ચિત ચેતન મય ઠેરાંનીરે. જાગ્રત પદમાંરે જીવન મુકતા, અભય અમર આપ ગુલતાંનીરે; કહે રાઘવ સોય સેંત વિવેકી, સમજે સાન ગુરૂ મુખ જ્ઞાનીરે. ૫

પદ ૭ આપ નીજ સુખાખ્યે વલખ બેસારદા, શુદ્ધ પાત્ર નાંમ સુલતાનીરે; કુરણાયનંદ ઓ કબીરજ તાયા, દઇ દક્ષા મન દયા યાનીરે. ૧ લઇ સક્ષા જબ સ્વ સતગુરૂસેરે, છોડા સહર સોર સેરાનીરે; અંતર ટરીયા તારે અભયેપદ જડીયા, લીયા લક્ષ આપ ઉર આની. ૨ જાહેરસો જગમાં મમતા નઇ ષટ ભગમાંરે, કરેચ અનુભવ ભય બાંનીરે; રામ રસ પીયા તારે જુગો જુગ રય જીયા, મન મુક્તા ઓ મહ ધ્યાનીરે. ૩ મટ ગઇ માયા છાયા મહા સુખ પાયારે, નિજાનંદ મેં નિર્વાંનીરે; કહે રાઘવ સદ ભયા સ્વતંત્ર, બ્રહ્મ વેતાર્ય બ્રહ્મ જ્ઞાનીરે. ૪ પદ ૮ રાગ શબ્દ. કાયકું દેહ ધર્રરે, ભજન વિના કાયકું દેહ ધરી. સંતો ભાઇરે. સંત સમાગમ ધર્ડીયે ન કીનો, ગુરૂજીની સેવા ન કરીરે. ભજન વિના કાયકું દેહ ધર્રરે. ૧ સંતો ભાઇરે જુએકુ કહ્યુ ભોજન દીનો, મુરએ મમતા કરીરે. ભજન વિના કાયકું દેહ ધરી. ૨ સંતો ભાઇરે નવરે માસ ઓદરમાંરે રાખ્યો, જનુનીને ભારે મારીરે. ભજન. ૩ સંતો ભાઇરે કહત કબિર ગુરૂ રામ ભજ્યા વિના, ચાલીતે પાછા ફર્રરે. ભજન. ૪ પદ ૧ સઉકો બાંધી હથીયારરે, ગોકેરે ધ્રોડું. સઉકો બાંધી હથીયાર. સંતો ભાઇરે બુમ પડે તારે સઉકોઇ ધ્રોડયું, કોઇક નીકશા તોડાં બારરે. ગોકેરે ધ્રોડું સઉકો બાંધી હથીયાર. ૧ સંતોભાઇરે સુરા હશે તેતો સનમુખ લડશે, ગાફલ ખાશે ઘણો મારરે. ગોકે. ૨ સંતોભાઇરે ભક્તીનો મારગ બોત કઠિન હે, જેસી ખાંડા કેરી ધારરે. ગોકે. ૩ સંતોભાઇરે કહત કબીર તમે સુનો ભાઇ સાધુ, આવતા જમડાને વારરે. ગોકેરે ધ્રોડું સહુકો બાંધી હથીયાર. ૪ પદ ૨ દિધલ એક જડી, હમારે ગુરૂવે દિધલ એક જડી. સંતોભાઇરે એરે જડીકા મરમ ન જાણે, લેકર ગુપ્ત ધરીરે. હમારે ગુરૂવે. ૧ સંતોભાઇરે આરે કાયા માંહી અજબ બંગલા, તેમાં લેઇ વસ્તુ ધરીરે. હમા. ૨ સંતોભાઇરે મનરે ભોરીંગને પાંચુરે નાગણી, સુધરત તરત મર્રરે. હમા. ૩ સંતોભાઇરે એરે ડાકણીયે સબ જુગ ખાયા, દેખતવે બીડરરે. હમા. ૪ સંતોભાઇરે કહત કબીર તમે સુણો ભાઇ સાધુ, સુખસેં દુખ્યા ટળીરે. હમા. ૫ પદ ૩ લાગી રહી મન મેરોરે, ગગન ધુન લાગી રેહે મન મેરોરે; સંતોભાઈ ગગનમંડલ

માંહી પ્રેમકારે વાસા, મોરલી બજત ઘન ઘોરોરે. ગગન. ૧ સંતોભાઈરે ગગનમંદલ માંહી પ્રેમકા બાસા, નોબત વાગ્યો ટકોરોરે. ગગન ધુન. ૨ સંતોભાઈરે ગગન મંડલ માંહી મોતી ઝડ લાગી, નુરત સુરત કરી. લો હેરોરો, મગનધુન. ૩ સંતોભાઈરે કહત કબીર તમે સુનો ભાઈ સાધુ, જખનો મારેગો જમડો તેરોરે. ગગન. ૪ પદ ૪ દેશી ફેર મોહાદીક ફોજકુ મારૂંરે કેસરીવા વાઘા કરી, મોહાદી ફોજ. ટેક. વૈરાગ ખાંડુ વવેકનું, સત સારમે સારૂંરે; ઢાંલ ધરૂં ધીરજની, હું-પદથી હારૂંરે, ફરૂં નહી પાછો ફરી. મોહાદિક. ૧ લક્ષ ઘોડાકી લારમાં, દયા સેલમે ડારૂંરે; કામદાર મારૂં પેહેલે કામકું. વેરી નીવારૂંરે. મનેજી રહ્યા મરી. મોહાદિક. ૨ રંગ ચઢ જીત રણમેં, જોદ્ધા મળે હઝારૂંરે; સબદ સંસે સારીખાં ઘણાં સીંધારૂંરે. દહું દુત ભાગ્યા ડરી. મોહાદિક. ૩ રાજ હુવા સત રામકા, નામ રૂપથી નારૂંરે; કેવલ એહી જુદ્ધ કરતાં, તનસુ ધર્યું તારૂંરે. હેરો હવે હરી હરી. મોહાદિક. ૪ પદ ૫ હંસા ચેતન રેના ભાઇ તેરી આવાગમન મિટ જાઇરે, હંસા ચડપુણ ઘટ બાઇ; ટેક. જ્ઞાન ધ્યાન દોનું અણીરે બનાઇ, ચેતો અસલ સીપાઇ; આડી ઢાલ દેઈ સમણું કિતો, જમ કેરી ચોટ ચુકાઇરે. હંસા. ૧ કાચા કોટ પકા દરવાજા, ચોદશ ફીરત દુવાઈ, પાંચુ ચોર પકડ વશ કરિ લે, તો છંડિ મમતા માઇરે. હંસા. ૨ સાઈ ગઈ સપેતિરે આઈ, સારી અવધ્ય ગુમાઈ; કહોરે કહો કછુ સમઝો નહિરે, પાણીપાતો કાલ ઘટા ચડિ આઇરે. હંસા. ૩ મકનાસા હાથિ આઈ, ઝૂંક્યા હે સુરા લેત લડાઈ; ટુક ટુક હોઈ પડત ધરનિપે, વો ક્ષેત્ર છાંડિ નબ્ય જાઇરે. હંસા. ૪ અનહદઘના દગે બિબાજાં બાજતહે, સુણ લ્યો સુરત ટેરાઈ; કહેત કબીર સુણો બાઈ સાધુ, એ સદ ગુરૂ સાન બતાઇરે. હંસા. ૫ રાગ સંદેસો. જિજ્ઞાસુ જાણોરે જુગમાં આત્મા, માહાવાયક તમે મન વિચારો વિરજો; જીવ શિવ તે જુદા પડે માયા વડે, સદાસદોદિત એક અખંડિત શિવજો. જીજ્ઞાસુ. ૧ પ્રથ્વી જળ તેજરે વાયુ બ્યોમથિ, અસંગિણો પણ એજ વિધે દર્શાવજો; દ્રષ્ટાંતે દર્શેરે સર્વે દ્રશ્યમાં, દ્વૈત અદ્વૈત તે કાર્ય કારણે કેહેવાવજો. જીજ્ઞાસુ. ૨ કંચનને ભુખરે કશોછે આંતરો, જલતરંગની ભાખોછે કાંઈ ભેદજો; પટતંતુપરથ કરે ઉપાધિ બ્યોમમાં, પાંમર

પ્રાણિ ક્ષણ્ક્ષણ્ પામે એદજો. જીગ્નાસુ.૩ રૂપ વિશે અરૂપિ આતમારામ છે, અરૂપ વિશે કાંઇ રૂપ રહ્યો અપારજો; બ્રહ્મ વિશે બ્રહ્માંડનિ ઉતપતિ એમછે, જેમ બિજ થકિ કાંઈ વક્ષ તણો વિસ્તારજો. જીગ્નાસુ. ૪ મુખ તણો આભાસરે મુકર માંયે ષિયે, દ્રષ્ટા માટે દ્વૈતપણું નત્ય થાયજો; ચિદા ભાસ ભાસેરે જાહેર જીવ જગતમાં, ભાસિક જાણે જીવતે બ્રહ્મ સ્વરૂપજો. જીગ્નાસુ. ૫ પાણિને પ્યાલોરે પ્રતક્ષ સહુ કહે, અંતે પ્યાલો જાણો પાણિ રૂપજો; ઉપાધિ અનુભવીરે જીવ શિવ બે કહે, વિના ઉપાધિ જીવ:શિવ બ્રહ્મ સ્વરૂપજો. જીગ્નાસુ ૬ ત્રણે પદ ટળતાંરે પરિબ્રહ્મ પેખીયે, નામ રૂપને ગુણ ત્રૈણ્યનો નાશજો; વસ્તુમાં વિલસેરે આદ્ય મધ્ય આતમા, ત્રણ્યે કાળે આતમા અખંડ અવિનાશજો. જીગ્નાસુ. ૭ શ્રવણ કરીનેરે મનન મનમાં ધરો, નિત્ય અધ્યાસે નિરખો સઘળે બ્રહ્મજો; શિવાનંદ કહે વિશ્વ સકલ પરમાતમા, બ્રહ્મ વિના ઠાલો નહિ ક્ષણ્ એક ઠામજો. જીગ્નાસુ. ૮ પદ ૧ પદ રાગ ગજલ. સંસાર માયા છોડદે, કર જોડદે કીરતારસે, સંસાર. ટેક. બેહવાલે ખોઈ વસ્તુ નેહ લગ્યો નારસેં,દેહકો પરિવાર દેખિ ભાંરે મુવા મારસેં.સંસાર.૧ સમાગમ ગુરૂ સંતસે વાતે નહીં અવતારસેં, ભ્રાંતિમે આપ માપ ભુલ્યો ધાયો નહિ નિરધારસે. સંસાર. ૨ નિરાકારકી ગમ નાહિ આશેહે આકારસેં, પશુ સંગે પ્રિત પુઈ પ્રિત નહીં અપારસેં. સંસાર. ૩ ખોજ વસ્તુ ખુબ ખલકો તત્વ મેલિ એકતાલસેં, મારચ મમતા કેવળ મનકિ મેઠ સત ભરથારસેં. સંસાર.૪ પદ ૧ રાજી રહે મન રામસેં તો ક્યા અરજ ઓર કામસેં, રાજી રહે મન રાંમસે તો. ટેક. ચકોર વરતિ ચંદ્રમે ગગન રહ્યા ગામસે, મુકે તે અમ્રિત મુખમે નડે નહિ અગન નામસેં. રાજી.૧ પુરણ ગુરૂસેં પ્રિતહે ડગે નહિ ડલ દામસે, નેહ લગ્યા છુટે નહિ સમ્યા તે સોહિ સાંમસેં. રાજી. ૨ નવસેં નવાણુ બેહેત નદિયો ઠરિ સિંધુ ઠામસેં, યુંહિ વરતિ સમિ આત્મ મગન બ્રહ્મ મુકામસેં. રાજી. ૩ ગુરૂ મેરા બ્રહ્મ સાગર હુંરિ લેહેરિ હાંમસેં, મન લેહેરિ મિલિ ઉનમેં કેવલ રેહેને ઠામસેં. રાજી. ૪ પદ ૨